શ્રી રમણલાલ વસંતલાલ દેસાઈ જન્મ શતાબ્દી ગ્રંથમાળા સંપુટ–૨

સંસ્કાર ગ્રંથાવલિ — પુસ્તક સત્તાવનમું

# કાંચન અને ગેરુ

રમણલાલ વ. દેસાઈ

**આર. આર. શેઠની કંપની**

પુસ્તક પ્રકાશક અને વિક્રેતા

મુંબઈ ૪૦૦ ૦૦૨ □ અમદાવાદ ૩૮૦ ૦૦૧

# શ્રી રમણલાલ વ. દેસાઈનાં પુસ્તકો

* સંપુટ–૧

## નવલકથાઓ

જયંત ★ શિરીષ ★ કોકિલા ★ હૃદયનાથ ★ સ્નેહયજ્ઞ ★ દિવ્યચક્ષુ ★ પૂર્ણિમા ★ ભારેલો અગ્નિ ★ ગ્રામલક્ષ્મી ૧ થી ૪ ★ બંસરી ★ પત્રલાલસા ★ ઠગ ★ શોભના ★ ક્ષિતિજ ★ ભાગ્યચક્ર ★ હૃદયવિભૂતિ ★ છાયાનટ ★ પહાડનાં પુષ્પો ★ ઝંઝાવાત ★ પ્રલય ★ કાલભોજ ★ સૌંદર્યજ્યોત ★ શૌર્યતર્પણ ★ બાલાજોગણ ★ સ્નેહસૃષ્ટિ ★ શચી પૌલોમી ★ ત્રિશંકુ ★ આંખ અને અંજન

* સંપુટ–૨

## નવલિકાસંગ્રહો

ઝાકળ ★ પંકજ ★ રસબિંદુ ★ કાંચન અને ગેરુ ★ દીવડી ★ સતી અને સ્વર્ગ ★ ધબકતાં હૈયાં ★ હીરાની ચમક

* સંપુટ–૩

## કાવ્યસંગ્રહો

નિહારિકા ★ શમણાં

## નાટ્યસંગ્રહો

શંકિત હૃદય ★ પરી અને રાજકુમાર ★ અંજની ★ તપ અને રૂપ ★ પુષ્પોની સૃષ્ટિમાં ★ ઉશ્કેરાયેલો આત્મા ★ કવિદર્શન ★ પૂર્ણિમા ★ બૈજુ બ્હાવરો ★ વિદેહી ★ સંયુક્તા

* સંપુટ–૪

## પ્રકીર્ણ

જીવન અને સાહિત્ય ૧–૨ ★ સુવર્ણરજ ★ ગ્રામોન્નતિ ★ ગઈકાલ ★ મધ્યાહ્નનાં મૃગજળ ★ તેજચિત્રો ★ અભિનંદન–ગ્રંથ ★ ઊર્મિ અને વિચાર ★ ગુલાબ અને કંટક ★ અપ્સરા ૧ થી ૫ ★ રશિયા અને માનવશાંતિ ★ ગુજરાતનું ઘડતર ★ સાહિત્ય અને ચિંતન ★ ભારતીય સંસ્કૃતિ ★ માનવ-સૌરભ ★ કલાભાવના ★ શિક્ષણ અને સંસ્કાર ★ ઊર્મિના દીવડા

## ચિંતનમાળા

મહાત્મા ગાંધી ★ ન્હાનાલાલ-કલાપી ★ માનવી – પશુની દૃષ્ટિએ અને આત્મનિરીક્ષણ ★ ભારતીય કલા – સાહિત્ય – સંગીત ★ સમાજ અને ગણિકા ★ અંગત – હું લેખક કેમ થયો?

# અર્પણ

**સૌ. વીણાગૌરી બહેનને**

રમણલાલ વ. દેસાઈ

DESAI, Ramanlal V.
KANCHAN ANE GERU, Short Stories
R. R. Sheth & Co, Bombay-Ahmedabad
1992
891·433

© ડૉ. અક્ષયકુમાર ર. દેસાઈ

શ્રી ર. વ. દેસાઈ જન્મ શતાબ્દી આવૃત્તિ–મે, ૧૯૯૨

મૂલ્ય રૂ. ૫૨–૦૦

પ્રકાશક

ભગતભાઈ ભુરાલાલ શેઠ,
આર. આર. શેઠની કંપની
મુંબઈ ૪૦૦ ૦૦૨ * અમદાવાદ ૩૮૦ ૦૦૧

મુદ્રક

પ્રવીણ પ્રિન્ટરી
ભગતવાડી,
સોનગઢ ૩૬૪ ૨૫૦

# પ્રસ્તાવના

ઝાકળ, પંકજ તથા રસબિંદુ નામના ત્રણ નવલિકાસંગ્રહો બહાર પાડ્યા પછી ચોથો સંગ્રહ બહાર પાડવા જેટલી ટૂંકી વાર્તાઓ જુદે જુદે સમયે લખાઈ, જે "કાંચન અને ગેરુ" નામની એક વાર્તાનું નામ પામી સંગ્રહરૂપે પ્રસિદ્ધ થાય છે.

ટૂંકી વાર્તા–નવલિકા હવે આપણા સાહિત્યનું કાયમી અંગ બની ચૂકી છે. એ અંગ ખરેખર સુંદર છે અને તેનું ભાવિ ઉજ્જવલ છે.

આછી પાતળી એ અંગને ઘટે એવી મારી વાર્તાઓ હશે કે કેમ એનો વિચાર ન કરતાં મારા મિત્ર–પ્રકાશકો સંગ્રહ છાપે છે.

ગુજરાતને એ સંગ્રહ સહજ પણ ગમે તો બસ.

'કૈલાસ,' વડોદરા **રમણલાલ વ. દેસાઈ**
૧૯–૧૨–૪૯

# કાંચન અને ગેરુ

❋

રમણલાલ વ. દેસાઈ

# અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| છેલ્લી વાર્તા | ૧ | નિશ્ચય | ૧૫૫ |
| સુલતાન | ૨૨ | નવલિકામાંથી એક પાન | ૧૭૩ |
| પ્રભુ છે ? | ૪૬ | વેરભાવે ઈશ્વર | ૧૮૬ |
| ભૂતકાળ ન જોઈએ | ૬૪ | ડબામાંની ગાય | ૨૦૪ |
| ઘુવડ | ૮૭ | વણઊકલી વાત | ૨૧૬ |
| રખવાળ | ૧૦૧ | સિનેમા જોઈને | ૨૩૦ |
| બાલહત્યા | ૧૧૩ | મને વખત નથી | ૨૪૦ |
| ઝેરનો કટોરો | ૧૨૪ | કાંચન અને ગેરુ | ૨૫૨ |
| સત્યના ઊંડાણમાં | ૧૪૧ | | |



મુદ્રણો

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી ૧૯૫૦

પુનર્મુદ્રણ : જુલાઈ ૧૯૭૭

ત્રીજું પુનર્મુદ્રણ શતાબ્દી વર્ષ : મે, ૧૯૯૨

પ્રત : ૧૬૫૦

# છેલ્લી વાર્તા

૧

સુનંદ એક મહાકવિ થવાની આગાહી આપતો કવિ હતો.

હવેના મહાકવિઓ મહાસાહિત્યકાર પણ બની શકે છે—એટલે કે સુનંદ નાનીમોટી વાર્તાઓ પણ લખતો, નાટકો પણ લખતો અને ઊર્મિપ્રેરક લેખો પણ લખતો. એની નાનકડી કવિતા સામયિકમાં આવતાં સામયિકના તંત્રીઓ પોતાને ધન્ય માનતા; અને એના નામ નીચેના લેખો વાંચવા જનતા તલપી રહેતી. જનતા માત્ર નહિ, પણ વિદ્વાનોની ભમ્મરો પણ સુનંદનો લેખ વાંચતાં જરા સ્થિરતા ધારણ કરતી—તેમની ભમ્મરો ચઢી જતી નહિ.

પૈસા? ગુજરાત હજી વિદ્વતા કે કલાને પૈસા આપી શકતું નથી. છતાં સુનંદને અપવાદના પડછાયા તરીકે ગણી શકાય. તેની હિમ્મત ચાલે તો તે લખાણમાંથી ગુજરાન પણ મેળવી શકે એવો સંભવ ખરો! સુનંદ તેવા અખતરા કરવા પોતાની નોકરીમાંથી લાંબી રજાઓ પણ લેતો, અને લેખોમાંથી કેટલું દ્રવ્ય મળી શકે તેનો અંદાજ પણ કાઢતો.

પરંતુ દ્રવ્ય એને મન મહત્ત્વની વસ્તુ હતી જ નહિ. એને મન

પોતાનો લેખનશોખ બદલો માગતો શોખ હતો જ નહિ. શોખ કુરબાની માગે અને આપે. શોખના ભાવ કે તોલ ઠરાવાય નહિ અને એની કિંમતનાં પાટિયાં ચોડાય નહિ. કાવ્ય લખ્યાનો સંતોષ એ જ સુનંદને પૂરતો બદલો હતો. વાર્તા કે કવિતા લખીને તેને જેવો નશો ચડતો તેવો કોઈ મદ્યપીને મદ્યપાનથી પણ નહિ ચઢતો હોય. એક સંપૂર્ણ અણિશુદ્ધ લેખ લખીને તે જે ઠંડક અનુભવતો તે ઠંડક એને તાલવાળા મુગટધારી શહેનશાહોના સિક્કાઆંક્યા રૂપિયાની ઢગલીઓ જોઈને પણ વળતી નહિ.

મહાવિદ્વાનોની તો નહિ, પરંતુ મધ્યમ વિદ્વાનોથી માંડી વાચકો સુધી સહુને ખાતરી થઈ કે સાહિત્યપરિષદની પ્રમુખ ખુરશી માટે સુનંદ જ લાયક છે. અલબત્ત, જે ત્રણચાર મહાવિદ્વાનો તેની તત્કાલીન લાયકાત વિશે મૌન સેવતા તે એમ તો કહેતા જ હતા કે તેમને પોતાને પ્રમુખપદ મળ્યા પછી જરૂર સુનંદને પ્રમુખસ્થાન મળે. ખુરશી એક અને ઉમેદવારો વધારે હોવાથી હજી ત્રણચાર મહાવિદ્વાનો પરિષદના પ્રમુખસ્થાનથી વંચિત રહ્યા હતા!

સુનંદને તેની દરકાર હતી જ નહિ. પ્રમુખસ્થાન મળે કે ન મળે એ બદલ એના મનમાં વિચારનો બુદ્બુદ પણ પ્રગટ્યો ન હતો. એ એની કલ્પનાસૃષ્ટિમાં મસ્ત હતો. એની ઊર્મિસૃષ્ટિમાં આવાં છિલલ્લાં, ઝડપથી ભુલાઈ જવા સર્જાયલા પ્રમુખસ્થાનને અવકાશ જ ન હતો. એ પોતાની સૃષ્ટિને સાથે જ લઈ ફરતો; એટલે કાવ્ય, વાર્તા કે લેખ લખવા માટે તેને એકાંત દરિયાકિનારો કે શિખરનિવાસની ખાસ જરૂર પડતી જ નહિ. એના શબ્દો જ વસ્તુનું વાતાવરણ રચી દેતા. એનું લગ્ન વૈશાખના ભર તાપમાં થયું હતું. એણે વૈશાખ માસનું એવું સુંદર વર્ણન આપ્યું કે એ વાંચનારને વૈશાખી તાપની ખબર જ પડતી નહિ અને કાસ્મીર-મસૂરી જવાની ઇચ્છા જ થતી નહિ! કેટલાંય તો એ વર્ણન વાંચીને ઊટી-મસૂરીથી પાછા ચાલ્યા આવ્યા!

એની પત્નીનું નામ એણે જ આશ્લેષા પાડ્યું હતું. પતિ-પત્ની પરસ્પરને બહુ જ જુદી દૃષ્ટિથી નિહાળે છે. બન્નેનાં એક બની ગયેલાં જીવન તદ્દન નવી જ સૃષ્ટિ રચે છે. નવીન સૃષ્ટિમાં પ્રવેશ નવીન નામ આપે–લે એ બહુ સ્વાભાવિક કહેવાય. પત્નીને તો સુનંદનું નામ ગમ્યું હતું એટલે એ બદલવાની તેને ઇચ્છા થઈ જ નહિ. આશ્લેષા સુનંદને બહુ ગમતી હતી, સુનંદ આશ્લેષાને બહુ ગમતો હતો.

કવિઓ અને સાહિત્યકારો પરણે છે પણ ખરા. એ નવાઈ ઉપજાવતો વર્ગ જે કાંઈ કરે તે નવાઈ ઉપજાવતું જ બની જાય! રખે કોઈ એમ માને કે લગ્નની સામાન્યતા કવિઓનાં લગ્નને પણ સામાન્ય બનાવતી હશે. સહુ કોઈને ખાતરી જ હતી કે આ કવિ સુનંદ અને લાવણ્યવતી આશ્લેષાનું લગ્ન કોઈ નવાઈભર્યા જીવનની આગાહી આપતું હતું. સુનંદ શબ્દોના સૌન્દર્યમાં આશ્લેષાના જીવનની આસપાસ સ્વર્ગ રચશે; આશ્લેષા સૌંદર્યનું સતત વાતાવરણ સરજી સુનંદને અનેક સ્વર્ગો રચવાની સમૃદ્ધિ આપશે; એવી માન્યતા પરસ્પરને તેમ જ સુનંદના પ્રશંસકોને પ્રસન્ન કરી રહી હતી.

પછી તો કવિહૃદય એટલું ખીલ્યું કે તેની શબ્દસ્વર્ગ-રચનાને નોકરીનું જડ કામ રોધવા લાગ્યું. તેણે નોકરીને લાત મારી, પરંતુ તે કલામય રીતે– જેમ પ્રાચીન નાટકોની નાયિકાઓ દોહદક્રિયા કરતી હતી તેમ! પદ્મિનીની લાત પુષ્પરહિત વૃક્ષવેલીને એકાએક કુસુમિત બનાવી દે છે. સુનંદને પણ નોકરીનો ત્યાગ અનેક કાવ્યવાર્તા-કુસુમોનો સર્જક નીવડ્યો. સાથેસાથે કોઈ પણ ગુજરાતી સાહિત્યકારને પ્રાપ્ત ન થયો હોય એવો આર્થિક લાભ પણ તેને થવા લાગ્યો.

૨

'જો, આશ્લેષા! આ કવિતા. હજી આ કલ્પના જગતભરના કોઈ કવિને આવી નથી.' સુનંદે કહ્યું.

'પણ આ ચા ઠંડી પડી જાય છે. પીધા પછી વાંચે તો?'

આશ્લેષાએ કહ્યું.

'તું જાણે છે કે હું ઠંડી ચા પીઉં છું...જો—

સુવર્ણરંગ્યા પગલે રમંતી
વિદ્યુત જો ચીરતી મેઘહૈયું...'

ચા કરતાં કવિતા સુનંદને વધારે માનીતી હતી.

'ઘણી સરસ કલ્પના છે. જ્યાં વીજળી અને વરસાદ વધારે હોય ત્યાં જ આ કલ્પના આવી શકે. ચેરાપુંજીનાં લોકગીત મંગાવને ?'

'લોકગીતમાં એ કલ્પનાનો સંભવ નથી. જરા ઊંચા સંસ્કાર એ કલ્પના માગે.'

'સુનંદ ! તું ધારે છે તેના કરતાં લોકો વધારે રસિક હોય છે.'

'શા ઉપરથી ?'

'તારી કવિતા નહિ તો આટલી વંચાય કેમ ?...ચા નવી મૂકી આવું ?'

કવિની કલ્પનાને ચાની ભાગ્યે જ પરવા હોય છે. ભૌતિક ખટરસ કરતાં માનસિક નવરસ ઓછા સ્વાદિષ્ટ ન જ કહેવાય. એ તફાવત કવિ જ સમજે.'

* * *

'સુનંદ! આજે ચાંદની બહુ સરસ છે.' આશ્લેષાએ કહ્યું.

'હું તેનું જ એક ગીત રચી રહ્યો છું. સાંભળ...'

'એના કરતાં આપણે જરા બહાર નીકળી ચાંદનીમાં નાહીએ તો?'

'વાહ. તને અને મને સરખો જ ભાવ આવ્યો. જો...

ચંદન ઘોળ્યા કો તેજસાગરે,
તરતી ચંદાનો દેહ ઊતર્યો જી રે!
સાગરમાં વસ્ત્રો સરી ગયાં...'

'શું તમે પુરુષો છો! તમારી કલ્પના યે વિષયવાસનાથી ભરેલી. ચંદ્રમાં યે સ્ત્રીત્વ કલ્પી દેહને વિચારવાનો! તારા જેવો કવિ હોય તો દુનિયાની સ્ત્રીઓને બુરખો જ ઓઢવો પડે ને?'

'ઢંકાયલું રૂપ કવિઓને બહુ ઉત્તેજક થઈ પડે.'

'ચંદ્રને પણ બુરખો પહેરાવીશું અને એનાં સરી ગયેલાં વસ્ત્ર સમાં કરીશું! પણ હમણાં ચાલ તો ખરો...'

'શું આશ્લેષા! તું યે? આવી સરસ કલ્પના આવી છે તેને પૂરેપૂરી કવિતામાં ઉતારવા દે.'

'એટલામાં તો વસ્ત્રો જ નહિ, ચંદ્રા યે સરી ગઈ હશે!'

'જરા મને શાન્તિથી લખવા દે તો!'

* * *

'સુનંદ!' આલેશ્ષાએ સુનંદ પાસે જઈ સહજ શરમાઈને સંબોધન કર્યું.

'હં.' સુનંદે નીચેથી ઊંચું જોયા વગર જ કહ્યું. એ કાંઈ લખતો હતો.

'શું કરે છે તું આખો દિવસ?'

'હું ફૂલરાણીનું એક શબ્દચિત્ર દોરી રહ્યો છું.'

'મારી સામે જોઈશ તો તારે શબ્દચિત્રની જરૂર નહિ પડે.' ખરેખર આશ્લેષા જાતે જ ફૂલરાણી બનીને આવી હતી. યૌવનાઓને ફૂલરાણી બનવું બહુ જ ગમે છે. પ્રેમીને સાચી આંખ હોય તો સુંદરી સર્વદા અપ્સરાનો જ સ્વાંગ ધારણ કરે છે.

'હા, હું હમણાં જાઉં છું. બેસ ને આ ખુરશી ઉપર! જરા સરખો વિચાર બાકી છે તે લખી ફૂલરાણીનું ચિત્ર પૂરું કરી લઉં.' સુનંદે કાગળ ઉપરથી સહેજ પણ નજર ખસેડ્યા વગર કહ્યું. મોહક ફૂલરાણીનું ચિત્ર જલદી પૂરું થાય એવું ન હતું. જેમ જેમ એ વિગતો ખીલવતો ગયો તેમ તેમ તેની વિગતો વધવા માંડી. ફૂલરાણીને મસ્તકે તો ફૂલશૃંગાર હોય જ; પરંતુ એને હાથે પણ ગજરા અને બાજુબંધ જોઈએ જ. એની કટિમેખલા પુષ્પની હોય જ, પરંતુ પગ કયાં પુષ્પથી શણગારવા? વળી ગળામાં વૈજયંતી તો હોય; પરંતુ હથેલીમાં પુષ્પકંદુક રાખવો કે દાંડીવાળું કમળ?

ઊર્મિ ઊછળતી ચાલી અને એની લિખિત ફૂલરાણી થોડી વારમાં એક પુષ્પનું પ્રદર્શન બની ગઈ.

'જો આશ્લેષા ! આ વર્ણન સંભળાવું.' કહી સુનંદે બાજુની ખુરશી ઉપર જોયું. આશ્લેષા ત્યાં ન હતી,

'અરે ! એટલામાં ક્યાં ચાલી ગઈ ? ચાલ, હું ફૂલરાણીના પ્રિયતમ પુષ્પકનું મિલન લખી કાઢું.'

પુષ્પકનું વર્ણન અને તેના મિલનનો પ્રસંગ પૂરો થતાં પહેલાં કવિ સુનંદ કંટાળી ગયો. મહાકવિઓ પણ કૈંક વાર લેખ લખતાં – કવિતા લખતાં કંટાળે છે એ ભૂલવું ન જોઈએ. વળી પુરુષનું વર્ણન સ્ત્રીના વર્ણન સરખું વિસ્તૃત, પ્રલંબ, ભરચક, સૂચક અને રોચક બની શકતું નથી. આશ્લેષાને શોધતો સુનંદ આશ્લેષાના શૃંગાર-ખંડમાં ગયો. આશ્લેષા એક આયના સામે ઊભી ઊભી પોતાના દેહ ઉપર ધારણ કરેલા પુષ્પશણગાર તોડતી હતી.

'શું કરે છે, આશ્લેષા ?'

'પુષ્પઆભૂષણ તોડી નાખું છું.' કહેતાં કહેતાં કમરેથી પુષ્પ-કટિમેખલા તોડી ઢગલો કરેલાં પુષ્પોમાં આશ્લેષાએ ફેંકી.

'કારણ આ ઘેલછાનું ?'

'તને જીવંત ફૂલરાણી ગમતી નથી !'

'કોણે કહ્યું તને ?'

'તેં.'

'મેં ? ભૂલ થાય છે. કદાચ તને જોઈને જ ફૂલરાણીનું ચિત્રણ મને સ્ફૂર્યું હોય.'

'જુઠો !'

'કેવી રીતે ?'

'તારી ફૂલરાણી ચીતરતી વખતે મારી સામે એક પલક પણ તેં માંડી ન હતી !'

આશ્લેષાની હકીકત સાચી હતી. સુનંદ જોતો રહ્યો અને

આશ્લેષાએ દેહ ઉપરથી એકેએક પુષ્પ દૂર કરી નાખ્યું – જાણે તે જોગણની સાદાઈ સજતી ન હોય?

*　　　*　　　*

અતિબારીક, અતિસુઘડ, અત્યંત મોહક, આછાં વસ્ત્ર પહેરી–વિખેરી આશ્લેષા પલંગ પર સૂતી હતી. સુનંદ રાતના અગિયાર વાગ્યે વાર્તાનું એક પ્રકરણ પૂરું કરી આવ્યો. આશ્લેષાએ આંખ મીંચી દીધી અને નિદ્રાનો અભિનય કર્યો. પ્રિયતમાની નિદ્રા સાચી હોય જ નહિ એ મૂર્ખમાં મૂર્ખ પ્રેમી પણ જાણે! અને સાચી હોય તો ય તે નિઃશંક જગાડવાપાત્ર નિદ્રા જ હોય! મહર્ષિઓને પણ મોહ ઉપજાવે એવું નિદ્રિત પદ્મિનીનું સ્વસ્થ, આકર્ષતું શયન ક્ષણભર સુનંદ નિહાળી રહ્યો.

'આશ્લેષા તો સૂઈ ગઈ છે. લાવ, એક નવું પ્રકરણ શરૂ કરી દઉં.' કહી સુનંદ પાસે પડેલાં ખુરશીમેજ ઉપર બેસી ગયો, અને તેણે વાર્તાનું એક નવું પ્રકરણ લખવા માંડયું. પ્રકરણમાં નિદ્રિત સુંદરીનું જ વર્ણન લખાઈ રહ્યું હતું, અને એ વર્ણનને સત્ય, આબેહૂબ,વાસ્તવતાભર્યું બનાવવા સુનંદ વારંવાર આશ્લેષા તરફ જોતો પણ હતો.

આશ્લેષાએ પાસું બદલ્યું. સુનંદને ચિત્રની બીજી સુંદર બાજુ મળી. રાતનો એક વાગ્યો, અને સુનંદનું પ્રકરણ પણ પૂરું થયું. હસ્તલિખિત પુસ્તકનાં પાનાં ગોઠવીને સુનંદે મૂકયાં; પોતાની વહાલી 'પેન' ને પણ ઠેકાણે મૂકી; દીવો હોલવી નાખ્યો; અને તે શયનાર્થે પર્યંક ઉપર ગયો. આશ્લેષા મુખ ફેરવીને પલંગની ઈસ ઉપર સૂતી હતી. તે જાગતી હતી છમાં તેણે નિદ્રિત હોવાનો ઢોંગ કર્યો. સુનંદે એ ઢોંગને સત્ય માન્યો. એને પોતાને પણ ખૂબ નિદ્રા આવતી હતી. વાર્તાની સુષુપ્ત નાયિકાને જગાડવા માટે કયા કયા ઉપચારો કરવા તેની યાદી ઘડતો ઘડતો સુનંદન પોતે નિદ્રાવશ બની ગયો.

વહેલી સવારે સુનંદની આંખ ઊઘડી. તેણે આશ્લેષાને અડકવા

માટે હાથ લંબાવ્યો. આશ્લેષા ત્યાં ન હતી. તેણે મસ્તક ઊંચકી શયનગૃહમાં આંખ ફેરવી. આશ્લેષા દૂર એક બીજા પલંગ ઉપર સંકાચાઈને સૂતી હતી !

૩

આજે આખા દિવસમાં આશ્લેષા દેખાઈ ન હતી. ચા પીતી વખતે સાથે ન હોય એ તો સમજી શકાય; કદાચ કામને અંગે રોકાઈ હશે. પરંતુ જમતી વખતે તેણે માત્ર પીરસેલી થાળી જ સુનંદના લેખનખંડમાં મૂકી દીધી હતી. સુનંદ લખવામાં રોકાયો હતો એ સાચું; અને તેને મદદરૂપ થવા તે આમ મૂકી પણ જાય. પરંતુ ત્રીજા પહોરની ચા અને રાતના જમવા વખતે પણ એ સાથે બેઠી નહિ ! લખતી વખતે એ સાથે ન હોય એ પણ સારું; વગર હરકતે લખી શકાય. આશ્લેષા આમ તો ઘણી સારી; પરંતુ એને બોલવાનું બહુ જોઈએ. વગર બોલ્યે એ પાસે બેસતી હોય તો કેવું ? કદી નહિ અને આજે સુનંદને મૂકીને એ સિનેમા જોવા પણ રાત્રે ચાલી ગઈ !

'હુ પિક્ચર જોવા જાઉં. આવવું છે? આશ્લેષાએ પૂછ્યું.

'જો ને, આટલો લેખ પૂરો કરી કાલે ટપાલમાં એ...'

'સુનંદનું વાક્ય પૂરું થાય તેપહેલાં આશ્લેષાએ જવાબ આપ્યો: 'વારુ, લેખ પૂરો કર. હું મોડી આવીશ.' કહી આશ્લેષાચિત્ર જોવા ચાલી જ ગઈ ! અને રાત્રે આવી પણ ઘણી મોડી ! સુનંદ ત્યારે જાગતો હતો અને કરોળિયાની માફક કલ્પનામાં વણેલા તાંતણા કાગળ ઉપર ઉતારતો હતો.

'બહુ મોડી આવી !' સુનંદે કહ્યું.

'હા. એક નહિ પણ બે ચિત્રો મેં જોયાં'

'પણ હું અહીં એકલો...'

એકલો? મેં તને કદી એકલો જોયો જ નથી. તારી કલ્પના,

ઊર્મિ, લેખિની, એ તો સતત તારી આસપાસ હોય છે જ.' આશ્લેષાએ કહ્યું. હમણાં હમણાં તે સુનંદને પૂરું વાક્ય પણ બોલવા દેતી નહિ–જ્યારે બન્ને વચ્ચે વાતચીત થતી ત્યારે. હમણાંની એ વાતચીત ઘણી ઓછી થઈ ગઈ હતી. સુનંદને લાગ્યું કે તેની સ્નેહાળ પત્ની તેને લેખનકાર્યમાં સરળતા કરી આપતી હતી. છતાં આમ બિલકુલ તેનો બહિષ્કાર થાય એ તો સુનંદને ન જ ગમે ને?

'કયું પિક્ચર હતું? એમાં સારું કયું?' સુનંદે પૂછ્યું.

'તું તારું પુસ્તક લખ. તારો સમય હું લેવા માગતી નથી.'

'હવે લખવું નથી, સૂવું છે.'

'ભલે, સૂઈ જા.'

'પણ તે...આમ...પાસે આવવું પણ નથી?'

'ના. તું સૂતે સૂતે પણ લખે છે.'

'ઊંઘમાં પણ?'

'હા.' આશ્લેષાએ કહ્યું.

સુનંદ ખડખડ હસી પડ્યો–જાણે આશ્લેષા તેનાં સાચાં વખાણ કરતી હોય!

'તારી વાત સાચી છે. મારી કૈંક વાર્તાઓના "પ્લોટ" મને નિદ્રામાંથી જ મળ્યા છે. Sub-conscious mind...ડોકિયાં કરી જતી માનસ સ્ફૂર્તિ!'

આશ્લેષાને વધારે લાંબી વાત કરવી જ ન હતી. દૂર પડેલા એક પલંગ ઉપર તે આંખ મીંચી સૂતી.

પ્રભાતમાં તે ફરીથી સુનંદ પાસે ચાનો પ્યાલો મૂકી ચાલી ગઈ. રોજ સાથે બેસી ચા પીતી પત્ની બે દિવસથી સુનંદને એકલો મૂકી દેતી હતી. રિસાઈ હશે? સુનંદે કવિતામાં અને વાર્તામાં અગણિત પ્રેમ કલહો ગોઠવી તેમને ઉકેલ્યા હતા અને હજારો વાર્તામાં હૈયાં હર્યાં હતાં! આશ્લેષાને જોતજોતામાં મનાવી લેવાશે–જો તે રિસાઈ હશે તો! અનેક પ્રેમી યુગલોના સર્જકને એકાદ સર્જન

વ્યવહારમાં મૂકી દેતાં શી વાર લાગવાની હતી?

સુનંદની ટપાલ પણ ભારે હતી. કાં તો લેખ, કવિતા, વાર્તા પ્રગટ કરતાં પત્રોનો થોકડો આવ્યો હોય; કાં તો લેખ મોકલ્યા બદલ આભારના પત્રો હોય; અગર નવા નવા લેખ માટેના આગ્રહભર્યા વિનતિપત્ર હોય. વળી કેટલાક પત્રોમાં વિવેચન ને ચર્ચા પણ આવ્યાં હોય અને તેના જવાબોની ઝડીઓ વરસતી હોય. આજે તો સુનંદના કાવ્ય ઉપર તેમ જ તેની એકબે વાર્તાઓ ઉપર પ્રશસ્તિઓનાં પુષ્પો વરસી રહ્યાં હતાં. પોતાનાં વખાણ થાય ત્યારે રાજી થવું અને ખુશાલીનું પ્રદર્શન કરવું એ સારી રીતભાત ગણાય નહિ. કવિઓ અને સાહિત્યકારોએ તો ખાસ કરી પ્રશંસા તેમ જ ટીકા બન્નેમાં ઉદાસીનતા જ કેળવવી જોઈએ, અને સાચા સ્થિતપ્રજ્ઞની કક્ષાએ પહોંચવું જોઈએ. છતાં પ્રશસ્તિની ખુશાલી પત્ની સમક્ષ પ્રદર્શિત કરનારનો ગુનો પ્રભુ માફ કરે છે એમાં સંશય નહિ.

‘આશ્લેષા, આશ્લેષા! જો, આ વાંચી જો ને?’ સુનંદે જરા મોટેથી બૂમ પાડી કહ્યું. આશ્લેષા તેની પાસે બેઠી ન હતી. પાસેના જ ખંડમાં તે બેઠી હશે એમ ધારી સુનંદે જરા મોટે ઘાટે કહ્યું. કવિઓ પણ મોટેથી બોલે ખરા. તે સિવાય કવિતા બધે સંભળાય પણ કેમ?’

આશ્લેષાએ જવાબ પણ ન આપ્યો, અને તે પાસે આવી પણ નહિ. આનંદ એ એવી ઊર્મિ છે કે જેમાં ભાગીદાર હોય તો તે દ્વિગુણિત થાય. પ્રશસ્તિના આનંદમાં પત્નીને ભાગ આપવાની ઇચ્છા તીવ્ર બનતાં સુનંદ ઊભો થયો અને આશ્લેષાના ખંડમાં ગયો.

‘આશ્લેષા! વાંચ આ મારી કવિતા ઉપરનું વિવેચન.’ ઉત્સાહભર્યા સુનંદે કહ્યું.

‘મારે નથી વાંચવું.’ આશ્લેષાએ કહ્યું.

‘કેમ? એ શું?’

‘મને એમાં રસ નથી.’

'મારી કવિતામાં કે કવિતાના વિવેચનમાં ?'

'બન્નેમાં.'

'ત્યારે તો મારામાં પણ તને રસ નહિ રહ્યો હોય!' કવિતાનું અપમાન અસહ્ય બનતાં સુનંદે પૂછ્યું.

'ના; મને કવિ સુનંદમાં તલપૂર પણ રસ નથી.'

'કવિ સુનંદ તરીકે જ હું તને ગમ્યો હતો.' સુનંદને નવો જ અનુભવ થતો હતો.

'જિંદગીમાં એવી ભૂલ થાય છે ખરી.'

'શું? તું શું કહે છે? ભૂલ થઈ લાગતી હોય તો...'

'સુધારી લઉં, એમ ને? વારુ. એ ભૂલ સુધરી જાણો.'

આશ્લેષાએ મુખ ઉપર આછો તિરસ્કાર દર્શાવી કહ્યું. કવિ સુનંદન મસ્તકમાં શૂળ ભોંકાતી હતી. છતાં તે શાન્ત રહ્યો—જોકે કવિઓને ભભૂકી ઊઠવાનો પૂર્ણ અધિકાર હોય છે.

'શી રીતે સુધારીશ?'

'એક જ રસ્તો છે; હવે આજે છેલ્લી પસંદગી કરી લે. કાં તો કવિતા કે કાં તો હું!'

'કવિતા તો મારો શ્વાસ છે, આશ્લેષા!'

'તો આજથી—અત્યારથી જ મારે અને તારે છૂટાછેડા.'

'આશ્લેષા! કેટલી યુવતીઓના પ્રેમપત્રો મારા ઉપર આવ્યા છે તે તું જાણે છે. મેં તને બતાવ્યા છે.'

'પસંદ કરી લેજે; એ પ્રશ્ન મારો નથી. આપણે આજથી છુટ્ટાં!'

સુનંદે હાથ ઉપર હાથ પછાડ્યો અને જમીન ઉપર પગ પછાડી તે ઓરડાની બહાર નીકળી ગયો. એનો આખો દિવસ વ્યગ્રતામાં ગયો. લેખની પ્રશસ્તિ ફરી એણે વાંચી નહિ. તેનાથી આજે કવિતા પણ લખાઈ નહિ, વાર્તામાં પણ તે આગળ વધી શક્યો નહિ અને લેખ લખતાં વિષયાંતર થઈ તેને આશ્લેષા સાથેનો ઝઘડો જ યાદ આવ્યા કર્યો.

જમતી વખતે નોકર થાળી લઈ આવ્યો–આશ્લેષાને બદલે. સાંજે ચાનો પ્યાલો પણ નોકર આપી ગયો. પ્યાલો લઈ તે આશ્લેષાના ખંડમાં ગયો. આશ્લેષાએ સામે પણ ન જોયું અને કાંઈ વાત પણ ન કરી.

'તું શા માટે મને જમાડે છે. અને ચા પાય છે, જો આમ જ અલગતા રાખવી હોય તો...' સુનંદે પૂછ્યું–ગુસ્સામાં.

'તારા ઘરમાં છું ત્યાં લગી હું મારી છેલ્લી ફરજ બજાવું છું.' આશ્લેષાએ કહ્યું.

'મારા ઘરમાં ક્યાં સુધી છે ?'

'આજની રાત. કાલ સવારથી મેં બીજું મકાન ભાડે રાખી લીધું છે.'

'આપણા બેમાંથી કોઈ ઘેલું બની ગયું હશે ? '

'તે હું નહિ.'

'છોકરી ! તું બહુ મિજાજી છે.'

'તારા જેવો મહાકવિ પતિ હોય એટલે મિજાજ તો હોય જ ને?'

સુનંદ ઓરડાની બહાર ચાલ્યો ગયો. રાત્રે પણ તેને જમવાનું મળ્યું ખરું. પરંતુ રાત્રે તેને નિદ્રા ન આવી. એ તો ઠીક, પણ જાગૃતાવસ્થામાં યે તેની વાતના "પ્લોટ" આગળ ઊકલ્યા નહિ.

'કાંઈ નહિ' આશ્લેષા જરા રિસાઈ છે. કાલ સવારે મનાઈ જશે. જરા ઓછી કવિતા લખીશ અને એને વધારે પાસે બેસાડીશ !...એની તબિયત કેવી હશે ? મેં ભૂલ કરી. લાવ, એની તબિયત પૂછી આવું.'

અસ્વસ્થ બનેલો સુનંદ ઊઠ્યો અને આશ્લેષા સૂતી હતી એ ઓરડા પાસે ગયો. બારણું ઠોકી તેણે બૂમ મારી : - આશ્લેષા !'

આશ્લેષાએ જવાબ ન આપ્યો. સુનંદે ફરી બૂમ મારી. એકાએક બારણું ઊઘડ્યું. કુપિત આશ્લેષા બારણામાં આવી ઊભી રહી અને કહેવા લાગી : 'શા માટે બારણાં ઠોકે છે અને બૂમ મારે છે?'

'હું તારી તબિયત પૂછવા આવ્યો છું.'

'છેડા છૂટા થયા પછી તને એ પૂછવાનો અધિકાર નથી. જા.' કહી આશ્લેષાએ બારણું બંધ કરી દીધું.

૪

સુનંદે ધાર્યું કે પ્રભાતનાં અજવાળાં સાથે આ બુદ્ધિ અને ઊર્મિના ઘટ્ટ બનેલાં ધુમ્મસ ઓગળી જશે. નિદ્રા ન કહી શકાય એવી નિદ્રામાંથી એ પ્રભાતે ઊઠ્યો. નિયમાનુસાર તેની ચા આવી નહિ અને હૃદયનો થડકાર સહેજ વધી ગયો. નોકરને બૂમ મારી પૂછ્યું : 'ચા કેમ નથી લાવ્યો ?'

'લાવું સાહેબ, તૈયાર કરીને.'

'બાઈ ક્યાં છે ?'

'એ તો, સાહેબ, કોણ જાણે! ઘરમાં તો નથી. હું એ જ જોતો હતો.'

સુનંદે આખું ઘર શોધ્યું. આશ્લેષા ક્યાં ચાલી ગઈ હશે ? એ તેજસ્વી સ્ત્રી આપઘાત તો ન જ કરે ! પણ શું કહેવાય ? ઊર્મિલ સ્ત્રીનું શું પૂછવું ? પોતે એવો ભારે દોષ શો કર્યો હતો ? સ્વદોષ કદી સમજાતો જ નથી.

પાસેના નાનકડા મકાનની બારીમાં કોણ ઊભું હતું ? આશ્લેષા ? જીવંત તો છે ! ભલે એ ગઈ. આજ નહિ તો કાલ પાછી આવશે. પણ...પણ...આ છાપું શું બોલતું હતું ? ભડકા જેવા અક્ષરે એ સુનંદના નામને અગ્રપૃષ્ઠ ઉપર કેમ ચીતરતું હતું ? સુનંદની અને આશ્લેષાની છબીઓ શી ? એક જ નહિ, ત્રણચાર છાપાંમાં એની એ જ વાત !

'જાણીતા મહાકવિ અને લેખકનાં
પત્નીએ કૉર્ટમાં માગેલા છૂટાછેડા !'

'સુવિખ્યાત સાહિત્યકાર સુનંદ અને
તેમનાં પત્નીનો કોર્ટે ચડેલો મામલો !'

'સમાજને હૈયે વસી રહેલા કવિ સુનંદ ઉપર તેમનાં પત્નીએ મૂકેલો ક્રૂરતાનો આરોપ અને માગેલી લગ્નવિચ્છેદની રાહત.'

સુનંદે આંખ ઉપર હાથ ફેરવ્યો, કપાળ ઉપર હાથ ફેરવ્યો, સામે આવેલી પાસેના ઘરની બારી સામે જોયું. આશ્લેષા જ બારીએ ઊભી ઊભી તેના હૃદયમંથનને નિહાળતી હતી શું ? છેવટે એણે આ જ માર્ગ લીધો ? હરકત નહિ. કોર્ટમાં પુરવાર કરી શકાશે કે સુનંદે કદી ક્રૂરતા કરી જ ન હતી ! આખું ગુજરાત એકસાદે બોલી ઊઠશે કે મહાકવિ સુનંદના હૃદયમાં ક્રૂરતા હોઈ શકે જ નહિ !

બેત્રણ છાપાંઓના તંત્રીઓ આવ્યા, આઠદસ સાહિત્યમિત્રો આવ્યા, આઠદસ સાહિત્યહરીફો આવ્યા; અને સહુએ સહાનુભૂતિ નીતરતી વાણીમાં આ અવનવા સમાચારનું રહસ્ય પૂછ્યું. સુનંદે સહુને એક જ જવાબ આપ્યો : 'મને કંઈ જ ખબર નથી.'

'આશ્લેષાબહેનને અમે કાંઈ પૂછી શકીએ ?'

'એ ઘરમાં નથી.'

'એ...મ. ત્યારે કાંઈ મતભેદ, ઝઘડો...'

'હું કાંઈ જ જાણતો નથી.'

'કેસ લડશો તો ખરા ને ?'

'શા માટે ? આશ્લેષાની મરજી છૂટાછેડા લેવાની હોય તો હું શા માટે ક્રૂર બનીને લડું ?'

'હાં...ત્યારે...કાંઈ છે ખરું.'

સલાહકારો, પત્રકારો અને જિજ્ઞાસુઓ સામે અંતે તેણે બારણાં બંધ કર્યાં. પરંતુ કોર્ટ તરફથી આવેલા સંદેશવાહકને તો આવવા દીધા વગર ચાલ્યું જ નહિ. સુનંદ ઉપર ક્રૂરતાનો આરોપ મૂકી લગ્નવિચ્છેદની માગણી કરતી આશ્લેષાની અરજીનો જવાબ દિન આઠમાં સુનંદને આપવા કોર્ટે ફરમાન કાઢ્યું હતું. ફરમાન તેણે લઈ લીધું.

'સાહેબ! જમવાનું કાંઈ કરવું છે?' નોકરે પૂછ્યું.

'કેટલા વાગ્યા? એક તો વાગી ગયો. મારે જમવું નથી. તને આવડતું હોય તો તું તારી મેળે કરી લે. કહી તે આખા ઘરમાં પાછો ફરી આવ્યો. ઘરમાં કાચુંકોરું ખાવાનું આશ્લેષાએ મૂક્યું હતું તે તેણે ખાઈ લીધું. પરંતુ એની જીભમાંથી સ્વાદ ઊડી ગયો હતો. માનવજાતને શિક્ષણ આપવા સર્જાયલો એ કવિગુરુ પત્નીનો જ અપરાધી બની રહ્યો શું? એની કવિતા કોણ વાંચશે? એની વાર્તામાં પ્રસંગો કયા આવી શકશે? તેની પત્નીએ જ એક ક્ષણમાં તેને શિખરેથી ઊંચકી જમીન ઉપર પટકી દીધો! તેણે કવિતા લખવી શરૂ કરી. સ્ત્રીવિરુદ્ધ, સ્ત્રીની નિર્બળતા વિરુદ્ધ, સ્ત્રીના સ્વાર્થની વિરુદ્ધ, સ્ત્રીની અદેખાઈ વિરુદ્ધ તેને એકાએક શબ્દરચનાઓ અને પ્રસંગપરંપરાઓ સ્ફુરવા લાગી. અઠ્ઠાણું લીટીઓનો પૃથ્વીછંદ તેણે જોતજોતામાં રચી કાઢ્યો સાત ધ્વનિતોમાં વહેંચાયેલો! પરંતુ તે પછી તેને થાક લાગ્યો. તે જમ્યો ન હતો! કલ્પના અને ઊર્મિ ઉપર જીવનારને આવાં ભૂખતરસ સરખાં પાર્થિવ બંધન શાં?

'સાહેબ! આ ચિઠ્ઠી અને થાળ આવ્યાં છે.' દુઃખી થતા નોકરે કહ્યું.

'થાળ? કોણે મોકલાવ્યો? લાખો પ્રશંસકોમાંથી કોઈને... અરે! આ તો આશ્લેષાના અક્ષર!'

સુનંદે ચિઠ્ઠી વાંચી. ચિઠ્ઠીમાં લખ્યું હતું:

'સુનંદ!

તું આજ જમ્યો જ નથી. પાડોશહક્કથી હું આ સાથે થાળ મોકલું છું. અંદર ઝેર નથી એટલી હું ખાતરી આપું છું.

આશ્લેષા.'

સુનંદને આશ્લેષાના અક્ષર ગમ્યા અને ન પણ ગમ્યા. આશ્લેષાએ બજાવેલો પાડોશહક્ક તેને ગમ્યો અને ન પણ ગમ્યો. આશ્લેષાને

બોલાવી પાસે બેસાડવાનું પણ મન થયું. અને મનમાં પોતાની નિર્બળતા નિહાળી એ ભાવને તેણે દૂર પણ કર્યો.

ચિઠ્ઠીની નીચે જ તેણે જવાબ લખ્યો:

'આશ્લેષા!

હું આજ જન્મ્યો નથી એ સાચી વાત છે. પરંતુ હું પત્નીની રસોઈથી ટેવાયો છું–પાડોશીની નહીં. એટલે થાળ હું સાભાર પાછો મોકલું છું. એમાં ઝેર નથી એવી ખાતરી આપવાની જરૂર ન હતી. બીજે ક્યાં ક્યાં ઝેર છે તે હું આજથી શોધતો બની ગયો છું.

સુનંદ.'

ચિઠ્ઠી સાથે તેણે થાળ પાછો મોકલાવ્યો, અને હીંચકા ઉપર જ તેણે દેહને લંબાવ્યો. આશ્લેષા બારીમાંથી અને હીંચકા ઉપર હોય એવો ભાસ થયો. સુનંદે પોતાની બારી પણ બંધ કરી અને આંખ મીંચી.

સામે આશ્લેષા આવી ઊભી હતી શું?

'આશ્લેષા! છેવટે તેં છૂટાછેડા જ માગ્યા?'

'બીજો મારે ઇલાજ શો હતો? કવિતાના ધુમાડામાં તું કાળો પડી ગયો છે.' એક મહારાણીની છટાથી આશ્લેષા બોલી.

પણ...પણ...આશ્લેષા હતી જ ક્યાં? આંખ ઉઘાડીને જોયું તો સુનંદને ઓરડો ખાલી લાગ્યો.

આજે ભ્રમણામાં પણ આશ્લેષા જ દેખાયા કરતી હતી. એની છટા ખરેખર મહારાણી–અને તે આજની છિછલ્લી મહારાણી નહિ, પરંતુ મધ્યકાલની રૂપસત્તાભરી મહારાણીની યાદ આપતી હતી. નહિ?

'હું મહારાણી પણ છું અને ફૂલરાણી પણ છું.' ફૂલફૂલનાં ઘરેણાં પહેરી આશ્લેષા ઓરડામાં પ્રવેશ કરતી હતી.

'મને તારાં ઘરેણાં અને તારો દેહ બરાબર નિહાળવા દે.' સુનંદે કહ્યું.

'નહિ. તું તારી વાર્તાની ફૂલરાણીને જો. મને જોવાની આંખ તેં ખોઈ નાખી છે.' આશ્લેષાએ કહ્યું.

'મારી વાર્તાની ફૂલરાણી તારા જ નમૂના ઉપર રચાઈ હશે તો ?'

'જુઠ્ઠો ! તને મારી સામે જોવાની ફુરસદ જ ન હતી.'

'આજ ફુરસદ લઉં તો ?'

'હવે મને ફુરસદ નથી !' કહી આશ્લેષા અદૃશ્ય થઈ ગઈ, અને સુનંદ ભયભીત બની બેસી ગયો.

આશ્લેષા વગર કેમ રહેવાશે ? સુનંદ ખરેખર ભયભીત બન્યો. ઘરનો ખૂણેખૂણો અને કણેકણ તેને આશ્લેષાની સ્મૃતિ આપવા લાગ્યા. જ્યાંથી ને ત્યાંથી આશ્લેષાની જ મૂર્તિ ઊંચકાઈ આંખ આગળ આવી ઊભી રહેતી.

એ આશ્લેષા ઘરમાં જ ન હોય ? સુનંદ ભયથી કંપી ઊઠ્યો. આશ્લેષા તો ઘર સાથે, જીવન સાથે જડાઈ ગઈ હતી !

આશ્લેષા વગર કવિતા પણ અદૃશ્ય થઈ ગઈ હતી. સાચું શું ? આશ્લેષા કે કવિતા ?

એકાએક સુનંદના હૃદયમાં પ્રકાશ પડ્યો :

'મને સાચું ઝેર જડ્યું.'

ઈશ્વરી પ્રેરણા પીતા કોઈ પયગંબર સમી—ઈશ્વરી કૃપા સર્વત્ર અનુભવતા ભક્ત સરખી ચમક તેની આંખમાં ચમકી ઊઠી.

## ૫

આશ્લેષાએ સુનંદને ખબર ન પડે એમ અલગ ઘર પણ રાખ્યું અને કોર્ટમાં લગ્નવિચ્છેદની માગણી પણ કરી. ઘર પાસે જ હતું, પડોશમાં જ હતું. એક ઘરની અગાશીમાંથી બીજા ઘરમાં જઈ શકાય એમ હતું. તેનો અસંતોષ તદ્દન સાચો હતો. પત્નીને ખસેડી કવિતાને પંપાળતા પતિ પાસે જીવનભર રહેવાય જ કેમ ? તે દૃઢતાથી ખસી ગઈ. પણ તેના હૃદયમાં એક માતૃત્વનો અંશ ચમકતો જળવાઈ

રહ્યો હતો.

'મારા વગર સુનંદ બિચારો નિરાધાર બની રહેશે. એને જમાડશે કોણ? ફરી લગ્ન કરી તે નૂતન પત્નીને લાવે ત્યાં સુધી એ શું કરશે?'

આશ્લેષાએ થાળ મોકલ્યો. પડોશી તરીકે મોકલેલો થાળ પાછો આવ્યો. સુનંદની ચિઠ્ઠી વાંચી તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. રાત્રે ફરી થાળ મોકલ્યો–પરંતુ તે પડોશી તરીકે નહિ, તેની કવિતાની એક પ્રશંસક તરીકે!

સુનંદે ફરી એ થાળ પાછો ફેરવ્યો અને તેમાં સ્પષ્ટ લખ્યું કે તે પ્રશંસકના હાથનો પણ નહિ – પત્નીના હાથનો થાળ માગે છે!

આશ્લેષાની આંખમાંથી બેત્રણ અશ્રુબિંદુ ટપકી પડ્યાં, બીજું તો ઠીક. પણ એ ચોવીસ કલાકનો ઉપવાસી છે! તોફાન વધારે પડતું થઈ ગયું! તેની હરકત નહિ. પરંતુ સુનંદ આમ ભૂખ્યો સતત રહેશે એવી કોને ખબર? પત્ની સિવાય કોઈના હાથનું જમવું નહિ એનો શો અર્થ? આશ્લેષાના છૂટાછેડા સામેનું આહ્વાન? કે પત્નીને અર્પાયેલું ક્ષમાસ્તોત્ર!

જે હોય તે! પરંતુ...

'અરે! અરે! સુનંદના ખંડમાંથી ધૂણી શાની નીકળે છે? ભડકો પણ દેખાય છે!'

આશ્લેષાના હૃદયમાં અને દેહમાં પણ કંપ વ્યાપી ગયો. શું હશે? બેધ્જતીને કારણે એ આપઘાત તો નહિ કરતો હોય?

આશ્લેષા એકાએક ઝડપથી ઊતરી પોતાના જૂના મકાનમાં પેસી ગઈ. બારણાં ખુલ્લાં હતાં, પરંતુ નોકર ચાલ્યો ગયો હતો. ઘર જાણીતું જ હતું. બહાર રાત્રિનો અંધકાર હતો. ઘરમાં બીજે બધે દીવા બંધ હતા–માત્ર સુનંદના અભ્યાસખંડ સિવાય. બધા દીવાઓ ખોલતી આશ્લેષા સુનંદ બેઠો હતો તે ખંડમાં પહોંચી ગઈ. ખંડના બારણામાં પગ મૂકતાં બરોબર આશ્લેષાએ બન્ને ગાલ ઉપર ચપ્પટ

હાથ મૂકી દીધા અને તેનાથી બૂમ પડાઈ ગઈ :

'સુનંદ ! શું કરે છે ? શું બાળી રહ્યો છે ?'

'મારા જીવનનું ઝેર હું બાળી રહ્યો છું.'

'અરે ! પણ આ તો પુસ્તકો છે !'

એક મોટી મીણબત્તી સળગાવી સામે બેસી સુનંદ કોઈ પુસ્તકો બાળતો હતો. બાળેલાં પુસ્તકોનું કાજળ ચારે પાસે ઊડી રહ્યું હતું; અને જમીન ઉપર બળેલા કાગળનો થોકડો પણ પડ્યો હતો. એ બળેલા કાગળોની જ ધૂણી આશ્લેષાએ નિહાળી હતી અને નિહાળતા બરોબર સુનંદ પાસે દોડી આવી હતી.

'હા, એ જ ઝેર !'

'તારી કવિતાઓ, વાર્તાઓ, લેખો ! આ શી મૂર્ખાઈ તું કરી રહ્યો છે ?'

'જેને બાળતાં મારી આશ્લેષા ઘરમાં પાછી આવે એને બાળવામાં મૂર્ખાઈ ક્યાંથી ?'

'સુનંદ ! રહેવા દે. તારી સરસમાં સરસ અપ્રસિદ્ધ કવિતાઓ...'

'હવે મારી પ્રસિદ્ધ કવિતા તું જ.'

'એટલે ?'

'એટલે એમ કે હું હવે કવિતા, વાર્તા કે સાહિત્ય લખવાનો જ નથી, અને લખ્યું છે તેને બાળી નાખવા બેઠો છું.'

'કારણ...'

'કારણ એટલું જ : કવિતા વગર ચાલશે, આશ્લેષા વગર નહિ.'

'પણ તેમાં આ લખેલું બધું બાળવાની શી જરૂર ?'

'એ હવે ક્ષણ પણ રાખી શકાય નહિ. એ ઝેરમાંથી મેં આશ્લેષાને ગુમાવી...'

'નથી ગુમાવી...એ અહીંથી હવે ખસવાની જ નથી.'

'પણ કોર્ટમાં છૂટાછેડાની માગણી...'

'કોર્ટ કંઈ કરે તે પહેલાં આપણે છેડો ફરી એવો બાંધીએ

કે તે મરતાં સુધી છૂટે જ નહિ!' કહી આશ્લેષાએ બંને હાથ સુનંદના ગળામાં ભેરવ્યા, અને તે એટલી વાર સુધી કે સુનંદને કહેવું પડયું : 'આશ્લેષા! કોઈ આવતું સંભળાય છે.'

'ભલે આવે. મારું નામ તો તેં જ પાડયું છે ને? આશ્લેષા હવે છૂટશે નહિ.'

૬

સુનંદે કહ્યું : 'તંત્રી સાહેબ! આપ મારી પાસે કવિતા કે વાર્તા માગો છો. પણ એ દિવસથી મેં કવિતા, વાર્તા, લેખ, નાટક, કાંઈ પણ લખવાનું છોડી દીધું છે. દશેક વર્ષ થવા આવ્યાં; હું કાંઈ પણ લખતો નથી.'

'મને એ જ નવાઈ લાગે છે. લેખનવ્યવસાયમાં આટલી બધી કીર્તિ મેળવનાર સાહિત્યકાર લગભગ ભુલાઈ જવાની સ્થિતિએ આવે એ તંત્રીઓને તો ન જ ગમે. માટે મારી વિનતિ છે કે એકાદ લેખ, વાર્તા કે કવિતા મને આપો જ આપો.' તંત્રી સુનંદ પાસે લેખ માગવા ગયા હતા, તેમણે કહ્યું.

'તંત્રી સાહેબ! હવે હું કવિતા કે વાર્તા લખતો નથી. હું કવિતા-વાર્તા જીવું છું.'

'હું તંત્રી; મારી માગણીને નિષ્ફળ બનાવતો જ નથી. તમે કહી એ જ વાર્તાને છાપું તો?'

આશ્લેષા તંત્રી તથા સુનંદ માટે શરબત લઈ આવી.

સુનંદે તેને પૂછયું : 'આશ્લેષા! આ તંત્રીસાહેબ આપણી ફજેતી છાપવા માગે છે. તારે કશી હરકત છે?'

'ભલે છાપે! ફજેતી તારી હતી : મારી જરા યે નહિ. કહી–કહીને થાકી તો ય હવે કાંઈ લખતો નથી! એટલે તારા ભવાડા જ લોકો લખશે ને?' આશ્લેષાએ કહ્યું. આશ્લેષાની બધી જીદ સુનંદ પૂરી કરતો—માત્ર એક સિવાય. તે લખવાનો આગ્રહ કરતી તેને તે

હસી કાઢતો. એ તો કહેતો જ કે એ બાળી નાખેલું ઝેર ફરી જીવનમાં પ્રવેશ નહિ પામે.

'તંત્રીસાહેબ! ભલે તમે એ અમારી વાત છાપો! એ વાંચીને લેખકો લખવાનું બંધ કરે તો સારું.! માત્ર એક શરત : એ મારી છેલ્લી જ વાર્તા હશે!' સુનંદે કહ્યું.

'ક્રમાંક છેલ્લો રાખવો કે પહેલો એ તંત્રી ઉપર છોડી દો, સુનંદભાઈ! તમે તંત્રીઓને નહિ પહોંચો. આશ્લેષાબહેને જે પ્રયોગ ન લખવા માટે કર્યો તે લખવા માટે કરશે તો?' તંત્રીએ ધમકી આપી આશ્લેષા સામે જોયું.

ત્રણે જણે સ્મિત કર્યું.

# સુલતાન

૧

કહે છે કે વકીલનો કોઈને વિશ્વાસ નહિ!

જે પક્ષ પૈસા વધારે આપે એ પક્ષ તરફથી સાચુંખોટું લડનાર વર્ગ પ્રતિષ્ઠિત ભલે હોય; છતાં સમાજ તેની તરફ કતરાતી આંખે જુએ એ સહજ છે. ભાડૂતી યુદ્ધોમાં પણ વફાદારી છે, ટેક છે, નોખ છે, નીતિનાં ધોરણો છે, એ બધું સમાજને કોણ સમજાવવા જાય? એ સમજાવવા કરતાં એકાદ વધારે કેસ લડી લેવાય તો શું ખોટું? જે હોય તે! આજની ન્યાયપદ્ધતિમાં વકીલો વગર કોઈને ચાલે એમ લાગતું નથી. કોઈ પણ ધર્મને શરમાવે એવો જટિલ કર્મકાણ્ડ આજના ન્યાયશાસનમાં વિકસ્યો છે. એટલે વકીલ વગર ન્યાયનું કર્મકાણ્ડ કોઈને ફાવે જ નહિ.

હું એક વકીલ છું; પ્રતિષ્ઠિત વકીલ છું; એટલો પ્રતિષ્ઠિત કે જો મેં ખાદી ધારણ કરી હોત તો હું આજ પ્રાન્તનો પ્રધાન પણ બની ચૂક્યો હોત. પરંતુ તેનો મને અસંતોષ નથી. હું જીવનભર સંતુષ્ટ રહ્યો છું. ધનને અને સંતોષને સારો સંબંધ હોય છે. પ્રભુએ જે આપ્યું છે એ ઠીક છે. હું અને મારો ઈશ્વર એ સમજી લઈએ

છીએ. આયપતવેરાનો હિસાબનીસ પણ મારા હિસાબને પૂરો સમજી ન શકે ! એકંદર આર્થિક દૃષ્ટિએ કુટુંબની ચિંતા રહી નથી.

વકીલોને ધનની સાથે વિશાળ અને વિધવિધ અનુભવો પણ મળે છે. પૈસા પૂરા ન આપતાં સામે ધમકી આપી છરો બતાવનાર અસીલથી માંડી હારવાનો સંભવ પ્રામાણિકપણે બતાવ્યા છતાં ભરપટ્ટે પૈસા આપી લડવાને તત્પર એવા મમતી અસીલો સુધીમાં અનુભવની એક વૈજયંતીમાળા વકીલજીવનમાં ગૂંથાઈ જાય છે.

તેમાં યે મને થયેલો એક અનુભવ હું કદી વીસરી શકતો નથી. એ અનુભવે એક વસ્તુ સાબિત કરી આપી. વકીલનો સર્વાંશે વિશ્વાસ કરનાર માનવી પણ હોય છે ખરા !

વકીલાતની શરૂઆત કોને કહેવી ? ક્યારે કહેવી ? એ પ્રશ્ન આજના વકીલોને જરૂર મૂંઝવી રહ્યો છે. પાંચ વર્ષે પણ શરૂઆત ગણાય અને દસકો પણ શરૂઆતમાં ગણાય. એ ધંધામાં સરકારી નોકરી, માફક ફરજિયાત નિવૃત્તિ મળતી ન હોવાથી વકીલનું પાટિયું કદી ખસતું જ નથી. સગા દીકરાનું પાટિયું પણ વકીલ પિતાને હરીફ પાટિયું લાગે છે !

મારી દૃષ્ટિએ વકીલાતની શરૂઆત હવે મટી ગઈ અને હું મને પોતાને જરા અનુભવી વકીલ ગણતો થયો—મુગ્ધા જેમ મધ્ય નાયિકાનો ભાવ અનુભવે તેમ ! તે સમયનો મારો ન ભુલાતો અનુભવ હું અહીં કહી રહ્યો છું. જોકે મારું પોતાનું સ્વતંત્ર ઘર બાંધવાનો સમય હવે જલદી આવી પહોંચે છે, એવા આનંદભર્યા ભાવિનો વિચાર કરતો હું હજી ભાડાના જ ઘરમાં રહેતો હતો !

એકાએક કૂતરાં ભસી ઊઠ્યાં. કેસનાંકાગળિયાં હું વાંચતો હોઉં ત્યારે બનતાં સુધી મારું ધ્યાન આસપાસ ખેંચાતું નથી. કૂતરાંનો ધર્મ છે કે તે ભસે. મારો ધર્મ છે કે મારે મારા કામમાં જ ધ્યાન પરોવાયેલું રાખવું. પરંતુ અત્યારે તો કૂતરાંએ એટલો ઘોંઘાટ કર્યો કે હું મારા ધ્યાનમાંથી ચલિત થયો.

'અરે, કેમ આ કૂતરાં આટલું બધું ભસે છે? મારી કાઢ.' મારાથી રહેવાયું નહિ એટલે મેં નોકરને કહ્યું.

'સાહેબ ! પડોશમાં એક નવો કૂતરો આવ્યો છે...' નોકરે કહ્યું.

'અરે, તું વાત શી કરે છે? એને કાઢી મૂક.'

'કઢાય એમ નથી. નવા ભાડૂતનો કૂતરો છે.'

'નવો ભાડૂત? એ વળી કોણ છે?'

'પાસે બે ઓરડીઓ ભાડે રાખી છે. કોઈ પરદેશી લાગે છે. હમણાં જ આવ્યો.'

'આવા ભાડૂતો ક્યાંથી આવે છે? પાછાં કૂતરાંને રાખતા હોય એવા?'

મને એકે જાનવર ગમતું નહિ. જાનવરો તરફ માનવીને કેમ લાગણી થતી હશે? માનવીને માનવી જ બહુ ન ગમે; તેમાં પાછાં કૂતરાં, બિલાડાં, સસલાં કે હરણ પાળવાની વૃત્તિ માનવીમાં કેમ જાગે એ હું સમજી જ શકતો નહિ.

નીચે એક બૂમ પડી: 'સુલતાન ! બસ બેટા !'

હું કાંઈ સમજ્યો નહિ. કૂતરાં ભસતાં બંધ થયાં અને મારા કેસનાં કાગળિયાં વાંચી હું સૂતો. આવતી કાલે મારે ન્યાયાધીશ પાસે કેમ તકરાર કરવી, કયા મુદ્દા ઉપર ભાર મૂકવો, કયો પ્રશ્ન જતો કરવો, એવા એવા વિચારના વમળમાં ગોથાં ખાતા મને નિદ્રા તો આવી; પણ નિદ્રા એક સ્વપ્ન પણ સાથે લાવી. એ સ્વપ્નની વિગતો ન્યાય અને ન્યાયાધીશની બદનક્ષીરૂપ બની જાય એમ છે. એટલે વિશેષ કાંઈ નહિ કહેતાં એટલું જ જણાવીશ કે આખી અદાલત શ્વાનઅદાલત બની ગઈ હતી! વકીલ, અસીલ, ફરિયાદી, આરોપી, પક્ષકાર, સાક્ષી, ન્યાયાધીશ, નાજર, પટાવાળો, પોલીસ, એ સર્વ શ્વાનઆકાર ધારી રહ્યા હતા! અલબત્ત, એકબીજાની ભાષા સમજુતી હતી, અને કામ ધોરણસર ચાલતું હતું! ન્યાયાધીશનો ઝડપ પંખો પણ ચાલતો હતો! કોર્ટમાં આયનો ન હોવાથી મારા મુખમાં

પરિવર્તન થયું હશે કે કેમ એની ખબર પડી નહિ!

હું ઊઠ્યો તે પણ કૂતરાંની જલદ ભસાભસથી! મારી આજની આખી સૃષ્ટિ શ્વાનભરી કેમ બની ગઈ હશે? સંસ્કૃત નામ 'શ્વાન' આપવાથી કૂતરાંની આકૃતિ અને તેમની વાણી બદલાતી નથી!

'આ શું ચાલે છે ગઈ રાતથી? આમ તો મારાથી કામ નહિ થાય!' મને ચા આપતી મારી પત્નીને મેં સવારમાં કહ્યું.

'કેમ? શું તબિયત કેવી છે?' મારી પત્ની ગ્રેજ્યુએટ ન હોવાથી હું તેની કાળજી લઉં એ કરતાં તે જ મારી વધારે કાળજી લેતી હતી.

'તબિયત તે કેમ સારી રહે આ ઘોંઘાટમાં?' મેં કહ્યું.

'કયો ઘોંઘાટ? ઘરમાં તો કોઈ બોલતું નથી.

'આ સંભળાતો નથી ઘોંઘાટ? બહાર કેટલાં કૂતરાં ભસે છે? સુધરાઈ કે સરકારને આ આફતનો ખ્યાલ પણ લાગતો નથો.' મેં ચિડાઈને કહ્યું.

'એ તો ચલાવી લેવાનું! શેરીનાં કૂતરાંને કાંઈ ઘડીઘડી પથરા મારતાં ઓછાં બેસાય એમ છે?' પત્નીએ કહ્યું, અને તેના મુખ ઉપર આછું સ્મિત ફરક્યું. પત્નીનું પ્રત્યેક સ્મિત ગમે એવું હોતું નથી એમ પતિવર્ગ આખો જાણે છે. મને ડર છે કે પ્રેમનો પ્રથમ ઊભરો શમી જતાં પત્નીને મન પતિ ઘણી યે વાર હસવા લાયક પ્રાણી બની જાય છે. મેં વાતને લંબાવી નહિ. હું મારા કામમાં પરોવાયો અને વખત થતાં મારી ગાડીમાં બેસી હું કચેરીમાં જવા બહાર નીકળ્યો.

બહારની એક ઓરડીના ઓટલા ઉપર ખાટલો ઢાળી એક વૃદ્ધ પુરુષ બેઠો હતો, અને તેની જ પાસે એક બિહામણો કૂતરો વર્તુલમાં બેસી ઝીણી ખૂની આંખે જનાર–આવનાર તરફ જોયા કરતો હતો. મને જોઈ તેણે કાન હલાવ્યા અને પડી રહેલા તેના પુચ્છને સહજ ગતિ આપી. મારા હૃદયના ધબકારા વધી ગયા.

૨૬ : કાંચન અને ગેરુ

'સલામ, વકીલસાહેબ!' વૃદ્ધે બેઠેબેઠે મને સલામ કરી કહ્યું. અદૃશ્ય થતા યુગના જાણે પ્રતિનિધિ હોય એવો એ વૃદ્ધ દેખાતો હતો. મૂછ રાખવી કે નહિ એ પ્રશ્ન એના જીવનમાં કદી ઉપસ્થિત થયો હોય એમ લાગ્યું નહિ. વૃદ્ધ ટટાર બેઠો હતો. તેનો એકવડો દેહ અને જીર્ણ મુખ તેની વયને ઘટાડી દેતાં હતાં.

'સલામ, ભાઈ! હમણાં જ રહેવા આવ્યા, નહિ?' હું ગાડીમાં બેસતાં બોલ્યો.

'જી, ગઈ કાલે જ આવ્યો. આપ જેવાની છાયામાં છેલ્લા દિવસ ગુજારી લઈશ.'

'ભલે, આરામથી રહો. કાંઈ કામ હોય તો કહેજો.' મેં એક સારા પડોશી બનવાનો પ્રયત્ન કર્યો. વૃદ્ધની વાતચીત એટલી વિવેક-ભરી હતી કે પહેલી જ ઓળખાણે તેના કૂતરા વિશે તકરાર કર-વાનું મને ઠીક ન લાગ્યું. હું કચેરીમાં ગયો, મારા મુકદ્દમાઓ ચલાવ્યા અને સમય પૂરો થયે ઘેર આવતાં પાછો પેલા વૃદ્ધનો કૂતરો યાદ આવ્યો. અને પાછી ઘોંઘાટભરી રાત્રિના ખ્યાલે હું જરા ગુસ્સે થયો. ઘર આગળ ગાડી ઊભી રહી અને પેલા વૃદ્ધનો ઓટલે બેઠેલો ક્રૂર કૂતરો સિંહ જેવો ઘર્ઘર અવાજ કરી ઊભો થયો. કૂતરો બીજા કૂતરાને કરડે ત્યાં સુધી આપણને બહુ હરકત હોતી નથી; પરંતુ એ આપણને કરડે એ જોખમ અસહ્ય બની જાય છે. અજાણ્યો કૂતરો વાઘસિંહ જેવો જ વિકરાળ લાગે છે, અને કૂતરાનો ભારે ડર લાગવા છતાં એનો ડર જરા ય લાગતો નથી એવો દેખાવ રાખવામાં આપણાં જ્ઞાનતંતુ બહુ તંગ બની જાય છે. લાકડી બહાદુરીપૂર્વક મારવાથી કૂતરો નહિ જ કરડે એવી કોઈ ખાતરી આપતું નથી, તેમ જ કૂતરાને બે હાથ જોડી પગે લાગવાથી અગર શરણાગતિદર્શક બે હાથ ઉંચા કરવાથી કૂતરો વગર કરડ્યે આપણને માર્ગ આપશે કે કેમ તેની પણ ખાતરી-લાયક માહિતી આપણને કોઈ આપતું નથી. કૂતરાંથી આપણે ડરીએ

છીએ એવો દેખાવ કરવામાં આપણને ખરેખર નાનમ લાગે છે; અને ડર લાગવા છતાં તેવો દેખાવ ન થઈ જાય એની ચિંતામાં થઈ જતો આપણો દેખાવ આસપાસની બારીઓમાંથી હસતા મુખની પરંપરા ઊભી કરે એ પણ અસહ્ય સ્થિતિ બની જાય છે. દોડીને ભાગી જવામાં ઉંમર નડે એમ હોય છે, અને વયને બાજુએ રાખી આપણે દોડીએ છતાં કૂતરાંની ઝડપ આપણા કરતાં વધારે જલદ હોય છે એની ખાતરી થઈ ચૂકેલી હોય છે. આમ માણસ અને કૂતરાંના સંબંધ અંગે ઊભી થતી મૂંઝવણ એક લાંબો નિબંધ માગે એવી હોય છે, એમ મને અત્યારે જોતજોતામાં સમજાયું. પરંતુ નિબંધ લખવાથી શ્વાનભય દૂર થતો નથી.

સદ્‌ભાગ્યે પેલો વૃદ્ધ બહાર આવ્યો અને બોલ્યો : ‘સલામ, સાહેબ !’

‘સલામ, ભાઈ ! કેમ છો ? આ તમારો કૂતરો ભયંકર લાગે છે.’

‘કોણ ? મારો સુલતાન ? નહિ રે, સાહેબ ! એના જેવું અશરાફ પ્રાણી તમને બીજું નહિ મળે.’

‘દેખાય છે તો બહુ ક્રૂર !’

‘એ તો હસે છે, વકીલસાહેબ ? જરા રમાડી જુઓ.’

કૂતરાને માથે અને પીઠે વૃદ્ધે હાથ ફેરવ્યો અને એકાએક કૂતરાએ વૃદ્ધની આસપાસ તાંડવનૃત્ય શરૂ કર્યું ! વૃદ્ધના હાથને, પગને, કપડાંને આંગળીને ફાવે તેમ કૂતરાએ નખ ભરવા માંડ્યા, દાંત બેસાડવા માંડ્યા, દેહ ઉપર પગ મૂકવા માંડ્યા, અંગ સાથે પછડાવા માંડ્યું અને મને લાગ્યું કે આ ઉશ્કેરાયેલો જબરદસ્ત કૂતરો વૃદ્ધને ફાડી ખાશે !

પરંતુ વૃદ્ધના મુખ ઉપર પરમ આનંદ પ્રસરી ગયો હતો. પ્રસન્ન અને હસતે મુખે તે કૂતરાને હાથ, આંગળાં, પગ ચાટવા માટે આપતો જ ગયો ! કૂતરાએ સહજ ઘુરકાટ પણ કર્યો અને અંતે વૃદ્ધે કહ્યું : ‘હવે બેસ જરા, સુલતાન ! બસ થયું.’

એકાએક તાંડવ છોડી વૃદ્ધના પગ પાસે સુલતાન બેસી ગયો. વૃદ્ધને કાંઈ વાગ્યું હોય એમ એના મુખ ઉપરથી દેખાયું નહિ.

'જોયું સાહેબ! કેટલો સાલસ છે? આપ થોડું થોડું રમાડશો તો આપને એની માયા થઈ જશે. સુલતાન તો એક સુલતાન જ છે!'

હું કાંઈ પણ બોલ્યા વગર ઘરમાં ચાલ્યો ગયો. મારાં પોતાનાં બાળકોને રમાડવું મને ફાવતું નથી તો હું વળી આ વરુ આકૃતિના કૂતરાને ક્યાં રમાડવા જાઉં? પરંતુ એક આશ્ચર્ય જરૂર મને થયું કે કૂતરાએ આટઆટલા હુમલા કર્યા છતાં વૃદ્ધને ઘા પડ્યો હોય કે લોહી નીકળ્યું હોય એમ દેખાયું નહિ.

કૂતરાના દાંત અને નખ ક્યાં અદૃશ્ય થઈ ગયા હશે? અને કૂતરાએ આટઆટલી ઝપાટો મારી છતાં વૃદ્ધને કાંઈ પણ વાગ્યું દેખાયું નહિ એનું શું કારણ હશે?

નખક્ષત અને દંતક્ષતનાં વિગતવાર વર્ગીકરણ વાત્સાયને આપ્યાં છે ખરાં, પરંતુ તે સ્ત્રીપુરુષ વચ્ચેના પ્રેમ ઝણઝણાટ અંગે; નહિ કે માનવી અને માનવેતર પ્રાણી અંગે.

## ૨

જોતજોતામાં મને ખબર પડી કે નવો આવેલો ભાડૂત કોઈ દેશી રાજ્યમાંથી નાસી આવેલો રાજકુટુંબી હતો. એનું નામ બલવીરસિંહ હતું. એનું કોઈ સગુંવહાલું હોય એમ દેખાતું ન હતું, અને હશે તો ય તે બધાંથી દૂર રહેવા મથતો એ વૃદ્ધ પોતાના કૂતરા સિવાય બીજા કશામાં રસ દર્શાવતો ન હતો. કૂતરાને તે 'સુલતાન'ને નામે બોલાવતો હતો, અને જોકે કૂતરાંના સમૂહને એ અણગમતો હતો અને શેરીનાં માણસોને મારી માફક તે ભયપ્રવેશ બની રહ્યો હતો, છતાં 'સુલતાને' કોઈને પણ ઈજા કરી હોય એવો પ્રસંગ બન્યો હોય એમ લાગ્યું નહિ. બધાં બૂમો મારતાં કે આ રાક્ષસ જેવો કૂતરો પડોશમાં કેમ આવીને વસ્યો હશે? છતાં સુલતાન કોઈને કરડ્યાની

હકીકત આગળ આવતી નહિ.

કૂતરાનો દેખાવ ખરેખર ભય લાગે એવો જ હતો. એને ધારીને નિહાળતાં એના મુખ ઉપર સિંહ દેખાતો, એની આંખમાં વાઘ આવીને બેસતો, એનો આકાર નિહાળતાં દીપડો નજર સામે આવતો. એ બનતાં સુધી ભસતો નહિ, પરંતુ જ્યારે તે ભસતો ત્યારે તેનો ઊંડો ઘૂંટાયલો અવાજ બિહામણો બની જતો અને તેનો ઘુરઘુરાટ સાંભળતાં જ પાસેની શ્વાનસૃષ્ટિ રડી ઊઠતી. એક જબરદસ્ત ગવૈયાનો જ ઘૂંટાયલો ઘુરકાટ એની બરોબરી કરી શકે! ગાયકને મળતી કંઈક લઢણ ખરી!

જતેઆવતે વૃદ્ધ બલવીરસિંહ મને સલામ કરતો અને બોલાવતો. આસપાસનાં બીજાં માણસો અને બાળકોમાં પણ એ પ્રિય થઈ પડ્યો હતો. થોડા દિવસમાં તો મેં જોયું કે નાનાં બાળકો સુલતાનને પંપાળવા ખાસ ભેગાં થતાં હતાં.

મને ભય પમાડતા કૂતરાએ એક દિવસ મારી ભારે સેવા બજાવી. હું રાત્રે સૂતો હતો. ગરમી લાગવાથી મારી અગાસીમાં જ હું ઘણુંખરું સૂતો અને મારી ઓરડીમાંથી અગાસીમાં આવવા-જવાનું એક બારણું ખુલ્લું રાખતો હતો. આમ તો હું ઝડપથી જાગી જાઉં છું અને રાત્રે બહાર કોલાહલ થતાં જ હું જાગી ઊઠ્યો. ચોરની બૂમ શેરીમાં પડી હતી એમ મને ભાસ થયો. અગાસીમાંથી જોયું તો સુલતાને એક માણસના પગને દાંતમાં પકડ્યો હતો અને તેના અનેક પ્રયાસ છતાં તે પગને છોડતો ન હતો. બલવીરસિંહ પાસે જ ઊભો હતો અને પેલા માણસનો પગ કૂતરાથી છોડાવવા મથતો હતો.

'સરકારમાં અરજ કરીને પણ આ કૂતરાને કાઢવો પડશે.' હું મન સાથે બોલ્યો.

'વકીલસાહેબ! જાગો છો? જરા નીચે પધારો ને?' બલવીરસિંહે મને સાદ કર્યો.

'કેમ ? મારું શું કામ છે ?'

'જરા પધારો. આ માણસ ખેંચી જાય છે એ કાગળો તમારા જ હશે.'

મારા કાગળો ? હું ચમક્યો, અને ઝટ નીચે આવ્યો. રાત્રે જ વાંચીને મૂકેલા કેટલાક મહત્ત્વના કાગળો આજે અદાલતમાં રજૂ કરવાના હતા. એના ઉપર મિલકતના એક મોટા મુકદ્દમાનો આધાર હતો. વાંચતે વાંચતે મને વિચાર પણ આવ્યો હતો કે આ કાગળો રખે ને ગેરવલ્લે પડે! વકીલને ત્યાંથી મહત્ત્વના કાગળો કોઈ લઈ જાય એમ કદી હજી સુધી બન્યું નથી. છતાં જે ભય હતો તે જ શું સાચો પડ્યો ?

લોકો ભેગાં થઈ ગયાં હતાં. બલવીરસિંહના હાથમાં કાગળો હતા. સુલતાને પકડેલો માણસનો એક પગ હજી સુલતાનના મુખમાં જ હતો. તે છોડાવવા માટે બહુ ફાંફાં મારતો હતો. આસપાસનાં લોકો ભેગા થઈ ગયાં ન હોત તો જરૂર એણે કૂતરાને મારી નાખ્યો હોત. પરંતુ બલવીરસિંહના હાથમાં રિવોલ્વર હતી એટલે કૂતરાને એક લાકડી પણ કોઈ મારી શકે એમ ન હતું.

'વકીલસાહેબ ! આ કાગળો આપના જ લાગે છે.' કહી બલવીરસિંહે ઠીક કરી મૂકેલાં કાગળિયાંની થોકડી મારા હાથમાં મૂકી. મહત્ત્વના કાગળો જ માત્ર નહિ, પણ બધા કેસના કાગળો એમાં હતા. જે ભય હતો હતો તે જ બન્યું ! કાગળો ચોરાયા હોત તો શું થાત ? હું મારા અસીલને શો જવાબ આપત ? જવાબ આપવો બાજુએ રહ્યો, પરંતુ મેં એનું કેટલું નુકસાન કર્યું હોત ?

'કાગળો મારા જ છે અને બહુ મહત્ત્વના છે' મેં કહ્યું.

'અમસ્થું શા માટે એને કોઈ ચોરવા મથે ?' બલવીરસિંહે કહ્યું

ચોરનાર માણસને મેં કદી જોયો હશે એમ લાગ્યું. અમારા ધંધામાં અનેક માણસોનો પરિચય અમને થાય છે. બલવીરસિંહે તો ભેગાં થયેલાં માણસોની મદદથી ચોરને બાંધ્યો અને કૂતરાનું

બચકું છોડાવ્યું.

'તને ખબર કેમ પડી?' મેં બલવીરસિંહને પૂછ્યું.

'કાંઈ શંકાભરેલું વાતાવરણ લાગે ત્યારે સુલતાન મને જગાડે છે. તમારી એક બારીમાંથી એક માણસને ઊતરતો જોતાં મને સુલતાને હલાવ્યો. હું એટલે જ સૂઈ રહું છું એ આપ જાણો છો. કોઈને ખબર ન પડે એવો કૂદકો મારી પ્રવીણ ચોર નીચે ઊતર્યો અને મેં બૂમ મારી: "ઠેરો!" ઠેરવાને બદલે એણે દોટ મૂકી સુલતાન મારી પાસે જ હતો એની આ ચોરને ખબર નહિ હોય. મેં સુલતાનને ઇશારો કર્યો અને એનું પરિણામ આપ જુઓ છો. ચોર કદાચ એને મારી નાખીને છૂટો થાત એમ ધારતો હશે, પણ એની એ ભૂલ છે; સુલતાન હથિયારથી કેમ બચવું એ જાણે છે.'

જે સુલતાનને રવાના કરવા માટે હું વિચાર કરતો હતો એ જ સુલતાને મારી આબરૂ બચાવી શું? મારા અસીલનો સામાવાળો ભયંકર ખટપટી માણસ હતો. મારી પાસે મહત્ત્વના કાગળો હતા તે એ જાણતો હતો. છતાં આમ શહેરના જાણીતા ગુંડાને પૈસા આપી કાગળો ચોરવાની એ હિંમત કરી શકે એમ મારા માન્યામાં પણ આવતું નહિ. ખરી વાત ન લાગવા છતાં એ વાત ખરી જ નીવડી હતી!

મેં કાગળો લઈ લીધા. ચોરની વ્યવસ્થા પણ કરી પોલીસને સોંપ્યો. એના લોહીભરેલા પગને બલવીરસિંહે પાટો તો બાંધ્યો પરંતુ તેને પોલીસમાં સોંપવાની જરા ય આનાકાની ન કરી. આ પરિસ્થિતિએ મને મારા દાવામાં પણ સારી મદદ કરી. કાગળો સાચા અને મહત્ત્વના હોવાની સાબિતી સામા પક્ષના ચોરી કરાવવાના પ્રયત્નથી જ મળી ગઈ. આમ સુલતાન મને આર્થિક રીતે પણ ઉપયોગી નીવડ્યો. મને તેના પ્રત્યે સદ્‌ભાવ ઉત્પન્ન થયો, પરંતુ એના ભયંકર દેખાવ અને દાંત મારા સદ્‌ભાવને સક્રિય સ્વરૂપ ભાગ્યે જ લેવા દેતા. બલવીરસિંહની સાથે મારો સંબંધ વધ્યો. પરંતુ તે

કૂતરા વગર કોઈ પણ સ્થળે જતોઆવતો ન હોવાથી એને ઘરમાં બોલાવવાની હજી મેં હિંમત કરી ન હતી. આવતાં જતાં હું તેની સાથે વાત કરતો ત્યારે સુલતાન કદી કદી મારા પગ સાથે પોતાના દેહને ઘસતો, મારા હાથ ઉપર જીભ ફેરવવા મથતો અને મને ચમકાવતો. મારી ચમક જોઈ બલવીરસિંહ સહજ હસતો અને કહેતો : ' સુલતાન તરત સમજી લે છે કે મારો દોસ્ત કોણ છે અને દુશ્મન કોણ છે. આપને એ કદી નહિ કરડે.'

' પણ જાનવરનો શો વિશ્વાસ ?'

' અરે સાહેબ ! આપનો મુકદ્દમો બચાવ્યો તો ય આમ કહેશો ? ઘોડા અને કૂતરા સરખું વફાદાર પ્રાણી બીજું એકે ય નથી. માણસ પણ નહિ !'

' એ સાચું હશે; પણ મને તો ડર લાગ્યા જ કરે છે.'

' બચ્ચું હતું ત્યારથી એને ઉછેર્યો. સારામાં સારાં નરમાદા એનાં માતાપિતા બહુ જાતવાન છે.' બલવીરસિંહે કહ્યું.

મને હસવું આવ્યું. ' કૂતરામાં તે જાત શી ? અને ઉછેર શા ?' મેં કહ્યું.

' નથી મનાતું, વકીલસાહેબ ? માનવીને ઉછેરનું ભાન નથી એટલે જાનવરની વાત સાચી ન લાગે. પણ વકીલસાહેબ ! બુનિયાદ એ જીવનનું મોટામાં મોટું સત્ય છે.' બલવીરસિંહે જવાબ આપ્યો.

' તે, એનાં માબાપ ક્યાં છે?'

' મરી ગયાં. દગાનો ભોગ બનીને.'

' દગો ? તમે પણ કૂતરામાં માનવસમાજ જેવી વ્યવસ્થા કલ્પી લો છો કે શું ?

' માનવી અંદર ભળ્યો માટે દગો થયો. બાકી જાનવરની તો સીધી લડત. હારે અને જીવવા માગે તો લેટી પડે; હારવું ન હોય તો એને મરવું કે મારવું જ રહ્યું. એની મા અને એનો બાપ બન્ને દિગ્વિજયી હતાં...હસવાની વાત નથી, સત્ય ઘટના છે...'

મને ખરેખર હસવું આવતું. મેં કહ્યું : 'તમે પણ કોઈ રજપૂત કુમારકુમારીની વાત કરતા હો એમ બોલો છો ને?'

'હવે કોઈ રજપૂત રહ્યો જ નથી, વકીલસાહેબ! હું કંઈક રાજવીઓ અને રાજકુટુંબોને ઓળખું છું. કોઈ ગોરા કે કાળા પોલિટિકલ સાહેબનો કારકુન આવી રાજાનો કાન પકડી એને ગાદીએથી ઉઠાડી મૂકે તો આંગળી ઊંચી કરવાની કોઈનામાં તાકાત રહી નથી. વખત આવ્યે મારો બોલ યાદ કરજો.'

રાજ્યોનાં વિલીનીકરણ નિહાળી એના બોલ યાદ કરવા જેવો પ્રસંગ આવ્યો છે ખરો! મેં બલવીરસિંહને તેની વાત આગળ ચલાવવા કહ્યું. તેને પણ વાત કહેવી જ હતી એમ લાગ્યું. તેણે કહ્યું : 'સુલતાનનો પિતા એકાએક મરી ગયો. એને કોઈએ ઝેર આપ્યું. મને ડર છે કે...અરે ખાતરી જ છે અમારા દરબારે એને ઝેર અપાવ્યું. સુલતાનની માતાને લઈને હું દરબાર પાસે ગયો. દરબાર જરા પીને બેઠા હતા. મારી પાસે સારામાં સારા કૂતરા હતા એ એમને ગમતું નહિ. કારણ, તેમને પણ કૂતરાંનો શોખ ખરો!'

એમ કહી બલવીરસિંહે વાત આગળ ચલાવી—

'દિલગીર છું, બલવીરસિંહ; તમારો રાજા ગુજરી ગયો.' અમારા દરબારસાહેબે કહ્યું.

'ખમ્મા અમારા મહારાજાને!' હું જાણે સમજતો ન હોઉં એમ મેં જવાબ આપ્યો.

'હું તો તમારા કૂતરાની વાત કરું છું.'

'મહારાજ! મને તો એમાં દગો દેખાય છે.'

'આ તમારી રાણી નરમ પડી ગઈ છે.' સુલતાનની માતાને હું રાણી તરીકે સંબોધતો.

'શું કરે બિચારી? ઝૂરે છે.'

'મરી જવાની, નહિ? સતી થશે.' દરબારે હસીને કહ્યું.

'બાપુ! ભલે જીવે એ. હવે તો સાચી રાણીઓ પણ ક્યાં

સતી થાય છે ? ' મેં પણ માથામાં વાગે એવો જવાબ આપ્યો.

'મારા વનરાજ સાથે એ લડી શકે નહિ ? ' તેમના એક કૂતરાને વનરાજનું નામ તેમણે આપ્યું હતું.

'મહારાજ ! એવી શી જરૂર છે ? વનરાજ ઘાયલ થાય તો આપને ન ગમે. રાણીને વાગે તો મારો જીવ દુઃખી થાય. મરઘાં, તેતર, હાથી, મેંઢાં, મલ્લ : એ બધાં ક્યાં નથી કે પાછી કૂતરાંની સાઠમારી ગોઠવીએ ? '

'રાજાઓની વાત તો તમે જાણો જ છો ! એમણે હઠ લીધી અને તેમના જબરદસ્ત વનરાજને રાણી ઉપર છોડી મૂક્યો. વકીલસાહેબ ! બધું કરવું, પણ એકે જાતની માદાને છંછેડવી નહિ. માદા એ માતા છે અને મા વિફરે ત્યારે એ ચંડી બની જાય છે. શું કહું તમને ? બરાબર દસ મિનિટ ખૂનખાર ઝપાઝપી થઈ. વનરાજ અને રાણી બન્ને ખૂબ ઘવાયાં અને છેલ્લા ધસારામાં તો રાણીએ વનરાજને પીંખી નાખ્યો. મરતે મરતે વનરાજે જાણે હાર કબૂલ કરી હોય એવો દેખાવ કર્યો અને અમારા દરબારે એકાએક ઊભા થઈ પાસે પડેલી બંદૂક વડે રાણીને વીંધી નાખી. આમ એક રાજાની બેવકૂફીમાં બે સરસ પ્રાણીઓ નાશ પામ્યાં. મારા હાથ સળવળી રહ્યા પરંતુ તે અમારા દરબાર સામે ઊપડે એમ ન હતું. છતાં મારું ઊકળતું હૃદય મેં ઠાલવ્યું : 'બાપુ તરીકે આ મારું છેલ્લું સંબોધન આપને છે. માદા ઉપર હાથ ઉપાડનાર દરબારના રાજ્યમાં મારે અન્નપાણી હરામ છે ! '

'લાંબી વાતને ટૂંકી કરું છું. હું તો એક સારો ઘોડેસ્વાર અને શિકારી હતો એટલે બીજી ઠકરાતમાં મને સ્થાન મળી ગયું. માબાપ વગરના સુલતાનને મેં ઉછેર્યો. એક રોગચાળામાં મેં મારું આખું કુટુંબ ગુમાવ્યું. સુલતાન એકલો જ મારા પ્રેમ અને મારી કાળજીનો વિષય બની ગયો. વકીલસાહેબ ! એની ખાનદાનીની શી વાત કહું ? તમને પણ એનો અનુભવ થયો. એક વખત સુલતાનને

લઈ હું શિકારે ગયો. શિકારમાં હું નથી માંચડા બંધાવતો કે નથી બંધાવતો બકરાં કે મેઢાં. વાઘસિંહને તેમની ગુફામાંથી છંછેડી બહારખેંચી કાઢી હું આજ પણ તેમને મારું. આ વખતે મારી ધારણા કરતાં જુદો જ પ્રસંગ બન્યો. છંછેડતાં ગુફામાંથી એક વાઘે મુખ બહાર કાઢ્યું અને મારા ઉપર તલપ મારવા તેણે સહજ અંગ સંકોચ્યું. મને તેનો ડર ન હતો પણ એટલામાં તો સુલતાન ઘૂરકી ઊઠ્યો. બીજી ઝાડીમાંથી બીજો વાઘ પણ મારા ઉપર જ તૂટી પડવા પેંતરો લેતો હતો. એક ક્ષણનો જ પ્રસંગ હતો; પણ એ ક્ષણમાં મેં બે બાજુએથી મોતને આવતું જોયું. હિંમત કરી ગોળી છોડી, જે આબાદ પેલા ગુફાવાળા વાઘને વાગી; એને બચવાનો સંભવ જ ન હતો. જ્યાં બીજી પાસ નજર કરી ત્યાં તો ઝાડી પાસે જબરદસ્ત યુદ્ધ જોયું. વિકરાળ વાઘને ગળે સુલતાન પોતાના દાંત ભેરવી ટીંગાયો હતો! વાઘને પણ લાગ્યું કે એના પોતાના જ કિલ્લામાં એની સામે હુમલો કરી શકે એવું કોઈ અવનવું પ્રાણી આવ્યું છે! વાઘના પંજાએ સુલતાનને જરૂર મોતને શરણ કરી દીધો હોત, પરંતુ હલ્લો કરવા ટેવાયલા વાઘે પોતાની સામે હલ્લો થયેલો જોયો, અને પોતાના જ મર્મસ્થાનને દબાયેલું અનુભવ્યું, એટલે તે સહજ ઝંખવાયો; ગૂંગળાયો, ગૂંચવાયો અને પોતાના પંજાનો પ્રહાર કરવા ગયો એટલામાં જ મેં તાકીને બીજી ગોળી છોડી, જે વાગતાં જ તે જમીન ઉપર ગબડી પડ્યો.'

'વકીલસાહેબ! સુલતાને જો આ હિંમત ન કરી હોત તો હું વાઘનો ભક્ષ થઈ જ ગયો હતો. બે દિવસ સુધી સુલતાનનો ઘુરઘુરાટ મટ્યો નહિ. વાઘની સામે થઈ પોતાના પાલકને બચાવનાર એ શ્વાનના દેહમાં કદાચ બે દિવસ સુધી એ વાઘ સામેના યુદ્ધનો ઝણઝણાટ રહ્યો હશે. આવું તો કૈંક બન્યું છે.'

મારા દેહ સાથે માથું ઘસી રહેલા સુલતાનને મારી અનિચ્છા છતાં મેં થાબડ્યો; એ વધારે નજીક આવ્યો. મેં એને વધારે વહાલથી

પાસે આવવા દીધો. માલિકનો આમ બચાવ કરનાર પ્રાણી તરફ મને પણ બહુ ભાવ ઉત્પન્ન થયો. બલવીરસિંહે કોઈ વીરકથા કહી હોય એમ મને લાગ્યું.

'શાબાશ ! તું જાતવાન છે એનો પરચો મને પણ થયો.' મેં કહ્યું.

'વકીલસાહેબ ! એની દોસ્તી કેળવો.'

'પણ એ કેમ બને ? અને મને વખત ક્યાં છે ?'

'હું તો તમ.રી પાસે દયા માગું છું, વકીલસાહેબ !'

'એટલે ? તમારા જેવા શૂરવીરને દયા માગવાની હોય ?'

'સુલતાનને ખાતર માગવી પડે છે.'

'મને સમજાયું નહિ. મારી દોસ્તીથી એને શો ખાસ ફાયદો ?'

'વકીલસાહેબ ! સુલતાને વાઘનું ગળું પકડયું તે ક્ષણથી મને હૃદયરોગ લાગુ પડ્યો છે. હું ગમે ત્યારે મરી જાઉં. પછી આ સુલતાનને કોણ સમજશે અને કોણ પાળશે ?'

'શી વાત કરો છો ? હજી તો દેહ મજબૂત લાગે છે. અને તમારા બીજા ઠાકોર હશે ને ?'

'ના જી; એ ઠાકોર પણ ગુજરી ગયા અને તેમના માનીતા સાથી તરીકે મારે તેમનું રાજ્ય છોડવું પડયું. રાજખટપટ તો આપ જાણો જ છો ને ? નહિ તો હું અહીં શા માટે આવીને વસું ?'

'ચાલો, હું પ્રયત્ન કરી જોઈશ. સુલતાન મને સોંપવાની તમારી ઇચ્છા લાગે છે.'

'સોંપું તો કોઈને જ નહિ. મારું ચાલે તો હું એના માથામાં ગોળી છોડી પછી મરું. પણ હું અચાનક મરીશ. સુલતાનને ઠેકાણે કરવાનો—સુખી કરવાનો મને મરતી વખતે સમય નહિ રહે. અને ...અને...મારા વગર એ કેમ જીવશે તેની રાતદિવસ મને ચિંતા રહે છે.'

'હરકત નહિ. હું એની સાથે આજથી જ દોસ્તી કરું; પછી

કાંઈ? મારા ઉપર પણ એનો ભારે ઉપકાર છે.' કહી સુલતાન ઉપર જરા વધારે પ્રેમથી હાથ ફેરવી હું ઘરમાં આવ્યો. પછી તો એક અઠવાડિયા સુધી જતેઆવતે સુલતાનને બોલાવી હું હાથ ફેરવી દોસ્તી વધારવા મથતો હતો. મારી પાસે એ આવે ખરો; પરંતુ બલવીરસિંહ અને સુલતાન વચ્ચેનો પ્રેમ મને કોઈ બાપદીકરાના પ્રેમ કરતાં પણ વધારે જ્વલંત લાગ્યો,

૩

એક સવારે હું મહત્ત્વનું કામ લઈ બેઠો હતો અને વાઘ સરખા સુલતાને મારા ખંડમાં પ્રવેશ કર્યો. પ્રથમ તો હું ચમક્યો; પરંતુ એની પાછળ તરત જ બલવીરસિંહ આવી પહોંચ્યા. બલવીરસિંહના મુખ ઉપર સહજ વ્યગ્રતા હતી, જોકે તેમણે હસતું મુખ રાખવા ઠીક ઠીક પ્રયત્ન કર્યો હતો.

'આવો આવો, ઠાકોરસાહેબ! અત્યારે ક્યાંથી?' મેં આવકાર આપી એ વૃદ્ધ પુરુષને બેસાડ્યો. થોડી વાર સુધી તેનાથી બોલાયું નહિ, અને તેણે પોતાના હૃદય તરફ આંગળી કરી ન બોલવાનું કારણ દર્શાવ્યું. ને ખરેખર બલવીરસિંહનો દૂરથી ગૌરવભર્યો લાગતો ચહેરો આજ બહુ ઝાંખો પડી ગયો હતો.

'કાંઈ નહિ; જરા શાંતિથી બેસો. ચા મુકાવું.' મેં કહ્યું. અને એક માણસને ચા બનાવી લાવવા ફરમાન કર્યું. ચા સરખું બીજું અનુકૂળ આતિથ્યસાધન નવા હિંદને હજી સુધી જડ્યું નથી.

બલવીરસિંહે મારી પાસે એક પાકીટ મૂકી દીધું. કાંઈ કેસનાં કાગળિયાં હશે એમ ધારી તે મેં ખોલ્યું. એમાં નોટોનો થોકડો હતો!

'આ શું? શા માટે?' મેં જરા આશ્ચર્ય પામી પૂછ્યું.

'સુલતાનને માટે.' સુલતાન ઉપર હાથ ફેરવતાં ફેરવતાં બલવીરસિંહે કહ્યું.

'એટલે ?'

'થોડી મિલકત મેં ભેગી કરી રાખી છે...આ સુલતાન માટે...મારા શરીરનો મને ભરોસો નથી. ગમે તે ક્ષણે દેહ પડે...' બલવીરસિંહે ગંભીરતાપૂર્વક ધીમેધીમે કહ્યું.

'આ તમે શી વાત કરો છો ? આપણે ડૉક્ટરને બોલાવીએ. તમને અનુકૂળ પડે તો મારા ઘરમાં રહો. આવી ચિંતા શા માટે ?' વકીલોમાં પણ કદી કદી માણસાઈ પ્રગટે ખરી.

'મોતની તો મને ચિંતા જ નથી. એ તો ગમે ત્યારે આવે. મને ચિંતા છે આ સુલતાનની. મારા પછી એનું શું થશે ?'

'એવી ચિંતાનો ઉપયોગ શો ? જાનવર છે. જીવશે ત્યાં લગી ફરશે હરશે...'

'નહિ નહિ, વકીલસાહેબ ! એની તરફ મને મારા જ બાળક સરખો પ્યાર છે. મારા ગયા પછી એ ગમે ત્યાં ફરેહરે તો આ રખડેલ કૂતરાં સરખો કાં તો બની જાય, અગર તો છે એવો જાતવાન રહે તો એને કોઈ સમજે નહિ અને મારી નાખે. એ વિચાર મારાથી ખમાતો નથી.' બલવીરસિંહના મુખ ઉપર દુઃખની ઊંડી રેખાઓ દેખાઈ આવી.

'નહિ નહિ, એમ ચિંતા ન કરો. કોઈ કૂતરાના શોખીનને આપણે આપીએ.' મેં હિંમત આપી.

'સાચો શોખીન કોઈ મળતો નથી; નહિ તો મેં ક્યારનો એને સોંપ્યો હોત. મને એમ થયું કે મારા મરતાં પહેલાં સુલતાનને ખતમ કરી દઉં તો એનો ઊંચો જીવ ન રહે. વકીલસાહેબ, તમને શું કહું ? મેં સુલતાનને પૂછ્યું : 'બચ્ચા ! મારી નાખું ?' સુલતાન મારા પગ પાસે લેટી પડ્યો. મેં ખરેખર બંદૂક કાઢી તેને લમણે મૂકી. એ બંદૂકને ઓળખે છે; બંદૂક શું કરે છે એ સુલતાન જાણે છે. બીજા કોઈએ બંદૂક એને બતાવી હોત તો જરૂર એની ગરદન ઉપર સુલતાનનો પંજો પડ્યો હોત,

આજ્ઞાંકિત બાળકની માફક એ પડી રહ્યો. શું સાહેબ એની આંખ... આનંદથી મરવા માટે એ તૈયાર હતો. મારી આંખમાં આંસુ ઊભરાયાં. 'બેટા, ઉછેરીને તને મારી નાખવો, એમ ? નહિ બને.' થાબડીને મેં સુલતાનને બેઠો કર્યો. પછી શું મને એ વળગ્યો છે ! આપણું પોતાનું બાળક...અરે આપણી સ્ત્રી પણ આપણને આટલું વહાલ ન કરે !'

બલવીરસિંહની આંખમાં અત્યારે પણ આંસુ ઊભરાયાં. કૂતરાની વાત કરતાં એમને સમયનું ભાન જ રહેતું નહિ. સુલતાનની વાતમાં મને રસ પડે છે કે નહિ તેનો પણ તેમને ખ્યાલ રહેતો નહિ. અત્યારે તો તેમની તબિયત પણ સારી ન હતી અને ઉશ્કેરણી થાય એવું વિચારવાની કે બોલવાની પણ તેમને મના કરવાની જરૂર હતી.

'બલવીરસિંહ ! આપે તબિયતનો વિચાર કરવાનો છે. ઓછું બોલો. સુલતાન તમને કેટલો પ્રિય છે એ હું જાણું છું.' મેં તેમને કહ્યું.

'હવે હું વધારે નહિ બોલું. આવું તો બે વાર બનેલું. પ્રેમાવેશ ખૂન કરવા માટે કેમ તત્પર થાય એનો મને ખ્યાલ આવ્યો. વહાલું પ્રાણી દુઃખી થાય એના કરતાં એને મારી નાખવું એ પુણ્યકામ છે. પણ મારો હાથ એકે વખત ઊપડ્યો નહિ. સુલતાનને હું મારે હાથે મારું ? અરેરે ! પછી તો હું જાતે જ મારા માથામાં પિસ્તોલ મારું !...પણ એનું શું કરવું એ ચિંતા રાતદિવસ મને રહે છે.'

'ઠાકોરસાહેબ ! જાઓ, તમે કહેશો ત્યારથી હું એને મારી પાસે રાખીશ. પછી કાંઈ ? મને જોકે કૂતરાનો શોખ જરાયે નથી, છતાં તમારા જેવા પ્રાણીપ્રેમીના વાત્સલ્યના સાક્ષી તરીકે હું એને મારી પાસે જ રાખીશ અને સંભાળીશ. પછી કાંઈ ?' મેં કહ્યું.

મને બલવીરસિંહ ઉપર દયા આવી એટલે મેં ઊર્મિવશ થઈ વચન આપ્યું—વકીલોને ઊર્મિ સાથે જરાય સંબંધ ન હોવા છતાં !

બાલવીરસિંહના મુખ ઉપર પરમ સંતોષ ફેલાયલો મેં નિહાળ્યો.

'પ્રભુ તમારું કલ્યાણ કરશે! માબાપ વગરના બાળકને પાળવાનું પુણ્ય તમને પ્રાપ્ત થશે. હવે મોતને જ્યારે આવવું હોય ત્યારે આવે. વકીલસાહેબ! રજા લઉં છું માફ કરજો જરૂર પડચે હું આપને બોલાવીશ.' બલવીરસિંહે ઊઠવાની તૈયારી કરતાં કહ્યું.

'પણ આ તમારું પાકીટ? એમાં તો પૈસા છે! અહીં કેમ ભૂલી જાઓ છો? મેં કહ્યું.

'એ તો, વકીલસાહેબ! અહીં જ મૂકવાનું છે.'

'કારણ?'

'સુલતાનનો એ વારસો છે.

'ઠાકોરસાહેબ! મને બે રોટલા શું નહિ મળે કે સુલતાનને હું ભૂખ્યો રાખીશ?' ત્યારે અનાજની માપબંધી ન હતી.

'નહિ નહિ, વકીલસાહેબ! ખોટું ન લગાડશો. પણ સુલતાનને રાખવો જરા મુશ્કેલ છે. તમારે એક જુદો માણસ કદાચ રાખવો પડે–જોકે માલિકને તો એ કદી કનડગત કરે એવો નથી. એને કદી કદી જુદા ખોરાકની પણ જરૂર પડે...'

'એ બધું હું નહિ કરી શકું?'

'વધારે રકમ નથી. પાંચ હજાર જેટલી જૂજ...'

'પાંચ હજાર? એક કૂતરા માટે? ઠાકોરસાહેબ! તમારો સુલતાન તો અજબ છે જ; પણ તમે તેથી યે વધારે અજબ છો...'

'મારાં સોગન! એટલું સુલતાનને ખાતર...મારે ખાતર રાખો હું કે મારો સુલતાન કોઈને ભારણરૂપ ન બનીએ એટલો જ લોભ...'

'વારુ, હું સાંજે આવતાં આવતાં વાત કરીશ. પૈસા મારે ત્યાં અનામત પડ્યા જ માનજો.'

પરંતુ સાંજ પડે કેમ? બલવીરસિંહની ઓરડીમાંથી થોડી વારે સુલતાનનો બેત્રણ વાર ઘુરઘુરાટ સંભળાયો. તે ભાગ્યે જ ભસતો; પરંતુ હું કોર્ટમાં જાઉં એટલામાં તો મેં એને બેત્રણ વાર ભસતાં

સાંભળ્યો. જમીને ગાડીમાં બેસવા જાઉં છું ત્યાં તો એટલે ઉગ્રતાપૂર્વક ફરતો સુલતાન મારી પાસે દોડી આવ્યો અને આછું ભસી મારું પાટલૂન પકડી મને ખેંચવા લાગ્યો. મને કૂતરાનો ભય જરૂર લાગ્યો, છતાં એથી પણ વધારે ભય લાગ્યો બલવીરસિંહનો. બલવીરસિંહ અને સુલતાનને એકબીજા વગર કદી જોયા ન હતા. અત્યારે સુલતાન એકલો મારા ઉપર ધસી આવી મને કેમ ખેંચતો હશે? બલવીરસિંહ તેને મૂકી બહાર નીકળી ગયા હશે શું?

કે... કે... બલવીરસિંહની તબિયત બગડી હશે?

સુલતાનનો પ્રેર્યો હું બલવીરસિંહની ઓરડીમાં ગયો. બલવીર-સિંહ હસતે મુખે ખાટલામાં સૂતા હતા! નહિ, નહિ, એ સ્થિર હાસ્યમાં મને ભયંકરતા દેખાઈ. મેં બૂમ પાડી. બૂમનો જવાબ ન હતો. એનું એ નિશ્ચલ સ્મિત! મેં બલવીરસિંહનો હાથ પકડી ઉઠાવ્યો. હાથ નીચે પડ્યો. તેની આંખ આંગળી વડે ઉઘાડી. સ્થિર કીકીમાં હલનચલન કે દૃષ્ટિ ન હતી. હૃદય ઉપર મૂક્યો, નાડી જોઈ. દેહને ધબક આપતો જીવ ઊડી ગયેલો લાગ્યો. શું બલવીર-સિંહે પોતાનું મૃત્યુ સામે આવતું નિહાળ્યું હતું?

સુલતાન વ્યગ્રતાભર્યો આમતેમ ફરતો હતો, ઝડપી શ્વાસ લેતો હતો, કદી કદી ભસી ઊઠતો હતો, બલવીરસિંહના દેહને સૂંઘતો હતો અને ખાટલામાં તેના દેહ પાસે બેસી આળોટી વળી પાછો આમતેમ ફરી સામે જોતો હતો. સુલતાનની વ્યગ્રતા નિહાળી મારા હૃદયમાં પણ કંપ ઊપજ્યો: 'સુલતાન! હું સમજી શકું છું; તું અનાથ બની ગયો, બચ્ચા!'

સુલતાન મારી પાસે આવ્યો. મેં તેની પીઠ જરા થાબડી, પણ એના હૃદયમાં જરા ય કરાર ન હતો. એ વારંવાર બલવીરસિંહના શબ પાસે જઈ તેને હલાવતો ચાટતો, તેને અડકતો અને તે દેહને હલનચલન રહિત નિહાળી અકળાઈ મૂંઝાઈ આછી ચિચિયારી પાડી મારી પાસે આવતો.

એને ઓરડીની બહાર લઈ જવાનો પ્રયત્ન કર્યો, પરંતુ તે સફળ ન થયો. મેં ગાડીવાળાને ચિઠ્ઠી આપી કચેરીમાંથી રજા મંગાવી મારા મુકદ્દમા મુલતવી રખાવ્યા. કેટલાક મિત્રો અને ગુમાસ્તાઓને બોલાવી બલવીરસિંહને સ્મશાને પહોંચાડવાની વ્યવસ્થા શરૂ કરી. પ્રથમ તો સુલતાનનો દેખાવ જ સહુને ભયપ્રેરક હતો. બલવીરસિંહની પાસે મારા સિવાય તે કોઈને જવા દેતો નહિ. તેનો ઘુરઘુરાટ શબ પાસે જનારને કંપાવી દેતો હતો, મહામુસીબતે મેં સુલતાનને મારી પાસે લીધો અને મજબૂત દોરી વડે તેને બાંધ્યો. તેમ કર્યું ન હોત તો શબને બાંધી શકાત જ નહિ—જોકે શબ ન બંધાય એ માટે સુલતાને બનતા બધા જ પ્રયત્નો કર્યા.

એકબે મજબૂત ઓળખીતાઓને સુલનાન ઉપર દેખરેખ રાખવા મૂકી અમે બલવીરસિંહને સ્મશાને લઈ ગયા. શબને ઉપાડતી વખતનું સુલતાનનું તોફાન સહુની આંખમાં આંસુ લાવે એવું હતું. બધાંની પાસે સુલતાનનું કાંઈ ન ચાલવાથી તેનામાં ઊપજેલી નિરાશાએ તેના ગળામાં આછું રુદન ઉપજાવ્યું. તે રુદન સાંભળી કઠણ રાખેલા મારા હૃદયની કઠણાશ પીગળી ગઈ અને સુલતાનના દેહ ઉપર મસ્તક નાખી મેં આંસુ ટપકાવ્યાં. સુલતાન અને હું વધારે પાસે આવ્યા હોઈશું.

સુલતાનને શબ સાથે લેવાની જરૂર ન હતી. એને તો ઓરડીમાં જ બાંધી રાખવો પડ્યો હતો. જ્યાં સુધી શબ ત્યાં રહ્યું ત્યાં સુધી સમજાવટ કે બળથી સુલતાન બહાર જાય એમ હતું જ નહિ એટલે એને બલવીરસિંહવાળી ઓરડીમાં જ બાંધી રાખવો પડ્યો.

પરંતુ શબને ચેહ ઉપર મૂકી જેવો અગ્નિ દાહ કર્યો તેવો છલંગ મારતો એક કૂતરો અમારી બધાંની વચમાં આવી ચિતા ઉપર ધસી ગયો !

'હાં...હાં...હાં...મારો...હટ...શબ અભડાવ્યું !' કહી ડાઘુઓ બૂમ મારવા લાગ્યા, પરંતુ કોઈની હિંમત તેને મારવા માટે ચાલી

નહિ. શબને વળી અંઘોળ શી અને આભડછેટ શી ? બળવાની શરૂઆત કરી ચૂકેલી ચિતા પાસે ઊભો રહી સુલતાન મૃત માલિકને નિહાળતો હતો. બલવીરસિંહના દેહમાં પ્રાણ નથી એમ તો તે સમજ્યો પણ હશે. પરંતુ એના પ્રાણવિહિન દેહને ચિતા ઉપરથી ખેંચી લેવો કે કેમ તેનો જાણે વિચાર કરતો હોય એમ સુલતાન ચારે તરફ જોઈ શબને ફરીફરી જોતો હતો. ખરેખર મજબૂત દોરી તોરી ઘ્રાણેન્દ્રિયનો દોર્યો સુલતાન અમારી પાછળ આવી ચૂક્યો હતો.

'સુલતાન, બચ્ચા, હવે તને બલવીરસિંહ નહિ મળે. આવ મારી પાસે.' મેં હિંમત કરી સુલતાન પાસે જઈ તેને પંપાળ્યો, થાબડ્યો અને મારી પાસે લીધો. જબરદસ્ત સુલતાનના દેહમાંથી શક્તિ ઓસરી ગયેલી લાગી. ચિતાને સળગી ઊઠતાં કાંઈ વાર લાગે છે ? સુલતાન મારી પાસે બેસી બળતી ચિતા તરફ જોતો હતો, ઊંચે આકાશ તરફ જોતો હતો, કદી મારા મુખ સામે જોતો હતો અને વચ્ચે આછું રુદન કરી ઊઠતો હતો. કૂતરાનું દુઃખ નિહાળી મારી આંખો પણ વારંવાર ભીની બનતી. ભેગા થયેલા સહુ કોઈને મેં સુલતાન અને બલવીરસિંહના પિતાપુત્ર સરખા સંબંધની વાત પણ કહી અને શબ બળી રહે ત્યાં સુધીનો સમય વિતાવ્યો. સહુને નવાઈ લાગી.

અમે સહુ પાછા વળ્યા. સુલતાનને પણ મેં સાથે લીધો— એની આનાકાની છતાં. સહુની વચમાં મારી સાથે તે આવતો હતો. કદી મુખ નીચું ન રાખનાર સુલતાનની ગરદન નીચી નમી ગઈ હતી. એના મુખનો મરોડ પણ હળવો પડી ગયો હતો. ઘર આવતાં કૂદકો મારી સુલતાન બલવીરસિંહની ઓરડીનાં બંધ બારણાં પાસે આવી બેસી ગયો. આજે એણે ખાધું પણ નહિ.

કૂતરાના એક જાણકાર માણસને મેં બોલાવ્યો અને તેને પહેલેથી પગાર આપી સુલતાનને સંભાળવાનું કામ સોંપી દીધું. સુલતાનને અનુકૂળ પડતો ખોરાક તે લઈ આવ્યો. અજાણ્યા માણસનું

એને કામ ન હતું. આજ તે કોઈ અજાણ્યા માણસને ભસતો પણ ન હતો, એટલે સરળતાપૂર્વક સુલતાન પાસે તેણે ખોરાક મૂકી દીધો, થોડી વારે આવી તેણે કહ્યું : 'વકીલસાહેબ ! સુલતાન તો ખોરાકને અડતો પણ નથી.'

'હું ચમક્યો. જાતે જ હું સુલતાનની પાસે ગયો. એની પાસે જઈ બહુ માયા બતાવી અને મારા હાથમાં ખોરાક લઈ સુલતાન પાસે ધર્યો. મારી શરમ રાખવા સુલતાને આછો ખોરાક લીધો ખરો, પરંતુ એક સાચી શોકગ્રસ્ત વ્યક્તિની માફક તેના મુખમાંથી સ્વાદ ચાલ્યો ગયો હતો. પછી હું એને મારી સાથે ઘેર લાવ્યો. નિર્જીવ પ્રાણી સરખો તે મારી સાથે આવ્યો; પરંતુ એના જીવનમાં રસ દેખાયો નહિ. ઘડી ઘડી મારી પાસેથી ઊઠી તે બલવીરસિંહવાળે ઓટલે જઈને બેસતો અને રાત્રે તો ખાસ કરીને ઓટલે જ સૂઈ રહેતો.

લોકો વાત કરતા કે રાત્રે એ સુલતાન શહેરમાં નીચું જોઈ જતો આવતો કદી કદી દેખાતો.

મેં તેની સાથે દોસ્તી બાંધવા બહુ મહેનત કરી. મને ફાવતું ન હતું છતાં તેને પાસે લેવાની, તેને કુદાવવાની, તેના મુખમાં હાથ નાખી ચીડવવાની, દડા ફેંકી દોડાવવાની રમતો રમવાનો પ્રયત્ન કર્યે જ જતો હતો; પરંતુ એનામાં જાગૃતિ આવી જ નહિ.

એની સંભાળ માટે રાખેલો માણસ વારંવાર આવી મને કહેતો : 'સાહેબ ! સુલતાન બિલકુલ ખાતો નથી.'

એટલે હું ખોરાક તેની પાસે ધરતો અને એક નાના બાળકને સમજાવતો હોઉં તેમ સુલતાનને સમજાવી થોડો ખોરાક તેને આપતો. મને લાગ્યું કે થોડા દિવસમાં એ બલવીરસિંહને ભૂલી જશે અને મારી સાથે એને ફાવટ આવી જશે. એટલા ખાતર હું મારા 'કેસ'ના અભ્યાસમાંથી વખત કાઢી તેની સાથે રમવા પણ મથતો હતો. મને લાગ્યું કે જો કોઈની પણ સાથે સુલતાન રમશે તો તે મારી જ સાથે.

એક દિવસ—ઘણું કરીને બલવીરસિંહના મૃત્યુ પછી દસમે દિવસે, સુલતાનનો સવારથી પત્તો લાગ્યો નહિ. આખા ગામમાં મેં તેની શોધ કરાવી. કોઈકે અંતે કહ્યું : ' સ્મશાનની બાજુએ એક મોટા કૂતરાને જતાં મેં જોયો છે.'

ગાડી કરી હું ઝડપથી ત્યાં દોડ્યો. મારું હૃદય ધડકવા લાગ્યું...શું એ નિત્ય સ્મશાનમાં તો નહિ જતો હોય? ખરે! સ્મશાનમાં જઈ જોયું તો બલવીરસિંહની જ્યાં ચિતા સળગાવી હતી તે સ્થળે જ બરાબર ખાડો કરી સુલતાન કુંડલાકારે સૂતો હતો!

શું એ ભૂત હતો?

ના ના; એના પ્રિય માલિકની પાછળ એણે એ જ સ્થળે દેહત્યાગ કર્યો હતો!

શો સુલતાનનો પ્રેમ? શી સુલતાનની વફાદારી?

યુધિષ્ઠિરે પોતાના કૂતરાને છોડી સ્વર્ગમાં પ્રવેશ કરવાની ના પાડી હતી! બલવીરસિંહે પણ શું તેમ કર્યું હશે?

માનવી અને શ્વાન વચ્ચે આવો પ્રાણાર્પણ જેવો સંબંધ હોઈ શકે છે. માનવી માનવી વચ્ચે એમ થાય તો?

સુલતાનના પાંચ હજાર રૂપિયા હજુ મારી પાસે છે, એટલી જ રકમ ઉમેરી એ શ્વાનનું બાવલું—શ્વાનનો કીર્તિસ્તંભ ઊભો કરી મૂર્તિશોખીન માનવજાતને અર્પણ કરવા હું ધારું છું.

માનવી શ્વાન જેટલો પ્રેમાળ અને શ્વાન સરખો વફાદાર પણ નથી. ભલે તેનાં બાવલાં અને પ્રતિમાઓ રચાય!

# પ્રભુ છે ?

## ૧

અશોકનું બાળપણ બહુ સુખમાંવીત્યું.તેનાપિતા એક આશાસ્પદ વકીલ હતા અને તેમની મધ્યમ પ્રકારની આર્થિક સ્થિતિ ત્યારે તો સહ્ય અને ભવિષ્ય માટે ઉપકારક બનતી. એ મધ્યમ સ્થિતિમાં આજની ભયંકરતાનું ભાન ન જ હોય.

પરંતુ અશોકના પિતાનું આશાસ્પદ જીવન બહુ વહેલું અસ્ત પામ્યું. અશોક પાંચછ વર્ષનો થયો એટલામાં તો તેના પિતાનું અવસાન થયું. ત્યારથી અશોકની માતા સુનંદા એકલી તેના જીવનને દોરી રહી. સુનંદાએ પતિશોકનો અગ્નિ હૃદયમાં ભાર્યો, અને પુત્રની સામે શક્ય એટલી જીવનની ઊજળી બાજુ રજૂ કરી. અશોક સારું અને પૂરું ભણે એ જ સુનંદાનું ધ્યેય બની રહ્યું.

તેમ કરવામાં તેનું એક ઘરેણું ગયું, બીજું ગયું, અને જે ઘરેણાં હતાં તે બધાં જ ગયાં. થોડા ઘણા પૈસા હતા તે પણ ગયા : રાચરચીલું અદૃશ્ય થયું અને અંતે ઘર ચલાવવા માટે તેમ જ અશોકના ભણતર માટે સુંનદાને પ્રતિષ્ઠિત દેખાતી મહેનત પણ કરવી પડી, જ્યાં સુધી અશોકની સમજણ ઓછી હતી ત્યાં સુધી

તેને ખબર ન પડી કે તે ગરીબ છે. પરંતુ એ સમજણ અનેક દાખલાઓમાંથી એવી સ્પષ્ટ ઊગી નીકળે છે કે ગરીબી એટલે શું તે અશોક જાણી શક્યો.

સંતોષની શિખામણ સહુને સંતોષ આપતી નથી. પૂર્વ જન્મનાં કર્મફળ આ જન્મે ભોગવવાનાં હોય છે એમ કહેવા અને માનવાથી આ જીવનમાં કષ્ટની સચોટતા ઘટતી નથી. કિસ્મત, નસીબ, ભાગ્ય જેવી ભાવનાનો ટેકો પ્રત્યેક ઠોકરે માનવીને ઊભો રાખી શકતો નથી. સહુ સરખાં ન હોય; બધાં પાલખીએ બેસે તો પાલખી ઊંચકે કોણ ? એવી ફિલસૂફી અસમાનતાના ઘાવને ભાગ્યે જ રુઝાવે

જીવનની અસમાનતા ડગલે અને પગલે સહુને વાગે એમ પ્રદર્શિત થયા જ કરે છે. સોળ કલાક પતંગ ચગાવતાં કે ભમરડા ફેરવતાં સધન બાળકને નિહાળતાં અશોકને જરૂર લાગે જ કે તેની બેચાર પતંગ અને તૂટેલી આર વાળો ભમરડો તેને પૂરતાં થઈ પડે નહિ જ. સરસ કપડાં પહેરી આવતો ધનવાનનો બાળક વિદ્યાર્થી જરૂર સહુને પોતાનાં કપડાંની રોનક બતાવે જ, અને અન્ય ગરીબ વિદ્યાર્થીઓ પ્રત્યે મોટાઈ દર્શાવી અશોક સરખા જીવંત વિદ્યાર્થીના હૃદયમાં અસૂયાની આગ જગાડે જ. સાઇકલ કે ગાડી ઉપર ચઢી આવતો ધનવિજયી વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓમાં કાં તો ખુશામત પ્રેરે અગર ન સમજાય એવું વેર પ્રેરે. ડબ્બામાં ખાવાનું લઈ આવતા વિદ્યાર્થીઓ સઘળા વિદ્યાર્થીઓમાં એ સ્વાદિષ્ટ વાની વેરતો હોય તો કાંઈ ઊર્મિજવાલા ઊછળે નહિ. પરંતુ તેમ બનવું અશક્ય હતું, એટલે એકલાં એકલાં સ્વાદતૃપ્તિ અનુભવતાં બાળકો અજાણ્યે તેમનાં માતાપિતાની મોટાઈનાં પ્રદર્શન સાથે ચારે પાસ ઝેર વેરતાં થાય છે.

'મા, પેલો યશવંત એવા સરસ બૂટ પહેરીને આવે છે! મને એવા બૂટનું મન થયું છે.' અશોક કહેતોઃ અને મા તેને જવાબ

આપતી : ' આવતી કાલ તું પૈસા લઈ જજે અને એવાં જ બૂટ કરાવજે. ' બાળક સંતુષ્ટ થતો.

' કિશોર તો રોજ ચોપડીઓની થેલીમાં ખાવાનો ડબ્બો લઈ આવે છે. રોજ તો મને આપતો ; આજ મને અંગૂઠો બતાવ્યો ! હરામખોર ! ' અશોક કદી કદી કહેતો.

' જો, અશોક ! ભૂખ લાગતી હોય તો તું યે કાંઈ લઈ જા. પણ કોઈને ગાળ ન દઈએ. ' માતા કહેતી. બાળકને સંતોષ થતો. પરંતુ અંગૂઠો દેખાડતા ધનિક પુત્રને ગાળ કેમ ન દેવાય એની સ્પષ્ટતા માની આજ્ઞા કરી શકતી નહિ. અપમાનજનક અંગૂઠો અશોકને મન કાપી નાખવાને પાત્ર લાગતો હતો.

અશોકને ક્યાંથી ખબર હોય કે તેની પ્રત્યેક માગણી પૂરી પાડતી વખતે વિધવા માતાનું એક પછી એક ઘરેણું અદશ્ય થતું હતું !

અને છતાં કેટલીક એવી પણ માગણીઓ હતી કે જે માતા પૂરી કરી શકતી નહિ, અને પૂરી ન કરી શકવાના કારણે તેની આંખમાં આંસુ વહેતાં.

' મા ! સરયુ તો સાઈકલ લઈને આવે છે ! મને સાઈકલ કેમ નહિ ? '

' ભાઈ ! બધાં તો સાઇકલ નથી લાવતાં ને ? ' મા જવાબ આપતી.

' ના. '

' મોંઘી વસ્તુ બધાંને ક્યાંથી હોય ? '

' બધાંને કેમ ન હોય ? '

અશોકને ક્યાંથી ખબર પડે કે તેની માતા સ્ત્રી હોવાથી તેની આર્થિક ગુંજાયશ સમાજમાં નજીવી જ હોય ! સાઇકલમાં પૈસા વપરાઈ જાય તો ભણતર માટે—અરે જીવન ગુજારવા માટે પણ પૈસા ક્યાંથી રહે ?

છતાં–છતાં વિધવા માતાએ કેટલા ય ટંકનું ભોજન જતું કરી દીકરાને ઓછું ન આવે એ માટે થોડા માસ પછી અશોકને માટે સાઇકલની સગવડ કરી ! એ વપરાયલી સાઇકલ હતી, છતાં અશોકને એ ગમી.

પરંતુ જ્યારે અશોકે કહ્યું કે 'મા ! આપણે આવું નાનું ઘર કેમ ? રશ્મીકાન્તનો બંગલો એવો સરસ છે ! અને પેલા બુદ્ધિધનનો બગીચો?...વાહ ! મા ! આપણે બંગલો યે નહિ અને બાગે નહિ, એમ કેમ ?' ત્યારે માતાની આંખમાંથી ચોધાર આંસુ વહ્યાં ! માતાએ અનેક આંસુ પાડ્યાં હશે, પરંતુ પુત્રની નજર સામે નહિ જ ! પુત્રે માતાની આંખમાં અશ્રુ નિહાળવા આ પ્રશ્ન પૂછ્યો પણ ન હતો ! અશોકને આ જગતમાં મા સિવાય કોઈ સગું વહાલું અગર મિત્ર હતું જ નહિ. એનું ઊર્મિજગત અશોકની આસપાસ જ ફરતું રહેતું હતું, માને રોતી નિહાળી અશોકને પોતાનું હૃદય ચીરી નાખવાનું મન થયું.

'મારી કાંઈ ભૂલ થઈ ? મા, હું હવે તને બંગલાની કે બગીચાની વાત કદી પૂછીશ જ નહિ !' અશોકે માતાની બહુ જ પાસે બેસી કહ્યું.

'તારી ભૂલ કેમ કહું, દીકરા ? ભૂલ મારી ! મેં તને ગરીબ ઘરમાં જન્મ આપ્યો.' માએ ઝડપથી આંસુ લૂછતાં કહ્યું, અને પુત્રને પાસે લીધો !

પુત્રને ખ્યાલ આવ્યો કે આજ સુધી સર્વ શક્તિમાન લાગતી સુનંદા ગરીબી આગળ લાચાર હતી. એને સમજ પણ આવી અને એને આંખ પણ આવી. એના મુખ ઉપર કોઈ નિશ્ચય પ્રગટી નીકળ્યો.

'પણ જો, અશોક ! પ્રભુ ધારશે તો તને બંગલા અને બગીચા બધું જ આપશે.' માતાએ કહ્યું.

સુનંદા અતિ ધર્મનિષ્ઠ હતી. તેનો દીવો, ગીતાપાઠ, કૃષ્ણમૂર્તિની

પૂજા : એ તેના જીવનનું આવશ્યક અંગ બની રહ્યાં હતાં.

અશોકે પૂછ્યું : 'ભગવાન કેટલા વખતમાં બંગલો આપે ?'

'ધારે તો આ ક્ષણે આપે. ન ધારે તો આખા જીવનભર ન આપે. ધ્રુવને છ માસમાં પ્રભુ પ્રત્યક્ષ થયા. જેવી જેની ભક્તિ !' માએ ફિલસૂફી સમજાવી.

અશોકે નિશ્ચય કર્યો કે એ પણ છ માસ ધ્રુવની માફક જ એકચિત્ત બની પ્રભુ પાસે બંગલો ને બગીચો માગશે. માની સાથે અશોકે પણ દેવસેવામાં ચિત્ત લગાડ્યું, અને છ માસ અત્યંત શ્રદ્ધા અને આગ્રહપૂર્વક દેવની પૂજા કરી તેણે માને માટે બંગલો અને બગીચો માગ્યા કર્યાં.

છ માસ વીત્યા, સાત વીત્યા, આઠ વીત્યા, છતાં અશોકના ક્ષિતિજમાં એકે બંગલો કે એકે બગીચો દેખાયાં નહિ.

એક દિવસ તેણે દેવસેવા કરતાં પૂછ્યું : 'મા ! હજી સુધી ભગવાને કાંઈ આપ્યું નહિ !'

'શું ? ભગવાને શું ન આપ્યું ? તેં શું માગ્યું હતું ?' માએ પૂછ્યું.

'મેં માગ્યું હતું કે માને એક બંગલો અને બગીચો મળે.'

માતા હસી, પછી તેણે કહ્યું : 'આપણી ભક્તિ ઓછી હશે. પણ પ્રભુ પાસે આવું આવું ન માગીએ.'

'તો શું માગું ?'

'બધા ય લોકોનું કલ્યાણ થાય એવું માગવું.'

'માગ્યા વગર જ એ કેમ ન આપે ?'

'તો...ભગવાનની મરજી ઉપર બધું છોડી દેવું.'

કેટલીક વાર બાળકની દલીલો બહુ સાચી હોય છે, માબાપની દલીલો ખોટી હોય છે. બાળકોની દલીલોમાં તેમને હારવું પડે છે. અશોકે આજ્ઞા માની; છ માસ પ્રભુને પોતાની માગણી ગ્રાહ્ય કરવાની તક આપી; અને અંતે રીસ ચઢાવી પ્રભુની ભક્તિ કરવી

તેણે છોડી દીધી. બાળકો માગે અગર કહે તે ન આપવું એવી હઠ લઈ બેઠેલા વડીલો જેવા ભગવાન પણ અવળચંડા હશે એમ તેણે કલ્પના કરી.

૨

ધીમે ધીમે તેને લાગવા માંડયું કે દુનિયાનાં કાર્યોમાં લોકો કહે છે એટલો સીધો સંબંધ પ્રભુને હોવો ન જોઈએ. સૂર્ય ચંદ્ર ઊગતાં કે આથમતાં પ્રભુની આજ્ઞા લેતા લાગ્યા નહિ. પ્રભુને પ્રાર્થના કરીએ કે બહુ વરસાદ પડે અને શાળામાં રજા પડે! ત્યારે સૂર્ય-નારાયણ બધો જ વખત તપે. ક્રિકેટ મેચ લીધી હોય અને પ્રભુને કહીએ કે બે દિવસ સુધી વરસાદને રોકી રાખ! પ્રભુ એ કદી માને નહિ, અને ખરે વખતે વરસાદ આખી રમત બરબાદ કરી નાખે. પ્રાર્થના કર્યાથી સ્લેટ ઉપર આખો દાખલો ગણાઈ જાય એમ બનતું નથી. એ તો પાછી જાતમહેનત જોઈએ જ. પરીક્ષા વખતે શિક્ષકોની આંખે અંધારપટ આવે એવી વિદ્યાર્થીની વિનતિનો ઈશ્વરે કદી સ્વીકાર કર્યો જાણ્યો નથી. શિક્ષક વારંવાર એક વાક્ય કહેતા: ‘ જે પોતે જાતે પોતાને સહાય કરે તેને ઈશ્વર સહાય કરે છે.’

જાતે સહાય કર્યા પછી ઈશ્વરની સહાય તદ્દન નિરુપયોગી થઈ પડે છે! મા પાસે પૈસો નથી; બંગલા બગીચા તો ઠીક; પણ ચોપડી સુદ્ધાં પ્રભુ આપતો નથી! એ ચોપડી કેમ આવતી હતી તે ધીમે ધીમે અશોકે સમજી લીધું. બીજી સ્ત્રીઓ જેવાં ઘરેણાં-લૂગડાં મા પહેરતી નહોતી એ તો ઠીક; પણ કોઈ કોઈ વાર ઘરેણું લઈ તેને પડોશના ગિરિધર શેઠને ઘેર જવું પડતું અને ત્યાંથી ‘ ફી’ના કે કપડાંના પૈસા લાવવા પડતા હતા! આવા વધારે પ્રસંગો તેણે જોયા નહિ, એ ખરું; છતાં ઘરનું બધુંય કામ મા કરતી હતી, કદી દયણું દળતી હતી અને આસપાસના લોકોનાં નાનાં નાનાં કપડાં

પણ તે શીવી આપતી હતી તે તેની નજર બહાર જાય એમ ન હતું. કદી કદી માતા ખાલી આકાશમાં જોઈ રહેતી; કદી કદી પ્રભુસેવામાં પ્રભુની મૂર્તિ સામે એકી નજરે નિહાળ્યા કરતી હતી; રાત્રે તેની નિદ્રા કેટલી ય વાર ઊડી જતી હતી. આ બધાં ચિહ્નો તેની ગરીબી તથા લાચારીનાં સૂચક હતાં તેનો ખ્યાલ અશોકને સ્પષ્ટ થતો ગયો.

જેમ જેમ તેની દુનિયા તેની નજર આગળ સ્પષ્ટ થતી ચાલતી તેમ તેમ તેનું હૃદય ખરું બનતું ચાલ્યું. અભ્યાસમાં આગળ આવવું એ જ તેને મન સાચો રસ્તો દેખાયો, એટલે વર્ગમાં ઊંચો ક્રમ રાખી તે શિક્ષકોમાં પ્રિય થઈ પડયો, અને શિક્ષકોએ પણ તેનું જ્ઞાન વધારવા તેને વાચન માટે પુસ્તકો આપવા માંડયાં. શિક્ષકો બીજું આપી પણ શું શકે ?

એક પ્રગતિશીલ ગણાતા શિક્ષકે તેને વાંચવા માટે આપેલાં પુસ્તકોમાં એક મૂર્તિપૂજાનું વિરોધી પુસ્તક અશોકને મળી આવ્યું, અને અશોકનું માનસ એ પુસ્તકની–દલીલને વળગી પડયું. વિશ્વ-વ્યાપી પ્રભુ મૂર્તિમાં સમાઈ શકે જ નહિ. પૂજા–અર્ચા એ નિરર્થક વ્યવસાય છે સાચા પ્રભુને બદલે પથ્થર કે ધાતુનાં રમકડાંની પૂજા કરવાનું પાપ એમાં થાય છે. વેદમાં મૂર્તિપૂજા નથી; મૂર્તિ કોઈનું રક્ષણ કરી શકતી નથી અને કોઈનું માગ્યું આપી શકતી નથી. મૂર્તિનાં તો કેટલાયે સુધારકોએ 'પેપરવેટ' બનાવ્યાં; કેટલાં યે દેવલાંને સમજદાર માણસોએ કૂવામાં પધરાવી દીધાં; છતાં મૂર્તિથી કાંઈ થઈ શકયું નહિ, અને ઈશ્વરે તેમને કશી સજા પણ કરી નહિ!

અશોકનું મન માગતું હતું તે તત્ત્વ તેને મળી ગયું !

'મા ! આ દેવદેવીની પૂજામાં વખત બગાડવો નિરર્થક નથી ?' એક વાર તેણે પૂછ્યું.

ના. તને કોણે કહ્યું ? ' માએ પૂછ્યું.

'મારી પાસે એક ચોપડી છે; તું વાંચી જોજે. મા ! તારી ખાતરી થશે કે મૂર્તિપૂજા સાચી નથી.'

'એ પુસ્તક તો વર્ષો પહેલાં મેં વાંચ્યું હતું.'

'છતાં તું આ બધી પૂજા કરે છે? મૂર્તિઓએ આપણને કાંઈ નથી આપ્યું.' માએ ઉદાર સ્મિત કરી જવાબ આપ્યો : 'તને શ્રદ્ધા ન હોય તો તું પૂજા–પ્રાર્થના ન કરીશ.'

અને ખરેખર, અશોકે ત્યારથી માને રાજી રાખવા ખાતર પણ ઘરના દેવની પૂજા કે દર્શન બંધ કરી દીધાં.

જેમ જેમ ભણતર વધતું ચાલ્યું તેમ તેમ તેની મુશ્કેલીઓ પણ વધતી ચાલી. સુનંદા તેને મુશ્કેલી દેખાવા દેતી નહિ; પરંતુ અશોકની યે આંખ ઉઘડતી હતી. માનું ઘસાતું શરીર તે જરૂર જોઈ શકતો હતો, અને તે પોતે પણ ગરીબી ઘટાડવા બનતો પ્રયત્ન કરતો હતો. એક દિવસ તેણે માતાના હાથમાં વીસ રૂપિયા લાવીને મૂક્યા.

'ક્યાંથી લાવ્યો, દીકરા ?' માતાએ પૂછ્યું.

'ચોરી કરીને.' સહજ મુખ પર સ્મિત અને આંખોમાં ઉજાસ લાવી અશોકે કહ્યું.

ક્ષણ બે ક્ષણ માએ તેની સામે જોયું.

'હું ન માનું કે મારો દીકરો ચોરી કરે.'

'મા, મને બહુ થાય છે કે...'

'શું ?'

'બધા પૈસાદારોને લૂંટી લઉં !'

'ચોરી કે લૂંટનો પૈસો મારા હાથમાં કદી ન મૂકીશ.'

'મા ! આ પૈસા તો "ટ્યુશન" ના છે. મેં એક પૈસાદારના બાળક પુત્રને ભણાવવાનું એક માસથી શરૂ કર્યું છે.'

'મને કહ્યું કેમ નહિ ?'

'મનમાં એમ થયું કે તારા હાથમાં પહેલો પગાર મૂકી

પછી જ તને કહું.

માતાએ કાંઈ જવાબ ન આપ્યો. માત્ર તેની આંખમાંથી આંસુની સેર છૂટી ચાલી.

અશોકનું ખરું બનતું હૃદય માતા પાસે તો ખારાશ ટાળીને જ આવતું. પરંતુ માતાથી દૂર થતાં એની ખારાશમાં તમતમતી તીખાશ ઉમેરાતી.

'તું એવા નિર્ભાગી ઘરમાં અવતર્યો કે તારે અભ્યાસને બદલે મજૂરી કરવી પડે છે!' આંખ લૂછતાં માતાએ કહ્યું. અને ત્યારથી તેણે વ્રત, જયંતી ચાતુર્માસ, ચાંદ્રાયણ વગેરે સખ્તાઈથી કરવા માંડ્યાં

અશોક હવે માતાની સ્થિતિ ન સમજે એવડો ન હતો.

માતા બધું જ પુત્ર માટે કરતી હતી, પુત્રના ભણતર માટે સંઘરતી હતી, પુત્રને ઓછું ન આવે એ માટે જાત ઘસી નાખતી હતી. પરંતુ તે જરા ય દુઃખ વગર. ફરિયાદ વગર માનું હૃદય બંડ કેમ નહોતું ઊઠાવતું એની અશોકને સમજ પડતી નહિ. અશોક સરખો ભારણરૂપ પુત્ર એણે કેમ જિવાડ્યો અને ઉછેર્યો? હજી પણ એને ફેંકી દઈ એ કેમ સુખી થતી ન હતી તેવી પણ કલ્પના તે કરતો હતો!

ઉચ્ચ ભણતરની શરૂઆતમાં તેણે એક પ્રખર વક્તાને સાંભળ્યો. એ વક્તાએ નિરીશ્વરવાદનું બહુ જ સચોટ સમર્થન કર્યું. અને ઈશ્વર જેવી વ્યક્તિ, સત્તા કે વ્યાપકતા છે જ નહિ અને હોઈ શકે જ નહિ, એમ તેણે અસરકારક રીતે પ્રતિપાદન કર્યું અશોકને એ જ જોઈતું હતું. વક્તાને એ મળ્યો અને તેની પાસેથી નિરીશ્વરવાદને ટેકો આપતાં પુસ્તકો માગી વાંચ્યાં; અને એને લાગ્યું કે જગત-માંથી હવે ઈશ્વર અદૃશ્ય થઈ ગયો.

મા એક વખત ઈશ્વરનું પ્રાર્થના ગીત ગાતી હતી. એને હવે આવી અંધ શ્રદ્ધાવાળી માતા પ્રત્યે સહજ અભાવ ઉત્પન્ન થયો!

શી આ ધર્મઘેલછા? શી આ શ્રદ્ધાની વેવલાશ? શી આ

માનસિક નિર્બળતા ? અશોકથી રહેવાયું નહિ. એણે પૂછ્યું : 'મા ! પ્રભુએ મને કે તને કાંઈ આપ્યું નહિ. આવી દુનિયામાં ઈશ્વર હોય જ નહિ.'

'એટલે ?'

'ઈશ્વરને માનવો એ હવે પાપ બનતું જાય છે, મા !'

'આટલાં પાપ થાય છે. એક વધારે થવા દે, ભાઈ !'

'ઈશ્વરની માન્યતાને લીધે જ ઘણાં પાપ થાય છે! પાપનું મૂળ ઈશ્વર છે.'

'હશે ! તને કૉલેજમાં આવું આવું ભણાવે છે ?'

'કૉલેજ આવું ભણાવતી થશે ત્યારે દુનિયા વધારે સુખી હશે. આપણે ત્યાં તો કૉલેજો સરખું પ્રત્યાઘાતી માનસ બીજે ઉત્પન્ન જ થતું નથી.'

'વારુ.'

'વારુ નહિ; એ માન્યતા જ છોડી દે.'

'એ છોડીને હું ને તું શું કરી શકીશું ?'

'સમાજરચનાને તોડી નાખીશું. ઈશ્વરની માન્યતાને આધારે રચાયેલો સમાજ પોતાની જાતનો જ દુશ્મન છે !'

સુનંદા અશોક સામે જોઈ રહી. તેના હૃદયમાં ભણતરના કિનારે આવી ચૂકેલા પુત્રના આવા બંડખોર વિચારો માટે સુખ ઊપજ્યું કે દુઃખ એ અશોકથી કળી શકાયું નહિ. પરંતુ અશોક હવે સમજવાળો બન્યો હતો, સરસ અભ્યાસી તરીકે પંકાયો હતો અને ઈશ્વર નથી એવી માન્યતાથી આગળ વધી જૂની સમાજરચનાને ધરમૂળથી ઉખેડી નવીન સર્વસામાન્ય હક્ક અને ફરજ ઉપર રચાયેલી સામ્યવાદી સમાજ રચવાનો હિમાયતી બન્યો હતો. જીવનની પળેપળ અન્યાય, અસમાનતા અને શોષણનો ભોગ બનનાર જીવંત માનવીને બંડખોર કે સમાજવાદી બન્યા વગર બીજો માર્ગ રહ્યો દેખાતો નથી. અશોકનું મોટામાં મોટું દુઃખ એ હતું કે તેના જ ઘરમાં તેની પોતાની માતા

ધર્મ અને ઈશ્વર સરખા માનવસમાજના ભારે નશાનો ભોગ બની ગઈ હતી !

માતાને એ બોધ કરે, માતાને એ દલીલોથી મહાત કરે, માતાને સુમાર્ગે વાળે, એવી શક્તિ તેનામાં આવી ગઈ હતી અને વખતોવખત એ શક્તિનો અશોક ઉપયોગ પણ કરતો હતો. છતાં માની ઈશ્વરસેવા હળવી બની નહિ. એમાં એ પ્રત્યાઘાતી માનસની જડતા નિહાળતો હતો. બી.એ.ની પરીક્ષા ઊંચી કક્ષામાં અશોક પસાર થયો ત્યારે માતાથી બોલાઈ ગયું : ' હે પ્રભુ ! તેં મારી લાજ રાખી. દીકરા ! ભગવાનને પગે લાગી આવ. '

' મા ! હું ભગવાનમાં માનતો નથી. એ રમકડાંને પગે લાગવાનું પાપ મારાથી નહિ થાય. '

માએ કાંઈ જવાબ ન આપ્યો.

પુત્ર હવે કાંઈ ધંધે લાગશે એટલે માતાનું જીવન સાર્થક થશે એવી આશામાં તેણે પુત્રનો ભગવાન પ્રત્યેનો અભાવ ચલાવી લીધો. પુત્રમાં બીજો કોઈ દોષ ન હતો એમાં એણે પ્રભુની વધારે કૃપા માની.

પરંતુ આસપાસનાં પાડોશીઓ પાસેથી જ્યારે સુનંદાએ સાંભળ્યું કે અશોક બહારવટિયા જેવી છૂપી પ્રવૃત્તિમાં પડ્યો છે અને એને પોલીસ પકડવાની છે ત્યારે એણે અશોકને પૂછ્યું : ' ભાઈ ! નોકરીનો પ્રયત્ન કરવો નથી ? '

' મા ! મારી નોકરી આખી માનવજાતને મેં સમર્પી છે. '

' પણ એમાં તને મળવાનું શું ? '

' માનવજાતની મુક્તિ ! અગર કેદખાનું, દેશવટો કે ફાંસી !' અશોકે કહ્યું. અર્ધભણેલી, સામ્યવાદને ન સમજનારી માતા સમજી શકે એવી શૈલીમાં એણે સામ્યવાદ સમજાવ્યો, અને સાચું પુણ્ય એમાં જ રહેલું છે એવી અસરકારક દલીલ પણ એણે કરી.

માતાને જેટલી સમજ પડી એટલાનો જવાબ એણે વાળ્યો :

અશોક! તારા પિતા જતાં મેં તને સોંપ્યો છે પરમાત્માને! તું જ્યાં હો ત્યાં એ તારું રક્ષણ કરો!'

'મા! એમાં પ્રભુનું સ્મરણ કે પ્રભુનું રક્ષણ હોય જ નહિ. એ માર્ગ પ્રભુવિરોધી છે.' અશોકે વધારે સમજ પાડી.

'વેરભાવે ભજનારને પણ પ્રભુએ મુક્તિ આપી છે, ભાઈ! આ તો કાંઈ પ્રભુવિરોધી માર્ગ લાગ્યો નહિ. આખી માનવજાતને મુક્તિ મળે એ જ ભગવાનનો માર્ગ!'

મા સુધરે એમ પુત્રને લાગ્યું નહિ. વ્યક્તિ માટે કાંઈ માનવ-સંચલનો રસળતાં રહી શકે? દીકરાએ મોડાં વહેલાં, રાત બેરાત, જવા આવવા માંડ્યું. કાંઈ ગુપ્ત પ્રવૃત્તિ આદરી હોય એમ તેના મુખ ઉપરની રેખાઓ કહેવા લાગી. ઘેર રહે ત્યારે પુત્ર કાંઈ ને કાંઈ લખતો જ રહેતો હોય એમ માતાએ જોયું. પરગામ જતો ત્યારે ચાર છ દિવસ સુધી તે ક્યાં હતો તેની માતાને ખબર પડતી નહિ. મા કદી પૂછતી ત્યારે અશોક સહજ મોટાઈભર્યું હસી કહેતો: 'મા! તું એક ક્રાન્તિકારીની માતાનું માન પામનારી છો!'

એ માન જ્યારે સુનંદાને મળવું હોય ત્યારે મળે. માન મળે કે ન મળે છતાં બાળક અશોકનું જેમ એ પાલન કરતી હતી તેમ જ એ ગ્રેજ્યુએટ ક્રાન્તિકારી અશોકનું પોષણ કરતી ચાલી. એક ફેરફાર તે અશોકમાં જોઈ શકી: માની માફક અશોક પણ જાણે વ્રત કરતો હોય તેમ ઓછું જમતો, મિષ્ટ વસ્તુઓને બાજુએ મૂકતો અને ઘરકામની પોતાની બાબતો તે હાથે જ આગ્રહપૂર્વક કરી લેતો. પહેલાં માતા તેનાં વસ્ત્રો ધોતી, પથારી સાફ કરતી, તેનાં વાસણ માંજતી; હવે અશોકે એ કાર્ય પણ હાથે જ કરવાં માંડ્યાં—દેખાવ ખાતર નહિ; પણ મનથી જ. અને જરા ય ધાંધલ વગર.

માએ એક દિવસ પૂછ્યું: 'અશોક! તું શું કરે છે આ?'

'કેમ, મા? તારું આટલું ભારણ તો હળવું કરું?'

'ધર્મિષ્ઠ બનતો જાય છે શું?'

'ધર્મિષ્ઠ ? જરા ય નહિ.'

'અમારો ધર્મ પણ કહે છે કે સહુએ પોતપોતાનું કામ કરી લેવું.'

'પણ એમાં ઈશ્વરની બીક નહિ અને ધર્મની આજ્ઞા નહિ.'

એ જ દિવસે એક સરકારી છાપવાળો પત્ર અશોકને મળ્યો. અશોકે ખોલી વાંચ્યો અનેમાને પૂછ્યું: 'મા ! આપણા એક પ્રાન્ત પ્રધાન હરિશ્ચંદ્રરાય આપણા કાંઈ ઓળખીતા છે ?'

'બહુ વર્ષો પહેલાં – ખરા.'

'મને કેમ બોલાવે છે ?'

'કાંઈ નોકરી આપવી હોય.'

'નોકરી તો લેવી જ નથી.'

'એ તો ભાઈ તું જાણે. પણ બોલાવતા હોય તો મળી આવવું સારું. મારા ઈશ્વર કરતાં એ વધારે અસરકારક હોય !' અશોકની ઈશ્વર સંબંધી મશ્કરીઓમાંથી માએ ઈશ્વરત્વના બચાવ માટે પણ મશ્કરીનો આશ્રય લીધો.

અને ખરેખર માની ધારણા પ્રમાણે હરિશ્ચંદ્રરાય પ્રધાન ઈશ્વર કરતાં વધારે અસરકારક નીવડ્યા !

અશોકને તેમણે પોતાની કચેરીમાં બોલાવી કહ્યું : 'અશોક' તને કદાચ ખબર નહિ હોય, પણ હું અને તારા પિતા અંગત મિત્રો હતા.'

'જી.'

'બહુ શક્ય ગણાય કે તેઓ આ જ જીવતા હોત તો પ્રધાન બન્યા હોત.' સાથે જ નહિ, પણ મારે સ્થાને તેઓ પ્રધાન બન્યા હોત.'

'મા એમની બહુ વાતો કહે છે.'

'તું હવે અમારો સંબંધ જાણી ચૂક્યો. મારી ઇચ્છા છે કે તને હું યોગ્ય નોકરીએ વળગાડું.'

હું આપનો બહુ આભારી છું. પણ...નોકરી ન કરવાનો

મેં સંકલ્પ લીધો છે.'

'વકીલાતનું ભણી લે. તારી ઇચ્છા હોય તો મારે ત્યાં રહી "ટર્મ્સ" ભર.'

'પહેલાં વિચાર હતો; હવે એ વિચાર છોડી દીધો.'

'હવે તારી ફરજ એ રહી કે તારે તારી માને આરામ આપવો. એ મહાન માતાએ તારે માટે શું કર્યું છે એનો તને કે મને કાંઈ જ ખ્યાલ આવે એમ નથી.'

'સાચું છે, સાહેબ! પણ વ્યક્તિ કરતાં સમાજ મોટો; જનેતા કરતાં જનતા વધારે મહાન; નહિ? હું જનતાની સેવા માટે સર્જાયો છું.'

'તું જાણે. પણ એમાં ભારે જોખમ છે. કદાચ મારી પાસેથી બહાર નીકળીશ એટલામાં જ એ જોખમ તને સમજાશે. તારી પ્રવૃત્તિઓ સરકારને ભયજનક લાગી છે.'

'એ હું જાણું પણ મારો માર્ગ નિશ્ચિત છે.'

સરકારનો માર્ગ પણ નિશ્ચિત હતો. ઓળખીતા પ્રધાનને નોકરીની ના પાડી બહાર નીકળેલા અશોકને પોલીસે પકડ્યો એના ઉપર કામ ચાલ્યું અને એને સરકાર વિરુદ્ધનાં કાવતરાં માટે ત્રણેક વર્ષની સજા થઈ. ઓછી સજામાં તેની ઉંમર અને પ્રધાન હરિશ્ચંદ્ર-રાયની છૂપી લાગવગ કારણરૂપ હતાં.

અશોકનું એક વર્ષ તો સરકાર સત્તા અને મૂડીવાદ સામેના ગુસ્સામાં ઠીક ઠીક વ્યતીત થયું અને કેદખાનાની મુશ્કેલીઓ તથા બંધન બહુ લાગ્યાં નહિ. પરંતુ બીજે વર્ષે તેનું ઊર્મિજીવન આછું આછું બહાર આવવા માંડ્યું. સાથીદારો, મિત્રો અને માતા ઊતરતી ચડતી કક્ષાએ તેને યાદ આવવા લાગ્યાં. ચોપડી વાંચતાં, પાણી ભરતાં જમતાં, કોટડી સાફ કરતાં, તેની સ્મૃતિમાં ભૂતકાળ આવીને ઊભો રહેતો. પોતાનો ક્રાન્તિકારી નિશ્ચય કદી કદી હલી જતો અને કાયરતાનાં ડરામણાં મોજાં હૃદય ઉપર પથરાઈ જતાં; છતાં એ સર્વ ઊર્મિ-

લોલકોને અશોક પાછાં સ્થિર કરી દેતો, અને રશિયા તથા જર્મનીના ક્રાન્તિકારીઓનાં જીવન નજર સમક્ષ લાવી તેવી જ સ્થિરતાપૂર્વક જીવનમરણને હથેળીમાં રાખવાનો નિશ્ચય તે સૂતા પહેલાં કરી શકતો. આછું વાચન તેને વિચાર માટે ખૂબ ખૂબ સમય આપતું હતું. કેદખાનાની મહેનત પણ નિત્યજીવનની સરળતા પ્રાપ્ત કરી ચૂકી હતી, એટલે તેની ભાવિ યોજનાઓ બહુ નિશ્ચિત બનતી ચાલી.

છતાં એક ઊર્મિ–નિર્બળતા તેને સતાવ્યા કરતી હતી. પ્રેમ, જાતીય આવેગ, કામને તો એ પ્રથમથી જ તુચ્છકારપૂર્વક દૂર કરી શક્યો હતો. સ્ત્રી સૌન્દર્ય હજુ સુધી તેના હૃદયને ચોટ લગાવી શક્યું ન હતું. માત્ર તેની માતાનો વિચાર આવતાં તેના હૃદયમાં મેઘની આર્દ્રતા આવી જતી. નિષ્ક્રિયતા વિચારસૃષ્ટિને ઝડપથી વસાવે છે. એની નિષ્ક્રિયતાની સૃષ્ટિ મા વડે ઊભરાઈ જતી હતી. માએ એની ખાતર શું શું કર્યું હતું, અને શું શું નહોતું કર્યું ? માના ઉપવાસ, માના ઉજાગરા, માની મહેનત, એક પછી એક દૃષ્ટાંતોસહ તેની વિચારસૃષ્ટિમાં વસી જતાં.

એક પુત્રને ઉછેરતાં માતાનું જીવન ઘસાઈ ગયું ! ક્રાન્તિને ઉછેરતાં, ક્રાન્તિને ફલિત કરતાં કેટલી માતાઓનાં જીવન ન ઘસાય ? અશોકને લાગ્યું કે ક્રાન્તિપોષણમાં પણ તેની માતા જ દૃષ્ટાંત બની રહેતી ! ક્ષણે ક્ષણે જીવન ઘસાતું નિહાળતી છતાં પુત્રનું પોષણ તે કર્યે જ જતી. માતા ક્રાન્તિપોષણની પ્રતીક શું ન હતી ? એણે ન બદલો માગ્યો, ન ભાવિની ખાતરી માગી; એણે અંગત સુખને તાળાં વાસી દીધાં !

ઘણી વાર નિરાશા સામે અથડાતાં એ સુનંદાની માનસિક મૂર્તિમાંથી આશ્વાસન અને ઉત્સાહ મેળવતો. ઘણી યે વાર એને માતાનાં સાચાં તેમ જ જાગૃત સ્વપ્ન આવ્યા કરતાં એક વાર ભારે નિરાશા અનુભવી. એણે માતાના દેહનું આહ્વાન કર્યું અને માતા એની વિચારસૃષ્ટિમાં પ્રગટ થઈ પુત્ર સાથે વાતો પણ કરવા લાગી !

'મા, તું મારી પ્રેરણા છો ! ગુરુ છો !'

'ગુરુ ? દીકરા ! એ પ્રપંચમાં તું પાછો ક્યાં પડ્યો ?' માતાએ સહજ આંખ ઝીણી કરી સ્મિતભર્યા મુખે પૂછ્યું. માની મૂર્તિમાં એણે સતત સૌમ્યતા જ નિહાળી હતી.

એ સૌમ્યતાની પાછળ કેટલો પ્રચંડ ત્યાગ હતો તેની અત્યારે અશોકને ખાતરી થઈ. માતાની સૌમ્યતા પાછળ વર્ષોનાં કષ્ટ, વર્ષોની તપશ્ચર્યા, વર્ષોની નિષ્ફળતા અને અંતિમ નિરાશાનો ભડભડ બળતો અગ્નિ તેણે નિહાળ્યો. પુષ્પો દેખાય છે સુંવાળાં, રમણીય અને હોય છે સુવાસિત. પરંતુ ભયાનક પૃથ્વીપેટાળ અને ગૂંગળાવતા પાણીના ધોધને સહી છોડ પુષ્પને ખીલવે છે. માતાનું સૌમ્ય સ્મિતપુષ્પ કેટકેટલી મૂંઝવણમાંથી જાગ્યું હશે ?

'મા ! તેં ધર્મપ્રપંચ છોડ્યો ?' અશોકે પૂછ્યું.

'ના. મારે મન એ પ્રપંચ નથી.'

'અને છતાં તું મને સહી લે છે ? આ ઉદારતાનો ભંડાર...'

'તમારે બહાર નીકળવાનું છે.' વિચાર સૃષ્ટિમાંથી તેને કેદખાનાના એક અમલદારે ખેંચી કાઢતાં કહ્યું.

'ક્યાં ? કેમ ?' અશોકે પૂછ્યું. માતા સાથેની માનસિક વાતચીતનો અણગમતો અંત આવ્યો એ અશોકને ગમ્યું નહિ.

'સરકારનો હુકમ છે કે તમને પંદર દિવસ છોડવા.'

'કેમ ?'

'હું દિલગીર છું; પણ તમારાં માતાની માંદગીના સમાચાર આવતાં સરકારનો એવો હુકમ આવ્યો છે.'

અશોક જમીન ઉપર બેસી ગયો. કદી એણે માથે હાથ મૂકી નિર્બળતા દર્શાવી ન હતી. આજ તેણે પોતાના બન્ને હાથ ઉપર મસ્તકને ટેકવ્યું.

'તમે જલદી તૈયાર થાઓ તો અત્યારે જ ગાડી પકડી શકાશે. અમલદારે કહ્યું અને અશોકના દેહમાં વેગ આવ્યો. તેણે ગાડી પકડી.

ગાડી કરતાં પણ વધારે ઉછાળા, વધારે ધબકારા અને વધારે વેગ અનુભવતો અશોક બે વર્ષે પાછો પોતાના નાનકડા ઘરમાં આવ્યો. ઘર શાન્ત અને નિરવ હતું. ક્રાન્તિ સફળ થઈ હોત અને જે ધબકાર એણે અનુભવ્યો હોત, એના કરતાં પણ વધારે પ્રચંડ ધબકાર તેના હૃદયે અનુભવ્યો.

અસ્વસ્થ ચિત્તે એણે ઘરમાં પ્રવેશ કર્યો.

હાડપિંજર બની ગયેલી મા સફેદ વસ્ત્ર ઓઢી પથારીમાં આંખ મીંચી સૂતી હતી! એનું મુખ દેખાતું ન હોત તો પથારી ખાલી ખાલી જ લાગતી.

પાસે પડોશમાંની કોઈ બાઈ આવીને બેઠી હતી. એક કકડા વડે સુનંદાના મુખ ઉપર કદી કદી ઝડપી જતી માખીને ઉડાડતી હતી.

અશોકની આંખ આંસુથી ઊભરાઈ ગઈ. વર્ષોથી લોખંડી હૃદય બનાવી બેઠેલો અશોક આછું ડૂસકું ખાઈ ગયો.

સુનંદાએ થાક ભરેલી આંખો સહજ ઉઘાડી. દેહને પાંપણનો ભાર પણ ભારે લાગતો હતો. બે હાથ જેટલે દૂર પણ ન સંભળાય એવા સાદે સુનંદા બોલી : 'ભાઈ! આવ્યો ?'

અશોક માને અડકીને પાસે બેઠો. માતાનો હાથ ઊપડતો ન હતો, છતાં પુત્રના મુખ ઉપર પ્રસરવા તે લંબાયો. પડી જતા હાથને અશોકે પોતાના હાથમાં લીધો. સુનંદાના થાકેલા મુખ ઉપર સહજ શાન્તિ વળી. સ્વસ્થ શ્વાસ લેવા સુનંદાએ આંખો મીંચી. થોડી વારે સુનંદાએ કહ્યું : 'અશોક! ચાર છ માસ...તને હરકત...ન પડે... એટલું ઘરમાં છે...હું જાઉં તો...બીશ નહિ...ગભરાઈશ નહિ... રડીશ નહિ...'

અશોક તો ક્યારનો યે રડી રહ્યો હતો. મરતે મરતે પણ મા પુત્રને છ માસ નિર્ભય કરતી હતી! એની પાછળ માના કેટલા ઉપવાસ હશે ?

'ભગવાન!...મારા પ્રભુ!...' સુનંદાએ ધીમે ધીમે પ્રભુનું

નામસ્મરણ શરૂ કર્યું.

'મા! તને થાક લાગશે. હું તને પ્રભુનામ સંભળાવું...હે નાથ! હે ગોવિંદ! હે નારાયણ !...' અશોકે સ્પષ્ટતાપૂર્વક પણ ધીમે ધીમે પ્રભુનાં તેને આવડતાં નામ ઉચ્ચારવાનું શરૂ કર્યું.

જરા રહી સુનંદાએ પુત્રનો હાથ પાસે લીધો અને આછું હસતાં ધીમેથી પૂછ્યું : 'અશોક! તું તો પ્રભુમાં માનતો નથી ને?'

'મા! પ્રભુમાં માનું છું.'

'કેમ?... શું એવું બન્યું?'

'મા! તારા જેવી મા મને પ્રભુ સિવાય કોણ આપે?' કહેતાં અશોકનો અવાજ બેસી ગયો.

'દીકરા! મા કરતાં યે...પ્રભુ...વધારે ઉદાર...છે...પ્રભુ... તને ...' કહેતાં કહેતાં સુનંદાના મુખ ઉપર સ્મિત રમી રહ્યું અને એ સ્મિતભર્યું મુખ રાખી દેહમાંથી તેનો જીવ ઊડી ગયો!

અશોક એક બાળક માફક રડ્યો.

એને ઈશ્વર ભલે જડ્યો નહિ. માના મૃત્યુમાં તેને એક પરમ વસ્તુ સાધ્ય થઈ. કોઈ અકથ્ય, અદ્ભુત, વ્યાપક ઉદારતા!

જેનું પ્રતીક મા હતી! કદાચ એ જ ઈશ્વર હોય તો? ઈશ્વરનું એક અગમ્ય પાસું!

ક્રાન્તિમાં પણ મા સરખી ઉદારતા, મા સરખી ક્ષમા વિકસે એમ અશોક પણ તે ક્ષણથી માનતો બની ગયો!

મા સરખી ક્ષમા અને અનુકંપા વગર ક્રાન્તિ પણ જંગલી બને તો? ક્રાન્તિને માતૃત્વની ભસ્મ તો જરૂર લગાડવી પડશે.

માની ચિતા પાસે બેઠો બેઠો અશોક વિચાર કરી રહ્યો :

ઈશ્વર ભલે ન હોય! અગમ્ય સૌન્દર્ય, અગમ્ય ઊર્મિવિપુલતા, અગમ્ય ઉદારતા તો છે જ! માના હૃદયની! 'એ ન સમજાય એને ભલે લોકો ઈશ્વર કહે!' માની ભસ્મ કપાળે લગાડતાં અશોકે વિચાર્યું.

# ભૂતકાળ જોઈએ

૧

નાનકડા પણ સુસજ્જ ખંડમાં કાંઈ ઊનનું ભરત ભરતી કપિલા એકાએક થોભી ગઈ. હાથમાંનો સોયો અને ભરાતું વસ્ત્ર એમનાં એમ હાથમાં જ રહી ગયાં. વચ્ચે ઊનનો દોરો લટકી રહ્યો. એની આંખ ખુલ્લી હતી. પરંતુ એ ખુલ્લી આંખની દૃષ્ટિ પાસે પડેલી વસ્તુઓને નિહાળતી જ ન હતી. એ કોણ જાણે શું ય જોતી હશે? ભૂતકાળના કોઈ ચમકતા પડદા ઉપર તેની નજર ઠરી હતી? વિસારી દેવા યોગ્ય કોઈ કાળો ખૂણો તેની સમક્ષ આવી ખુલ્લો થતો હતો? આવી સુંદર, સુઘડ, નિર્દોષ યુવતીની આંખ ખાલી અવકાશમાં કઈ સૃષ્ટિ નિહાળતી હતી?

'કપિલા!'

કપિલાની સાસુએ ખંડમાં પ્રવેશ કર્યો, છતાં ખુલ્લી આંખે જોતી કપિલાએ સાસુને નિહાળી ન હતી. અંતે સાસુને સાદ કરવો પડ્યો!

કપિલા એક સૃષ્ટિમાંથી બીજી સૃષ્ટિમાં ઊતરી પડી હોય તેમ ચમકી ગઈ, અને જાગૃત થઈ. ઊનનું ઝબલું તેણે બાજુએ

મૂક્યું, સોયો બાજુ મૂક્યો અને એકાએક તે ઊભી થઈ બોલી : 'કેમ, મા ?'

'પણ તું ચમકે છે શાને ? કશું થાય છે, દીકરી ? કે કાંઈ ઓછું આવ્યું ?' સાસુએ પૂછ્યું. કપિલાની સાસુ અપવાદરૂપ હતી. દીકરાની વહુને તે સાચેસાચ લક્ષ્મી માનતી હતી.

'ના, ના. અમસ્તું જ એ તો. મને આ ઘરમાં તે કાંઈ ઓછું આવે ?' કપિલાએ જવાબ આપ્યો; છતાં વાક્યને અંતે કપિલાના ઉચ્ચારણમાં થડકાર આવ્યો; અને એની આંખમાં પાણી ભરાઈ આવ્યું. સાસુએ એ થડકાર ઓળખ્યો અને આંખમાંનું પાણી નિહાળ્યું – જોકે કપિલાએ પાસે સૂતેલી બાળકીને વસ્ત્ર ઢાંકવાનો પ્રયત્ન કરી થડકાર અને આંસુ સંતાડવાનો પ્રયત્ન કર્યો ! બાળકી ઉપર વસ્ત્ર ઢાંકેલું જ હતું. એ કાંઈ હાલી ન હતી, જાગવાનો પ્રયત્ન કરતી ન હતી, એના મુખ ઉપર ફરકતું સ્મિત પૂર્વજન્મના કોઈ સુખનું સંભારણું લાવી રહ્યું દેખાતું હતું ! છતાં આંસુ સંતાડતી કપિલાએ ઓઢણ ઠીક કર્યું.

'ચાની તૈયારી કરવા માંડ. હમણાં વિજય આવતો હશે. બેબી પાસે હું બેઠી છું.' સાસુને 'બેબી' શબ્દ ગમતો નહિ, તેમની ખાતરી હતી કે 'બેબી' કરતાં 'બબી' શબ્દ જરા પણ ખોટો ન હતો. અંગ્રેજોને બરાબર બોલતાં આવડતું ન હોવાથી જ તેમણે 'બબી'ની 'બેબી' કરી નાખી, અને અંગ્રેજોનું આંધળું અનુકરણ કરનારાં ભણેલાં કહેવાતાં માતાપિતાએ 'બબી'ને બગાડી 'બેબી' શબ્દ કરી નાખ્યો છે ! એમની માન્યતા અડગ હતી.

વિચારમાંથી કાર્યમાં પરોવાવાનું કપિલાને ગમ્યું. હજી વિજયને આવવાની સહજ વાર હતી. એણે રસોડામાં બધું રાચ ગોઠવી દીધું. પ્યાલારકાબી સાફ હતાં, છતાં તે ફરી સાફ કર્યાં. ચમચા વધારે ચમકતા બનાવી દીધા, અને સ્ટવ સળગાવી પાણી ગરમ થવા મૂક્યું. સ્ટવના ધમધમાટમાં તેણે બારણાંનો આછો ખખડાટ સાંભળ્યો નહિ. બારણે ટકોરા માર્યા વગર વિજય ઘરમાં પ્રવેશતો ન હતો.

આજે તે બહારના ખંડમાં બેઠી ન હતી, અને સ્ટવના અવાજથી વીંટળાયલી હતી, એટલે તેણે વહેલા આવેલા વિજયનું આગમન રોજ માફક પરખ્યું નહિ. ખિસ્સામાંથી તેણે એક વાળેલો કાગળ કાઢ્યો, ઉઘાડ્યો, વાંચ્યો અને પાછી વિચારમાં નિમગ્ન બની ગઈ. તેની ખુલ્લી એકીટસે નિહાળતી આંખોએ જોયું પણ નહિ કે પાણી ઊકળતું હતું અને વિજય પાછળ આવી ઊભો રહ્યો હતો. અંતે ઊકળતું પાણી ઉભરાયું, સ્ટવ ચીસ પાડી શ્વાસ લઈ બંધ થયો, અને પાસે જ ઊભેલી કપિલાએ જાગૃત થઈ સ્ટવની ચાવી બંધ કરી. આછા ગભરાટ સહ તેણે પાછળ જોયું : એનો પતિ વિજય આછું હસતો એની પાછળ બારણામાં ઊભો હતો!

કપિલાના હાથમાં જ કાગળ હતો! તેનું મુખ લેવાઈ ગયું. કાગળ સંતાડવો કે બતાવવો તેની સમજ કપિલાને પડી નહિ.

'તું ક્યારનો આવ્યો છે?' કપિલાએ પૂછ્યું. બીજી કાંઈ સમજ ન પડવાથી કપિલાએ આ સાહજિક પ્રશ્ન કર્યો.

'ક્યારનો યે.' વિજયે જવાબ આપ્યો.

'ક્યાં હતો?'

'અહીં જ! તારી સમાધિ નિહાળતો હતો.'

'હં!' કહી હાથમાંના કાગળને કપિલાએ વાળવા માંડ્યો.

'મારો કંઈ ગુનો થયો છે?' વિજયે પૂછ્યું.

'કેમ? ગુનો શાનો?'

'મા મને લડે છે. કહે છે કે હું તારી કાળજી રાખતો નથી, તારું મન મનાવતો નથી. શું છે બધું?'

'મને કંઈ ખબર નથી. માને એમ કેમ લાગ્યું હશે?'

'આજ તો મને પણ એમ લાગ્યું. તારી તબિયત કેમ છે? ડૉકટરને બોલાવું?'

'તું જ કહે છે ને કે ડૉકટરના બજારમાં કાળામાં કાળું બજાર પણ ધોળું બની જાય છે!' કહી સહજ હસી કપિલા એકાએક

રડી પડી. તેણે મુખ ઉપર સાડીનો છેડો ઢાંકી દીધો.

વિજય તેની પાસે ગયો. તેને વાંસે હાથ ફેરવી તેને રડવા દીધી. કપિલા અને વિજયને આ સ્થિતિમાં નિહાળી વિજયની માતા પણ ત્યાં આવેલાં પાછાં ખસી ગયાં – પોતે ત્યાં આવ્યાં હતાં એની ખબર પણ પડવા દીધા સિવાય. જરા રહી, પડતાં અશ્રુ પડવા દઈ સહજ હસી કપિલા બોલી : 'વિજય ! તું આટલો બધો સારો કેમ છે ?'

'આવાં પ્રમાણપત્રો કદી કદી આપતી રહે તો મારો પગાર પણ વધે. પણ તું આમ આજે રડે છે કેમ ?'

'મને ખરેખર રડવું એમ આવે છે કે તારા જેવા સારા પતિ...'

'જો પાછી ! મારા સારાપણાની માળા પછી જપજે. હમણાં તો તને હિસ્ટીરિયાની અસર લાગે છે. તું બેસ; હું ચા કરી આપું.' કહી વિજયે કપિલાને એક ખુરશી ઉપર બેસાડી પોતે ચા બનાવવા માટે જરા ખસ્યો – પરંતુ કપિલાએ તેનો હાથ પકડી રાખ્યો હતો, અને વિજય સામે જોઈ હસી રહી હતી.

'કેમ ? મારા ઉપર કવિતા લખવાનો વિચાર છે ?' વિજયે પૂછ્યું.

'વિજય ! કવિતા કરતાં પણ વધારે સારું, વધારે રૂપાળું લખાતું હોત તો હું તારે માટે લખત. તું મને પૂછતો કેમ નથી કે આ કાગળમાં શું છે ?' કપિલા બોલી.

'મારે તારી સાથે નિસ્બત, તારા કાગળ સાથે નહિ !' વિજયે જવાબ આપ્યો.

'ભલે; છતાં આ વાંચ.'

'નહિ ચાલે ?'

'ના, તારાથી મારે કાંઈ જ છૂપું રાખવું નથી.'

'જો. કપિલા ! આપણે લગ્ન કર્યું ત્યારે તારી પહેલી શરત શી હતી ?'

'મને યાદ નથી.'

'તો હું કહું. મારે તારો ભૂતકાળ જોવો નથી.'

'પણ આ તો ભૂતકાળ નજીકનું ભવિષ્ય બની, મારી પાસે, આજે અત્યારે જ વર્તમાન બની જાય છે.'

'તારી ફિલસૂફીમાં મને સમજ નહિ પડે. લાવ, હું વાંચું!' કહી કપિલાના હાથમાંથી વિજયે કાગળ લીધો.

એ કાગળમાં તારના સમાચાર હતા. વાંચતાં એક ક્ષણ, અર્ધી ક્ષણ માટે વિજયના મુખ ઉપર સહજ કઠોરતાની છાયા ફરી વળી, જે કપિલાને જ સમજાય એવી હતી. મુખ ઉપરની સ્વાભાવિક મૃદુતા પાછી જોતજોતામાં આવી અને વિજયે કહ્યું : 'ઓહો! એ જ ને? ભલે આવે! હરકત શી છે? સુધારક તો તારો જૂનો અંગત મિત્ર! એને જમવા માટે રોકીશું...'

'વિજય! તું યોગી છે કે પ્રેમી?' આશ્ચર્યભર્યા નયને કપિલાએ પૂછ્યું.

'એનો જવાબ તો કલાપી જેવો કોઈ કવિ આપે. જો તું સોગન ઉપર સવાલ પૂછતી હો તો હું ઈશ્વરને માથે રાખી કહું છું કે હું તો માત્ર એક શિક્ષક છું. નથી યોગી કે નથી પ્રેમી!'

'વિજય! મારો આધાર!' કહી કપિલાએ વિજયના હાથને દબાવી છોડી દીધો.

'અત્યારે ચા સરખો મારે કે તારે બીજો એકે આધાર નથી. તું જો, હું કેમ બનાવું છું તે!' કહી વિજયે ફરી સ્ટવ સળગાવવા માંડ્યો; વિજયને કાંઈ ફાવ્યું નહિ. એક વખત તો ભડકો થતાં વિજય દાઝી જાત એમ લાગતાં કપિલા ઊઠી અને સ્ટવ રીતસર સળગાવી તેણે ચા તૈયાર કરી.

'કહે! હું તારો આધાર કે તું મારો આધાર?' વિજયે પૂછ્યું.

કપિલા કાંઈ પણ બોલી નહિ અને નીચું મુખ રાખી આગલા ખંડમાં સાસુ પાસે આખો ચાનો સરંજામ લઈ આવી. સહજ

થોભી વિજય પણ આગલા ખંડમાં આવી ચા પીવા બેઠો. માએ દીકરા અને વહુના મુખ ઉપર ઠીકઠીક છૂપી નજર પણ રાખી. રોજના સરખી સ્વાભાવિકતા આજે કપિલામાં ન હતી. અંતે તેમણે પૂછ્યું : 'કપિલા ! પેલો તાર કોનો આવ્યો હતો ?'

'એ તો, મા ! મારા એક મિત્રનો હતો. એ આજે જ વિમાનમાં ઊડીને અહીં આવે છે.' વિજયે કપિલાને બદલે જવાબ આપ્યો.

'વિમાનમાં ઊડીને આવવા જેવું શું છે અહીં ?' માતાએ પૂછ્યું.

વિજયે કપિલા સામે જોઈ આછો ઇશારો કરી કહ્યું : 'એટલો પૈસો છે એની પાસે ! વિમાન એનું પોતાનું છે !'

'તેથી કપિલા ગૂંચવાઈ છે કે ? આવા મોટા મહેમાનની મહેમાનગીરી કેમ કરવી એ જરા ભારે લાગ્યું હશે ! પણ એમાં શું ? આપણાથી બને તે આપણે કરવું. એનું વિમાન ઓછું આપણા ઘરમાં મુકાય એમ છે ?' કહી માતા ચા પી રહી બીજા ઓરડામાં ચાલ્યાં ગયાં.

૨

વિમાન સંભળાય છે એટલે સુધાકર જ આવતો હશે.' ખાલી આંખે જોતી કપિલાથી કહેવાઈ ગયું.

'પણ તેનો આ ગભરાટ શો ?' વિજય બોલ્યો.

'એને આવતાં રોકાય એમ નથી ?'

'ભલે આવે.'

'એ મારું જીવન ઝેર કરવા આવે છે.'

'તારું જીવન ઝેર કરવાની તાકાત કોઈનામાં નથી – સિવાય કે તું અગર હું એમ કરીએ !'

કપિલા અસ્થિર ચિત્તે ઊભી થઈ અને બારીએ જોવા લાગી. વિજય પણ અંદરની ઓરડીમાં ગયો. બાળકી ઊઠી રમવા લાગી

હતી. તે માતા પાસે ગઈ. માતા પાસે ભારે આવકાર ન મળતાં તે પિતા પાસે ગઈ. જરા વાર રહી વિજય કપડાં પહેરી બહાર આવ્યો. પાછળ છોકરી પણ સજ્જ બનેલી હતી: નાનકડી, ત્રણેક વર્ષની !

'તું ક્યાં જાય છે ?' કપિલાએ વધારે ગભરાટથી પૂછ્યું.

'હું જરા ગામમાં જઈ આવું. સુધાકરને જમાડવા માટે કાંઈ ચીજો પણ લાવવી પડશે ને ?'

'મને એકલી મૂકીને તું ન જઈશ.'

'કપિલા ! શું છે આ બધું ? તને સુધાકરનો આ ડર શો ? કૉલેજ યુગનો તારો આત્મા ક્યાં ગયો ? જો સુધાકર આવે તો તેને બેસાડજે. એને અહીં જમાડવાનો પણ છે. હું આવું છું.' કહી બાળકીને સાથે લઈ વિજય બહાર ગયો.

થોડી વારે સાસુએ પણ આવી કહ્યું : 'કપિલા ! હું જરા કથામાં જાઉં છું. તબિયત સારી ન હોય તો સૂઈ રહેજે.' કહી તેઓ પણ બહાર નીકળી ગયાં. કપિલા એકલી પડી. આમતેમ ફરતાં બેસતાં તેને ચારપાંચ વર્ષ ઉપરનું કૉલેજ જીવન યાદ આવ્યું.

કેવી મસ્તી, મુક્ત આઝાદ, તે ફરતી હતી ! એને લગ્ન કરવું ન હતું ! એને પુરુષોની ગુલામી ઉઠાવવી ન હતી ! લગ્ન અને કુટુંબ-સંસ્થાને તોડીફોડી સંસ્થા રહિત સમાજ બનાવવાનાં સ્વપ્ન સેવતી હતી. સહચાર માગતા આકર્ષણને તે માત્ર દૈનિક ભૂખ જેટલાં જ તુચ્છ ગણતી હતી – સેવન કરી ફેંકી દેવા પાત્ર !

સુધાકર પણ એ જ વિચારનો હતો; માટે કપિલાને તેની મૈત્રી ખૂબ ગમતી હતી. કપિલાની મૈત્રી સુધાકર માટે ભારે અભિમાનનો વિષય હતો. એ ચપળ, ટાપટીપ ભરેલો, ઝમકદાર યુવક, અંગ્રેજી નવલકથાઓ વાંચી ચબરાકીભર્યું અંગ્રેજી બોલતો. અરે ! પોતે ઘણો રમૂજી, સહુને હસે એવી બુદ્ધિવાળો, મહાન બનવાને સર્જાયલો—નિદાન સહુને તુચ્છકારવાનો અધિકારી માનતો હતો. આશ્ચર્ય જેવું તો એ હતું કે એના નિર્માલ્ય સોબતીઓ પણ એના જ મતને ટેકો

આપતા હતા.

યુવકો અને યુવતીઓ એવા પણ યુગમાંથી પસાર થાય છે કે જ્યારે તેમને ચારિત્ર્યશૈથિલ્યમાં દોષ દેખાતો નથી. એટલું જ નહિ; એમાં જ હિમ્મત, બહાદુરી, સાહસ અને બંડખોરપણાનો અર્ક હોય એમ લાગે છે! જૂના નીતિશાસ્ત્રને કે નીતિરૂઢિને અમે ગણકારતાં જ નથી અને એમાં જ અમારા યૌવનની સાચી ખુમારી સમાયલી છે, એમ માની અનેક સાહસોમાં તેઓ ઊતરી પડે છે. અનિવાર્ય, લોખંડી કુદરત આવાં યૌવનોને હસતી તેમનો ભોગ લેતી જ જાય છે અને અંતે બંડખોર–યુવાન યુવતી મોટે ભાગે બંધન મનાતા લગ્નમાં પરોવાઈ જાય છે.

બી.એ.ની પરીક્ષા પસાર કર્યાનો આનંદ માણતી કપિલાને સુધાકર ઘણું એકાંત આપતો. એક દિવસ તેણે કપિલાને એકાંતમાં કહ્યું : 'કપિલા! મને હવે સમજાય છે કે મારે અને તારે લગ્ન કરી નાખવાં!'

'મને પણ એમ લાગવા માંડ્યું છે. મને વાંધો નથી. તું કહે તે રીતે સિવિલ મેરેજ અગર આર્ય...'

'તું મને બરાબર સમજી નહિ. હું અને તું લગ્નમાં સાથીદાર નહિ બની શકીએ.' સુધાકરે કહ્યું.

'એટલે?' ચમકીને કપિલાએ પૂછ્યું.

'એટલે એમ કે...વગર લગ્નના પ્રેમમાં ભારે જોખમ...એટલે કે "પ્રિવેન્ટિવ"...સંતતિનિરોધનાં સાધનો વધી ગયાં છતાં...'

'સુધાકર! તું શું બકે છે?'

'ભૂલ સુધારવી રહી ને?'

'કોઈ છોકરી સાથે લગ્ન કરવું જ પડે એવો તેં સંજોગ ઊભો કર્યો છે, નહિ?'

'લગભગ એમ જ...અને હું તજવીજ તો કરું છું કે વગર લગ્ને એ ભય પતી જાય...જો ત્યાં સુધી તું થોભી જાય તો સંભવ

છે કે હું તારી સાથે લગ્ન કરું...પણ...હું તને એટલો ચાહું છું કે લગ્ન ગમે ત્યાં કરીશ તો ય...'

'સુધાકર, તું તારા મહત્ત્વના કામમાં રોકાઈ જા. મને હવે મળવાની જરૂર નથી.' કડક મુખ કરી કપિલા બોલી.

'મળ્યા વગર તો રહેવાશે જ નહિ.'

'આજ સુધી હું તારું રમકડું હતી, નહિ ?'

'પુરુષ અને સ્ત્રી એ કુદરત દીધાં પરસ્પરનાં રમકડાં જ છે.'

'મારે કોઈનું પણ રમકડું બનવું નથી.' કહી ઊભી થઈ કપિલા ત્યાંથી ચાલી ગઈ. જતે જતે માત્ર એણે સુધાકરના શબ્દો સાંભળ્યા : 'ભૂલ ન કરીશ. તું યે લગ્ન કરી નાખ.'

કપિલાનો દેહ કંપી ઊઠ્યો. સુધાકર તો ત્યાંથી ચાલ્યો ગયો, પણ કપિલાના હૃદયમાં એક મહા ભય મૂકતો ગયો. ધનિક માતા-પિતાનો સુધારક ગમે તે રસ્તો—પૈસો ખર્ચીને, લગ્ન કરીને પણ બચી જાય. સુધાકરની ધમકી સાચી પડે તો કપિલાએ ક્યાં જવું ? શું કરવું ? સામાન્ય સ્થિતિની માતા પણ દોઢ વર્ષની તેને એકલી મૂકી સ્વર્ગવાસી થઈ હતી ! હવે ?

સ્ત્રીનું માનસ ભારે કલ્પનાઓનું સર્જક હોય છે. આઝાદી ચાહતી કપિલા, આઝાદીનો અવતાર બની ફરતી કપિલા કલ્પનાની ઉગ્રતાને લીધે જ પોતે આઝાદ બની ચૂકી એમ માનતી હતી. સુધાકરે કહેલો ભય તેના હૃદયમાં પ્રવેશ્યો, તે સાથે જ તેના તંગ માનસમાં અનેકાનેક સ્વપ્નો તરી આવ્યાં ! અને એ સ્વપ્નોની પરંપરાએ તેને મૂર્છિત બનાવી દીધી.

તંગ માનસને એક મૂર્છાએ કળ વળતી નથી. પછી તો એ ટેવ બની જાય છે. અતિ વિચાર દેહને વારંવાર પટકી નાખે છે. એના મિત્રો અને સહચારીઓએ એને વારંવાર મૂર્છિત બનતી નિહાળતાં તેને ડૉક્ટર પાસે જવાની સલાહ આપી. એક બાનુ ડૉક્ટર પાસે કપિલા ગઈ. તેને તપાસી એ અનુભવી અને મધ્યવયી બાનુએ

સલાહ આપી : 'દવાની કાંઈ જરૂર નથી. છતાં આપું છું; પણ મારી સલાહ છે કે તું પરણી જા.'

કપિલાને વધારે ભય ઉત્પન્ન થયો. ડૉક્ટર પણ એ જ સલાહ આપે છે! એનો શો અર્થ? તેણે પૂછ્યું : 'ડૉક્ટર! તમે ક્યાં પરણ્યાં છો? તમે પણ "મિસ" છો!'

'ચાવળી ન થા. તું ડૉક્ટર છે?'

'જેને પરણવા માગતી હતી તે ના કહે છે.'

'એને નાખ બાજુ ઉપર. તને ના કહેનાર નાલાયક તને ન પરણે એ જ સારું. અને તારા જેવી રૂપાળી છોકરી...જેને તું કહીશ તે તને પરણી જશે.' હસમુખી બાનુ ડૉક્ટરે હસતે હસતે કહ્યું.

ગંભીરતા વધારી કપિલાએ પૂછ્યું : 'બીજો ઇલાજ નથી?'

'પહેલી હા પાડનારને જ પરણી જા.' ડૉક્ટરની મજાક પણ દવા જેવી જ તીખી હોય છે – કડવી ન હોય ત્યારે. પછી એ ડૉક્ટર પુરુષ હોય કે સ્ત્રી!

કપિલાને આ સલાહમાં અને મજાકમાં ગૂઢાર્થ દેખાયો. તેની કલ્પનાએ તેને લગભગ ઘેલી બનાવી દીધી. તેના મૂર્છિત બનતા માનસે તેનામાં એક જાતનો ભયંકર નિશ્ચય જન્માવ્યો. જેના પ્રેમ ઉપર વિશ્વાસ હતો એણે જોખમમાં પડવાની ના પાડી! અને કપિલા – એકલી બનેલી કપિલાને લાગે કેટલું જોખમ? ડૉક્ટરે કહ્યું તેમ કોઈ પરણનાર ન નીકળે તો? જનતાને મુખ કેમ બતાવાય? આઝાદીનાં શોખીન સ્ત્રીપુરુષો જનતાની નિંદાથી જેવાં ડરે છે એવાં બીજાંથી ભાગ્યે જ ડરતાં હશે!

સંધ્યાકાળે એકાંત સાર્વજનિક બગીચાની એક ઘટા નીચે બેસી કપિલાએ એક લાંબો પત્ર લખ્યો. પત્ર ફરી ફરી વાંચ્યો. વાંચતે વાંચતે તેની આંખમાં આંસુ આવ્યાં. આંસુ આવતાં બરોબર તે બેભાન બની ઢળી પડી. અકસ્માત વિજય ત્યાંથી પસાર થતો

હતો. એણે આ મૂર્છિત યુવતીને જોઈ, ઓળખી, તેને પવન નાખી શુદ્ધિમાં લાવવા પ્રયત્ન કર્યો. એનું તાણ વળી રહ્યું એટલે તેણે તેના હાથમાં દબાઈ ફાટી જતા કાગળને કાઢી જોઈ ઝડપથી વાંચ્યો, પાછો તેના હાથમાં મૂક્યો અને તેને સુવાડી એક વેલના પડદા પાછળ તે સંતાયો.

કપિલાની મૂર્છા વળી. તે પૂરી શુદ્ધિમાં આવી; જરાં ફાટેલો ચૂંથાયલો કાગળ પણ તેના હાથમાં જ હતો એ જાણી તેને સંતોષ ઊપજ્યો. તેના મુખ ઉપર ઘેલછાભરી દૃઢતા ફેલાઈ. પાસે પડેલી બૅગમાંથી તેણે શીશી કાઢી, સૂંઘી, તેને હોઠ પાસે લઈ જતાં બરોબર પાછળથી તેના હાથને કોઈએ મજબૂતીથી પકડી લીધો. કપિલા ચમકી. એણે પાછળ જોયું. સ્વસ્થ, હસતું મુખ રાખી ઊભેલો વિજય તેની દૃષ્ટિએ પડ્યો.

'વિજય! છોડી દે હાથ. બધા દુશ્મનો કેમ પાક્યા છો?' કપિલાએ કહ્યું.

'ત્યારે તું મને ઓળખે છે ખરી. તારાથી બેત્રણ વર્ષ હું આગળ ભણતો હોઈશ.'

'તું યે મને ઓળખે છે, એમ?'

'જરૂર. આખું નગર તને ઓળખે છે. તું કપિલા! આખી કૉલેજની માનીતી...'

'વારુ, મારી દવા મને પી લેવા દે.'

'તારી દવા મારે ચાખી જોવી છે. એ દવા હશે તો પીવા દઈશ.'

'શી ઘેલી વાત કરે છે? મારી દવા તે તારાથી પિવાય?'

'તારાથી પિવાય એ બધી જ દવા મારાથી પિવાશે.'

'મારો કાગળ – તેં વાંચી લીધો શું?'

'તારો કાગળ? કયો? હું શા માટે વાંચું?'

'ત્યારે તું મને મારી દવા પીતાં કેમ અટકાવે છે? તને

કદાચ ખબર નહિ હોય...મને તાણનું દરદ શરૂ થયું છે. એટલે આ દવા વારંવાર પીવી પડે છે.'

'કપિલા! તાણના દર્દીઓ આમ એકાંતમાં આવે જ નહિ અને આમ શીશીઓ સાથે ફેરવે જ નહિ. મને ભય છે કે એમાં ઝેર ભર્યું છે.'

'તો ય તેમાં તારે શું?'

'મારો હક્ક છે કે મારે તને ઝેર પીતાં રોકવી.'

'તારો કયો હક્ક? નથી તું મારો સગો; નથી તું મારો મિત્ર; માત્ર આછું ઓળખાણ...'

'તું કહે તો તારો મિત્ર થાઉં! તું કહે તો તારો સગો બનું! તારો ભાઈ...?'

'તું મને પરણી શકશે?'

'એ ખરું! જરા વિચારપ્રેરક પ્રશ્ન છે! કદાચ મને પણ તાણનું દર્દ એમાંથી થાય!' સહેજ ચમકીને વિજયે જવાબ આપ્યો.

'તો પછી તું તારે માર્ગે જા. વિચાર કરીને આવજે.'

'પણ ત્યાં સુધી તું આ શીશી નહિ વાપરે એવું વચન આપીશ?'

'હું એ વચન આપતી ય નથી; અને આપું છું તો તે પાળતી પણ નથી.'

'કપિલા! તેં મને ભારે મૂંઝવણમાં નાખ્યો. કાં તો પરણ, નહિ તો હું ઝેર પીઉં: આ તારી શરત ને?'

આ ઢબે મુકાયેલી પરિસ્થિતિ કપિલાના માનસને સહજ હળવું બનાવી શકી. તેણે મુખ મલકાવી કહ્યું: 'હા, એમ જ.'

'એની વિરુદ્ધ દલીલ ચાલે ખરી?'

'ના.'

'તારી શરત કબૂલ. તારે ઝેર ન પીવું, અને મારે તારી સાથે લગ્ન કરવું.'

'વિજય ! તું શું કહે છે ?' કદી નહિ ધારેલા સ્વીકારથી ચકિત બનેલી કપિલાએ કહ્યું :

'હું હું વચન આપતો નથી; પણ આપું છું ત્યારે પાળું છું.'

'વિજય ! તું મને ઓળખતો નથી. હું ઝેર પીવા કેમ તૈયાર થઈ હતી તે તું જાણતો નથી છતાં...!'

'જો, કપિલા ! હવે વધારે લાંબી વાત નહિ. અત્યારે મારામાં ઉદારતા ઉભરાય છે. તું કહે તો હું એક જાહેરખબર છપાવું કે ઝેર પીવા કરતાં મારી સાથે લગ્ન કરવું જે જે ઝેર પીતી છોકરીને ફાવતું હોય તેણે મને ખબર આપવી.'

કપિલા હવે ખરેખર હસી પડી. તેણે શીશી બાજુએ મૂકી અને કહ્યું : 'વિજય ! જરા બેસ.'

'હવે જે કંઈ થાય તે લગ્ન પછી...'

'પણ તારે કાંઇ વિરુદ્ધ દલીલ કરવી હતી ને ?' વિજયનો હાથ ઝાલી તેને નીચે બેસાડી કપિલાએ કહ્યું.

'હવે દલીલનો ઉપયોગ નથી.'

'ધાર કે હું તને તારા વચનથી મુક્ત કરું તો ?'

'તો પેલી શીશી મને આપી દે અને એક જ વચન આપ કે તું ઝેર કદી નહિ પીએ.'

'હું કદી ઝેર નહિ પીઉં. લે આ શીશી...' કહી કપિલાએ શીશી તેને આપી. વિજયે દૂર ફેંકી તેને ઢોળી ફોડી દીધી.

'તો હું તને હવે તારે ઘેર પહોંચાડું ?' વિજયે કહ્યું.

'કેમ ?'

'તેં મને મારા વચનથી મુક્ત કર્યો....'

'ના, ના, ના. એ તો માત્ર ધારવાનું. તારી દલીલો યોગ્ય લાગે તો કદાચ મુક્ત કરું; તે પહેલાં નહિ. કહે, શી દલીલ છે ?'

'એક નહિ, અનેક દલીલો છે.'

'કહે તો ખરો ?'

'એક તો એ કે તું મને પરણીશ તો તારે સાસુનું મોઢું સાલ ઊભું થશે. મારે મા છે તે મારી જોડે જ રહે છે.'

'સાસુને હું મનાવી લઈશ.'

'ઇતિહાસમાં એવો હજી એક દાખલો બન્યો નથી. વિચાર કર.'

'વિચાર કર્યો. એ દલીલ ગ્રાહ્ય નથી.'

'વારુ. બીજી દલીલ એ કે હું માત્ર સામાન્ય શિક્ષક જ છું. હું નથી અમલદાર, નથી વકીલ, નથી મિલમાલિક, નથી નેતા લોકો મને "માસ્તર" "માસ્તર" કહી બોલાવે છે. પરણ્યા પછી એ તને જરા ય ગમવાનું નથી.'

'એની મને હરકત નથી. હું જાણું છું તું શિક્ષક કેમ થયો છે તે. એક વખત હું પણ તારા એ શિક્ષક બનવાના નિશ્ચયને હસતી હતી; હવે હું નહિ હસું. બીજા હસશે તેની મને પરવા નથી.'

'અને મને જિંદગીભર પૈસો મળવાનો નથી.'

'હું પૈસા વગર ચલાવીશ.'

'હવે, બીજી એક દલીલ રહી. પણ એ સાચી હોવા છતાં કહીશ તો મારી નીચતા દેખાશે.'

'કહે, મારા સોગન!'

'હું અને તું એકબીજાને દૂરથી ઓળખીએ. તેં મારામાં રસ લીધો નથી, મેં તારામાં રસ લીધો નથી. મારે અને તારે કશી મૈત્રી નથી. સ્નેહની જેમાં ખાતરી નથી એવા લગ્નનું જોખમ તું ઉઠાવે એ કેમ બનવા દેવાય?'

'તેં બાળલગ્ન કર્યું હતું એમ માનજે; હું ગળે પડી તને પરણી છું એમ માનજે. એ સિવાય બીજી કાંઈ દલીલ?'

'બીજી દલીલ તો હવે તું શોધી કાઢે ત્યારે!' કહી માથે હાથ દઈ વિજય બેઠો.

કપિલા વિજય સામે જોઈ રહી. તેનું હૃદય હાલી ઊઠ્યું.

આવા સજ્જન તરીકે ઓળખાતા સજ્જન તરીકે પુરવાર થઈ ચૂકેલા યુવાનને તે ભારણરૂપ બનતી હતી, તેની સજ્જનતાનો એ દુરુપયોગ કરતી હતી એમ તેને લાગ્યું. એણે ભારે હૈયે, ચિરાતા હૃદયે કહ્યું: 'વિજય ! એક દલીલ છે. એ દલીલ તને માન્ય હોય તો હું તને તારા વચનથી મુક્ત કરું છું.'

વિજયે કપિલાની સામે જોયું. અત્યાર સુધી વિજય એક યુવતીનું જીવન બચાવવાની રમત કરતો હતો. આ ક્ષણે જ તેને લાગ્યું કે કપિલા તરફ તેને કોઈ અકથ્ય ભાવ ઉદ્ભવ્યો છે કપિલા તેને વચનથી બાંધી રાખે એમ જ તેને ઇચ્છા થઈ. તેણે સહજ કહ્યું: 'તો એ દલીલ જ જવા દે ને?'

'એ દલીલ જતી કરું તો મારી નીચતા વધી જાય, વિજય ! મારો ભૂતકાળ તને ખબર છે?'

'કપિલા ! તારો ભૂતકાળ મારે ન જોઈએ. તારું ભવિષ્ય પણ મારે જોવું નથી. તારો વર્તમાન હું ચલાવી લઈશ. સહુના ભૂતકાળ ઝેર પીવા જેવાં જ હોય છે, માટે એની વાત જ ન કરીશ.'

'એ હું કહીશ નહિ ત્યાં લગી...'

કપિલાના મુખ ઉપર વિજયે હાથ મૂકી દીધો...અને લગ્ન ન કરવાનો નિશ્ચય કરી શિક્ષણને સર્વસ્વ સોંપી બેસનાર વિજયે કપિલા સાથે લગ્ન કર્યું. બન્નેને લાગ્યું કે તેમણે આઝાદીનો જરા ય ભોગ આપ્યો નથી.

૩

આ આખી સૃષ્ટિ કપિલાની આંખ આગળ પુનરાવર્તન પામી, અને મોટર કારનું ભૂંગળું સંભળાયું. કપિલાનું હૃદય ધડકી ઊઠ્યું. જેને મળવું ન હતું, જેને મળવાની કદી ઇચ્છા પણ રાખી ન હતી, તે જ સુધાકર તેને મળવા આવતો હતો ! બેશરમ !

પરંતુ કપિલાનું ઉગ્ર તેજ શાન્ત પડી ગયું હતું. એક સમય

હતો કે જ્યારે તે વણ ઇચ્છ્યા પુરુષને ધક્કો મારી કાઢી મૂકવાની તાકાત ધરાવતી હતી. આજ તેનું જ હૃદય ધબકી ઊઠતું હતું. અને બહારથી વિજય આવ્યો ત્યારે સુધાકર સામે જરા ય નજર નાખ્યા વગર રસહીન વાત કરતી કપિલા કાંઈ ચાના પ્યાલા અને નાસ્તો મૂકી રહી હતી. વિજયની પાસે બાળકી હતી તે પોતાની માતા પાસે દોડી ગઈ, અને વિજય કહ્યું : 'માફ કરજે, સુધાકર ! ઘર નાનું છે, અને બીજો ખંડ નથી; એટલે અહીંથી જવું પડે છે. મજામાં છે ને ?

'જરૂર ! કપિલાને મળવા તો હું વિમાનમાં આવ્યો. શોફરને તારું ઘર જ ન જડે એટલે જરા વાર થઈ...પછી તું તો માસ્તર જ રહ્યો, નહિ ?' સુધાકરે છટાબંધ, ધનસંપત્તિની છાલકો વાગતી દેખાય એવી ઢબે જવાબ આપ્યો.

'જો ને સુધાકર ! બધા જ વિમાન અને કાર માણે તો કોઈએ તો માસ્તર થવું રહ્યું જ ને ?'

'ભાઈ ! તું તો પહેલેથી જ આદર્શવાદી...ધૂની ! એ ધૂન હવે મટી હોય તો મને કહેજે, હું તને આંખ મીંચી ઉઘાડતામાં લખપતિ બનાવી દઉં !' કહી સુધાકરે ગર્વથી કપિલા સામે જોયું.

'એવું હશે તો કહીશ. પણ હજી ધૂન મટી નથી, અને આંખ મીંચી ઉઘાડતાં બરાબર લખપતિ બની જવાય એવો જાદુ હજી ગમતો નથી...'

'તારી વાત તું જાણે ! પણ તેં આ કપિલાને કેવી બનાવી દીધી છે ?'

'એટલે ? કોલેજમાં હતી એના કરતાં વધારે રૂપાળી લાગે છે, મને તો !'

'પણ એનો જુસ્સો ક્યાં ગયો ? એની આગ ક્યાં ગઈ ? એનું તેજ ક્યાં જતું રહ્યું ?'

'તે લે હજી પૂછ્યું નહિ ? તું આવ્યો ક્યારે ?'

'મારે આવ્યે તો કલાક થવા આવ્યો, પણ એ પૂરું બોલે છે જ ક્યાં? એને શું થઈ ગયું છે એ જ સમજાતું નથી. તેં તો એને જૂની ઢબની વહુ બનાવી દીધી લાગે છે! ઘરરખુ ગૃહિણી, નહિ?' કહી સુધાકરે ખડખડ હાસ્ય કર્યું અને કપિલ સામે નિહાળ્યું.

વિજયે પણ તેની સાથે વિવેકભર્યું હાસ્ય કર્યું અને કપિલા સામે જોઈ કહ્યું: 'કેમ કપિલા! સુધાકરને આવી ફરિયાદ કેમ કરવી પડે છે?'

'એની સાથેની વાત તો વર્ષો પહેલાં પૂરી કરી દીધી છે.' કપિલાએ જરા બાજુએ જોઈ કહ્યું.

'જો ને સુધાકર! બહુ વર્ષે તું દેખાયો એટલે જરા કપિલા શરમાતી હશે તમારી મૈત્રી તો કેટલી ગવાતી હતી!'

સુધાકર સહજ ખમચ્યો. પણ તેને પ્રત્યેક સંજોગ ઉપર વિજય મેળવતાં આવડતું હતું. તેણે પોતાની ચબરાકીને તેજસ્વી બનાવી કહ્યું: 'હું જે કપિલાને ઓળખાતો એ કપિલા કદી શરમાતી નહિ. તું માસ્તર! તારી સાથે પરણીને એ 'સભ્ય, શિષ્ટ, સુશીલ બની ગઈ છે. મારાથી તો આ કપિલા ઓળખાતી જ નથી.'

'જેને કોઈ ન પરણે એને બિચારો માસ્તર પરણે! શું થાય? પણ જો, તારે અહીં જમવાનું છે. તને સમય પણ મળશે અને કપિલાની શરમ પણ ઊખડી જશે.' વિજયે કહ્યું. વિજયનું મુખ હસતું હતું છતાં કપિલા જોઈ શકી કે એમાં કાંઈ અવનવું તત્ત્વ પણ દેખાઈ રહ્યું હતું.

'ના ના, એ તો અશક્ય છે! તેં વાંચ્યું નહિ આજના છાપામાં, કે મારા માનમાં એક જમણ રાત્રે ગોઠવાયું છે?' સુધાકરે કહ્યું.

'ના ભાઈ! ક્યાં?

'રોટરી કલબમાં. શું તું યે! માસ્તર તો માસ્તર જ રહ્યો!'

'તારું ભાષણ પણ હશે—'

'હા, વાતચીત.'

'શાના ઉપર ?'

'નવી દુનિયાનું આર્થિક ઘડતર...'

'દુનિયા કાંઈ નવી લાગતી નથી ! હશે, તો કાલે આવજે.'

'કાલ તો રહેવાય એમ છે જ નહિ; હું ક્યારનો કપિલાને વિનવી રહ્યો છું કે એ મારાં મહેમાન તરીકે આજના જમણમાં મારી સાથે આવે.'

'ભલે, જઈ આવ. બહુ વર્ષે તમે મળો છો. તારે જવું જોઈએ, કપિલા !' વિજયે કહ્યું.

'છોકરી નાની છે. એને કોણ રાખે ?' કપિલાએ જવાબ આપ્યો.

'અરે ! હું રાખીશ. હું પરણ્યો છું શા માટે ?' વિજયે કહ્યું.

'સાચું. હવે તો બાળઉછેરમાં પતિએ પણ ભાગ લેવાનો છે.' સુધાકર બોલ્યો.

'હું વિજયના સાથ વગર ક્યાંયે જતી નથી.' કપિલા બોલી.

'અરે ! સુધાકર; આ તારી કપિલા તો એટલી પતિવ્રતા બની ગઈ છે કે શું કહું ! મને ઘણી વાર મુશ્કેલીમાં મૂકી દે છે' વિજયે કહ્યું.

'એમ ? કોણ કહી શકે કે જે કપિલા લગ્નમાં માનતી ન હતી તે આવી અંધ-પતિભક્ત બની જશે ?' સુધાકરે સહજ નિઃશ્વાસ નાખ્યો.

વિજયાના મુખ ઉપર સહજ કડવાશ આવી—જોકે તેણે પોતાને; હાથ મુખ ઉપર ફેરવીને કડવાશને જાણે ખસેડી નાખી.

કપિલાના મુખ ઉપર સહજ ભય દેખાયો. સુધાકર એના, એટલે કપિલાના ભૂતકાળમાં ન જાય તો વધારે સારું એમ તેને લાગવા માંડ્યું. પરંતુ સુધાકરને રોકવો કેમ ? એ પોતે જ કપિલાના ભૂતકાળનો એક ટુકડો હતો !

'કદાચકપિલા તને પરણી હોત તો પતિભક્ત ન પણ બની હોત! સંજોગો માનવીને ઘડે છે.' વિજયે કહ્યું, અને તેણે મુખ ઉપર સ્મિત ફેલાવ્યું.

સુધાકરની પણ આંખ ચમકી. આ એક ત્રણ ટકાનો 'માસ્તર' તેના ભૂતકાળની કીર્તિસમી કપિલાને ઝૂંટવી બેઠો છે એની બડાશ મારે જ જાય છે! એમ? આજ નહિ તો આવતી કાલ: એ કૈંક કપિલાઓ અને કૈંક વિજયોને ખરીદી શકે એમ છે! છતાં વિજયના અભિમાનને હવે ફટકો મારવાનો સમય આવી ચૂક્યો છે એમ માની તેણે મોરચો બદલ્યો અને કહ્યું: 'બાળકી બહુ મિઠ્ઠી છે!'

'છોકરીઓ બધી જ મિઠ્ઠી હોય–સ્વાભાવિક છે.' વિજયે કહ્યું.

'એનું નામ શું પાડ્યું?'

'કાંઈ નહિ. હજી તો "બબી" "બબી" કહીએ છીએ.'

'શું તું યે વિજય છે? "બેબી" પણ કહેતો નથી?'

'કોણ એક માત્રાનો ભાર વધારે?'

'હલો! બેબી! રમકડાં આપું કે ચોકલેટ? પાસે આવો!' કહી સુધાકરે મેજ ઉપરથી એક ચોકલેટનું પાકીટ લઈ આગળ ધર્યું.

બાળકી એની સામે જોઈ રહી. અજાણ્યા માણસ પાસે જવું કે કેમ? અને જવું તો ચોકલેટનું પડીકું લેવું કે કેમ એ મહત્ત્વના પ્રશ્નોમાં ગૂંચવાયલી બાળકી ત્યાં જ ઊભી રહી.

'જાઓ, પાસે જાઓ!' વિજયે કહ્યું.

છતાં આગળ ન વધતી બાળકી તરફ નિહાળી કોઈને પણ સંબોધન કર્યા વગર સ્વગત ઉદ્‌ગાર કાઢતો હોય એમ સુધાકર બોલ્યો: 'બિલકુલ મળતી આવે છે!'

'શું? કોણ? કોને મળતી આવે છે?' કપિલાએ વિહ્વળ બની પ્રશ્ન કર્યો–તેનાથી પ્રશ્ન પૂછાઈ ગયો.

'મારી એક બહુ નાનપણની છબી છે; કદાચ મેં તને બતાવી

પણ હશે. “બેબી” શું બરાબર એવી નથી લાગતી?’ સુધાકરે છેલ્લું ઝેર રેડ્યું.

કપિલાના અંગેઅંગમાં થડકાર વ્યાપી ગયો. વિજયે બાળકીને પોતાની પાસે લીધી અને હસતે મુખે સુધાકરની સામે ધરી પૂછ્યું : ‘બહેન! જો તને ચોકલેટ આપે. તું માગીશ તે તને આપશે. કારમાં બેસાડશે! જાઓ, એમની પાસે બેસો!’

સુધાકરે હસતું મુખ કરી સામે સમર્પાતી બાળકીને લેવા પ્રયત્ન કર્યો. ગૂંચવાયલી બાળકીને કાંઈ સમજ ન પડી. પોતાને જાણે ઝૂંટવી લેતા સુધાકરના મુખ ઉપર નાનકડા હસ્તે એક લપડાક લગાવી વિજયના હસ્તમાં તે પાછી લપાઈ ગઈ.

સુધાકર ઝાંખો પડ્યો છતાં વધારે ઝેરભર્યો ડંખ દેતો હોય તેમ તે બોલ્યો :

‘આ તો કૉલેજની કપિલા જ બાળકી બની આવી જાણે!’

‘સુધાકર? કપિલાના ભૂતકાળમાં ન જવાનું મેં પણ લીધું છે; તને ખબર ન હોય તો જાણી લે!’ વિજયે મુખ ઉપર સખ્તાઈ લાવી કહ્યું.

હાર્યા જુગારીના બેફામ સાહસથી સુધાકરે જવાબ વાળ્યો : ‘એ તેં બરાબર પણ લીધું છે! તને કપિલાના ભૂતકાળની શી ખબર? સોમપાન સહુને લભ્ય નથી.’

બાળકીને નીચે મૂકી વિજયે બંને હાથની બાંહ્ય ઊંચી ચડાવી. કૉલેજ યુગમાં વિજયની એક અજેય કસરતબાજ તરીકેની ખ્યાતિ હતી તે સુધાકર તેમ જ કપિલાને યાદ આવી. બન્નેનાં હૃદય ધડકી ઊઠ્યાં. વિજયે સુધાકરના સફાઈદાર કોટને ગળા આગળથી પકડી એક જ ઝપાટે સુધાકરને ઊભો કરી દીધો, અને તેની સામે એકી ટશે નિહાળી કહ્યું : ‘સુધાકર! કપિલાનો ભૂતકાળ હું જાણું છું. તને સંભળાવું : કપિલા એક રંગીન, રોમાંચક, આકર્ષક, તેજસ્વી યુવતી હતી; ખરું? ભૂલ હોય તો કહેજે.’

'બરાબર.' સુધાકરે સહજ ભય પામી જવાબ આપ્યો.

'તારી સાથે એને પરમ મૈત્રી હતી–ગાઢ સ્નેહ હતો; નહિ ?' બહુ સાચું.'

'પછી તું એવી સ્થિતિમાં આવી પડચો કે કપિલા સાથે લગ્ન થઈ શકયું નહિ.'

'એનો તો હું જીવનભર શોક કરી રહ્યો છું.'

'એ શોક દૂર કરવાનો સમય તારી મુઠ્ઠીમાં આવી ગયો છે હવે.'

'એટલે ?'

'એટલે એમ કે તારી અને કપિલાની વચ્ચે આવેલી એક કમનસીબ યુવતી અને તેના સંતાનને તું વગે કરી શક્યો છે.'

'વિજય! સંભાળીને બોલ; બદનક્ષી થાય છે.'

'બદનક્ષી ? તારો આખો નકશો જ બદનક્ષીથી રંગાયલો છે.'

'તું શું કહેવા માગે છે ?'

'હું પૂરી વાત સંભળાવીશ. ઉતાવળ ન કર. તારી અને કપિલાની વચ્ચે હું આવી રહ્યો છું... આંખ દૂર ન કરીશ. મારી સામે બરાબર જો...હાં, એમ ! અને મને દૂર કરવા તું વિમાન લાવ્યો, કાર લાવ્યો, કપિલાને લલચાવવા તું અલંકારો લાવ્યો, અને તારી મોહક વાણી લાવ્યો...'

'તારો એ વહેમ છે, વિજય !' સુધાકરે આર્જવપૂર્વક કહ્યું.

'મારો નહિ, એ તારો વહેમ છે. તેં ધાર્યું હતું કે કપિલા એથી લલચાઈ જશે.. પણ એમાં તું સફળ ન થયો...'

'કપિલા ! કહે, સાચું કહે...' સુધાકરે જરા ભય પામી કહ્યું.

'એને ન પૂછીશ. એનું જીવન ઝેર કરવામાં તેં કાંઈ જ બાકી રાખ્યું નથી. હવે એક પાસો બાકી હતો તે તેં નાખી જોયો. બાળકીનું મુખ તારા જેવું છે, ખરું ? બોલ જવાબ આપ. બાળકીએ તો તને સચોટ જવાબ આપ્યો. ઓ ઝેરી નાગ ! તારું ઝેર

કપિલા અને હું ક્યારનાં યે પી–પચાવી ગયાં છીએ. હવે રમત કરવી હોય તો બીજે કરજે, અહીં નહિ! છોકરીની ધોલ ખાનાર ઉપર હું હાથ ઉપાડતો નથી. નહિ તો...ઉઠાવ પગ ? પાજી ! ' કહી વિજયે જબરદસ્ત ધક્કો માર્યો અને સુધાકર પડતો આખડતો ઝડપથી દાદર ઊતરી ચાલ્યો ગયો.

મોટરનું ભૂંગળું વાગતાં બાળકી બારી પાસે દોડી ગઈ.

કપિલાએ પાણીનો પ્યાલો વિજય પાસે ધર્યો. પાણી પીતે પીતે વિજયે પૂછ્યું : ' કપિલા ! હવે તને શાન્તિ થઈ ? '

' શાન્તિ શી બાબતની ? '

' તારો ભૂતકાળ કહેવા તું બહુ આતુર હતી. મારે તે સાંભળવો ન હતો, છતાં તે કહેવાઈ–સંભળાઈ ગયો. હવે કાંઈ બાકી નથી ને ? ' વિજયને મસ્તકે હાથ ફેરવી તેને માટે ચાનો પ્યાલો તૈયાર કરી કપિલાએ વિજય પાસે મૂક્યો અને તે સહેજ દૂર જઈ એક પત્ર લખવા બેઠી. વિજય કાંઈ બોલ્યો નહિ. કાગળ લખી રહી કપિલાએ પૂછ્યું : ' વિજય ! હું કોને પત્ર લખતી હોઈશ ? '

' સુધાકરને.'

' એમાં શું લખ્યું હશે ? '

' ફરી આવવાનું.'

' તારામાં દિવ્ય દૃષ્ટિ છે ! ખરેખર એમ જ લખ્યું છે, અને વધારામાં એને ધન્યવાદ પણ આપ્યો છે કે એ મને છોડી ન ગયો હોત તો હું મારા વિજય સરખો જીવનસાથી ક્યાંથી પામી હોત ? '

કપિલાના મુખ ઉપર શાંતિભર્યો પ્રકાશ છવાયેલો હતો.

' એની નીચે હું પણ સહી કરી આપું ! ' વિજયે કહ્યું.

' લે, સહી કર...વાંચીને.' કપિલાએ પાસે આવી પત્ર વિજય પાસે મૂક્યો.

વિજયે પત્ર વાંચ્યો, અને તે હસ્યો. હસીને કપિલા સામે તેણે જોયું. કપિલા વિજયના મુખ સામે તાકીને જોતી હતી.

'તું શું જોયા કરે છે મારા મુખ સામે ?' વિજયે પૂછ્યું.

'તારા સરખા પુરુષનું મુખ જોતાં હું ધરાતી નથી...પણ તું કેમ મારી સામે મીટ માંડી રહ્યો છે?' બાળકી હજી બારીએ જ ઊભી ઊભી રસ્તાની અવરજવર નિહાળતી હતી. પતિ અને પત્ની પરસ્પર મુખ સામે જોતાં હોય ત્યારે કોઈ ત્રીજાએ ત્યાં આંખ માંડવી જ નહિ ! સાસુ સીડી ચઢી ધીમે ધીમે આવતાં હતાં તે પાંચ પગથિયાં પાછાં ઊતરી ગયાં, અને જરા રહીને બોલતાં બોલતાં પાછાં ધીમે ધીમે ચઢ્યાં : 'હે કૃષ્ણ ! હે યાદવ ! હે સખેતિ !'

પ્રભુના નામોચ્ચાર સાથે જ વિજય અને કપિલાની આંખો અને મુખ છૂટાં પડ્યાં !

# ઘુવડ

## ૧

આઝાદ હિંદ ફોજમાં કોઈ ગુજરાતી હતો જ નહિ એની માન્યતા ભૂલભરેલી છે. બર્મા–મલાયાના ગુજરાતીઓએ માત્ર પૈસા આપી આઝાદ હિંદ ફોજથી છૂટાછેડા મેળવ્યા એમ કહેનારને હું મારું દૃષ્ટાંત આપું છું. હું યુદ્ધ ખેલતાં શહીદ થયો નથી એ વાત ખરી. શાહનવાઝ, ભોંસલે કે સહગલ સરખા મુકદ્દમાઓએ પ્રતિષ્ઠિત બનાવેલા સેનાનીઓ કે સેનાપતિઓમાં મારું સ્થાન નથી એ વાત ખરી છે. 'ઝાંસીની રાણી' કહેવાતી કૅપ્ટન લક્ષ્મીની માફક હું કોઈ રંગીન સ્ત્રી નથી કે જેથી ફોજને આશ્રયે રહી લગને લગને કુંવારા રહેવાનો લહાવો હું મેળવી શકું, અને લોકોનું લક્ષ્ય પણ ખેંચી શકું. છતાં હું બર્મા–મલાયાની આઝાદ હિંદ ફોજમાં લશ્કરી હતો એ વાત ચોક્કસ છે. મેં જંગલવાસ કર્યો છે, ભયંકર રાત્રિઓનાં એકાંત અનુભવ્યાં છે, અને વાઘની વચમાં હું સૂતો છું અને પળે પળે મૃત્યુને નિહાળતો હું આજ સુધી મૃત્યુથી બચ્યો પણ છું–કદાચ યુદ્ધ સિવાય પણ મૃત્યુ માનવીને ઝડપે છે એવું ગુજરાતપ્રિય દૃષ્ટાંત બનવા માટે !

યુદ્ધ અને શહીદી આઝાદી આપશે જ આપશે એમ ખાતરી થતાં હું સુભાષબોઝની સેનામાં જોડાયો. આઝાદીનો ઉત્સાહ અલૌકિક છે. એ ઉત્સાહ જેણે શસ્ત્ર ઉઠાવ્યાં હોય, જેણે વાવટા ફરકાવ્યા હોય, જેણે રુધિરસ્નાન કર્યાં હોય એ જ જાણી શકે. બર્મામાં હું આવ્યો હતો કમાવા માટે. મારા કુટુંબીઓએ, વડીલોએ બર્મીઝોને છેતરી –કહો કે વ્યાપારી કુનેહ વાપરી ભારે મિલકત ઊભી કરી હતી. મને મિલકતનો શોખ ન હતો, જોકે મિલકતનો લાભ હું મેળવ્યે જતો હતો. ધનિક હોવા છતાં ગરીબીની દાઝ દેખાડનાર અને લાખોની સંપત્તિ મેળવ્યા છતાં દેશાભિમાનની ઊર્મિ ઊછળતી રાખનાર ધનિકોનો એક વર્ગ હમણાં ઊભો થયો છે. જે વિદ્યા મેળવી વધારે ભયંકર મૂડીવાદી બનતો જાય છે. મને લાગે છે કે હું એ વર્ગનો સભ્ય હતો. હું સારું ભણ્યો. કૉલેજનું ઉચ્ચ શિક્ષણ મેં લીધું અને કલાનો શોખ પણ કેળવ્યો. એટલે વ્યાપાર અર્થે બર્મા જઈને રહેવામાં મને વ્યાપાર કરતાં બર્મી કુદરત અને કળા, સિયામચંપાના સ્થાપત્ય અને જાવા-બાલીનાં સંગીતનૃત્યના અનુભવની મોહિની વધારે લાગી હતી એમ કહું તો ખોટું નથી.

સાથે સાથે એક માનવ મોહિની પણ હું મારી સાથે લાવ્યો હતો. પરણે છે તો સહુ કોઈ–મોટે ભાગે. પ્રેમનો અનુભવ પણ કરે છે સહુ કોઈ–વર્ષ બે વર્ષ માટે. પરંતુ બબ્બે ત્રણ ત્રણ વર્ષ પરસ્પરના સાથમાં વીતી ગયાં છતાં પણ પ્રેમી રહેનાર યુગલો મેં બહુ થોડાં નિહાળ્યાં છે. એમાંના એક યુગલનો હું જોડિયો વિભાગ છું અને જીવનભર પ્રેમી રહીશ એવી મને ખાતરી છે–દેશાભિમાની હોવા છતાં !

આઝાદ ફોજને અને મારા પ્રેમને સંબંધ છે માટે હું બડાઈ હાંકું છું. મારી પત્નીનું નામ નિરુપમા. પત્નીનું નામ બોલાય નહિ, પણ લખાય તો ખરું જ; નહિ ? મારા ઘણાં સગાં, વડીલો મિત્રો બર્મા આવતાં ત્યારે પોતપોતાની પત્નીને દેશમાં મૂકીને આવતાં.

મારાથી તેમ બની શકયું નહિ, એટલે મહેણાંમશ્કરી સહન કરીને, નફફટાઈના આરોપ માથે ચઢાવીને પણ હું મારી પત્નીને મારી સાથે જ બર્મામાં લાવ્યો. એ રૂપાળી હતી – એટલી રૂપાળી કે નિરુપમા નામ મને સાર્થક લાગતું. નિરુપમાએ પણ ઉચ્ચ શિક્ષણ લીધું હતું અને પ્રાચીન હિંદી સંસ્કૃતિ અને કલાનો એણે અભ્યાસ કર્યો હતો, એટલે એને પણ બર્મા આવવાનો ઉત્સાહ હતો જ.

૨

પરંતુ બર્મામાં પગ મૂકતાં બરોબર જાહેરાત થઈ કે મિત્ર રાજ્ય અને જાપાન વચ્ચેની મૈત્રી એકાએક તૂટી ગઈ હતી અને પ્રખર યુદ્ધકૌશલ્ય દર્શાવતા જાપાનીઓ બર્માનાં બારણાં ઠોકી રહ્યા હતા. હિંદવાસીઓએ તો નિશ્ચય જ કર્યો કે સહુએ હિંદમાં નાસી જવું. ગુજરાતી પુરુષોમાંના ઘણાંને સ્ત્રી બાળકો પહેલાં નિદાન સ્ત્રી બાળકો સાથે જ ચાલ્યા જવાની પૂર્ણ ઇચ્છા હતી, જે કેટલાકે પૂરી પણ કરી! પરંતુ પછી તો ગુજરાતનું આછુંપાતળું પુરુષત્વ જરા શરમાયું અને તેણે વહાણો ભરી પ્રથમ સ્ત્રીબાળકોને હિંદમાં મોકલી દીધાં અને પોતે પાછળ રહી ધંધોરોજગાર સંકેલી–અગર સંકેલ્યા વગર હિંદ આવવાની યોજના કરી.

પરંતુ એ યોજના સફળ થાય તે પહેલાં તો જાપાની વિમાનોએ બર્મા સર કર્યું. અને મોટા ભાગના હિંદવાસીઓફાવે તેમ અસ્તવ્યસ્ત કાળેધોળે રસ્તે, પગે ચાલીને પણ નાસી છૂટચા.

નિરુપમા વહાણમાં ગઈ નહિ. સહુનો અને મારો આગ્રહ પણ તેને સ્પર્શી શકયો નહિ. જ્યાં હું ત્યાં એ એવો પ્રતિકૂળ નિશ્ચય કરી બેઠેલી એ જિદ્દી સ્ત્રી મારી પાસેથી જરા ય ખસી નહિ. એનો સાથ મને જરૂર ગમતો હતો; પરંતૃ અજાણ્યા રસ્તામાં આવતી અનેક આફતો સહન કરવાનો એને વારંવાર પ્રસંગ આવતો ત્યારે મને એની હઠીલાઈ ઉપર રીસ ચઢતી અને આખી સ્ત્રીજાત

હઠીલી છે એવા ફિલસૂફોએ બાંધેલા સિદ્ધાન્તને હું માન્ય કરતો. તોય ઉઘાડે પગે ચાલી મુશ્કેલીમાં પણ હસતું મુખ રાખી સહુને હસાવી શકતી નિરુપમા મારા શારીરિક અને માનસિક થાકનું નિવારણ કરતી હતી એનો સતત પરચો મને થતાં નિરુપમા પ્રત્યેના મારા પ્રેમમાં માનને પણ સ્થાન મળ્યું. પત્ની પ્રત્યે પ્રેમની લાગણી હોય એ શક્ય છે; પરંતુ પ્રેમ સાથે માનની પણ ભાવના હોઈ શકે એવો કાંઈક નવીન અનુભવ મને આ કષ્ટસાધ્ય મુસાફરીમાં થયો. નિરુપમાની મોહિની હતી તે કરતાં વધી. સાથે સિનેમા જોતાં જે સુંવાળો ભાવ જાગતો એના કરતાં કોઈ વધારે તીવ્ર અને જીવંત ભાવ ડુંગરના ઢોળાવ ચઢાવ સાથે ઊતરતાં ચઢતાં જાગતો. સિનેમાં જોતાં નિરુપમાના સુંવાળા હાથને હું છૂપો છૂપો સ્પર્શ કરતો; ખીણમાં ઊતરતાં કે શિખર ઉપર ચઢતાં કદાચ હું તેને સ્પર્શતો તો ય સંકોચ સહ પૂજ્ય પ્રતિમાને ભક્તિ અને ભયથી સ્પર્શતો હોઉં એમ મને લાગતું. એ મોહિની માત્ર ગળે હાથ નાખી સ્મિત કરવા યોગ્ય પૂતળી ન હતી; પૂર્ણ આધાર સહ એનો આશ્રય લેવાય, વિશ્વાસપૂર્વક એનો હાથ ઝલાય તો વૈતરણી પણ પાર કરાવી દે એવી એ તારિણી લાગતી હતી.

પરંતુ એક રાત્રે મારી એ તારિણીથી હું દૂર હડસેલાયો! અમારાથી આગળ ગયેલી એક હિંદવાસી ટોળી એક ટેકરાની પડખે આરામ લેતી હતી, ત્યાં સમીસાંજ થવાથી અમે પણ આરામ લેવાનો વિચાર કર્યો. રસ્તો બહુ ભયભર્યો ન હતો. ગુજરાતીઓને લૂંટવામાં લાભ હોય, એમને પકડવામાં કાંઈ જ લાભ થાય નહિ; ઊલટું એ માથે પડે; એવી એ પ્રજા મનાતી. એવી પ્રજા ઉપર ગોળીઓ ફેંકવી એ પણ દારૂગોળાનો મિથ્યા વ્યય ગણાય; એટલે લૂંટાવા સિવાય અમને બીજો કાંઈ ભય ન હતો, છતાં રાત્રે પુરુષવર્ગે પહેરો ભરવાની બહાદુરી બતાવી અને અમે જરા ટેકરાની આસપાસ ફરી નીચે ને ઉપર ચઢી ઊતરી સૈનિકની રમત રમવા લાગ્યા.

પરંતુ એ રમત રમત રહી નહિ. જાપાનીઓની એક ટુકડીએ કોણ જાણે ક્યાંથી અંધારામાં આવી અમને ઘેરી લીધા. બીકથી નાસવા મથતા પુરુષો ઉપર તેમણે ગોળીઓ છોડવા માંડી; કોલાહલ મચી રહ્યો. શું થયું તે સમજાય તે પહેલાં અમારામાંથી ત્રણચાર પુરુષોને પકડી જાપાની સૈનિકો ટેકરાની નીચે ઊતરી ગયા અને અમે દુશ્મનકેદી બની ગયા! નિરુપમાની મૂર્તિ મારી આંખ સામે જ ઊઘડતી; પરંતુ એ સાચી નિરુપમા ન હતી! એ કલ્પનાનું ધુમ્મસ હતું. નિરુપમા અને હું વિખૂટાં પડ્યાં! દેહ અને પ્રાણ અલગ અલગ ઊડવા લાગ્યા! એ પ્રિયપ્રાણ ક્યાં હશે, એનું શું થયું હશે, એ વિચારની ભયંકરતાએ મારા રોમેરોમમાં આગ લગાડી.

અને થોડા જ વખતમાં આઝાદ ફોજ સાથે જોડાઈ જાપાની બંધનથી મુક્તિ મેળવવાનો યોગ ઊભો થયો. જાપાનીઓના શરણાગત બનીને નહિ, પરંતુ તેમના સમોવડિયા રહી તેમની સહાયે ઊભી શસ્ત્ર ધારણ કરી હિંદ ઉપર, બ્રિટનબંધન ધારી હિંદ ઉપર આક્રમણ કરી તેનાં બંધન તોડવા આગેકદમ ભરવાની યોજનામાં હું સામેલ થયો. એ તરવરાટ, એ થરકાટ, એ ઉત્સાહ, એ ઉન્માદ અકથ્ય હતાં. એ ઉન્માદમાં અમે શું શું કર્યું એનો ઇતિહાસ જ્યારે લખાય ત્યારે ખરો. એમાંથી બે સિદ્ધિઓ મને તો મળી: એક શસ્ત્રસજ્જતા અને બીજી સિદ્ધિ તે સંપૂર્ણ અભય. ગોળી, સંગીન ભાલા કે તલવારથી શત્રુને વીંધી નાખતાં મને જરા ય અરેકારો થતો નહિ; એ જ સામગ્રી સાથે દુશ્મન મારી સામે આવી મને વીંધી નાખે એનો સહેજ પણ ભય મને રહ્યો નહિ. મૃત્યુને હું તુચ્છકારી શક્યો. ગુજરાતી તરીકે મને એ મોટી સિદ્ધિ મળી.

હિંદમૈયાની આઝાદ મૂર્તિ અમારા સહુના હૃદયમાં ઊઘડવા લાગી. પરંતુ એ મૂર્તિ સાથે સાથે નિરુપમાની મૂર્તિ મારા હૃદયમાં ઊગડતી હતી એ કેમ ભુલાય? જાપાનીઓએ મને નિરુપમાથી વિખૂટો પાડ્યો હતો; પરંતુ હિંદ અને જાપાન કાંઈ વેર હતું જ નહિ. બ્રિટન

પ્રત્યે જાપાનીઓને વેર હતું, અને બ્રિટનના મહોરા તરીકે વાપરવા માટે જાપાને હિંદ ઉપર આક્રમણ ઇચ્છયું હતું, એમ વિચારતાં મારી વેરભાવના જાપાનીઓને બદલે બ્રિટિશ સત્તા પ્રત્યે દોરાઈ અને આમ હિંદની આઝાદી અને નિરુપમાનું મિલન બન્ને આદર્શો મારે મન એક બની ગયા.

૩

આઝાદ ફોજનો અંતિમ અંક સહુ કોઈ જાણે છે. અમેરિકાના ઍટમ બૉમ્બે જાપાનની જડ ઉખાડી નાખવાનો ભય ઉપજાવ્યો, અને આખા પૂર્વ એશિયામાંથી જાપાની સત્તા ઓટની માફક ઊતરી ગઈ. આઝાદ ફોજ અને એનાં શસ્ત્ર નિરર્થક બન્યાં; સુભાષબાબુનો દેહ અલોપ થઈ ગયો; અને અમે સૈનિકો બંદીવાન બન્યા – અને છૂટયા પણ ખરા. આઝાદી તો ન આવી; આઝાદીની આશા હતી એના કરતાં જ્વલંત બની. ગુજરાતી તરીકે મને એક સિદ્ધિ હાથ લાગી : યુદ્ધની આવડત, કહો કે શસ્ત્રની આવડત. શસ્ત્રથી વેગળા નાસતા ગુજરાતે શસ્ત્ર મેળવ્યું અને બીજી પ્રજા જેટલી જ યશસ્વી ઢબે વાપર્યું એટલું ભાન મને થયું.

એ સર્વ સંજોગોમાં એક મુખ મારી આંખ આગળથી દૂર થતું નહિ. હું ધસતો હોઉં કે નાસતો હોઉં, હું મારતો હોઉં કે મરવાની અણી ઉપર હોઉં, વૃક્ષ ઉપર ચઢયો હોઉં, ખોમાં બેઠો હોઉં કે પર્વતના શૃંગે ચોકી કરતો હોઉં, વિજયોન્માદમાં સૈનિકો સાથે 'જયહિંદ' પોકારતો હોઉં કે કોઈ ગુફામાં એકલો સંતાયો હોઉં : એક મુખ મારી આંખ આગળ તર્યાં જ કરતું હતું – એ નિરુપમાનું મુખ.

શા માટે એમ થતું હશે એ કોઈ પૂછશો નહિ. અને સામાન્ય સૈન્યોની માફક સૈનિકોની સ્ત્રીભૂખ પૂરી પાડવા માટે આઝાદ ફોજમાં વ્યવસ્થિત સાધન ન હતું; આવા વ્યક્તિગત પ્રયત્ન પ્રત્યે તિરસ્કારની

ભાવના અમે કેળવી હતી. અને – એવાં વ્યવસ્થિત સાધનો હોત તોપણ એ મુખનો મોહ ઘટ્યો ન હોત એની આજ પણ મને ખાતરી છે.

કેદખાને મને એક ખબર મળી કે નિરુપમા જીવે છે અને મારી રાહ જુએ છે ! જે સંજોગોમાં અમે છૂટાં પડ્યાં હતાં એ સંજોગોએ નિરુપમાના જીવનની આસપાસ ભયંકર અનિશ્ચિત વાતાવરણ ઊભું કર્યું હતું. એને જાપાનીઝ સૈનિકોએ કેદ પકડી હશે ?...અને ...યુદ્ધમાં સ્ત્રીજાતિનું શું થાય છે એ હું જાણતો હતો. સતત સ્ત્રીને શોધતી સૈનિકોની બાવરી આંખોનો મને પરિચય હતો. યુદ્ધવીર તરીકે પુજાતો એકેએક શસ્ત્રધારી નવરાશમાં કામાન્ધતાની જીવંત મૂર્તિ બની જતો. અને નિરુપમા જીવતી ન હોય તો ? બંને વિચારો મને કંપાવી મૂકતા હતા !

એટલે નિરુપમાના સમાચાર હિંદની આઝાદીના સમાચાર સરખા જ મને પ્રિય લાગ્યા. અમને સહુને એમ લાગતું કે અમને કાં તો ફાંસી કે ગોળીબારથી દેહાંતદંડ મળશે. દેહાંતદંડમાં એક સુખ છે : અપરાધીની અંતિમ ઇચ્છા પૂર્ણ કરવામાં આવે છે. મને જરૂર પૂછશે કે મારી છેલ્લી ઇચ્છા શી ? બેશક, નિરુપમાના મુખદર્શનની જ મને અંતિમ ઇચ્છા હોય ! નિરુપમાને નિહાળ્યા પછી હું સંપૂર્ણ સંતોષથી ફાંસીએ ચઢીશ કે ગોળીથી વધેરાઈશ ! બંદીખાનાનું જીવન આમ ઉત્સાહપ્રેરક નીવડ્યું.

પરંતુ મહાસભાની લડતને અંગે કે બ્રિટિશરોની ઉદારતાને પરિણામે ફાંસી કે ગોળીબારને સ્થાને અમને બંધનમુક્તિ મળી. પહેલામાં પહેલી ગાડી પકડી હું મારે ગામ અને મારે ઘેર પહોંચ્યો એ કહેવાની જરૂર ન જ હોય. અને પહેલી જ તકે હું નિરુપમાનું મુખ નિહાળીશ એ આશા અને ઉત્સાહમાં મારી લાંબી મુસાફરી સરળતાથી કપાઈ. સ્ટેશન આવતાં જ નિરુપમાને બદલે મેં એક વિરાટ ટોળું નિહાળ્યું : જેમાં મારા વડીલો, મિત્રો, ઓળખીતાઓ,

બિનઓળખીતાઓ હું જોઈ શક્યો. હું એક વિજયી સેનાપતિનું માન પામતો હતો – વિજય મેળવ્યા વગર ! સંખ્યાબંધ ફૂલહાર મને થયાં; મારો જય પોકારાયો; મને નિહાળવા માટે ગજબ ભીડ જામી; છોકરીઓએ કંકુના ચાંદલા મને કર્યા અને સ્વયંસેવકોએ મને સલામી આપી; છબી પાડનારાઓએ ચારેપાસથી મારી સામે કૅમેરા તાક્યા, અને ભણતર ભૂલી વિદ્યાર્થીવિદ્યાર્થિનીનાં ટોળાંએ મારા હસ્તાક્ષર મેળવવા મોરચા રચ્યા. મને નવાઈ લાગી કે આ બધું મને શા માટે ? મારા સરખા પરાજિતને આવું માન ન હોય. અને મને માન મળતું હોય તો માનની કિંમત અતિ સોંઘી ગણાય ! નેતાઓને મળતાં માનની પોકળતાનો મને ખ્યાલ આવ્યો, અને મને અપાતા માનથી દિલગીરી થઈ.

દિલગીરી થાય કે ન થાય; લોકભાવનાને વશ થવું જ જોઈએ ! સાથે સાથે એ પણ વિચાર આવ્યો કે આજે ફૂલહારથી ગળાને ભરી દેતી જનતા એટલી જ સહેલાઈથી ડોક ઉપર છરી પણ ફેરવે ખરી !

પરંતુ નિરુપમા ક્યાં ? ઘેર ગયો ત્યાં પણ વધારે ઓળખીતાઓ અને નજીકનાં સગાંવહાલાંએ મને ઘેરી લીધો ! વાત પુછાય, સુખદુ:ખના અનુભવના વર્ણનની માગણી થાય, એની એ વાત પુનરાવર્તિત બને અને છતાં મારી આંખ નિરુપમાને શોધતી જ રહે. ક્ષણભર નિરુપમાની રૂપવીજળી મારી આંખ સામે ઝબકી અદૃશ્ય થઈ. નિરુપમાએ પોતાનું માત્ર અસ્તિત્વ દર્શાવવા પૂરતો એ ઇશારો કરી લીધો, અને હું આખો દિવસ અને મધ્યરાત્રિ પર્યંત મારા હિતસ્વીઓ અને વખાણનારાઓની વચ્ચે બંદીવાન બની રહ્યો !

મને લાગ્યું કે મારે આજ ને આજ નિરુપમાને લઈ કોઈ અંગત જંગલ કે પહાડમાં ભાગી જવું જોઈએ !

૪

રાતના એકનો ટકોરો થયો અને કોઈ ડાહ્યા વડીલે ભેગા થયેલા ટોળાંને વિખેરી નાખ્યું. સ્નેહીઓનું ટોળું વિખરાતાં પણ કલાક કાઢી નાખે! મને સહેજ એકાંત મળ્યું અને હું નાસીને મારા શયનગૃહમાં પહોંચી ગયો. મારું હૃદય ધબકી રહ્યું હતું. સસ્મિત નિરુપમા હિંચકે બેઠી હતી હતી. હું વર્ષો પછી નવીન દુનિયમાં આવ્યો હોઉં. નવીન જન્મ પામ્યો હોઉં, એવી લાગણી અનુભવતો અવાક્ બેસી રહ્યો. અમે બન્ને શબ્દવિહીન ક્ષણો વિતાવતાં હતાં અને નિરુપમાનો રૂપેરી કંઠ રણક્યો : 'ફુરસદ મળી?'

'શું કરું? લોકોને ખ્યાલ પણ આવતો નથી કે એકાંત ઝૂંટવી લેવામાં પાપ છે.' મેં કહ્યું.

'નેતાઓને એકાંત હોઈ શકે નહિ!' નિરુપામાએ કહ્યું.

'હું નેતા છું?'

'સમજાયું નહિ? તે સિવાય આટલું માન મળે?'

'પણ મેં કર્યું છે શું?'

'દેશની આઝાદી માટે જીવનસમર્પણ કર્યું ને?'

'કોણે કહ્યું?'

'બધાં વર્તમાનપત્રો કહે છે ને! લોકો પણ કહે છે!'

'એ બધું હું ભૂલી જાઉં અને તું પણ ભૂલી જા. આપણે બન્ને સાદાં માનવી બની રહીએ.'

અને નિરુપમાની આંખ સહેજે ચમકી.

'શું હશે? મને નિરુપમા સિવાય બીજું કાંઈ જ દેખાતૃં નહિ. મારી સૃષ્ટિ નિરુપમામય બની ગઈ હતી.

'કાંઈ નહિ.' નિરુપમાએ અચાનક કહ્યું અને એ હસી.

'પણ તું ચમકી કેમ?'

'તમારા જેવા મહાન સૈનિકની પાસે બેસતાં ગમે તેને

ચમક થાય. '

'મહાન સૈનિક! હું કેમ સૈનિક બન્યો એ...'

ફરી નિરુપમા સહેજ ચમકી અને મને પણ તત્કાળ એની ચમકનું કારણ જડી આવ્યું. ઘુવડનો અપશુકનિયાળ બોલ ક્યાંકથી સંભળાતો હતો! છાપરાને કોઈ ટોડલેથી એ ઘુઘવાટભર્યો ઉચ્ચાર આવવા લાગ્યો. મને પણ સહેજ અણગમો આવ્યો.

'એ તો ઘુવડ છે.' મેં કહ્યું.

'કેટલા ય દિવસથી એ બોલે છે.'

'તને વહેમ આવે છે?'

'આવતો હતો–હવે નહિ.'

'શો વહેમ આવતો હતો?'

'તમે પાસે ન હો ત્યારે તમારી જ ચિંતા થાય ને?'

'ઘુવડના બોલને ન ગણકારી હું આવ્યો...અરે! એ બોલ્યા જ કરે છે શું?' બહાદુરી બતાવવા હું જતો હતો એટલામાં ફરી ઘુવડ બોલ્યું.

આખો દિવસ ગામે હેરાન કર્યો; વર્ષો સુધી યુદ્ધે હેરાન કર્યો; થોડી ક્ષણો આજે મળી તેમાં હવે ઘુવડ જંપ લેવા દેતું નથી! પરંતુ મારા જેવા મૃત્યુપ્રેમીને કોઈનો પણ ભય શા માટે? ભારેમાં ભારે જોખમો સહી પાર ઊતરેલા મારા જેવાને ઘુવડનો ભય હોય જ નહિ, પરંતુ કંટાળો તો જરૂર લાગે!

'બોલવા દો એને. આપણે શું? શરીર જરા સુકાયું, નહિ?' નિરુપમાએ કહ્યું.

'હવે તને જોઈશ, જોયા કરીશ એટલે મારું શરીર–કેમ ઇટ –આ ઘુવડને શું થયું છે? શા માટે એ બોલ્યા કરે છે?'

'છો બોલે! આ દોરો રાખો. સાત વખત બોલે અને દર બોલે એક એક ગાંઠ વાળવી; પછી એ દોરો પાસે રાખે તેને કશા ય અપશુકન નડે નહિ.' નિરુપમાએ ઘુવડની બોલીમાં રહેલા અપશુકનનું

નિવારણ બતાવ્યું.

'મને એવો વહેમ નથી. છતાં આજે તારું જ કહ્યું કરવું છે.' કહી મેં દોરો હાથમાં લીધો અને ઘુવડના બોલે બોલે એક એક ગ્રંથિ દોરા ઉપર વાળવા માંડી. વાતમાં અમે પરોવાયાં, છતાં મારું મન ઘુવડના ઉચ્ચારને ગણતું હતું અને ઉચ્ચારે ઉચ્ચારે એક એક ગ્રંથિ વધતી હતી. પાંચ સુધી ગણતરી થઈ અને ઘુવડનો ઉચ્ચાર લાંબા સમય સુધી સંભળાયો નહિ. દોરો અંતે આઘો મૂક્યો અને નિરુપામાનો હાથ મેં મારા હાથમાં લીધો.

પાછો ઘુવડનો સાદ સંભળાયો. એટલું જ નહિ, દૂરથી બીજી ઘુવડવાણીનો પડઘો પણ પડ્યો—જેનો જવાબ અમારી અગાશીમાંથી પાછો ઘુવડે આપ્યો.

મને ખૂબ રીસ ચઢી. કમબખ્ત ઘુવડ શા માટે અમારા એકાન્ત આનંદની વચ્ચે આવતું હતું? સમગ્ર જગત શાન્ત બની અમારી ઊર્મિઓના મિલનની અનુકૂળતા કરી આપતું હતું તે વખતે એ શાન્તિને હલાવી નાખવાનો ઘુવડને શો હક્ક હતો?

આવી રીસ પાછળ ન્યાય હતો કે નહિ એ જુદી વાત છે. ઘુવડના બોલથી હું બીતો હતો કે કેમ એનો નિર્ણય જે થાય તે ખરો. પરંતુ ખરેખર મને એ પક્ષી ઉપર ક્રોધ ચઢ્યો! કુદરતનાં તત્ત્વો ઉપર આપણું સામ્રાજ્ય નથી જ. પંખીસૃષ્ટિએ માનવીની આણ સ્વીકારી ગુલામીખત લખી આપ્યું નથી. છતાં માનવીનો રોષ માનવસૃષ્ટિ આગળ જ અટકતો નથી એ વિચિત્રતા હોવા છતાં સાચું છે!

'લાવ, અગાશીમાં જઈ હું એને ઉડાડી મૂકું.' કહી નિરુપમાનો હાથ મેં મૂકી દીધો. પરંતુ નિરુપમાએ મારો હાથે પકડી લીધો અને મને કહ્યું: 'આજે તો તમે મારું કહ્યું કરવાનું વચન આપ્યું છે, નહિ?'

'જરૂર.'

'તો ઘુવડને કાંકરો કે પથરો મારશો નહિ.'

'કારણ?'

'એમ કહેવાય છે કે એ કાંકરો ઘુવડ ચાંચમાં લઈ કૂવા કે તળાવમાં નાખે અને કાંકરો ગળતો જાય તેમ કાંકરો મારનારનું શરીર પણ ગળવા માંડે.'

૫

અગાશીમાં જોરથી પાંખો ફફડી. હિંસક ઘુવડ બનતાં સુધી પાંખ ઉઘાડતાં જરા ય અવાજ થવા દેતું નથી. યુદ્ધસમયે જંગલોમાં દિવસે બાજ અને રાત્રે ઘુવડની ચર્યા ઘણી અનુભવી હતી; છતાં મને લાગ્યું કે ઘુવડ હવે ઊડી ગયું. નિરુપમાના હાથમાં મારો એક હાથ રહેવા દઈ બીજે હાથે મેં તેના સુંવાળા વાળને સ્પર્શ કર્યો, અને વેણીમાંથી નીચે પડેલા એક ફૂલને મેં ફરી વેણીમાં ગોઠવવા માંડ્યું. પ્રિયતમાની વેણીમાં ફૂલ ગૂંથવાની કલા મને સાધ્ય ન હતી. હું પ્રયત્ન કરતો હતો એવામાં જ ફરી ઘુવડનો ઘુઘવાટ સંભળાયો. મારા હાથમાંનું ફૂલ પડી ગયું, અને એકાએક નિરુપમાનો હાથ છોડાવી હું ઊભો થયો, ખીંટીએ મૂકેલી મારા યુદ્ધજીવનના સ્મરણ–અવશેષ સમી બંદૂક મેં મારા હાથમાં લીધી અને કોઈ અપરિહાર્ય હિંસક ઊર્મિના મોજાંથી ઘસડાઈ હું અગાશીમાં દોડી ગયો.

ગોળ અંગાર સરખી ચમકતી આંખોની આસપાસ એક જબરદસ્ત પક્ષીનો આકાર ઊઘડવા માંડ્યો. માનવીને જોતાં એ પક્ષીને કશો ભય લાગ્યો દેખાયો નહિ. તેણે ઊડી જવાનો પરિશ્રમ કર્યો નહિ. છાપરાની પાંખ નીચે ગૌરવપૂર્ણ અદાથી બેઠેલા એ પક્ષીએ લાલ આંખ વડે બેપરવાઈથી મારી સામે જોયું.

'હવે તારું આવી બન્યું. બોલજે ફરી!' કહી મેં બંદૂક તાકી. ફિલસૂફ શો નિસ્પૃહ અને નીડર પક્ષી ઘૂઘૂ શબ્દોચ્ચારથી

એ મૃત્યુવાહિની બંદૂકને હસી રહ્યો દેખાયો. ક્ષણમાં ગોળી છૂટી તેના ફૂરચા ઊડી જાત ! પરંતુનિરુપમાનો કંઠ મારે કર્ણે પડ્યો અને એનો હાથ મારી બંદૂકને ખસેડી રહ્યો.

'રહેવા દો.'

'કેમ ?' મેં પૂછ્યું.

'બે ઘુવડ છે, એક નહિ.' નિરુપમાએ કહ્યું.

'હું બન્નેને મારીશ.'

'બે હોય તેમને તો મરાય જ નહિ !'

'શા માટે નહિ ?' મારી હિંસા તીવ્ર બનતી જતી હતી.

પાપ લાગે.'

'ભલે પાપ લાગે. હું આજે એ બન્નેને વીંધી નાખું છું.'

'રામાયણની શરૂઆત કેમ થઈ તે જાણો છો ?'

'તું યે ઘેલી થઈ કે શું ? રામાયણને અને ઘુવડ મારવાને શો સંબંધ ?'

'બેમાંથી એક ક્રૌંચને પક્ષીને મારતાં એવું રામાયણ રચાયું કે સીતા સદા વિયોગિની જ રહી.'

'પણ તું કહે છે શું ? સમજાય એવું તો બોલ ?'

'એકે ક્રૌંચને માર્યું ન હોત તો રામસીતાની કથામાં વિયોગ આવત જ નહિ.'

નિરુપમા ઘેલી બનતી હતી કે કાંઈ ન સમજાય એવી ગૂઢ પયગંબરી વાણી બોલતી હતી તે મારાથી નક્કી થઈ શક્યું નહિ.

'ક્રૌંચને, રામસીતાને અને અપશુકનિયાળ પક્ષીના મૃત્યુને સંબંધ શો ? તારું મન ઠેકાણે છે ને ?'

'હા. તમારા કરતાં વધારે ઠેકાણે.'

'ચાલ, પેલા બે પક્ષીઓને ઠેકાણે કરી હું તને સુવાડી દઉં.'

'હું પક્ષીઓને મારવા નહિ દઉં.' આગળ નિરુપમા બોલી. મને નિરુપમા ઉપર સહેજ ચીઢ ચઢી. મેં તેને જરા ખસેડી

અને કહ્યું: ' શી આ ઘેલછા તને લાગી છે? ક્રૌંચ, ઘુવડ, રામ, સીતા એ બધું છે શું?'

' સમજ ન પડી?'

' ના, જરા ય નહિ.'

' જોડ ભંગાય નહિ.'

' એટલે?'

' ઓ મૂરખ! જોડ શું એની ખબર નથી?' હસીને નિરુપમાએ કહ્યું.

' ના.'

' હું અને તું કોણ એ સમજાય છે?'

મારી બંદૂક ઉપરની પકડ હળવી બની ગઈ. હું સમજ્યો, છતાં નિરુપમાને ચીડવવા ખાતર પૂછ્યું: ' હજી ન સમજાયું એમ કહું તો?'

' તો હવે એટલું જ કહેવું બાકી રહ્યું કે એક ઘુવડ આજે યુદ્ધમાંથી તદ્દન જડ બનીને આવ્યો છે!'

મેં બંદૂક નીચે નાખી દીધી, અને નિરુપમાએ હાથમાં લઈ લીધી.

ઘુવડ પછીથી બોલ્યું જ નહિ; મારી ભરીભરી દૃષ્ટિમાં એના બોલને માટે સ્થાન રહ્યું જ નહિ.

# રખવાળ

૧

'એકોઽહં બહુસ્યામ્' એ ઈશ્વરસંકલ્પની જાણે સાબિતી મળતી હોય એમ એક વ્યક્તિ યુદ્ધ અને યુદ્ધ પછીના યુગમાં 'જુજવે રૂપે અનંત' સ્વરૂપ ધારણ કરી ડગલે ને પગલે આપણી નજર સામે આવ્યા કરે છે.

કઈ વ્યક્તિ?

કાંઈ પણ મિલકત હતી નહિ; એમાંથી નહિ નહિ તો ય બેપાંચ લાખની માલિકી એ વ્યક્તિની થાય જ થાય એ સહજ વાત છે! અને એકાદ લાખ હોય તેમાંથી પંદર-પચીસ લાખ કરનાર વ્યક્તિ મળવી એ પણ એટલું જ સહજ! એ વ્યક્તિને ઓળખી? યુદ્ધે દુનિયાનું જે સારું-ખૂરું કર્યું હોય એ યુદ્ધ જાણે. એણે હિંદના વ્યાપારીને તો ફાલ્યોફૂલ્યો રાખ્યો છે. 'મરી ગયો, મરી ગયો'ની બૂમ મારતે મારતે એણે કૈંક ડૂબતા ધંધાઓને તાર્યા, તળિયાં દેખાતી કૈંક તિજોરીઓને છલોછલ ભરી દીધી અને કૈંક ઘરના બંગલા જ માત્ર નહિ, પણ મહેલ બનાવી દીધા! ચીજભાવ નહોતી મળતી એમ સારી આલમમાં ઢંઢેરા પિટાયા છતાં!

એ વ્યક્તિને નામ શું આપી શકાય ? અણગમતાં થઈ પડેલાં જૂનાં નામ પણ એને આપી શકાય અને નવી નક્કર નવલકથાના નાયકને શોભે એવું નામ પણ આપી શકાય. જૂના નવા બન્ને તફાને ઘટતું, ગમે એવું નામ આપણે એને આપી શકીએ અને એ મારવાડી સ્વાંગ ધારણ કરે તો આપણે એને કિશોરીમલ્લ કહીએ, એ ગુજરાતી સ્વાંગ ધારણ કરે તો કિશોરલાલ કહીએ અને એ મદ્રાસી બની જાય તો એને કિશોરીરંગમ્ ચેટ્ટી કહીએ ! નરસિંહ મહેતાની ભાષામાં એ ત્રણેને 'એક તું ! એક તું ! એમ કહેવું !'

## ૨

આપણે માટે ગુજરાતી કિશોરલાલ બસ થઈ પડશે. એ વ્યક્તિનું શુભ નામ કિશોરલાલ. યુદ્ધ પહેલાં એમને કિશોર કાંધિયો કે કિશોર ખાંધિયો સહુ કહેતાં. કાંધા કરવાના શોખને લીધે કે કોઈના પણ ઉપયોગી ખાંધિયા થઈ પડવાને લીધે એ અટક પડી ગઈ હોય ! એમની જાત મહેનતનાં વખાણ તરીકે પણ તેમને ખાંધિયા કહેતા હોય એવો પણ એક મત છે. ખાંધે ગાંસડી ઉપાડતાં એમને જરા ય શરમ આવતી નહિ—એક વખતે !

હવે એમને કિશોરલાલ 'કસુમ્બી' તરીકે સંબોધવામાં આવે છે. કસુમ્બો પીવાનો ચાલ હવે લગભગ બંધ થઈ ગયો છે. એટલે અફીણના વ્યસનને અને એ અટકને કશો સંબંધ નહિ જ હોય એમ ન્યાયને ખાતર આપણે કહેવું જોઈએ. છતાં આંખને કસુમ્બી રંગ આપવા માટે કસુમ્બો જ પીવો એવો કાંઈ નિયમ નથી. જેમ જેમ કિશોરલાલે ધનિકતામાં આગળ પગલાં ભરવા માંડચાં, તેમ તેમ તેમની આંખે કસુમ્બલ રંગ ધારણ કરવા માંડચો એમ પણ એક અભિપ્રાય છે. હડહડતા વૈષ્ણવ તરીકે પોતાને ઓળખાવી ચૂકેલા કિશોરલાલ કેટલા ય ગૃહસ્થોને 'બાર' અને 'હોટેલ'માં મળેલા એમ એક કથની છે પણ ખરી. નૂતન ધનને, સંસ્કારને અને નૂતન

વિદ્યાને મદ્યમાંસ સાથે ગાઢ સંપર્ક બંધાતો જાય છે એ સત્યને હવે પુરાવાની જરૂર નથી જ. નૂતન ધન એવા કોઈ સંપર્ક દ્વારા કિશોરલાલની આંખને રતાશ આપે એમાં કાંઈ નવાઈ નથી. વધારામાં એકાદ જૂના ગીતનો પણ ઉલ્લેખ એમની અટક સંબંધમાં થતો :

કહાં જાગે સારી રેન ?
નયનાં કસુમ્બી રંગ હો ગયે !

કિશોરલાલને ઘણાં જાગરણ થતાં હતાં માટે એમની આંખે કસુમ્બી રંગ ધારણ કર્યો હોય ! ક્યાં અને શા માટે જાગરણ થતાં એ હવે ક્લબોમાં જઈ નાચતી ગુજરાતણોના યુગમાં પૂછવાની જરૂર નથી. ક્લબ સિવાય, દેવમંદિર સિવાય પણ ઉજાગરા માટે સર્જન-જૂનાં સ્થાન નિર્માણ થઈ ચૂકેલાં છે. કિશોરલાલના ઉજાગરાનું કારણ કોઈએ ચોક્કસ કર્યું નથી. પરંતુ નવિન ધન ધનિકોને જાગરણ માટે ઠીકઠીક સ્થાનો આપે છે એની ના પડાય એમ નથી – એકેએક શહેરમાં !

સાચામાં સાચું કારણ તેમનો રંગવ્યાપાર પણ હોય...અનેક ધંધાઓમાં રંગનો અને તે રાતા રંગનો ધંધો પણ કરતા હતા એ કારણે તેમને કસુમ્બી અટક મળી હોય એમ પણ બની શકે. કિશોરલાલ પોતે પણ પોતાને ‘ કિશોર કસુમ્બી ’ તરીકે જ ઓળખાવતા. પોતાનાં વિઝિટિંગ કાર્ડ ઉપર પણ એ જ નામ છપાવતા અને પોતાના મકાન – બંગલાને દરવાજે પણ ‘ કિશોર કસુમ્બી ’નું જ નાનકડું રૂપાળું પાટિયું લગાડી એ નામ તેમણે ક્યારનું સ્વીકારી લીધું હતું. ધનિક જગતમાં કિશોર કસુમ્બીનું નામ સુપ્રસિદ્ધ હતું; ઘણી કંપનીઓના ડાયરેક્ટર તરીકે તેમના નામની માગણી થતી; ઘણી ઘણી સભાઓમાં તેમને આમંત્રણો મળતાં; અને ગરીબ જનતાનાં દુઃખ ટાળવા માટેની સરકારી બિનસરકારી મંત્રણાઓમાં આ તવંગરની સલાહ બહુ ઉપયોગી ગણાતી હતી. ગરીબો માટે બે આંસુ ટપકાવી ગદ્‌ગદ કંઠે તેમનાં દુઃખે દુઃખી થવાની ગાંધીદીધી લઢણ

તેમને હાથ ચઢી ગઈ હતી. આમ યુદ્ધયુગે દીપેલી આ વ્યક્તિ તે કિશોરલાલ કસુમ્બી.

૩

કિશોરલાલનાં પહેલાં પત્ની ગુજરી ગયાં હતાં. ગુજરાતી ગૃહિણીઓને પહેલી પત્ની કરી કે ગુજરી જવાની ભારે આદત લાગે છે. કદાચ એવા કોઈ વહેમને વશ થઈને જ આજની ભણેલી યુવતીઓ બહુ પત્નીત્વ, અરે, લગ્ન વિરુદ્ધનાં લાંબાં સંભાષણો કરી બીજી પત્ની તરીકે બહુ સરળતાપૂર્વક કોઈ પતિને ઘેર પેસી જાય છે – પહેલી પત્નીના ગુજરવાની રાહ પણ જોયા વગર. પરંતુ કિશોરલાલ પોતાની પહેલી પત્ની ગુજરી ગયા પછી જ – તે બદલ પોતાનું દુઃખ પ્રદર્શિત કર્યા પછી જ – બીજાઓના આગ્રહને વશ થઈ – ફરી વાર પરણ્યા હતા. તેમનાં નવીન પત્ની રૂપાળાં હતાં. પુરુષને ઘણું ખરું સ્ત્રી રૂપાળી જ લાગે છે! પત્નીનું નામ મહાકોર હતું તે બદલી કિશોરલાલે એ નામ મહાશ્વેતા બનાવી દીધું – મહાશ્વેતા કાદંબરીનું નાટક જોયા પછી એ નામ કે એ પાત્ર ગમી ગયું હોય એ કારણે!

રૂપાળાં મહાશ્વેતા ધનિક કિશોરલાલનાં પત્ની બની ગયાં એટલે રૂપમાં વધારો કરવાનાં સાધનો પણ તેમને સારા પ્રમાણમાં મળી રહ્યાં. રૂપ વધારવાનું જ્ઞાન પણ ક્રમે ક્રમે વધે છે. અને જેમ જેમ વય વધતી આવે છે તેમ તેમ એ જ્ઞાનનો ઉપયોગ પણ વધતો જ ચાલે છે. મહાશ્વેતા સહુનું ધ્યાન ખેંચાય એવાં રૂપાળાં બનતાં ગયાં. તેમનો પહેરવેશ, તેમનાં આભૂષણ, તેમનું ચાપલ્ય અને તેમની છટા એવાં તો આંખે ઊડીને વળગે એવાં બની ગયાં કે બે 'બાબા' અને બે 'બેબી'નું માતૃત્વ અત્યંત ઝડપથી પ્રાપ્ત કર્યા પછી પણ તેઓ મેઘધનુષ્યવીંટી ચંદ્રિ સરખાં જ ઘરમાં તેમ જ બહાર લાગ્યા કરતાં. અલબત્ત તેમને સાદાઈ માટે ભારે પક્ષપાત હતો, અને તેથી તેઓ પોતે અત્યંત સાદા રહે છે એમ સર્વદા જાહેર કરતાં.

કિશોરલાલ અને મહાશ્વેતા સુખી જીવન ગાળતાં હતાં. મહાશ્વેતાને કિશોરલાલ સરખા સફળ ધનિક પતિ પ્રત્યે ઘણું ભારે માન હતું. મહાશ્વેતા સરખી રૂપવંતી પત્ની માટે કિશોરલાલના હૃદયમાં ઘણો પ્રેમ હોવા છતાં સમયના વહન સાથે એના પ્રદર્શનનું સ્વરૂપ બદલાયા કરે એ સાહજિક છે. શેઠ લાખ રૂપિયાની ધાપ જ્યારે જ્યારે મારી લાવે ત્યારે ત્યારે પત્નીએ તેમને માનપત્ર આપવું જ આપવું એમ કાંઈ બને નહિ. પત્ની જ્યારે જ્યારે નવરંગ વસ્ત્ર કે નવરત્નનાં આભૂષણ ધારણ કરે ત્યારે આખી સૃષ્ટિની ગતિ બંધ રાખી પતિ વસ્ત્રાભૂષણ નિહાળ્યા જ કરે એમ કાંઈ બને નહિ.

'આજે તેજીનો સિતારો ચઢતો હતો.' કિશોરલાલ જમતાં જમતાં કદી મહાશ્વેતાને કહેતા.

નવી વીંટીના હીરાની ચમક નિહાળતાં મહાશ્વેતા પતિ સામે જોયા વગર કહેતાં : 'એમ કે?'

'પણ તું સમજી ખરી કે તેજીએ આપણને શું આપ્યું તે?'

'શું આપ્યું?' નવાં લૂગડાંઘરેણાં માટે નવું સાધન ઊભું થયાના ઉત્સાહમાં મહાશ્વેતાએ પતિ સામે જોયું.

'પચાસ હજાર રોકડા.'

'એમ? તો હું નવું બ્લાઉઝ પહેરું અને આપણે સિનેમા જોઈ આવીએ.' રસપૂર્વક મહાશ્વેતાએ કહ્યું.

'શું તને પણ સિનેમા જોવાનો શોખ છે? આજ તો એકે સારું ચિત્ર નથી.' કિશોરલાલે કંટાળીને કહ્યું. તેમને સિનેમા જેવી ચળ વસ્તુ કરતાં વધારે ધન કાર્ય કરવાનું હતું.

'જેવું હોય તેવું ખરું...' પત્નીનો ઉત્સાહ વધ્યે જતો હતો.

'અરે, મારામારીનાં ચિત્રો જ બધે છે.' પતિએ ઉત્સાહ ઠંડો પાડવા કહ્યું.

'તમને ખબર નથી! તો મારામારીનાં ચિત્રો સિવાય બીજાં ચિત્રો ગમતાં જ નથી! બહુ મઝા આવે છે...'

'શી નાનાં છોકરાં જેવી વાત કરે છે?'

'હું સાચું કહું છું.'

'તો તું એકલી જા ને આજે? મારે છેલ્લી ટપાલ લખવી છે.'

૪

પત્ની એકલી જતી પણ ખરી અને કિશોરલાલ ટપાલ લખતા પણ ખરા. પરંતુ ટપાલ લખ્યા પછી તેઓ પણ બહાર નીકળી જતા—કયાં તે કહેવાની જરૂર નથી! બન્ને રાત્રે પાછાં આવી સૂતાં ત્યારે તેઓ એકમેકને ઓળખતાં પણ ન હતાં! મહાશ્વેતાની કલ્પનામાં મારામારી કરતાં મજબૂત ગુંડાઓ અને વીરો રમ્યા કરતા; કિશોરલાલની કલ્પનામાં દારૂ પી મસ્તીએ ચઢેલી ગોરીકાળી વારાંગના અને ટેલિફોનમાં 'આપ્યા લીધા'ના ઉચ્ચારણની ભ્રમણા રમ્યા કરતાં.

સવારમાં ચા પીતાં પીતાં કિશોરલાલ હસતાં હસતાં સિનેમાની કથાની વિગત મહાશ્વેતા પાસે માગતા.

'શી ઘોડેસવારની ઝડપ! પેલીને ઊંચકી બદમાશો સંતાડે તે પહેલાં તો મારતે ઘોડે આવી એણે એને બચાવી...પછી બન્ને વચ્ચે પ્રેમ થાય જ ને?...હાં તમને ઘોડે બેસતાં આવડે ખરું કે?' મહાશ્વેતા પૂછતી.

'આ મોટરકારના યુગમાં તે કોઈ ઘોડે બેસે ખરું?' કિશોરલાલ પ્રશ્નની હાંસી કરતા.

'કેમ? શરતના ઘોડા માટે તો આપણે કૈંક વાર ગયાં છીએ! કેવું સરસ પેલા જોકી બેસે છે!'...

'એ તો ધંધાદારી.'

'કયો ધંધો સારો?'

'કોઈ ધનવાન શ્રેષ્ઠીની પત્ની બનવાનો!' કિશોરલાલ કોઈ કોઈ વાર ચબરાકીભરી મશ્કરી કરી શકતા હતા.

મહાશ્વેતાનું સ્ત્રીહૃદય ઘવાયું. એમણે કશો ય જવાબ ન આપ્યો. પોતે પતિને પૈસે સુખ-સગવડ ભોગવે છે એનું પોતાની જાતને ઉતારી પાડતું ભાન પણ તેમને થઈ આવ્યું. બદલામાં તેમના ગૃહને તેઓ શોભાવતાં હતાં...પણ એ તો ગમે તે સ્ત્રી કિશોરલાલની પત્ની થઈને આવી હોત તો શોભાવી શકત !

અને...કિશોરલાલે પણ આ બાહ્ય સુખસગવડ સિવાય મહાશ્વેતાના કયા હૃદયવિભાગને પૂર્ણ સંતોષ આપ્યો હતો ? તેના સ્ત્રીત્વને સંતુષ્ટ કરે એવું કિશોરલાલમાં શું હતું ? બળ ? વીરત્વ ? સંસ્કાર...?

'ખોટું લાગ્યું ?' કિશોરલાલે મહાશ્વેતાને મનાવવા માંડ્યાં.

'ના, ના, તમારી ઉપર ખોટું લગાડાય ?' પત્ની તરીકેનું સતીત્વ અને અન્નદાતા પ્રત્યેના ઉપકારને પ્રગટ કરતાં મહાશ્વેતાએ જવાબ વાળ્યો. પરંતુ તેમની નજર બહાર બંદૂક સાથે ઊભેલા ઊંચા પડછંદ રખવાળ ઉપર પડી. આખી સૃષ્ટિનો એ માલિક હોય એવા રુઆબથી ઊભેલા એ પરદેશીમાં કાંઈક એવું હતું જે કિશોરલાલની આખી ધનદોલતમાં કે એના દેહમાં ન હતું. ખાતરી કરવા મહાશ્વેતાએ કિશોરલાલ તરફ જોયું.

મહાશ્વેતા મનાઈ એમ ધારી કિશોરલાલ હસ્યા. એમના હાસ્યમાં મહાશ્વેતાને કમકમી આવે એવું કાંઈ લાગ્યું. કિશોરલાલ ધનિક હતા; પરંતુ એમનું પુરુષત્વ ધનના ઢગલા નીચે કચરાઈ છૂંદાઈ ગયેલું લાગ્યું. પહેલાં કિશોરલાલ મોડા વહેલા આવે, ભાન સહિત કે ભાન રહિત આવે, પોતાની સાથે બોલે અગર ન બોલે એનું ભારે મહત્ત્વ મહાશ્વેતાને હતું. આજથી – પ્રચંડ રખવાળનો દેહ દીઠા પછી – મહાશ્વેતાને લાગ્યું કે કિશોરલાલ જેવો પુરુષ એના જીવનમાં હવે નિરર્થક ઉપસ્કર જેવો છે ! પતિ હોય તોપણ !

## ૫

એને પૌરુષ પોશાકનાં સ્વપ્ન આવવા લાગ્યાં – જાગતાં અને સૂતાં. પોલિસ, સૈનિક, ગાર્ડ, શોફર, સ્વયંસેવક : આંખે ઊડીને વળગે એવા પોશાક પહેરનાર તરફ તેની આંખ ખેંચાયા કરતી હતી. કિશોરલાલને એણે પોતાનો અણગમો જરા ય જણાવા દીધો નહિ. કિશોરલાલને પણ એનું ધન અને ધનમાંથી મળતો શોખ એટલા પૂરતાં થઈ પડતાં કે પત્નીના હૃદયમાં ઊપજેલો અણગમો ઓળખવાની તેમને ફુરસદ પણ ન હતી. એક દિવસ તેમણે આવી મહાશ્વેતાને એક પાકીટ આપ્યું.

'ધાર, શું હશે ?' કિશોરલાલે પૂછ્યું.

બન્ને મળતાં ત્યારે પ્રેમી બનવા મથતાં ખરાં !

'શેર સર્ટિફિકેટોનો થોકડો.' મહાશ્વેતાએ કહ્યું.

'તું એમ જ ધારે છે કે મને વ્યાપાર વગર બીજો રસ જ નથી, ખરું ?'

'એમ નહિ. કલબનો તમને ક્યાં શોખ નથી ? સંગીત પણ...'

'મને કલાનો પણ શોખ છે.'

'તો કોઈનાં ચિત્ર ખરીદી લાવ્યા હશો.'

'જો તો ખરી, કોનું ચિત્ર છે તે !'

મહાશ્વેતાએ પાકીટ ખોલી નાખ્યું. એણે ધાર્યું હતું કે કોઈ પૂર્વ–પશ્ચિમના ચિત્રકારની એ કલ્પનાપ્રેરક કૃતિ હશે – અલબત્ત, અર્ધનગ્ન યુવતીની આસપાસ દોરેલી ! તેને બદલે એણે કિશોરલાલની આછા સ્મિતવાળી છબી નિહાળી.

તેની આંખ છબી નિહાળી ઘેલી ન બની. સ્મિતભર્યા કિશોરલાલના મુખ ઉપર વેવલાશ છવાયેલી દેખાઈ !

'આ છબી સારી છે...પણ...તમે લશ્કરી પોશાકમાં છબી ન પડાવો ?' મહાશ્વેતાએ પૂછ્યું.

'લશ્કરી પોશાકમાં ? તને આ ઉંમરે આવી ઘેલછા ક્યાંથી ઊપડી છે ?' કિશોરલાલનાં બીજાં પત્ની તરીકે પણ મહાશ્વેતાની ઉંમર હવે છેક નાની ન હતી; જો કે પચાસ ઉપર પહોંચી ગયેલા દેખાતા ગુજરાતી ધનિકને લશ્કરી પોશાક પહેરવા કહેવું એમાં જરૂર ઘેલછા રહેલી છે ખરી ! ગુજરાતી ધનિક નેતાને તો પચીસ વર્ષે પણ લશ્કરી લેબાસ ભારે જ પડે !

'હું પણ છબી પાડતાં શીખું.' મહાશ્વેતાએ કહ્યું.

નાનાં બાળકોની વિચિત્ર માગણી સાંભળી ઠરેલ પુરુષોને હસવું આવે એમ મહાશ્વેતાની માગણી સાંભળી કિશોરલાલ હસ્યા. પરંતુ જોતજોતામાં એક સારો કેમેરા અને શીખવનારો ફોટોગ્રાફર આવી પહોંચ્યા.

એટલું જ નહિ, બુશકોટ અને પાટલૂન સાથેની કિશોરલાલની એક છબી પણ આવી પહોંચી. પરંતુ બુશકોટમાંથી ઠેકઠેકાણે બહાર પડી આવતી કિશોરલાલની સ્થૂળતાને છબી પાડનાર કલાકાર બહુ ઢાંકી શક્યો નહિ.

છબીઓનો ખર્ચ વધવા માંડ્યો. બાળકોની, ઘરની, બગીચાની, ઓરડાની, નોકરોની એમ સારી ખોટી છબીઓના ઢગલા મહાશ્વેતાના મેજ ઉપર થવા લાગ્યા. પરંતુ એ ઢગલામાંથી ચૂંટાયલી આલ્બમ લાયક બની આલ્બમમાં ગોઠવાયલી છબીઓમાં સૈનિક સરખો પહેરવેશ ધારણ કરતા ઘરના રખવાળની છબી પણ હતી !

એક દિવસ આલ્બમ કિશોરલાલની નજરે ચઢી ગયું ! પહેરાવાળા પઠાણની જુદી જુદી બીજી છબીઓ પણ મોટા પ્રમાણમાં દેખાઈ. મહાશ્વેતા ક્યારે, શા માટે આવી છબીઓ પાડતી હતી ? લશ્કરી પોશાકના આકર્ષણની પાછળ બીજું કાંઈ આકર્ષણ જાગૃત થાય તો ?—અરે, થઈ ચૂક્યું હોય તો ?

ગ્રહ અને ગૃહિણી બદલની ગંભીર વિચારણા તેમને તે દિવસથી શરૂ થઈ. પતિ ફાવે તે કરે પરંતુ પત્ની તો સતી તરીકેજ રહે એવી

ધનિક પતિઓની શ્રદ્ધા બહુ ઇચ્છનીય હશે, પરંતુ તે સાચી ન પણ પડે એવી શંકા કિશોરલાલને ત્યારથી ઊપજી.

૬

થોડા જ દિવસોમાં એક અવનવો બનવા બન્યો. દરવાજા ઉપર એક પહેરાવાળાને સ્થાને બે પહેરાવાળા દેખાયા ! મહાશ્વેતાની બન્ને આંખો ભરાઈ! હસતાં હસતાં મહાશ્વેતાએ કિશોરલાલને પૂછ્યું; 'પહેરાવાળો બીજો રાખ્યો કે શું ?'

'હા, અત્યારના સંજોગો એવા છે.'

'એવા છે એટલે ?' સહજ તીક્ષ્ણ આંખ કરી મહાશ્વેતાએ પૂછ્યું.

'તું વાંચતી નથી આ હિંદુ-મુસલમાનના આટલા ઝઘડા ચાલે છે તે ?'

'ઝઘડો આપણા ભણી નથી, અને ધારો કે ઝઘડો અહીં આવ્યો તો બે પઠાણો શું કરી શકશે ?'

'બન્ને પઠાણ નથી. બીજો તો શીખ રાખ્યો છે.'

'એથી લાભ શો !'

'પઠાણ શીખ ઉપર નજર રાખે અને શીખ પઠાણ ઉપર નજર રાખે. આપણે હિંદુ છીએ એટલે વધારે ડર મુસલમાનોનો.'

'તો પઠાણને રજા આપી દો.'

મહાશ્વેતાને નવો આવેલો શીખ વધારે ગમી ગયો હશે શું ? કિશોરલાલના હૃદયમાં ધબકારો થયો. તેમણે જવાબ આપ્યો: એકદમ તો શું રજા અપાય ? વર્ષોનો જાણીતો માણસ છે ! એને અત્યારના સંજોગોમાં છૂટો કરીએ અને વખતે એ જ મુસ્લિમ પઠાણ ગુંડાઓને આ બાજુ દોરે તો શું કરવું ?'

'આપણા ઘરમાં પુરુષો તો જોઈએ એટલા છે ! નોકર, રસોઈયા, ગુમાસ્તા, કારકુન, તમારા સગાંવહાલાં અને તમે ! પછી

ગુંડાઓ શું કરે ?

'એમને કાંઈ ઓછા હથિયાર વાપરતાં આવડે છે? બાપ-જન્મારે પણ જેમણે મારામારી જોઈ ન હોય, એ આવે વખતે શું કરી શકે ?'

'વખતે મારા ઉપર જ હુમલો થયો તો ?' મહાશ્વેતાએ આછા તિરસ્કારથી પૂછયું.

'અરે શી વાત કરે છે! આખા પંજાબના શીખોને ભાડે લાવી ઊભા કરી દઉં !' કિશોરલાલે બહાદુરી બતાવી.

'હું તો એમ પૂછું છું કે તે વખતે તમે શું કરો ?' વધતા જતા તિરસ્કારથી મહાશ્વેતાએ પૂછયું.

'જો, બતાવું હું શું કરું તે ?' કહી ઉંમરના પ્રમાણમાં વિચિત્ર લાગવા છતાં ઉગ્ર વાસનાએ પ્રેરાઈ કિશોરલાલે મહાશ્વેતાને પાસે ખેંચી તેના ગાલ સાથે પોતાના ગાલ અડાડયા.

હિમટુકડા સરખી સ્થિર મહાશ્વેતાનું હૃદય તિરસ્કારથી ચેપર બની ગયું ! એ ક્ષણથી તેનો દેહ જડ પથ્થરનો બની ગયો—કિશોરલાલ માટે !

એ પથ્થરમાં આગ લાગી હતી, જેણે હૃદયમાંના રહ્યાસહ્યા પતિને બાળી ભસ્મ કરી નાખ્યો !

બળી રહેલા પતિએ એક દિવસ શું નિહાળ્યું ?

મહાશ્વેતા બેમાંથી એક રખવાળની છબી પાડતાં પાડતાં તેની બહુ નજીક આવી ગઈ ! બગીચામાં ઘરને અડીને આવેલા એક ખૂણા ઉપર છબી લેવાની મહાશ્વેતાને ટેવ પડી ગઈ હતી. કિશોરલાલ છુપાઈને તે બાજુએ ધસ્યા.

'બાઈસાહેબ ! આપની બહુ મહેરબા છેની ! આપ બહુ... નજીક...આવી જાઓ છો.' મર્દાનગીભર્યો પરંતુ વિનયશીલ સાદ કિશોરલાલે સાંભળ્યો.

'એમાં શી હરકત છે ?' મહાશ્વેતાનો પ્રશ્ન સંભળાયો.

'કોઈ દેખશે.' નીતિને ભારેમાં ભારે ડર 'કોઈ દેખે એનો હોય છે!'

'કોઈ કોણ?'

'શેઠસાહેબ ઘરમાં છે, અને...'

'અંહ!' કહી મહાશ્વેતાએ મુખ મચકોડયું. મહાશ્વેતાનો બેપરવાઈભર્યો મુખમચકોડ પણ કિશોરલાલની નજરે ચઢી ગયો. તેઓ ઝડપથી પાછા ફર્યા. મહાશ્વેતા અને રખવાળને કદાચ તેની ખબર પણ પડી હોય!

એ કયો રખવાળ હતો?

પરંતુ એમાંથી કોઈને પણ આજના સંજોગોમાં કદાચ શી રીતે?

'બાબાને હું જરૂર અખાડામાં કસરત કરવા મોકલીશ.' ગુસ્સે થયેલા કિશોરલાલ દીવાનખાનામાં આવી બબડયા અને તેમણે એક છાપું હાથમાં લીધું. છાપામાં મોટા અક્ષરે તેમણે વાંચ્યું :

૧ 'કાનમના ખેડૂતોની જેહાદ...
વર્ષોથી ઝીમની રખવાળી કરતા સિંધીઓને દૂર કરવાની
સરકારની શયતાનિયતભરી તરકીબ...'

કિશોરલાલની આંખ સ્થિર બની ગઈ!

ગુજરાતના બે કમાઉ પુત્રો : એક વ્યાપારી અને બીજો ખેડૂત. એકના ઘરમાં પઠાણ અને બીજાના ઘરમાં સિંધી!

એટલેથી બસ ન થયું હોય તેમ શીખ અને ગુરખાની જમાત પણ ગુજરાતના ધનિકો ખેંચી લાવે છે!

જેની રખવાળી એનું રાજ્ય! રાજ્યકર્તા કયી કયી ભેટ નહિ માગે? અને...વગર માગ્યે પણ એને કઈ ભેટ નહિ મળે?

---

૧ પાકની રખવાળી કરવા સિંધી મુસલમાનો રાખવાનો વહીવટ કાનમ પ્રદેશમા જાણીતો છે સિંધીઓની રંજાડ વધતાં તેમને દૂર કરવા સરકારે કરેલા પ્રયત્નો ખેડૂતવર્ગને ગમ્યા ન હતા.

# બાલહત્યા

## ૧

દવાખાનામાં ભારે ઉશ્કેરાટ ફેલાઈ ગયો. નર્સો રૂપાળી રૂપાળી દેખાવાનો પ્રયત્ન ચાલુ રાખીને પણ દોડધામ કરતી હતી. સ્ત્રી ડૉકટરો સાથે પુરુષો ડૉકટરો પણ આવતા જતા અને ગંભીરતા-પૂર્વક ચર્ચા કરતા દેખાતા હતા. દર્દીઓનાં ટોળાં પણ, પાટા-પટ્ટી બાંધેલાં હોવા છતાં અવરજવર કરી ટોળે વળતાં હતાં. દવા-ખાનામાં આવેલા અલગ પ્રસૂતિવિભાગમાં કોઈ અણકલ્પ્યો બનાવ બની ગયો હોય એમ લાગતું હતું. બાલજન્મનો પ્રસંગ નિત્ય પ્રસંગ ગણાય. બાલમરણ પણ છેક અજાણ્યું તો નહિ જ. કદી નૂતન માતાની ગંભીર સ્થિતિ કે મૃત્યુ માણસોને આકર્ષે એ સાચું. પરંતુ કોઈ દેવ કે દાનવના જન્મની જાહેરાત થઈ હોય એવો દેખાવ ત્યાં થઈ રહ્યો તેમ પણ નહિ! દેવજન્મમાં આવી ગંભીરતા ન હોય; એમાં ઉત્સાહ હોય!

થોડી વારે પોલીસ અમલદાર અને સિપાઈઓ પણ આવી પહોંચ્યા.

કોઈ બાળકની ફેરબદલી થઈ?

કોઈ ધનિકનું બાળક ચોરાઈ ગયું ?

દ્વાર પાસે જ દવાખાનાના મુખ્ય ડૉક્ટર અને પ્રસૂતિવિભાગનાં સ્ત્રી ડૉક્ટર પોલીસ અમલદારને મળ્યાં. ટોળાબંધ ભેગાં થતાં માણસોને તેમણે દૂર ખસેડ્યાં અને ત્રણે અંદરના એક ઓરડામાં ગયાં. તરતનું જન્મેલું પરંતુ નિર્જીવ બનેલું એક બાળક એક સ્થળે મૂકેલું દેખાયું. એક યુવતી ખાટલામાં પડી રહી હતી. એની નિર્બળતાનો પાર ન હતો, છતાં એનું મુખ અને એની આંખ કોઈ ભયંકરતાથી ભરેલાં દેખાતાં હતાં. પોલીસ અમલદારને પણ પાસે જતાં સહજ વિચાર આવ્યો. સુંદર સ્ત્રી ભયંકર બને છે ત્યારે ભલભલા યોદ્ધાઓ પણ સંભાળપૂર્વક તેની પાસે જાય છે. યુવતીએ બન્ને ડૉક્ટરો તથા પોલીસ અમલદાર તરફ અશક્તિભરી આંખે જોયું અને તે ફિક્કું હસી. એ હાસ્યમાં પણ ભયાનકતા હતી !

'બાઈ ! આ પોલીસ અમલદાર તમને મળવા આવ્યા છે.' સ્ત્રી ડૉક્ટરે અત્યંત નરમાશથી કહ્યું.

'મારે કોઈનું કામ નથી...હવે તમારું પણ નહિ.' સ્ત્રીએ સૂતે સૂતે જવાબ આપ્યો.

'આ બાળક...'

પરંતુ પોલીસ અમલદારને આગળ બોલતો અટકાવી પેલી સ્ત્રીએ શરીર સહન ન કરે એવા બળથી કહ્યું : 'હજી એ બાળકને અહીં રાખ્યું છે? લઈ જાઓ. લઈ જાઓ. નહિ તો...' અશક્ત સ્ત્રીથી આગળ બોલાયું નહિ.

'તમે જરા શાંત થાઓ...' સ્ત્રી ડૉક્ટરે કહ્યું.

'હું શાન્ત થાઉં ?...હા...હા...!' નિર્બળ શરીર હસી શકે એટલું ખડખડાટ હસી સ્ત્રીએ સામે પૂછ્યું.

'અશાંતિમાં તો તમે ન કરવાનું કરી બેઠાં...' ડૉક્ટરે જરા દમામથી કહ્યું.

'ન કરવાનું મેં શું કર્યું ?' સૂતેલી સ્ત્રીએ સહજ વિસ્મય

પામી પૂછ્યું.

'આ બાળકને મારનાર...'

'હા, હા, એ બાળકને મેં જ માર્યું ! એને ગળે તમારા દેખતાં જ મેં આંગળીઓ દાબી હતી. હજી એ જીવે છે ?' કહી ઊઠવાનો પ્રયત્ન કરતી એ સ્ત્રી ખાટલામાં પછડાઈ પડી અને એના આખા શરીરને ખેંચતું તાણ એના દેહમાં વ્યાપી ગયું. ત્રણે જણ એકબીજાં સામે જોતાં ઊભાં રહ્યાં.

૨

વ્યક્તિગત વિટંબણા રોજની સામાન્ય વ્યવસ્થાને બહુ અવરોધે નહિ જ. યુવતીની સારવાર કરવામાં આવી ખરી, પરંતુ કાયદાએ પણ પોતાનો માર્ગ લીધો.

પોલીસ અમલદારે સ્થળ સ્થિતિનો પંચક્યાસ કર્યો. જાણકાર વ્યક્તિઓના જવાબ લીધા અને કાગળો ઉપરથી પ્રથમ દર્શનીય સાબિતી થઈ ચૂકી કે એક અજાણી યુવતીએ દવાખાનામાં એક બાળકને જન્મ આપ્યો, અને બાળકને તેની સોડતાં મૂકતાં બરોબર અકલ્પ્ય બળપૂર્વક તેણે બાળકનું ગળું દાબી તેને અત્યંત ક્રૂરતાપૂર્વક મારી નાખ્યું.

અશક્ત માનતા દેહમાં આટલું બળ ક્યાંથી આવ્યું ? બાળકને મારવાની નિર્દયતા ક્યાંથી આવી ? બાળકને માર્યાનો અપરાધ કબૂલ કરવાની ધૃષ્ટતા તેણે કેમ દર્શાવી ? સ્ત્રી ડૉક્ટર સ્તબ્ધ બની ગઈ. એણે મુખ્ય ડૉક્ટરને બોલાવ્યા અને જોતજોતામાં આખા દવાખાનાનું વાતાવરણ કુતુહલ અને આશ્ચર્યથી તંગ બની ગયું. બાળકને મારનાર માતા હોય તો ય તે ગુનેગાર જ ગણાય – ભયંકર ગુનેગાર ગણાય. પોલીસનો પ્રવેશ જરૂરી બની ગયો અને ગુના બદલ પોલીસને ખાતરી થતાં એ પ્રસંગ અદાલતને લાયક બની ગયો.

માતાએ બાળકનું ખૂન કેમ કર્યું એનો જવાબ માતાએ ન

ડૉક્ટરને આપ્યો, ન પોલીસને. માતાએ અસ્થિર માનસને પરિણામે આમ કર્યું હોય એવો બચાવ કદાચ થઈ શકે. પરંતુ જેમ જેમ તેનામાં શક્તિ આવતી ગઈ તેમ તેમ તેની વાત જાણવા, મંથન કરતા સહુ કોઈને ખાતરી થઈ ગઈ કે બીજું તો જે કાંઈ હોય તે ખરું; પણ સ્ત્રીનું માનસ અસ્થિર હતું જ નહિ, ને બાળકનું ખૂન જાણી વિચારીને તેણે કર્યું હતું. આવી નિર્દય સ્ત્રી ગમે એટલી દેખાવડી હોય કે કુમળી દેખાતી સ્ત્રીજાતિની હોય, છતાં તેને ન્યાયની અદાલતમાં જરૂર ખડી કરવી જોઈએ! વર્તમાનપત્રોમાં એ બાઈ વિષે કાંઈ કાંઈ પતંગો ચગી ચૂક્યા. એની તબિયત સુધરી એ હરીફરી શકે એવી સ્થિતિમાં આવી; એનું મન 'ખેંચાણ' વેઠી શકશે એવી ડૉક્ટરોએ ખાતરી આપી; એટલે પોલીસે એ બાઈનો હવાલો લીધો. ફાંસીને લાયક દેહ બનાવીને પછી જ ફાંસી આપી શકાય એવી આપણી ન્યાયયોજના જાણીતી છે. પોલીસે એ બાઈને અદાલત આગળ અંતે ઊભી કરી.

૩

દવાખાના જેટલો જ ઉશ્કેરાટ ન્યાયની કચેરીમાં ફેલાઈ ગયો. બાઈને કોઈ વકીલની જરૂર ન હતી, છતાં આપણી ન્યાયપદ્ધતિ આ ભાડૂતી યોદ્ધાઓ વગર કોઈનો ન્યાયપ્રવેશ સ્વીકારતી જ નથી. સરકારખર્ચે એક વકીલની તેને મદદ મળી. પરંતુ પોલીસે બનાવેલા કાગળો સિવાય વકીલને પણ એ બાઈએ કશી હકીકત કહી નહિ. ગુનાની કબૂલાત તો તે કરતી જ હતી. પરંતુ ગુનાનું કારણ આપવાની તેણે ધસીને ના પાડી. બહુ આગ્રહ થતાં તેણે કહ્યું કે એ પ્રશ્નનો જવાબ પોતે છેલ્લે આપશે. ન્યાયાધીશે નાઇલાજે કામ આગળ ચલાવ્યું. શાંતિથી પિંજરામાં ઊભાં ઊભાં તે સાક્ષીઓની હકીકત સાંભળતી હતી. એ હકીકતમાંથી એટલું તત્ત્વ પ્રગટ થયું કે એ બાઈ પરદેશી હતી; કોઈ ભલો માણસ તેને દવાખાને ઉતારી

ચાલતો થયો; તત્કાળ સારવારની એ બાઈને બહુ જરૂર હતી; એકાદ દયાળુ પરિચારિકાની નજરે તે ચડી ગઈ; એણે એને ઊંચકી ખાટલે સુવાડી અને સ્ત્રી ડૉક્ટરને તત્કાળ આવવાની વિનતિ કરી; સ્ત્રી ડૉક્ટર પણ લાંબા વૈદકીય વ્યવસાયથી રીઢી બનેલી ન હોવાથી માયા અને મીઠાશ હજી સુધી સાચવી શકી હતી; તેણે તુરત આવી પરિચારિકાઓની મદદથી બાળકનો પ્રસવ કરાવ્યો; અતિ કષ્ટ સહન કરી રહેલી એ સ્ત્રીએ એક અરેકારો પણ ન કર્યો; અને બાળકને સાફ કરી હોંશપૂર્વક માતા પાસે મૂકતાં બરોબર એક વાઘણની ક્રૂરતા મુખ ઉપર લાવી એ બાઈએ પોતાનો દેહ ઊંચકી બાળકને ગળે આંગળીઓ દબાવી તેને મારી નાખ્યું! બાઈ ખાટલામાં પાછી પડી; એના દેહે તાણનો અનુભવ કર્યો; મુખ્ય ડૉક્ટરને ખબર મોકલાવતાં તેઓ આવ્યા, અને પોલીસને ખબર આપી; પોલીસે આવીને તપાસ કરતાં એ બાઈ ફરી મૂર્છિત બની. સહુની આગળ એ બાઈ ગુનો કબૂલી લેતી હતી; પોતાની ઓળખાણ કે પોતાના બચાવ માટે એ તદ્દન ઉદાસીન હતી. આ બધી જુદી જુદી વ્યક્તિઓ દ્વાર અપાયલી હકીક્ત તેણે દઢતાપૂર્વક સાંભળી બાળકનું ગળું દાબી મારી નાખ્યાનું વર્ણન આપતાં પરિચારિકા અને સ્ત્રી ડોકટર બંને અશ્રુભીનાં બન્યાં; પરંતુ બાળકના ખૂન માટે માતાને દૂષિત કરાવવા જે ન્યાય-પ્રયોગ ચાલતો હતો તેમાં માતાએ એકે ક્ષણે આંસુનું એકે બિંદુ પણ ટપકવા ન દીધું. એની તરફેણના વકીલને લાગ્યું કે ભાન-સાન વગરની આ બાઈ ગુનો કબૂલ કરતી હોય છતાં પોતાના કૃત્ય માટે જવાબદાર નથી એમ પુરવાર કરવું સહેલું થઈ પડશે.

પરંતુ બાઈની જુબાની...જવાબ લેવાનો પ્રસંગ છેક છેલ્લે આવ્યો અને વકીલની એ શ્રદ્ધા ઘટી ગઈ. ગુનાની કબૂલાત કરતી વખતે તેણે કારણ છેલ્લે કહેવા જણાવ્યું હતું એટલે ગુનેગારની ઇચ્છાનુસાર તેને કારણ જણાવવાનું કહેવામાં આવ્યું. નામદાર ન્યાયાધીશે જવાબની નોંધ લેતાં પૂછ્યું : 'બાઈ! તમારું નામ શું?'

'મારું મુસ્લિમ નામ ખદીજા અને હિંદુ નામ પાર્વતી... એક પયગંબરની પત્નીનું નામ, એક મહાદેવની પત્નીનું નામ.' બહુ સ્પષ્ટતાપૂર્વક સહુને ચમકાવતો જવાબ બાઈએ આપ્યો.

'બાપનું નામ?' પ્રશ્ન આગળ વધ્યો.

'બાપનું નામ ભોળાઈ ગયું.'

આખો સમુદાય શાંત તો હતો, પરંતુ હવે હતો એથીયે વધારે શાંત બની ગયો. અદાલતના અમલદારે જરા મૂંઝવણ અનુભવી અને ન્યાય સરળ બને એ અર્થે કરડાકીમાં પૂછ્યું : 'બાઈ! એમ નહિ ચાલે. પ્રશ્નોના સીધા જવાબ આપવા એ તમારા લાભની વાત છે.'

'હું જરૂર જવાબ આપીશ.'

'ઉડાઉ જવાબ નહિ આપો તો ચાલશે.'

'હું જવાબ આપું તે લખી લો. પછી મને કહેજો કે મેં જવાબ ઉડાઉ આપ્યા.'

'તમારી ઉમ્મર કેટલી?'

'પચીસેક વર્ષ થયાં.'

સહુને લાગ્યું કે બાઈ હવે સીધા જવાબ આપશે.

'તમારો ધર્મ કયો!'

'હું ધર્મમાં માનતી નથી.'

'કારણ?'

'માનવીનો એકેએક ધર્મ અધર્મ બની ગયો છે માટે.'

'ક્યાંનાં રહેવાસી?'

'કલકત્તાથી શરૂ કરો. પછી નોઆખલી, ગઢમુક્તેશ્વર, પંજાબ અને સરહદ; બધે હું રહી છું.'

'અત્યારે ક્યાં રહો છો?'

'તમારું રાજ્ય રાખે ત્યાં.'

'બોલો, ઈશ્વરને માથે રાખી સાચું જ કહીશ...જોકે સોગન ઉપર કાંઈ પણ કહેવાની તમારે માથે ફરજ નથી.'

'ઈશ્વર અદૃશ્ય થઈ ગયો છે. હોય તો એ શયતાન હોવો જોઈએ. એને માથે રાખ્યા વગર પણ હું સાચું જ કહીશ.'

સોગન ઉપર લેવાના અગર ન લેવાના જવાબ આ રીતે લેવાય કે કેમ એ બદ્દલ બન્ને પક્ષના વકીલો વચ્ચે લાંબી તકરાર જામી, અને એક ગુણ ભરાય એટલી ચોપડીઓના ઉલ્લેખ વંચાયા. અંતે એમ ઠર્યું કે નાસ્તિકને પણ ન્યાય તો મળવો જ જોઈએ. પ્રતિજ્ઞા ઉપર કહે અગર ન કહે એ લેખી શકાય; પછી ભલે તે ઈશ્વરમાં ન માને! અને ઈશ્વર પણ પ્રત્યેક ધર્મમાં જુદા જુદા જ હોય છે ને? માનવીનો ઈશ્વર પણ ક્યાં એક છે? છતાં ગુનેગારને અન્યાય ન થાય એ અર્થે ન્યાયાધીશે પણ કાયદેસર સમજ બાઈને આપી.

'જુઓ, બાઈ! હવે તમે જે જવાબ આપશો તે તમારી વિરુદ્ધ વપરાશે. કાયદો કહેતો નથી કે તમારે ગુનો કબૂલ કરવો જોઈએ. છતાં તમારી વાણીનો લાભ સામો પક્ષ જરૂર લેશે.'

'જી.'

'તમારા વિરુદ્ધ બાળહત્યા...મનુષ્યવધનો આરોપ મુકાયો છે, એ તમને કબૂલ છે?'

'હા જી.'

'તમે ફરી વિચારી કરો. ખૂનની શિક્ષા ફાંસી સુધીની છે એ જાણો છો?' ન્યાયાધીશે ચેતવણી આપી.

'હા જી; હું જાણું છું.'

'તમે બાળકને કેવી રીતે માર્યું?'

'સાક્ષીઓએ જે હકીકત કહી છે એ બરાબર છે.'

'બાઈ! તમે ભાનમાં છો ખરાં?' જરા ચમકીને ન્યાયાધીશે પૂછ્યું. કદાચ એ બાઈની આંખમાં કશી વિચિત્રતા પ્રવેશેલી તેમણે નિહાળી હશે.

'જી!'

'શા માટે બાળકને માર્યું?—તમારું જ બાળક?'

'સાહેબ! એ વાત ન પૂછો તો નહિ ચાલે?'

'કારણ જાણવું જોઈએ; તે સિવાય ન્યાય આપી શકાય નહિ.'

'તમે ન્યાય આપવાના છો?' યુવતીએ ઝીણી આંખ કરી પૂછયું.

'અદાલતો એટલા માટે જ છે.' ન્યાયાધીશે ભાર મૂકી કહ્યું.

'એમ કે? કારણ શું બતાવું?...હા...એ બાળક મારે જોઈતું ન હતું.'

'ન જોઈતાં હોય એ માનવીઓને મારી નાખી શકાય નહિ.'

'મેં ન જોઈતાં બધાં માનવી માર્યાં નથી. મેં એક મારું જ બાળક માર્યું છે.'

બાળક જન્મતાં બરોબર સામાજિક મિલકત બની જાય છે. તમારી ફરજ તેને માતા તરીકે ઉછેરવાની છે, નહિ કે મારવાની.' ન્યાયાધીશે માતાને માતૃત્વનો બોધ આપ્યો.

'ન્યાયાધીશ સાહેબ! એ કાયદો કોઈ એવા સમાજમાં ફેલાવો કે જ્યાં માતાને વણમાગ્યાં બાળકો આપવાનો ગુનો પુરુષો કરે નહિ.'

'એટલે?'

'તમારા સમાજમાં દંભી અદાલત સ્થાપી તમે કાયદો તોળવા બેઠા છો! તમે જાણો છો?...હિંદ જેવા કમનસીબ દેશમાં જન્મેલી સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરી ધર્મભક્ત અને દેશભક્ત તરીકેનું અભિમાન લેતા પશુથી યે બદત્તર પુરુષસમાજમાં ગુના સિવાય બીજું બને છે શું?

'એ જુદો પ્રશ્ન છે. એ ગુનો કરનારનાં નામ આપો. હું તેમને પકડીશ. પરંતુ આ ગુના માટે તો...'

'શું કહ્યું, સાહેબ? ગુનો પકડશો? ગુનેગારને પકડશો? હા... હા...હા...! સહુથી પહેલાં પકડો એ ગુંડાઓને કે જેમણે ધર્મને નામે પાકિસ્તાન માગ્યું! પછીથી પકડો પેલા હિંદુ નિર્માલ્ય નેતાઓને કે જેમણે પાકિસ્તાન અપાવા દીધું! છે તાકાત? તમારી કે તમારા ન્યાયશાસનની?'

'બાઈ! મને સમજાતું નથી કે તમારા ગુનાને અને રાજ-કારણને સંબંધ છે?'

'હું સંબંધ બતાવું.' કહી પેલી સ્ત્રીએ પોતાની કથની ટૂંકાણમાં કહી. તેના મુખ ઉપર ક્ષોભ ન હતો, ઘેલછા ન હતી; એના મુખ ઉપર તિરસ્કાર વરસી રહ્યો હતો—જેમાં ઈશ્વર, પાકિસ્તાન, હિંદુસ્તાન ઇસ્લામ, આર્યતા, ન્યાય અને અદાલત ઉપર એણે અગ્નિભર્યાં વાક્બાણ ફેંક્યાં.

૪

પતિની એ પ્રિય પત્ની હતી. એને બે બાળકો હતાં. ભર્યા કુટુંબમાં એ રહેતી હતી. અને એકાએક ધર્મ-કોમનો રાક્ષસી ઝગડો સળગી ઊઠ્યો, એના ઘરને ગુંડાઓએ ભસ્મ કરી નાખ્યું. બચવા મથતાં બે બાળકોને ભડભડ બળતા ઘરમાં ફેંકી તેની નજર આગળ બાળી નાખ્યાં. ઘરને અને પત્નીને બચાવવા મથતા તેના પતિને તેની આંખ આગળ કાપી નાખ્યો. પછી ગુંડાઓએ તેને ઉપાડી તેના ઉપર અત્યાચાર આદર્યો, અને તેને ધર્માંતરનું નામ આપ્યું!— એમાં ધર્મ જેવી કશી વસ્તુ રહી હોય તો! ધર્માંતરમાંથી સ્થળાંતર કર્યું. સ્ત્રીઓનાં બક્ષિસ વેચાણ થયાં, જેમાં તેનું પોતાનું નામ વેચાણ થયું.

જે સ્થળે બળજબરીનો ધર્મપલટો કરી તેને માથે નવો સંસાર લાદ્યો હતો એ સ્થળે અન્ય ધર્મીઓએ—એટલે હવે બાઈના મૂળ ધર્મવાળાઓએ બદલો લીધો. જે ઘરમાં એને રાખી હતી એ ઘર એ ધર્મનિષ્ઠોએ બાળ્યું, ઘરનાં માણસોને બાળ્યાં, અને બદલાયલા પહેરવેશને અંગે તેના મૂળ સ્વધર્મીઓએ તેના ઉપર ફરી અત્યાચાર આદરી એમ માન્યું કે તેનું ધર્માન્તર કરી નાખ્યું, અને પરધર્મ ઉપર વિજય મેળવ્યો!

આમ હિંદુ સ્ત્રી ઉપર અત્યાચાર કરી ઇસ્લામે માન્યું કે તે ખૂબ ખીલ્યો! ઇસ્લામી સ્ત્રી ઉપર અત્યાચાર કરી આર્યધર્મે માન્યું કે

તેનો દિગ્‌વિજય થયો.

અત્યાચારની આ પરંપરાએ તેને બાળક આપ્યું! પશુતા, શયતાનિયત, હેવાનિયતના પરિણામે પ્રાપ્ત થયેલું બાળક કેમ કરીને જીવતું રખાય? કોને માટે જીવતું રખાય? એને જીવંત રાખી શું શું યાદ કરવાનું! ખરું જોતાં એ બાળકની ગરદન મરડી એ બાઈએ સર્વ અત્યાચારીઓની ગરદન મરડી નાખ્યાનો ક્રૂર સંતોષ મેળવ્યો હતો!

'મને નથી લાગતું કે મેં કશો ગુનો કર્યો હોય. સાહેબ! ન્યાયાસને આપ બેઠા છો! પાકિસ્તાન અને હિંદુસ્તાનનાં રાજરમકડાં બનાવી પ્રધાનો રાજ્યાસને બેસી ગયા છે! આપને અને એ પ્રધાનોને હું એમ પૂછું છું કે આપની કે એમની સગી બહેન, પત્ની કે પુત્રી હોત તો?' કથની પૂરી કરતાં પેલી સ્ત્રીએ પૂછ્યું.

અવાક્ બનેલી અદાલતને મરતી મરતી થોડી વારે વાચા આવી. ન્યાયાધીશે મુખ બાજુએ ફેરવી ધીમેથી કહ્યું: 'એવી બહેન, પત્ની કે પુત્રી જીવતી ન રહે એમ હું ઇચ્છું.' ન્યાયાધીશનો નીતિઘમંડ કદી ઊતરતો જ નથી.

'આપે સાચું કહ્યું! મેં મારા બાળકને કેમ માર્યું એનો આપે જ જવાબ આપ્યો! હું પણ કોઈની બહેન, પત્ની કે પુત્રી રહી નથી! ન્યાયની પણ નહિ અને રાજ્યની પણ નહિ. માટે જ મેં મારું સાચું નામ અદાલતને આપવાની આનાકાની કરી છે. આથી મારા સરખી મા પણ કોઈ બાળકને ન હજો! નહિ?'

'પણ આ તો તમે બાળકને માર્યું! નિર્દોષ...'

'નિર્દોષ?...હં...! મારે મરવું જોઈએ, ખરું ને? જે પ્રદેશના પુરુષો સ્ત્રી ઉપરના અત્યાચાર જોઈ, વાંચી–વાંચી, સાંભળી જીવતા રહે અને...વળી પાછા નીતિ-ન્યાયની ખુરશી ઉપર બેસી શકે, એ પ્રદેશની સ્ત્રીઓએ જરૂર મરવું જ રહ્યું! આપ હવે મને ઘટતી સજા-ફાંસી આપો, અને સજા આપ્યા પછી મને કહેજો કે મને પુરુષ

કરતાં વધારે સારું મરતાં આવડે છે કે નહિ !'

બાઈ પાસે ઝેર હશે ? સહુ વિચારમાં પડ્યા. ન્યાયાધીશ પુસ્તકનાં પાનાં ઊથલાવવા લાગ્યા. બંને પક્ષના વકીલો બેસી ગયા. ભેગી થયેલી મેદનીમાં વાતની ચણભણ ચાલી, એકાએક પેલી સ્ત્રી બોલી ઊઠી : 'અને સાહેબ ! મને ફાંસીની સજા નહિ કરો તો હું હજી બીજાં બે ખૂન કરવાની છું. એની પણ આપ નોંધ લો.'

'એટલે ?'

'મારા ઉપર અત્યાચાર કરનાર સર્વને મેં રહેંસી નાખ્યા છે, છતાં હજી એક બાકી રહ્યો છે. સજા નહિ કરો અગર મને જીવતી રાખશો તો હું એને જહન્નમમાંથી શોધી લાવી ઝબ્બે કરીશ.'

'અને બીજું કોણ ? જેનું ખૂન કરવા તમે ધારો છો તે ?'

'બીજું ખૂન મારું. પછી મારે શયતાનિસ્તાન કે કાયરસ્તાનમાં જીવવું નથી. એમાં જીવજો તમે પુરુષો !'

તિરસ્કારના તણખા ઉડાડતી એ આંખો સામે થોડી ક્ષણો સુધી કોઈ જોઈ શક્યું નહિ.

અને હજી બેચાર મુદતો પડ્યા છતાં કામનો ફેંસલો આવ્યો નથી.

# ઝેરનો કટોરો

૧

પૂનમચંદ હતો ગામડાનો નિવાસી. પરંતુ તેના પિતાએ શહેરમાં મોકલી તેને ભણાવ્યો. તેના પિતા પાસે ઠીક ઠીક પ્રમાણમાં જમીન હતી, અને એવી જમીન ધારણ કરનાર ખેડૂત ગામડામાં જમીનદાર ગણાઈ સહુનું માન પામે છે. પૂનમચંદના કુટુંબ પ્રત્યે ગામમાં અને આસપાસના પ્રદેશમાં માન અને સદ્‌ભાવની લાગણી વ્યાપક હતી. ખેડૂતો પ્રત્યેની મમતા પણ એમાં કારણરૂપ હતી. પૂનમચંદના પિતા ખેડૂતો પાસે ઠીક ઠીક કામ તો લેતા; પરંતુ તેઓ જાતે પણ કોઈ પણ મજૂર જેટલું જ કામ કરતા હતા, અને ખેડૂતોના કુટુંબની બહુ કાળજી રાખતા હતા. ખેડૂતોનો કેટલોક ભાગ મુસ્લિમોનો હતો. પરંતુ સેંકડો વર્ષથી, વંશપરંપરાથી સાથે સાથે મજૂરી-મહેનત કરતા હિંદુ-મુસલમાનો વચ્ચેનો ધર્મભેદ ગ્રામ જીવનને જરા ય હલાવી શકતો નહિ. હિંદુ હોય તે પૂજાપાઠ કરે અને મુસ્લિમ હોય તો તે નમાજ પઢે, એ સ્વાભાવિક ગણાતું. પોતપોતાનો ધર્મ પાળવામાં કોઈને કશી હરકત આવતી નહિ. એકબીજાના તહેવારો પણ સર્વસામાન્ય બની ગયા હતા. દિવાળીના

ધનપૂજન કે શારદાપૂજનમાં મુસ્લિમ ખેડૂતો ખુશીથી પ્રસાદ લઈ શકતા હતા, અને ઈદના દિવસે પૂનમચંદના પિતા મુસ્લિમોને ઝૂંપડે જઈ 'ઈદમુબારક' કરી આવતા.

પૂનમચંદ ભણતો હતો અને તેનું લગ્ન બહુ ધામધૂમથી કરવામાં આવ્યું. અસલ ગામડાના પરંતુ શહેરમાં જઈ ધંધામાં કમાણી કરી લાવેલા એક ધનિક કુટુંબની કન્યા પૂનમચંદને મળી. સઘળાં લગ્ન પ્રેમલગ્ન હોતાં નથી. પ્રેમ વિષેની ઘણી કવિતાઓ પૂનમચંદે મુખપાઠ કરી હતી. છતાં એણે લગ્નમાં કાંઈ વાંધો લીધો નહિ. લજ્જાવતીને તેણે કદીક જોઈ હતી. શહેરનો ઓપ તેનામાં હતો. તે થોડું અંગ્રેજી શીખી હતી, અને તેનો દેખાવ આંખને ગમે એવો હતો. લગ્ન કરી લેનાર કૈંક વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ પૂરો કરી શક્યા છે એવાં દાખલા-દલીલને વશ થઈ અભ્યાસમાં લગ્ન વિઘ્નરૂપ છે એવી માન્યતાને બાજુએ મૂકી પૂનમચંદે લજ્જાવતી સાથે પોતાનાં લગ્ન થવા દીધાં, અને પોતાનો બાકી રહેલો અભ્યાસ ચાલુ રાખ્યો. મુખપાઠ કરેલી પ્રેમની કવિતાઓ તેને હવે કામ પણ લાગી. પરણેલી પત્નીને તે ચાહવા પણ લાગ્યો અને પ્રેમપત્રો ય લખવા લાગ્યો—જેના પ્રેમભર્યા જવાબ પણ તેને મળવા લાગ્યા.

વિદ્યાર્થી-અવસ્થા અનેક રીતે નાજુક કહી શકાય. અભ્યાસ એક પાસ ખેંચે; બીજી પાસ યૌવન, ત્રીજી પાસ ભાવિ ઉત્કર્ષની યોજનાઓ અને ચોથી પાસ સ્વદેશભક્તિ. બીજા દેશોમાં સ્વદેશ-ભક્તિ શ્વાસ જેટલી સ્વાભાવિક હોય છે; કારકિર્દીની વચ્ચે સ્વદેશ-ભક્તિ આવતી નથી. પરંતુ પરતંત્ર હિંદના વિદ્યાર્થીઓની સ્વદેશ ભક્તિમાં સ્વાતંત્ર્યની લડત એક મહત્ત્વનું સ્થાન લે છે, અને કાર-કિર્દી સામે ઘર્ષણ પણ ઊભાં કરે છે. પરદેશી સરકારની નોકરી કરવી કે દેશસ્વાતંત્ર્યની લડતમાં ઝંપલાવવું ? એ મહાપ્રશ્નો પ્રેમ સરખું જ મંથન વિદ્યાર્થીને કરાવ્યે જાય છે. એ મંથન પૂનમચંદના મનને પણ ચગડોળે ચઢાવતું હતું. દેશનો ઉદ્ધાર જરૂર કરવો

જોઈએ. પરંતુ ગાંધીવાદી અસહકારની ઢબે કરવો કે ક્રાન્તિવાદી છૂપાં ષડ્યન્ત્રો રચીને કરવો? હિંદુસ્તાનનો ઉદ્ધાર હિંદુ તરીકે કરવો અને હિંદુઓનું એક મહારાજ્ય સ્થાપવું કે ઇસ્લામીઓ સહ અન્ય ધર્મીઓને પણ લડતમાં સાથે રાખી સર્વમાન્ય મોરચો સ્થાપવો?

પરંતુ છેલ્લે છેલ્લે દેશની લડતમાં ઇસ્લામીઓ તરફથી થતી અડચણો દેશનેતાઓની માફક વિદ્યાર્થીઓને પણ મૂંઝવી રહી હતી. મુસલમાનોનું—આગેવાનોનું વલણ ન સમજાય એવું ગૂંચવણ ભરેલું અને લડતને વિઘ્નરૂપ નીવડતું હતું અને પ્રતિદિન એ વલણ પ્રબળ બન્યે જતું હતું. હિંદને સ્વાતંત્ર્ય મળવું જોઈએ? એ પ્રશ્નનો ઇસ્લામીઓનો જવાબ 'હા' હતો; પરંતુ હિંદમાં હિંદુઓની વસતી વધારે હોવાથી હિંદુઓની બહુમતીવાળું સ્વાતંત્ર્ય તેમને ન ખપે. અલગ મતાધિકાર, હિંદુઓ જેટલાં જ પ્રધાનપદ, હિંદુઓ કરતાં પણ વધારે પ્રમાણમાં નોકરીની સગવડ—પછી લાયકાત હોય કે નહિ તોપણ. આ ઉપરાંત કૈંક નસનેદાર સગવડો હિંદી ઇસ્લામ માગતો હતો. એ બધી સગવડ મળે તો ય ખ્રિસ્તી, શીખ અને બાકી રહેલી કોમો હિંદુઓ સાથે ભળી જાય તો અમારો ઇસ્લામ ખતરામાં આવી પડે એવી બૂમ મારી બેફામ બનતો હિંદી ઇસ્લામ મારકણો બનતો જતો હતો.

ઇસ્લામને બાંહેધરી આપવામાં આવી! પણ તે ખપી નહિ. હિંદી રાષ્ટ્રીયતાને વગોવી, તેનાથી અલગ ચીલો પાડી, હિંદના ઇસ્લામીઓની જાત, ધર્મ અને સંસ્કાર ભિન્ન છે એવાં ઢોલ-ત્રાંસાં પિટાવી આખા હિંદુસ્તાનમાં કોમવાદનું ઝેર ફેલાવી ધર્મને વટાવી જરા ય મહેનત કર્યા વિના પાકિસ્તાન મેળવી ઇસ્લામી નેતાઓએ હિંદ:સ્વાતંત્ર્યના પ્રભાતે હિંદને ચીરી તેના બે ભાગ કરાવ્યા. એ ઝેર-સીંચ્યાં. અગ્નિની હોળી પ્રગટી અને ક્રૂરમાં ક્રૂર મુસ્લિમ બાદશાહે કલ્પ્યું પણ નહિ હોય એવું માનસિક દોઝખ હિંદને ગામડે ગામડે, શહેરેશહેરમાં અને લતાલતામાં પ્રગટી ઊઠયું. હિંદુમુસલમાન દોસ્ત

મટી કટ્ટર વેરને તીરે ઊભા.

પૂનમચંદ લજ્જાવતી સાથે એક સુભગ રાત્રિ ગાળી સ્વાતંત્ર્ય-દિનનો ઉત્સવ માણવા શહેરમાં આવ્યો. એ જ વર્ષે તેણે અભ્યાસ પણ પૂરો કર્યો હતો. પરીક્ષા આપી દેવાની તૈયારી હતી, અને સ્વરાજ્યમાં પોતે કયું સ્થાન મેળવી લેવું તેનો પણ ઝાંખો અસ્પષ્ટ વિચાર તે કરતો હતો. હિંદુ-મુસ્લિમ ઐક્ય માટે જીવન સમર્પણ કરવાની ભાવના તેને ગમી હતી, કારણ બાળપણથી તેણે પોતાના ગ્રામવિભાગમાં હિંદુ મુસલમાનને ઝઘડતાં જોયાં જ ન હતાં. સ્વાતંત્ર્ય દિનનાં અપૂર્વ દશ્યો એણે જોયાં, લોકનેતાઓને મંચ ઉપરથી અને નળોવાણીમાં સાંભળ્યા, ગીતોમાં અને સરઘસમાં તેણે સાથ આપ્યો. છતાં એના હૃદયનો ઉત્સાહ ખંડિત હતો – ખંડિત હિંદ સરખો : આખા હિંદનું એ પ્રતિબિંબ !

વિશ્વયુદ્ધના ઘાવ હજી જેવા અને તેવા જ હતા. અનાજ, કાપડ, કોલસાની મોંઘવારી વધ્યે જતી હતી. નેતાઓએ રાજ્ય-લગામ હાથમાં લીધી, પરંતુ એકે કષ્ટનું નિવારણ તેઓ કરી શક્યા નહિ. ભાષણોનો અને અરસપરસ વખાણનો પાતાળ ઝરો ફૂટી નીકળ્યો. પ્રજાજીવનમાં વ્યાપેલા વિષાદનું નિવારણ હજી શક્ય બન્યું ન હતું. પ્રજાએ સહુ ભાષણખોર નેતાઓને પૂછવા માંડયું હતું કે : “ભાઈ! તમે આવીને અમારું શું વધારે ધોળ્યું ?'

અને એક વર્તમાનપત્ર વેચતા ફેરિયાએ બૂમ મારી :

હિંદુઓની કતલ !

જમીનદારના આખા કુટુંબનો નાશ !

સ્ત્રીઓનાં અપહરણ !

પૂનમચંદે વર્તમાનપત્રની નકલ લીધી, તેમાં નજર ફેરવી અને તેનું દિલ ધડકી ઊઠયું. ફેરિયાની બૂમ તેના અને તેની પાડોશના ગામ માટે જ હતી. તેને દોડવાનું મન થયું; તેને બેસી જવાની વૃત્તિ થઈ આવી. તેની આંખે દેખાતી સૃષ્ટિ ફરવા માંડી. જમીનદાર

તરીકે એટલામાં તેના પિતા જ ઓળખાતા હતા. તેના પિતા, તેની માતા, તેનો ભાઈ, તેની પ્રિય પત્ની લજ્જા, સહુ તેની આંખ આગળ તરવરી રહ્યાં. તેમનું શું થયું હશે એનો સ્પષ્ટ વિચાર કરવા જેટલી પણ સ્થિરતા તેના મનમાં રહી નહિ. અંતે દોડીને તે સ્ટેશન ઉપર આવ્યો. સ્ટેશને ખબર પડી કે એ બાજુની ગાડી જ બંધ છે – અને જે ગાડી જાય છે તેમાં માત્ર સૈનિકો જ જાય છે. તેણે સ્ટેશન-અધિકારીને વર્તમાનપત્ર બતાવી કહ્યું : 'મારા કુટુંબ ઉપર આફત છે. મને જવા દો !'

'આફત ભલે હોય. કોઈને જવા દેવાનો હુકમ નથી.'

સ્વાતંત્ર્ય સાથે સભ્યતા આવી પૂનમચંદને દેખાઈ નહિ; આગગાડીના વહીવટમાં તો નહિ જ. યોગ્ય પુરસ્કાર આપતાં હિંદમાં હુકમ વગર પણ ગાડી મળી શકે છે એની પૂનમચંદને હજી ખબર ન હતી.

તેણે મોટરકાર અને ઘોડાગાડી માટે પૃચ્છા કરી. એ બાજુએ કોઈથી જઈ શકાય એમ હતું નહિ. કાર અગર ગાડી તેને મળી નહિ; તેણે પગે ચાલવા માંડ્યું. પલ્લો લાંબો હતો. દિવસરાતનું તેને ભાન રહ્યું નહિ. રસ્તામાં તેને રોકવામાં આવ્યો, ટોકવામાં આવ્યો, છતાં તેણે આગળ ચાલવા જ માંડ્યું. રસ્તામાં ત્રાહિ ત્રાહિ પોકારી ગયેલાં સ્ત્રી-પુરુષ–બાળકનાં ટોળાં તેને મળ્યાં; તેમણે તેને આગળ વધવાની ના કહી. કોઈ ઓળખીતું પણ તેને મળ્યું હશે. પરંતુ તેને કશું જ ભાન રહ્યું ન હતું. કોણે શી વાત કરી, કોણ શા માટે રોકતું હતું, એ કશાની તેને ગમ પડી નહિ. એના હૃદયનું ખેંચાણ એનું કુટુંબ અને એનું ઘર હતું. અત્યારે એ બીજી કોઈ સૃષ્ટિમાં જીવતો જ ન હતો.

ટોળાં અને ટોળાં તેને મળ્યે જતાં હતાં. એ બધાં ભાગી આવતાં હતાં એનું જરા ય ભાન એને ન રહેવા છતાં એને આછી આછી સમજ તો પડી જ કે આસપાસ કાંઈ ભયંકર ઉત્પાત ચાલી

રહ્યો છે. એ સમજે તેના પગને વધારે વેગ આપ્યો, અને થાકનું વિસ્મરણ કરાવી દીધું. તે ચાલતે ચાલતે પોતાને ગામ આવ્યો.

ગામ જાણે અજાણ્યું હોય એવો તેને ભાસ થયો. થોડાં દૂબળાં ઢોર ફરતાં હતાં; કૂતરાં ભસતાં હતાં, લઢતાં હતાં અને હાડકાં ચાટતાં હતાં. સમડી એકાંત આકાશમાં ઊડી નીચે ઝડપ મારી પાછી આકાશમાં ઊડી જતી હતી. ઝૂંપડાં કેટલાં ય બળી ગયાં દેખાયાં. થોડાં જ મકાનો મોટાં કહી શકાય. તેમાંથી પણ ધુમાડા નીકળતા હતા. કોઈ માનવી દેખાતું ન હતું.

ગામમાં કોઈ હિંદુ પણ નથી અને મુસલમાન પણ નથી. પૂનમના મનમાં વિચાર આવ્યો. તેણે પોતાના મકાનનો માર્ગ લીધો અને મકાન પાસે આવતાં જ તેના હૃદયે એક ધબકારો ગુમાવ્યો. કદાચ બીજો ધબકાર હૃદયમાં જાગત પણ નહિ! છતાં ઘર જોવા માટે હૃદય પાછું ધબક્યું.

૨

એ શું તેનું જ ઘર હતું?

એનાં મોટાં દ્વાર ક્યાં ગયાં? હા, એક દ્વાર દૂર કુહાડાના ઘાની સાક્ષી આપતું પડ્યું હતું, અને બીજું દ્વાર અડધું બળી આપોઆપ હોલાઈ ગયું હતું! ઘર બળ્યાની અને લૂંટાયાની એંધાણીઓ હવે એણે ચારે પાસ દીઠી. ઉપર, નીચે, ચારે પાસ તેણે નજર નાખી. એને ખાતરી થઈ કે હિંદના મુસ્લિમોએ મેળવેલા સ્વરાજ્યનો તે જરૂર ભોગ બન્યો છે! તેનાં ઘરબાર અને તેની મિલકત લૂંટાઈ ગયાં હતાં.

પરંતુ ઘરબાર અને મિલકત કરતાં પણ વધારે મોંઘાં તેનાં માતા પિતા, તેનો નાનો ભાઈ અને તેની પત્ની ક્યાં હતાં? પૂનમે ઘરમાં પ્રવેશ કર્યો. અસ્તવ્યસ્ત બનેલા ઘરની ભીંત ઉપર, પથ્થર ઉપર, તેણે રુધિરના છાંટા જ નહિ–એકબે સ્થળે તો રુધિરના રેલા

સુકાતા નિહાળ્યા. શું સહુને કાપી નાખ્યાં ? તેમના દેહ ક્યાં ? એક ઓરડામાં પ્રવેશ કરતાં તેણે એક સ્ત્રીનું શબ જોયું. એ શબ જમીન ઉપર પડ્યું હતું. એ શબનો એક હાથ હજી એક કટારના હાથા ઉપર પડ્યો હતો, અને એ કટાર શબની છાતીમાં ઊંડી ઊતરી ગઈ હતી. રુધિર જાણે અત્યારે પણ વહેતું હોય એમ જમીન ઉપર પડેલી રુધિરધાર જોતાં તેને લાગ્યું. એ શબ તેની માતાનું હતું !

તેની પાછળ કોઈનો પડછાયો ફરતો તેને ભાસ્યો. તેના હૃદયમાંથી ભય જેવો ભાવ અદૃશ્ય થઈ ગયો હતો, અને આખી દુનિયા શૂન્ય બની ગઈ હતી. તેના હૃદયતારો લગભગ તૂટી ગયા હતા. પાછળ જોતાં તેણે પોતાને ઘેર નિત્ય આવતા, ઘરનું કામકાજ કરતા, સંબંધી સરખા એક મુસ્લિમ ખેડૂતને ઓળખ્યો.

'ઇબ્રાહીમ !' પૂનમચંદે સંબોધન કર્યું.

'હા ઇબ્રાહીમ !' પેલાએ જવાબ આપ્યો. ઇબ્રાહીમની આંખો પણ અસ્થિર હતી.

'આ શું થયું બધું ?'

'જેહાદ જાગી છે. કાફરોને મુસ્લિમ બનાવવા અગર તેમની કતલ કરવી.'

'મારાં કુટુંબીઓની કતલ થઈ ?'

'ઇસ્લામ ન સ્વીકાર્યો એટલે બીજું શું થાય ?'

'માનું શબ અહીં છે. બીજાં શબ ક્યાં ?'

'તમારા પિતા અને ભાઈનાં શબ ઉપર કબર રચાઈ ગઈ...!'

'મુસલમાન બન્યા હતા ?'

'ના. માટે તો તેમની કતલ થઈ !'

'અને લજ્જાનું શબ ?'

'ખબર નથી. એના ઉપર પણ કબર રચાઈ હશે.'

'કબર બતાવીશ ?'

'અરે, એમ પણ સાંભળ્યું કે લજ્જાને કદાચ ઉઠાવી પણ ગયા હોય.'

'તું અહીં કેમ છે ?'

'તમારી માતાનું શબ દાટવું રહી ગયું છે. એમણે તો આપઘાત કર્યો, અને...અને...પૂનમચંદ ! તમે પણ પયગંબર સાહેબનું નામ લઈ ઇસ્લામી બની જાઓ. નહિ તો...!' નમ્ર, વિવેકી, આંખ પણ ઊંચી ન કરનાર ઇબ્રાહીમે એક ચકચકતી કટાર મ્યાનમાંની બહાર કાઢી, અને ઘેલછા ભરી આંખે તેણે પૂનમચંદને આવરી લીધો. માનવ આંખમાં આવી અને આટલી ક્રૂરતા આવી શકતી હશે કે કેમ તેની શંકામાં પડેલા પૂનમચંદે કહ્યું : 'વારુ; હું ઇસ્લામ સ્વીકારી લઉં છું. તું જાણે છે કે હું નાનપણમાં તારી જ પાસેથી ગઝલ – કવાલી શીખ્યો છું. પણ માના શબને જોવાતું નથી. એને જરા ઠેકાણે કરીએ.' પૂનમચંદે કહ્યું.

'હા, હા. અહીં વાડામાં જ દાટી એના ઉપર કબર કરી દઈએ.' ઇબ્રાહીમની ધર્મઘેલછા સંતોષાવાનો પ્રસંગ આવતો હોવાથી ઇબ્રાહીમના હૃદયમાં જરા સુંવાળાપ આવી. તેણે કટાર મ્યાન કરી, અને પૂનમચંદની માતાના શબને ઉપાડવાની તૈયારી કરી. પૂનમચંદે માતાની છાતીમાંથી રુધિરભીની કટાર કાઢી લીધી, અસાવધ બનેલા ઇબ્રાહીમ ઉપર ધસારો કરી તેને જમીન ઉપર પટક્યો, અને તેની છાતી સામે કટાક ધરી.

'સરકાર ! છોડો. હું હિંદુ બનું છું !' મોત નજીક આવતું નિહાળી ઇબ્રાહીમ બોલ્યો.

'અહીંના હિંદુઓ ક્યાં ?' પૂનમચંદે પૂછ્યું.

'બધાની કતલ થઈ. મુસ્લિમ બન્યા એ બચ્યા...!'

'ક્યાં છે એ બધા ?'

'લૂંટ કરી પાકિસ્તાનમાં ચાલ્યા ગયા.'

'તું કેમ અહીં રહ્યો ?'

'ઉજ્જડ મકાનોમાંથી કાંઈ મળી આવે છે તે લેવા રહ્યો છું !' તમને જોયા એટલે...!

'મને મુસલમાન બનાવવા તું મારી પાછળ આવ્યો; નહિ ?'

'માફ કરો. મને જનોઈ આપો...'

'લો, આ જનોઈ !'

પૂનમચંદે ઇબ્રાહીમની છાતીમાં અત્યંત બળપૂર્વક કટાર ખોસી દીધી અને તરફડતા તેના દેહને નિહાળી તેણે એક ભયંકર અટ્ટહાસ્ય કર્યું. તેના હૃદયબંધન તૂટી ગયાં. શૂન્ય પડી ગયેલા તેના મસ્તિષ્કમાં એકાએક જીવન જાગ્યું. એ જીવનમાંથી દયા-નમ્રતા ઊડી ગયાં. એને એક જ ધ્યેય દેખાયું : દુનિયાભરને અમુસ્લિમ બનાવવી !

ઝગમગી રહેલા એ આદર્શે તેને યુક્તિ સુઝાડી. લુચ્ચાઈનો પરિચય કરાવ્યો. પ્રતિજ્ઞાભંગને સાહજિક બનાવ્યો અને પોતાની આસપાસ હિંદુઓનું એક ગુપ્ત સંગઠ્ઠન પણ શક્ય બનાવ્યું — જે સંગઠ્ઠન દ્વારા તે ઇસ્લામી વિભાગોમાં જઈ ઇસ્લામીઓની કતલ કરવા લાગ્યો, અને ઇસ્લામી સ્ત્રીઓનાં અપહરણ કરી શૂન્ય બની ગયેલા ગામમાં લાવી તેમને પોતાનાં હિંદુ સંગઠ્ઠન-સાથીઓમાં વહેંચવા લાગ્યો.

પૂનમચંદનું ભણતર, પૂનમચંદની દેશસેવા, પૂનમચંદની માણસાઈ અદશ્ય બની ગયાં. તેના નામનો ત્રાસ આસપાસની ઇસ્લામી વસ્તીમાં ફેલાઈ ગયો. પોલીસ અને મિલિટરીને મેળવી લેવાની અગર તેમને પણ ધાકમાં રાખવાની કળા તેને સહજ આવડી ગઈ. તેની ક્રૂરતાએ એવો કાંઈ પલટો લીધો કે મુસ્લિમ સ્ત્રીઓનાં અપહરણમાં તેને પોતાના આદર્શની વિશેષ સિદ્ધિ થતી લાગી. તેણે પોતાના ગામને ફરી હિંદુઓથી વસાવ્યું, આસપાસ ગામો પણ વસાવ્યાં, સારું સંગઠ્ઠન ઊભું કર્યું અને પાસેના પ્રદેશમાંથી ઇસ્લામી સ્ત્રીઓનાં હરણ કરવા માંડ્યાં. પછી તો તેના ધસારા આઘેના પ્રદેશ સુધી પહોંચ્યા. ભોળવીને, ફોસલાવીને, લાલચ આપીને, ધમકાવીને, બળજબરી કરીને પૂનમચંદની ટોળી ઇસ્લામી સ્ત્રીઓને ગુપ્ત

રીતે લાવી તેમને વશ કરી દઈ બહુ આનંદિત બનતી. અપહરણ થયેલી કોઈ હિંદુ સ્ત્રીઓ એમાં પાછી આવતી ત્યારે ટોળીને સ્ત્રી-ઉદ્ધારનો સંતોષ થતો. પરંતુ ખાસ કરીને અનિચ્છાએ ખેંચાઈ લવાયેલી ઈસ્લામી સ્ત્રીઓનાં આક્રંદ, ટળવળાટ અને નિઃસહાયતા જોઈ તેમને જે આનંદ થતો તે બ્રહ્માનંદ સરખો લાગતો. તેમાં યે નાસી જવાની યોજના કરી તેને અમલમાં મૂકવા મથતી સ્ત્રીઓની યોજના નિષ્ફળ બનાવી, તેમને અડધેથી પકડી ફરી પાછી સાંડસામાં જકડતી વખતે તેને જે આનંદ થતો તેની પાસે બ્રહ્માનંદ પણ મોળો લાગતો! ક્રૂરતાની પડી જતી ટેવમાં ક્રુરતા પણ કલા બની જાય છે; અને સ્ત્રીઓ પ્રત્યે અત્યાચાર કરવાની પશુતાએ પહોંચતો માનવી અત્યારાચારને પણ શણગારે છે વધ્ય પશુને ચાંલ્લા કરી, માળા પહેરાવી, ઉપર કિંમતી વસ્ત્ર નાખીને તેની પૂજા કરી ધીમે ધીમે ઈશ્વરને નામે તેનું ગળું કાપવામાં આવતી મોજ સાધારણ ઝટકાથી વધેરતાં આવતી મોજ કરતાં વધારે તીવ્ર હોય છે. પૂનમચંદ અંતે એવી કક્ષાએ પહોંચી ગયો કે જેમાં તે લાવેલી સ્ત્રીઓને ભાગવાની જાણીબૂજીને સરળતા કરી આપતો, ને અધવચથી તેમને પકડી પાછી લાવી તેમના આક્રંદમાં મનનું પરમ સુખ માણતો.

ધર્મ જ્યારે નારકી બને છે ત્યારે તે સચ્ચાઈનો સ્વાંગ ધારણ કરે છે. મુસ્લિમો હિંદુ સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરી તેમને મુસ્લિમ બનાવે તો હિંદુઓએ પણ મુસ્લિમ સ્ત્રીઓ ઉપર બળાત્કાર કરી તેમને હિંદુ કેમ ન બનાવવી, એવા ધર્મ—ડીંચોળે માનવી હીંચે છે. આવાં કાર્ય ધર્મ કાર્ય બની જાય છે. અને વાસનાને બહેકાવી દઈ ક્રૂરતાને રંગત અપાય ત્યારે એ ધર્મ બહુમાન્ય બની જાય છે. પૂનમચંદ સ્ત્રીઓ હરી લાવી તેમને હિંદુ બનાવી જરૂરવાળા પુરુષોને વળગાડી દેતો. આમ તે હિંદુ ધર્મના સ્તંભ તરીકે મનાવા લાગ્યો—અલબત્ત છૂપી રીતે. પોતે પકડાય નહિ; પકડાય તો પુરાવો પોતાના વિરૂદ્ધ થાય નહિ; પકડાયલી સ્ત્રીઓ સત્ય કહી શકે નહિ; એવી

એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાની તેનામાં ભયંકર આવડત આવી ગઈ. ધર્મરક્ષા સાથે આ કાર્યમાં એણે પણ ધન દેખવા માંડયું. ધન લાવે એવું કાર્ય ઝડપથી ધર્મકાર્ય બની જાય છે.

૩

એક રાતે તેને બાતમી મળી કે પરહદના એક ગામની મોટી મુસ્લિમ ટોળી એક હિંદુ ગામ ઉપર ધસી જઈ ત્યાંની સ્ત્રીઓને ઉપાડી જવા નીકળી ચૂકી છે. એણે પોતાની વીર ટોળી તૈયાર કરી. હિંદુ ગામના રહીશોને સલામત જગાએ સ્ત્રીઓ મૂકી આવવા ખબર મોકલી અને પોતાની ટોળી લઈ, તે મુસ્લિમ ગામ ઉપર છૂપો હલ્લો લઈ ગયો. એ ગામના યુવાન અને સશક્ત મુસ્લિમો અપહરણ માટે હિંદુ ગામ ઉપર ધસારો લઈ ગયા હોવાથી ગામમાં હિંદુ વર્ગનો સામનો કરે એવો પુરુષવર્ગ હતો જ નહિ. સામે થનાર વૃદ્ધો કે કિશોરોને ઝબ્બે કરી શકાય એમ હતું. એટલે તલવારની ધારે અને બંદૂકની ગોળીએ ગામની બધી જ સ્ત્રીઓને મોટરોમાં ભરી અત્યંત ઝડપથી બિનજરૂરી સ્થળોએ જઈ રાત્રિ રહ્યાની ખોટી સાહેદી ઊભી કરી પૂનમચંદ પ્રભાત થતાં પહેલાં તો પોતાને ગામ આવી ગયો. આજની જેટલી સહેલાઈથી આટલી બધી જ સ્ત્રીઓ અત્યાર સુધી તેને હાથ લાગી ન હતી. આજે તેના હૈયામાં આનંદ હતો. પોતાને કુટુંબના ખૂનનો તે આજ બરાબર બદલો લઈ શક્યો હતો એવો સંતોષ તેના મનને હળવું બનાવતો હતો. બુરખાવાળી સ્ત્રીઓના બુરખા ખોલાવી બધાંયને પવિત્ર ગંગાજળ પાઈ તેમને ચાંલ્લો કરી હિંદુ ઢબનાં કપડાં અપાય, અને પુરુષોની પસંદગી પ્રમાણે સ્ત્રીઓને પરણાવી દેવાય, એવી ઝડપી સગવડ તેણે રાખી હતી. આ કાર્ય કરવા અર્થે તેણે બ્રાહ્મણો પૂરતા પ્રમાણમાં મળી ગયા હતા; ને ઇસ્લામ ધર્મ પેઠે ચાર સ્ત્રીઓ પરણવાની મર્યાદા હિંદુ ધર્મે સ્વીકારેલી ન હોવાથી સ્ત્રીઓને ફાવે ત્યાં ફાવે તેટલી સંખ્યામાં પરણાવી દેવામાં કશી હર-

કત આવે એમ હતું જ નહિ. બૂરું કૃત્ય કરવામાં આપણે જરૂર મહાપુરુષોનો આધાર લઈ શકીએ છીએ. કૃષ્ણની સોળ હજાર એક સો ને આઠ રાણીઓની વાત બહુલગ્નપ્રિય પુરુષોને અનુકૂળ પડે છે.

સંખ્યાબંધ સ્ત્રીઓમાંથી એક બુરખાવાળી સ્ત્રીની હિલચાલ તરફ પૂનમચંદની નજર ગઈ. એ ત્યાંથી ખસી ગયો, પરંતુ ખસતાં ખસતાં કહેતો ગયો કે 'આ બાઈઓ હિંદુ ધર્મ સ્વીકારે એટલું જ આપણે જોઈએ. એક વખત હિંદુ બન્યા પછી તેની મરજી હશે તો તેમને ગામ તેમને ઘેર પાછી મૂકી આવીશું. કશો જ જુલમ ન થાય એની કાળજી રાખવી અને બધી બાઈઓને સવાર સુધી આરામ લેવા દેવો.'

પૂનમચંદે ઉદાર ભાવના વ્યક્ત કરી, પરંતુ તેના હૃદયમાં ભયંકરતા ભરી હતી. પેલી બુરખાવાળી ચબરાક સ્ત્રી જરૂર નાસી જવાનો પ્રયત્ન કરશે, અને તેને પીછો પકડી તેને પાછી ઘસડી લાવી સહુના ખડખડાટ હાસ્ય વચ્ચે તેને કોઈ કદરૂપા જડ હિંદુને ગળે વળગાડી દેવામાં બહુ મઝા આવશે, એવો ખ્યાલ તેની બાહ્ય ઉદારતાને વધારે દેખાવડી બનાવતો હતો.

બધી સ્ત્રીઓ ક્રૂર ખૂની પૂનમચંદના ખસવાથી રાહત અનુભવી રહી, અને ટોળીના સર્વ પુરુષો દૂર જતાં આછો આરામ લેવા પ્રવૃત્ત થઈ. અને ખરે, એ શાંતિમાંથી એક સ્ત્રીએ ખસવા માંડયું. મકાન જાણે તેની આગળ ખૂલી જતું હોય એમ તે છુપાતી ઘર બહાર નીકળી ગઈ.

અંધારું ઘોર હતું. પ્રભાતનું સામિપ્ય અંધકારને ગાઢ બનાવે છે; તેમાં યે ગામડાંનો અંધકાર! એમાં કેટલી યે હલચાલ થાય તો ય ખબર પડે જ નહિ. આમ તો એક સ્ત્રી કોઈનું યે ધ્યાન ખેંચ્યા વગર ગામ બહાર ચાલી જતી હતી. પૂનમચંદે હજી પોતાના મકાનનાં બળેલાં અને ઘવાયલાં દ્વાર સુરક્ષિત બનાવ્યાં ન હતાં. વૈરવૃત્તિને જીવંત રાખવા માટે કેટલાક અત્યાચારનાં દૃશ્યો કાયમ રાખવાની જરૂર

હોય છે. એટલે ઘર બહાર નીકળતાં, તેમ જ ગામને રસ્તે ચાલ્યા જતાં પેલી સ્ત્રીને કશી જ હરકત આવી નહિ. સ્ત્રીને પણ નવાઈ લાગી કે પૂનમચંદ સરખા અતિક્રૂર હિંદુએ પકડાયલી સ્ત્રીઓ ઉપર સહજ પણ ચોકી રાખી ન હતી! તે આસપાસ જોતી આગળ વધી ગામના તળાવ ઉપર આવી ઊભી. રસ્તાનાં સજાગ શ્વાન પણ અત્યારે શાંત બની ગયાં હતાં.

તળાવ ઉપર અંધારું પાતળું બન્યું હતું. આકાશના તારા ઝબક ઝબક ઝબકી રહ્યા હતા. વૃક્ષો પણ જાણે અંધારના પુંજ સમાં અસ્પષ્ટ ઊભાં હતાં. કોઈ પક્ષી ફડફડી જતું હતું—કદાચ બોલી પણ જતું હતું. સ્ત્રીએ તળાવની પાળ ઉપરથી નીચે ઊતરવા માંડ્યું. ઊતરતે ઊતરતે તેણે મુખ ખોલી ચારે પાસ એક વાર દૃષ્ટિ કરી. ફરી પાછો બુરખો ઓઢી લીધો, અને પાણીમાં પ્રવેશ કર્યો. ધીમે ધીમે, જાણે પાણીને પણ ખબર ન પડે એમ પ્રવેશતી સ્ત્રીનો આખો યે દેહ પાણીમાં અદૃશ્ય થઈ ગયો ત્યાં સુધી અત્યંત ધૈર્યપૂર્વક એ સ્ત્રી ઊંડે, ઊંડે અને ઊંડે ડૂબતી જતી હતી. અંતે એ ડૂબી અને એનો આખો દેહ અદૃશ્ય બન્યો. એની સાહેદી આપવા માત્ર એક નિ:શબ્દ વમળ એ સ્થળ ઉપર ફરી વળ્યું.

એકાએક તળાવની પાળમાંથી એક પુરુષ ઊપસી આવ્યો. એણે ફૂદકો મારી પાણીમાં પ્રવેશ કર્યો, અને બુરખા સહ ડૂબેલી સ્ત્રીને આખી ખેંચી કાઢી તટ ઉપર ઘસડી લાવ્યો. ખડખડ હાસ્યથી અંધકારને ચીતરવા પૂનમચંદનો કંઠ સંભળાયો: 'ડૂબવાનો રસ્તો નવો જોયો! બીજી સ્ત્રીઓ તો ભાગી જવા મથે છે! હા...હા!'

પાણી નીતરતાં વસ્ત્રો સહ ડૂબેલી સ્ત્રી ઊભી થઈ. એક વખત ડૂબવાથી તેણે ભાન ગુમાવ્યું ન હતું—તેના દૃઢતાભર્યા સંકલ્પે તેને સ્થિર રાખી હતી. હવે ફરી ડુબાય એમ ન હતું. એ પણ એ જાણતી હતી. પકડાયા પછી પૂનમચંદની પશુતા સ્ત્રી ઉપર અતિ ઘણી વધી જાય છે એવા સમાચાર પણ તેણે નહોતા સાંભળ્યા એમ નહિ. તેણે

પૂનમચંદના હાસ્યનો પડઘો પાડ્યો : 'હું તો હિંદુ બનવા ચાહતી હતી

'હું જાણું છું ! નાહવા માટે ડૂબવાની જરૂર ન હોય.'

'ડૂબીને હું મારા દેહને કાયમી હિંદુત્વ આપત.'

'હવે ?' ફરીથી સ્ત્રીની નિ:સહાયતા ઉપર હાસ્ય હસી પૂનમચંદે પૂછ્યું.

'હવે તું જાણે. મને ડૂબવા દીધી હોત તો તને મારો આશીર્વાદ મળત.'

'આશીર્વાદ ? તારો ? મારી માતાનું ખૂન ? મારી પત્નીનું ખૂન કે અપહરણ ! અને હું તારો આશીર્વાદ લેવા બેસું ? તને હિંદુ બનાવીશ એ સત્ય ! કોઈક હિંદુને પછી હું તારો દેહ સોંપીશ એ એ પણ સત્ય ! અને તું અહીં નાસી આવી એટલે વધારામાં...હા... હા...' ભાવિ ક્રૂરતાના વિચારે પૂનમચંદનું વાક્ય હાસ્યમાં પૂરું થયા વગર ન રહ્યું,

તે હસી રહ્યો એટલે પેલી સ્ત્રીએ પૂછ્યું : 'વધારામાં તું શું કરીશ ?'

પૂનમનું હસતું મુખ ક્રૂર બની ગયું. દાંત પીસી તેણે જવાબ આપ્યો. 'તારા સરખી ભાગી જતી સ્ત્રીના ઇસ્લામને ભ્રષ્ટ કરી પછી જ હું તેને હિંદુ બનાવું છું – અને તે પણ જ્યાં પકડાય તે સ્થળે જ ! જો !'

કહી અત્યંત અશિષ્ટતાપૂર્વક પૂનમે સામે ઊભેલી સ્ત્રીનો બુરખો ફાડી નાખ્યો. બુરખો ફાટતાં બરોબર પૂનમ ચમક્યો; તેના પિસાયલા દાંત ખૂલી ગયા, તેનો પશુતાભર્યો પેંતરો ત્યાં જ સ્થિર બની ગયો. માત્ર તેના કંઠે ચીસ પાડી : 'લજ્જા ! તું ?'

૬

આછું પ્રભાત આવતું હતું; અંધારું પીગળી પ્રકાશને માર્ગ કરી આપતું હતું.

'પૂનમ ! મને ડૂબવા દીધી હોત તો કેવું સારું થાત ?'

'લજ્જાનું મુખ જોતાં જ પૂનમના દેહમાંથી કલિ અદૃશ્ય બની જતો હતો, અને માનવતા આવતી હતી. 'લજ્જા, લજ્જા ! મેં તને ડૂબવા દીધી હોત તો હું તારી પાછળ ડૂબી ગયો હોત.'

'પૂનમ ! તારી લજ્જા હવે લજ્જા રહી નથી – તારી રહેવાને પાત્ર નથી.'

'લજ્જા ! તને શોધવા ખાતર તો હું પશુ બન્યો છું...તું ક્યાંકથી મળી આવશે એ આશામાં જ હું કંઈક મુસ્લિમ સ્ત્રીઓને ઘસડી લાવું છું...અને વેરમાં ને વેરમાં હું પણ એવો ભ્રષ્ટ બન્યો છે કે તું મારી પાત્રતા પૂછીશ જ નહિ !'

પૂનમે લજ્જાનો હાથ પકડયો. લજ્જાવતીની આંખમાંથી આંસુની ધાર વહે જતી હતી. આંસુ લૂછતે લૂછતે પૂનમે જરા રહી પૂછ્યું : 'અત્યાર સુધી તેં કહ્યું કેમ નહિ કે તું લજ્જા છે ?'

'મેં પત્ર લખી ઘરમાં મૂક્યો છે.'

'ચાલ, એ પત્ર આપણે સાથે જ વાંચીએ.'

'તું વાંચીને પાછો આવ; પછી ઠીક લાગે તો મને લઈ જજે.'

'હું હવે તને આપઘાતની બીજી તક આપું, એમ ? લજ્જા ! આ આખો યે પ્રસંગ સ્વપ્ન નહિ હોય એમ શા ઉપરથી ?'

'એ સ્વપ્પને સ્વપ્ન રાખવું હોય તો પેલી સ્ત્રીઓને તેમને ઘેર મોકલી દે. એ પણ કેટલાય પૂનમોની લજ્જાવતીઓ છે.'

'વારુ !' કહી તેણે એક સિસોટી વગાડી. એક મજબૂત પુરુષે આવી પૂનમને નમસ્કાર કર્યા. પૂનમે આજ્ઞા કરી : 'બધી જ ઇસ્લામી બહેનોને જ્યાંથી લાવ્યા ત્યાં પહોંચાડી આવો. હમણાં જ. પછી હું ઘરમાં આવું છું.'

લજ્જાનું મુખ નિહાળ્યા કરતા પૂનમે થોડી વારમાં જોયું કે મુસ્લિમ સ્ત્રીઓથી ભરેલી મોટર ગાડીઓ ગામમાં બહાર જતી હતી.

સૂર્યનું એક કિરણ ઝગારો મારી રહ્યું.

'લજ્જા ! આ આખો યે કિસ્સો હવે સ્વપ્ન બને છે. ચાલ.'

'ના; હજી તારા હૃદયમાં એક પ્રશ્ન ઊભો છે.' લજ્જાએ કહ્યું.

'મારું હૃદય વાંચવું હવે તું બંધ કરી દે. મેં એટલાં પાપ કર્યાં છે કે મારે તારાં નિઃસહાય દશાનાં પાપ સાંભળવાં નથી. એ પાપ જ ન કહેવાય.'

પૂનમ અને લજ્જાએ ચાલવા માંડયું. લજ્જાનો પહેરવેશ હજી ઇસ્લામી ઢબનો હતો—જોકે બૂરખો ખસી ગયો હતો. લોકોની અવરજવર ચાલુ થઈ હતી.

પૂનમનું ઘર આવ્યું. લજ્જા અટકીને ઊભી, અને બોલી : 'પૂનમ હજી મને જતી કર,'

'પછી હું જીવીશ કેમ ?' પૂનમે કહ્યું.

'અત્યાર સુધી તું જીવ્યો તેમ.'

પૂનમે લજ્જાને ખેંચીને ઘરમાં લીધી. તેણે લજ્જાવતીને જવાબ આપ્યો નહિ.

ઘરમાં આવી પૂનમે લજ્જાને સુવાડી દીધી. તેને સહજ નિદ્રા પણ આપી. નિદ્રામાંથી જાગતાં બરોબર તેણે પૂનમને એક કટાર સાથે રમતાં નિહાળ્યો.

'શું કરે છે, પૂનમ ? કટારી તું ખુશીથી મને ભોંકી દે. અગર મને હાથમાં આપ, હું તારી ઇચ્છા પૂર્ણ કરું.' લજ્જાએ કહ્યું.

'મારી ઇચ્છા ? ઘેલી ! તને મેળવ્યા પછી મને કશી જ ઇચ્છા રહી નથી.'

'તું જૂઠું બોલે છે પૂનમ !'

'ઇચ્છા તો નહિ, પણ આ કટાર જોતાં મને એક પ્રશ્ન થાય છે.' સહજ સંકોચાતાં પૂનમે કહ્યું.

'ખોટું તો નહિ લાગે ?'

'ખોટું લાગે તો ય શું ? પ્રશ્નનો પડદો રાખી મારે આ ઘરમાં

વસવું નથી.'

મને એમ થાય છે...કે આપઘાત કરવા તેં આજે હિંમત કરી. તને ઇસ્લામીઓ ઉપાડી ગયા તે વખતે તેં કેમ હિંમત ન કરી?' ડરતે ડરતે પૂનમે પૂછ્યું.

લજ્જાની આંખમાંથી અગ્નિ વરસ્યો. તે એકદમ બેઠી થઈ ગઈ. તેણે અત્યંત શાંતિથી છતાં બળતાં અને બાળતાં ઉચ્ચારોથી જવાબ આપ્યો. 'કટાર તો મેં મારી પાસે જ રાખી હતી. પરંતુ તારી માતાને એની પહેલી જરૂર પડી ગઈ. એમણે માગી એટલે મારે આપી દેવી પડી. એક જ કટાર હતી—જેને તું હમણાં રમાડે છે તે.'

પૂનમના હાથમાંથી કટાર પડી ગઈ. પરંતુ એ ક્ષણ પછી લજ્જા પૂનમની સાથે બોલી જ નહિ. પૂનમના ગૃહમાં ન રહેવું એવો તે જ ક્ષણે નિશ્ચય કરી ઘર બહાર ચાલી જતી લજ્જાવતીને પૂનમે બળજબરીથી રોકી રાખી.

પૂનમની બળજબરી એટલે હવે આંસુનો પ્રવાહ!

અબોલ લજ્જાએ ઘરમાં સ્વપ્નશૂન્યતા ફેલાવી દીધી. અસહાય સ્ત્રીના શીલની શંકા કરતા પુરુષને પિછાનવાનું એણે બંધ કરી દીધું!

અને એક રાત્રીએ તે અદશ્ય થઈ ગઈ—આશા આપીને કે તે પૂનમનું ગમતું મુખ જોવા પોતાના મૃત્યુ પહેલાં જરૂર આવશે!

રોજ લજ્જાવતીની ચિઠ્ઠી વાંચી નિઃશ્વાસ નાખ્યે જતા પૂનમે ફરી મુસ્લિમો ઉપર વેર લેવાની યોજના કરી નહિ. હજી પણ અપહરણના કિસ્સાઓ તે વાંચતો, તેના મિત્રો તેને ઉશ્કેરતા અને આગેવાની આપવા આવતા. પણ તેનો એક જ જવાબ હતો : 'વેરનાં ઝેરી વર્તુળમાંથી હું હવે બહાર આવ્યો છું.'

# સત્યના ઊંડાણમાં

જ્ઞાનની સીમા એક પાસ વધતી જાય છે અને બીજી પાસ અજ્ઞાનના કિનારા પણ એટલા જ આગળ ધસી આવે છે.

વિજ્ઞાનની પકડમાં જે ન આવે એને ન માનવું એ સારું છે, સાચું છે, પણ તે અમુક હદ સુધી જ. વિજ્ઞાન પણ માનવીનું જ ને? માનવી કરતાં માનવીનું વિજ્ઞાન હજારગણું, લાખગણું દોડે, અને માનવીને એટલું દોડાવે. પણ એથી યે વધારે દોડવાળા ચમત્કારો નિત્ય થતા જ હોય ત્યાં માનવીનું વિજ્ઞાન પણ જૂઠું પડી જાય છે. એક સેકંડમાં એક લાખ એંસી હજાર માઈલ દોડતા તેજકિરણની વાત લોકો માને પણ નહિ. છતાં વૈજ્ઞાનિકો કહે છે કે બ્રહ્માંડમાં હજી એવાં તેજ ઘૂમી રહ્યાં છે કે જે આટઆટલું દોડવા છતાં હજી પૃથ્વી સુધી પહોંચ્યાં જ નથી! માની શકાય છે?

એવી ને એવી સૃષ્ટિઓની લીલા! અનંત કોટી બ્રહ્માંડો, ને પ્રત્યેક બ્રહ્માંડની નિરનિરાળી સૃષ્ટિ!—સજીવ અને નિર્જીવ! હું ઘણું જાણું છું, સર્વસ્વ જાણું છું એવો કોઈનો ઘમંડ રહે એમ નથી. હું એક વખતનો વહેમને તિરસ્કારનારો માણસ! આજ વહેમ સામે

પણ ઝૂકીને ચાલું છું! ઈશ્વર નથી એમ બાંગ પુકારનારે હું પ્રગતિશીલ! આજ ઈશ્વર છે કે નથી એ બેમાંથી એકે વાદ સામે ઝઘડતો નથી. ઈશ્વર છે એમ પણ કહેવા હું આતુર નથી; ઈશ્વર નથી એમ પણ હવે હું બૂમ પાડતો નથી.

'કારણ? કહું? મને વહેમી તો નહિ ગણી કાઢો?

કદાચ ગણશો તો ય શું? મને કે તમને એમાં ફાયદો કે ગેરફાયદો થોડો જ થવાનો છે? ફાયદો કદાચ એ થાય કે તમને એક વિચિત્ર પ્રસંગ સાંભળવાનો મળે.

કુમાર અને કુસુમની એક જોડલી મારા જ મકાનમાં ભાડે રહેવા આવી. તે સમયે પાઘડીનો પવન આજ જેવો ફૂંકાતો ન હતો. ઘરને રહેવાના સાધન તરીકે સહુ ગણતા; કમાણીના સાધન તરીકે નહિ. ઘરમાલિક તથા ભાડુઆતના સંબંધો ગાળાગાળીના, મારામારીના, છેતરપિંડીના અને અદાલતના સંબંધો બની ગયા ન હતા. ઘરમાલિક ભાડુઆતની બનતી સગવડ સાચવતા, અને ભાડુઆતોને પોતાને જ રસોડે પહેલે દિવસે જમાડી પછી ઘર સોંપતાં. ભાડુઆત પણ ઓરડામાંથી ઓરડી અને તેમાંથી પણ ઓરડી કાઢી બીજા ભાડુઆતોને ઘુસાડી ઘરમાલિકની જિંદગી ઝેર કરી નાખવાની આવડત કેળવતો નહિ. ટૂંકામાં કહીએ તો ઘરમાલિક અને ભાડુઆતના સંબંધો કંઈક માણસાઈભર્યા રહેતા; આજની માફક બન્ને વચ્ચે દુશ્મનાવટના મોરચા રચાયેલા નહિ.

કુમાર ભાવનાશાળી યુવક હતો. ભણેલોગણેલો અને ધનિક કુટુંબમાં જન્મેલો એ યુવક. એને નોકરી કરવાની જરૂર ન હતી. પરંતુ નોકરી કરવાની જેમને જરૂર હોતી નથી એવા યુવકોને ભાવના-શીલ બનવાની અને ભાવના પ્રમાણે વર્તવાની પૂરી ફુરસદ હોય છે. કવિઓ અને લેખકોની માફક આપણા નેતાઓ પણ ઠીક ઠીક સુખી કુટુંબોમાંથી જ આગળ આવ્યા છે ને? એમાં ખોટું પણ શું છે? સગવડ માનવીને કાં તો એશઆરામી અને વ્યસની

બનાવે છે અગર કવિ લેખક કે નેતા બનાવી દે છે. વ્યસની બનવા કરતાં કવિ બનવું શું ખોટું ? જોકે ઘણી વાર સગવડ એક જ માનવીને વ્યસની અને કવિ બન્ને સ્વરૂપે ઘડે છે, ને ત્યારે આફત ઘાટી બની જાય છે એ સાચું !

કુમારની ભાવનાએ તેને કુસુમ નામની આકર્ષક યુવતી તરફ પ્રેર્યો માબાપની ઇચ્છા જુદી જ હતી. માબાપે એક સઘન ઓળખાતી કુટુંબની કન્યા પસંદ કરી હતી. એ કન્યા પણ ઓછી આકર્ષક ન હતી. છતાં આજકાલ સ્વયંવર કે ગાંધર્વ લગ્ન, અને અંતે કન્યા કે વર-હરણનું વાતાવરણ ઊપજે નહિ ત્યાં લગી લગ્નમાં જોમ, કંપ કે સચ્ચાઈ આવે જ નહિ એમ યુવક યુવતીનો મોટો સમૂહ માનતો થઈ ગયો છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ તો સ્ત્રી એ સ્ત્રી છે અને પુરુષ એ પુરુષ છે. એક એકનાં આવર્તન છે. પ્રતિબિંબ છે; અને જોતજોતામાં તેમને ખાતરી થઈ જાય છે. કે બહુ કવિતાઓ લખી પ્રાપ્ત કરેલી પત્ની બીજી કોઈ પણ પત્નીના પલ્લામાં તોળાય એમ છે, અને બહુ અશ્રુ પાડી નિસાસા નાખી મેળવેલો ઇચ્છાવર બીજા કોઈ પણ સામાન્ય ઢબે પરણેલા વરના છબીચોકઠામાં મૂકી શકાય એવો જ હોય છે.

કેટલાંક માબાપ પુત્રપુત્રીની ઇચ્છાને અધીન બની જાય છે. પરંતુ કેટલાંક માતાપિતાને સ્નેહલગ્નમાંથી સંતાનો પ્રત્યે દુશ્મનાવટ ઊભી થઈ જાય છે. કુમારનાં માતાપિતા કડક હતાં. તેમણે કુમારને કહી દીધું : 'કુસુમ સાથે તેં લગ્ન કર્યું એમ સાંભળીશ તે દિવસથી તું મારો પુત્ર મટી ગયો હોઈશ.' છતાં કુમારે તો કુસુમ સાથે લગ્ન કર્યું અને બની ગયેલી વાતને કબૂલ રાખવા સરખી કુમળાશ માતાપિતા દર્શાવશે એમ માની બન્ને વરવહુ સજોડે માતાપિતાને પગે લાગવા ગયાં. પોતાના એકના એક પુત્રને કડક માતાપિતાએ કહ્યું : 'જીવતાં જીવત તમારું મુખ બતાવશો નહિ. જાઓ !'

આજનાં લગ્ન આટલી બધી ઉગ્રતા દર્શાવવા સરખાં છે કે

નહિ એ જુદો પ્રશ્ન છે. માબાપે તો ઉગ્રતા દર્શાવી અને કુમાર તથા કુસુમ બન્ને માતાપિતાનું ઘર છોડી ચાલી નીકળ્યાં. એ પણ ઊગ્ર માબાપનાં જ સંતાન હતાં.

બંને ભણેલાં હતાં. શિક્ષકની નોકરી ત્યારે સહુને સરળતાપૂર્વક મળે એવી ગણાતી હતી. અમારા શહેરમાં બંનેને નોકરી મળી અને મેં તેમને રહેવા માટે ઘર પણ આપ્યું. તેમનો આછો ઇતિહાસ મેં સાંભળ્યો, અને મને તેમના પ્રત્યે સહાનુભૂતિ ઊપજી. માબાપની મરજી વિરુદ્ધ લગ્ન કરનાર પ્રત્યે માબાપ સિવાય સહુને સહાનભૂતિ ઊપજે છે. ગાંધર્વ લગ્નોમાં માબાપ જ દુષ્ટ, ખલ, તિરસ્કારપાત્ર ભાગ ભજવનાર બની રહે છે!

કુમાર અને કુસુમ બન્નેએ પ્રેમલગ્ન કર્યાં હતાં છતાં પ્રેમ-લગ્ન કરવામાં કલ્પાતી અમર્યાદા, ઉદ્ધતાઈ, કે પ્રદર્શનશોખ તેમનામાં સહજ પણ દેખાયાં નહિ. 'અમે પ્રેમલગ્ન કર્યાં છે! એ ખાતર અમે દુ:ખ સહન કર્યું છે! અમને નિહાળી અમને માન આપો! અમને સલામ કરો!' એવી કોઈ અબોલ વાણી તેમના વર્તનમાં કે વાતચીતમાં સંભળાતી નહિ. ઊલટી એક પ્રકારની કુલીન લજ્જા બન્નેના વર્તનમાં સ્પષ્ટ થતી હતી. હાથ ઝાલીને ફરવું. એકબીજાનાં નામ દઈ સગર્વ પરસ્પર સંબોધન કરવું, ઊછાંછળાં લગ્ન કર્યાં માટે પોશાક પહેરવેશમાં પણ વિચિત્ર સ્વાતંત્ર્ય દાખલ કરવું મોટેથી હસવું. ઘડી ઘડી મનાવા માટે રિસાવું. એવા એવા મુક્ત પ્રેમીઓના પ્રેમપ્રયોગો પણ તેમના જીવનમાં દેખાયા નહિ. ઊલટી જૂની ઢબનાં યુગલોને અદેખાઈ આવે એવી સાદાઈ અને સભ્યતાથી રહેતાં કુમાર અને કુસુમે શાળામાં જ માત્ર નહિ, પરંતુ આખા પડોશમાં સહુનો સદ્ભાવ જીતી લીધો. મારા ઘર સાથે તો એક કુટુંબીની માફક તેઓ ભળી ગયાં. બે ત્રણ દિવસે હું તેમને મારી સાથે જમવા બોલાવતો; અને કુમાર તથા કુસુમ પણ સામેથી મારા ઘરનાં બાળકોને બોલાવી જમાડતાં, રમાડતાં, ભણા-

વતાં પણ ખરાં. છતાં તેમની અવરજવર એવી ન હતી કે જેથી આપણને અણગમો આવે. સમય જોઈ, અનુકૂળતા વિચારી, એક કરતાં વધારે વાર બોલાવીએ ત્યારે જ તેઓ અમારી બાજુએ આવતાં; અને આવતાં ત્યારે પણ જાણે ઘરનાં જ કુટુંબી હોય એમ સરળતાપૂર્વક વર્તતાં.

અમારા ઘરમાં એ ત્રણેક વર્ષ રહ્યાં. કુસુમ એક બાળકની માતા પણ બની; અને ત્યારે અમે એની તથા કુમારની બહુ કાળજી લીધી. કુમાર તો વારંવાર મને કહેતો : 'મોટાભાઈ! તમે ન હોત તો અમારું શું થાત ?' અમારી સહાયને હું હસી કાઢતો, અને કહેતો : 'કુમાર! તું મને "મોટાભાઈ" કહે છે, નહિ ?'

'હા જી. આપે એક સગા અને મોટાભાઈ તરીકેનું જ વર્તન અમારી સાથે રાખ્યું છે.'

'તો તારે અને તારા પિતાને હવે મેળ થવામાં વાર નહિ લાગે. એ દિવસ આવે ત્યારે મને ભાગીદાર ગણજે.'

'જરૂર. હું મારો ભાગ ગણીશ જ નહિ; પણ બધું જ તમને સોંપીશ.'

'નહિ નહિ, મિલકતમાં ભાગ નહિ. તારા આનંદમાં...'

એ દિવસ જલદી આવી પહોંચ્યો છે એમ મને લાગ્યું. કુમારના એક વડીલ સગાંએ આવી કુમારને કહ્યું : 'તારી શાળાની રજામાં તું નર્મદાકિનારે આવે તો કેવું ?'

'મને શી હરકત છે! હું તો રજામાં રખડું જ છું.'

'તારા માતાપિતા ત્યાં આવવાનાં છે.'

'પણ એ તો મારું મુખ જોવા માગતાં નથી – મારું જીવતું મુખ.'

'માની લે કે કદાચ તેમ હોય, પણ તારા પુત્રને જોવાની તો તેમને બહુ જ ઇચ્છા થઈ છે.'

'મારી કે મારી પત્નીની હાજરી વગર એ કેમ બની શકે ?'

'હું કહું તેમ કરજે! વગર સમજ્યે તો હું અહીં આવ્યો

નહિ હોઉં ! તું ત્યાં ચાલ. જગા નક્કી કરી રાખી છે. તારા પુત્રને જોવા તારાં માબાપ તમે ન બોલાવે તો મને ફટ્ કહેજે. અકસ્માત મેળાપ જેવો બીજો આનંદ નથી. અને...તારા વગર એ કેટલાં ઝૂરે છે એ હું તને શું કહું?'

કુમારની આંખમાં આંસુ આવ્યાં. પિતાને પગે લાગવાની તેની તૈયારી સતત હતી જ; માત્ર તે કુસુમની જોડે જ. એણે પ્રતિજ્ઞા લીધી ન હતી. એટલે તે કુસુમ અને પોતાના પુત્રને સાથે લઈ જવા તૈયાર થયો. મારી સલાહ પણ એણે પૂછી. પિતા, માતા અને પુત્રનું શુભમિલન થતું હોય તો તે થવા દેવાની કોણ અભાગી ના પાડે ? મેં તેના વડીલ સગાંની સલાહને બહુ પુષ્ટિ આપી.

રજા પડી અને કુમાર તથા કુસુમ નદીકિનારે જવા નીકળ્યાં. મેં તેમને વળાવ્યાં. સાથે ખૂબ કાચુંકોરું પણ આપ્યું. માનવીનાં હૃદયો સાંકડાં બની જાય એવી મોંઘવારી પણ ત્યારે ન હતી. નાના બાળકને સાચવવાની શિખામણ આપી અને ગુસ્સાવાળાં માતાપિતા કદી તોછડાં બને, તો ય તે ન ગણકારી માતાપિતા સાથે મેળ કરી લેવાની આગ્રહભરી સલાહ આપી.

'હું તો સાસુસસરાના પગ ઉપરથી માથું ખસેડીશ જ નહિ; પછી ?' કુસુમે કહ્યું.

'પણ કુસુમબહેન ! મેળ થાય ત્યારે આ ઘરને ભૂલશો નહિ.' પ્રેમલગ્ન વગર મને પરણેલી મારી પત્નીએ કહ્યું.

કુસુમની આંખ આંસુથી ઊભરાઈ ગઈ. તેણે કહ્યું : 'ખરે વખતે જે ઘરમાં મને આશ્રય મળ્યો એ ઘર અને એ કુટુંબને જીવતાં સુધી કેમ ભુલાય ?'

'શું શું બન્યું તે મને રોજ લખતો રહેજે, કુમાર !'

'જરૂર, મોટાભાઈ !'

'મોટાભાઈનો ભાગ ન ભુલાય, હો !'

અને કુમાર, કુસુમ તથા તેમનું બાળક રિસાયલાં માતાપિતાને

મનાવવા નર્મદાકિનારે ગયાં. અમને સહુને ભારે આણગમો આવ્યો. ત્રણ ત્રણ વર્ષથી કુટુંબી બની ચૂકેલાં પતિપત્નીને જવા દીધા પછી અમને કોઈને ઘરમાં ફાવ્યું નહિ. તેમના કાયમ ભણકારા વાગ્યા જ કરતા હતા.

ત્રણચાર દિવસે એક કાગળ કુમાર તરફથી આવ્યો. તેમાં લખ્યું હતું કે તેનાં માતાપિતા આવી ગયાં હતાં. 'બાબા'ને દાદા-દાદી પાસે મોકલ્યો હતો. અશ્રુભીની આંખે તેમણે તેને નિહાળ્યો અને રમાડ્યો હતો, અને જ્યાં સુધી તે ત્યાં હોય ત્યાં સુધી નિત્ય તેને પાસે લાવવાનું ફરમાન હતું. હજી કુમાર અને કુસુમ ઉપરનો તેમનો રોષ ઘટ્યો હતો કે નહિ તે સમજાતું ન હતું. પરંતુ બાળક દ્વારા અંતિમ સમાધાન થઈ જશે એવી તેને આશા હતી,

બીજે જ દિવસે પાછો પત્ર આવ્યો. તેમાં લખ્યું હતું કે કુમાર, કુસુમ તથા 'બાબા' એમ ત્રણે જણને માતાપિતા પાસે જવાનું આમંત્રણ મળી ચૂક્યું હતું. કાગળ પહોંચવાને દિવસે જ બધાં ભેગાં મળી સાથે જસશે અને મરજી વિરુદ્ધ કરેલા લગ્નની માતાપિતા તરફથી ક્ષમા મળી જશે!

મને બહુ જ આનંદ થયો. અમારા ઘરનાં માણસોને પણ આનંદ થયો, સુખી થવાને પાત્ર જોડલું હવે કુટુંબભેગું થઈ વધારે સુખી થશે; માત્ર અમારો સારો સહવાસ તૂટશે એટલું મનને લાગ્યું. પરંતુ આપણા એવા ટૂંકા સ્વાર્થ સામે આખા કુટુંબના સુખને ભૂલી અમે બહુ સંતોષ અનુભવ્યો.

બીજે દિવસે વર્તમાનપત્ર વાંચતાં જ મારાં ગાત્ર ગળી જતાં હોય એમ મને લાગ્યું. મારી આંખ આગળ દેખાતી આખી સૃષ્ટિ ફરવા લાગી. મારા પગમાંથી કૌવત જતું રહ્યું. હાથમાંથી છાપું પડી ગયું અને હું આંખો મીંચી જમીન ઉપર બેસી ગયો.

'શું થયું? ફેર આવ્યા?' મારી પત્નીએ પૂછ્યું.

મારાથી જવાબ અપાયો નહિ. મેં વર્તમાનપત્ર તરફ આંગળી

ચીંધી. મારી પત્ની પણ સમાચાર વાંચી સ્થિર, જડ બની ગઈ. નાના ભાઈ-ભોજાઈ તરીકે સાથે રાખેલાં કુમાર તથા કુસુમ બન્ને નદીમાં ડૂબી મરણ પામ્યાં, અને એ અસહ્ય દુઃખ નજરે જોનાર તેના પિતાનું પણ હૈયું ફાટી જતાં તેમણે પણ નદીકિનારે પોતાનો દેહ છોડ્યો, એવા સમાચાર વર્તમાનપત્રે આપ્યા હતા!

આ સમાચાર ખોટા પડે એવી આશામાં મનને કઠણ કરી બીજું વર્તમાનપત્ર ખોલ્યું. એમાં પણ સમાચાર એના એ જ! એ બન્ને કોઈ મારાં સગાં ન હતાં એટલે કાગળ આવવાનો સંભવ ન હતો. એમની પાસે સામાન પણ એવો ન હતો કે જે લેવા આવવાની કોઈ દરકાર કરે. આમ જોતાં તો ઘરમાલિક અને ભાડુઆતનો અમારો સંબંધ છતાં અમારો આત્મા કકળી ઊઠ્યો. આખું વર્ષ જાણે હૃદયમાં શૂળ ભોંકાયેલી રહેતી હોય એમ લાગ્યા કર્યું. એક દિલગીરી પ્રદર્શિત કરતો કાગળ લખી સરસામાન લઈને એક માણસને કુમારના પિતૃગૃહે મોકલ્યો. એટલી જ ખબર પડી કે કુમારની માતા કુમારના પુત્રને મોટો કરવા માટે જીવી રહી હતી!

પછી તો વર્ષો વીતી ગયાં. ઘર મેં ફરીથી કોઈને ભાડે આપ્યું નહિ. કુમાર અને કુસુમ ભુલાયાં તો નહિ, પરંતુ સમયના પટ ઉપર એ ભૂતકાળ બની ગયાં. જ્યારે જ્યારે એ યાદ આવે ત્યારે દુઃખ થતું; પરંતુ એ દુઃખ પણ જીવનમાં વ્યવસ્થાસર ગોઠવાઈ ગયું! માનવી દુઃખ ભૂલતો નથી; દુઃખ માનવીને રીઢો બનાવે છે! એ બન્નેનાં સ્મરણ પણ પાતળાં અને ઝાંખાં પડવા લાગ્યાં હતાં. દુઃખનાં સ્મરણોને ભૂલવાનું જ માનવી મંથન કરે છે!

વર્ષો પછી મારા કુટુંબમાંથી પણ સહુની ઇચ્છા થઈ કે હવા-ફેર માટે સહકુટુંબ નદીકિનારે જવું. નર્મદાકિનારો જ ગુજરાતમાં તો પાસે અને અનુકૂળ પડે. એટલે સહુએ ત્યાં જવાનો નિશ્ચય કર્યો, જોકે મને કુમાર અને કુસુમનો પ્રસંગ પાછો યાદ આવ્યો! સગાં નહિ એવાં ઓળખીતાનાં વર્ષો ઉપર થયેલા મૃત્યુને યાદ કરી

સારે સ્થળે ન જ જવું એ કોઈને પણ યોગ્ય ન જ લાગે. મેં આછો અણગમો દર્શાવી સહુ સાથે જવાનું કબૂલ કર્યું, અને અમે ગયાં.

નર્મદાકિનારો! તેમાં અજવાળી રાત! પછી પૂછવું શું? આખા કુટુંબને નહાવાની, રહેવાની, રમવાની ભારે મજા પડી. હું પણ કુટુંબના આનંદનો ભાગીદાર બની રહ્યો હતો. છતાં કુમાર અને કુસુમ વારંવાર યાદ આવી જતાં. લોકો તો એ વાત ભૂલી પણ ગયાં હતાં. અકસ્માત કોઈ ને કોઈ નદીમાં વર્ષોવર્ષ ડૂબે. ગામ-લોકો એવાં કેટલાં ડૂબતાંને યાદ કરે? કુમાર અને કુસુમ કેમ અને ક્યાં ડૂબ્યાં તેની માહિતી હવે કોઈ આપી શક્યું નહિ. મારે બીજું કાંઈ કરવું ન હતું; માત્ર એ સ્થળે બે ફૂલ ચઢાવવાં હતાં. પરંતુ મને કોણ એ સ્થળ બતાવે? જેને પૂછીએ તે જવાબ આપે: 'હાં! કોઈ બેત્રણ માનવી ડૂબેલાં ખરાં. પણ હવે વર્ષો વીતી ગયાં. નદીનો પટ પણ જરા ફર્યો છે. કઈ જગાએ એ ડૂબ્યાં તે યાદ આવતું નથી.'

'તેમનાં નામ યાદ છે?' મેં પૂછ્યું.

'નારે ના; આટલે વર્ષે કોણ યાદ રાખે?'

'સારાં ખોટાં માનવીને યાદ રાખવાની જગતને ફુરસદ નથી! નદીનાં પાણી વહે જ જાય છે. ગઈ સાલ આ જ સ્થળ ઉપરનું મોજું સમુદ્રમાં પહોંચી ગયું હશે! આજ મારા પગ નીચે ઊછળતું મોજું આવતી કાલ કેટલા યે ગાઉ મારાથી દૂર નીકળી ગયું હશે! પાણી તો વહ્યા જ કરે છે. સહુ એ પાણીસમૂહને નર્મદાનું નામ આપે છે. પરંતુ આજ અહીં વહેતી નર્મદા આવતી કાલની અહીંની નર્મદા નહિ જ હોય ને?

એમ માનવજાત તો વહ્યા જ કરે છે. માનવમોજાં વ્યક્તિગત રીતે ઊંચાં ઊછળે, પાછાં પડે, અદૃશ્ય થાય, બીજાં તેમની ઉપર રચાય, તે પણ એ જ માર્ગે જાય, ભુલાય. અને આ ભુલાતાં, નવાં જન્મતાં, જરા ઊછળતાં કે કદી તોફાને ચઢી આકાશને અડકવા મથતાં માનવમોજાંને પોતામાં સમાવતી માનવનર્મદા વહ્યા જ કરે છે.

માનવી અને પાણીનાં મોજાંને સરખાવતો હું કિનારે કિનારે આગળ વધ્યો. પૂનમની રાત વિચારપ્રેરક બને અને વિકારપ્રેરક પણ બને ! એ વિકાર પણ એક મોજું જ છે ને ? વ્યક્તિગત માનવીનું જીવન પણ એક નદીનો જ પ્રવાહ છે ને ? પરંતુ નદી સજીવન રહે છે; વ્યક્તિ સજીવન રહેતી નથી જ. વ્યક્તિ સાથે જ એનો સર્વસંગ્રહ લુપ્ત થઈ જાય છે. પાર્થિવસંગ્રહ રહે, એનાં ઘરબાર રહે, એના વ્યક્તિત્વથી વિખૂટાં પડી અનોખું વ્યક્તિત્વ ધરાવતાં એનાં સંતાનો રહે. પણ એનો તો નાશ જ ને ? વ્યક્તિના વિચાર, વ્યક્તિની કલ્પના, વ્યક્તિનાં સ્વપ્ન, વ્યક્તિના ગુણ, વ્યક્તિના દોષ, એ સર્વસંચય વ્યક્તિના દેહ સાથે જ—અરે, દેહની યે પહેલાં શું લુપ્ત થઈ જવાનાં ? વ્યક્તિનો પડછાયો પણ ન જીવે ?

'મોટાભાઈ !'

કિનારા ઉપર દૂરથી મેં એક બૂમ સાંભળી. હું ચમક્યો. આખા વાતાવરણમાં કોઈ માનવી હતું જ નહિ...મારા સિવાય. ઓળખાય એવો કંઠ લાગ્યો. મેં તે બાજુએ જોયું. ઝડપથી એક વ્યક્તિ મારી પાસે આવતી મેં નિહાળી. મારી ચમક કરતાં મારું આશ્ચર્ય વધી ગયું. મારી સામે વર્ષોથી મૃત્યુ પામેલો કુમાર આવતો હતો ! કુમારનો પુત્ર આવડો મોટો આટલાં વર્ષોમાં ન જ થાય. એનો બીજો ભાઈ પણ ન હતો, જે તેના સરખી મુખરેખા ધરાવતો હોવાનું કારણ બને !

'કુમાર ! તું ?' આશ્ચર્યમાં ગૂંગળાતાં મેં પૂછ્યું.

'હા, હું જ. મને ન ઓળખ્યો ?' કુમારે સામે પૂછ્યું.

'ઓળખ્યો તો બરાબર...પણ ?'

'આપણે મળ્યે ઘણો સમય થઈ ગયો, ઝટ ઓળખાણ ન પણ પડે. બધાં કેમ છે ? ભાભી શું કરે છે ?'

મને પૂછવાનું ભારે મન થઈ આવ્યું કે 'કુમાર, તું જીવતો છે ?' પરંતુ એને આમ મારી સામે જ જીવંત ઊભેલો નિહાળી હું એ

પ્રશ્ન કેમ કરી શકું ? એટલે એ પ્રશ્નને મુલતવી રાખી મેં બીજો સૂચક પ્રશ્ન કર્યો : 'કુમાર ! તું અહીં ક્યાંથી ?'

'કેમ ? હું તો અહીં આ પૂનમે દર વર્ષે આવું છું. તમે મળ્યા એ બહુ સારું થયું. કેટલાં વર્ષ વીતી ગયાં ?' કુમારે કહ્યું.

'પણ...પણ...કુસુમબહેન ક્યાં ?' ડગમગતે હૈયે મેં પૂછયું.

'અહીં જ છે...પાસે...પેલી આરા ઉપર નહાય છે તે.'

ખરેખર, એક યુવતીને મેં સ્નાન માટે પાણીમાં ઊતરતી જોઈ. આખી દેહછટામાં મેં કુસુમને ઓળખી.

'ત્યારે...ત્યારે...તો એમને મળાશે. મને બહુ સારું લાગ્યું... હં...બાબો ક્યાં હશે ?' મેં પૂછયું.

'એ તો મારી મા પાસે હવે રહે છે. તમને મેં પત્ર લખ્યો હતો, તે પ્રમાણે મારે તો માતાપિતા સાથે સમાધાન થઈ ગયું. આ પૂનમની જ રાત હતી. કિનારો નિર્જન બની ગયો હતો. આનંદમાં હું અને કુસુમ એકલાં અહીં ફરવા આવ્યાં. કુસુમને નહાવાનું મન થયું; મને પણ સાથે નહાવા આમંત્રણ આપ્યું. પત્ની સાથે સ્નાન કરવું કોને ન ગમે ? પણ બીજાં બદલવાનાં વસ્ત્ર નહતાં. કુસુમે કહ્યું : "આવો ને ? આપણે અરધે વસ્ત્રે નાહીશું નળદમયંતી માફક..." કહેતાં બરાબર સાડી કિનારે ફેંકી ચણિયા કબજા સાથે તે પાણીમાં ઊતરી...જુઓ ! ઊતરે જ છે, ઊંડે જાય છે...અરે !'

વાતાવરણને ભેદતી એક ચીસ પડી. કારમી ચીસ સાંભળતાં બરાબર કુમાર દોડયો અને પાણીમાં પડયો. હું પણ પાછળ દોડયો.

મધ્ય નદીમાંથી બૂમ પડી : 'હરકત નથી. મગરની ચૂડ છૂટી ગઈ.' કુમારનો એ સાદ હતો. જોતજોતામાં કુસુમને ખેંચી કુમાર કિનારે આવી પહોંચ્યો. કુસુમને આરા ઉપર સુવાડી અને કુમારની આંખો ફાટી ગઈ.

'કુસુમ, કુસુમ !' કુમારે બૂમ પાડી.

ન કુસુમે જવાબ આપ્યો; ન કુસુમે આંખ ઉઘાડી. કુમારે કુસુમના દેહને હલાવ્યો; હાથ હલાવ્યા; પગ હલાવ્યા, તે હાલ્યા. પણ જડતાપૂર્વક !

'કુસુમ ! મારી કુસુમ !' કહી ઘેલા બનેલા કુમારે કુસુમના શબને ઉપાડી આલિંગન કર્યું. હું રોકવા જાઉં તે પહેલાં તો કુસુમના શબને લઈ કુમાર નદીમાં પડ્યો. પડતાં પડતાં કુમાર બોલ્યો : 'કુસુમ ! આવ, આપણે સહસ્નાન કરીએ.' અને બંને દેહ પ્રવાહમાં ખેંચાવા લાગ્યા !

મને તરતાં આવડતું ન હતું. મેં મોટેથી બૂમ પાડી : 'બચાવો ! બચાવો !'

'હવે નહિ બચે.'

મારી પાછળથી કોઈએ ઘેરો જવાબ આપ્યો. વૃદ્ધાવસ્થામાં પ્રવેશતા એક પુરુષને મેં એકીટસે આ પ્રસંગને નિહાળતા જોયા.

'આપ કોણ ?'

'હું કુમારનો અભાગી પિતા. સાચો મગર જ હું ! મેં જ એ મારાં રામસીતાને મારી નાખ્યાં !'

'વડીલ ! આપણા હાથની વાત નથી

'એ મારા જ હાથની વાત હતી. શા માટે મેં એમને કાઢી મૂક્યાં ? હું જ એમનો ખૂની !'

'એ ગઈગુજરી...'

'ગઈગુજરી ? હજી તો એ મારી આંખ સામે જ ગુજરે છે. હું પકડી પાડી એમની ક્ષમા માગું...'

'પણ એ કેમ બને ? હવે ?' મેં પૂછ્યું–દુઃખપૂર્વક.

વૃદ્ધના મુખ ઉપર પણ ઘેલછા વ્યાપી હતી.

'કહું કેમ બને તે ?' આટલું બોલતાં બરોબર આરાના પથ્થર ઉપર અત્યંત બળપૂર્વક નિર્દય રીતે તેમણે પોતાનું માથું પટક્યું.

મસ્તક તૂટી ગયું. લોહીના રેલા ચાલ્યા અને નિર્જીવ બની એ વૃદ્ધ પણ આરા ઉપર પડી ગયા.

ત્રણ મૃત્યુ મેં થોડી જ ક્ષણમાં નિહાળ્યાં. હું પગથાર ઉપર બેસી ગયો અને મેં આંખે હાથ દઈ દીધો!

આંખ ઉઘાડતાં જ મારી સામે બેત્રણ માનવીઓને ઊભેલાં મેં જોયાં.

'તમે કોણ છો?' પૂછ્યું.

'ગામના ચોકિયાત. મોડું થયું એટલે તમને શોધવા ઘેરથી અમને મોકલ્યા. ચાલો.'

'ત્યારે કુમાર, કુસુમ, કુમારના પિતા...!'

'અહીં કોઈ જ નથી.'

'લોહી રેલાયું છે ને?'

'અં હં. અહીં લોહીબોહી કાંઈ નથી.'

મેં જોયું, લોહી ન હતું. માત્ર ચંદ્ર ચાંદનીને બદલે રુધિર વરસાવતો લાગ્યો.

'ત્યારે...મેં એ બધું શું જોયું?'

'સાહેબ! કાંઈ નહિ. સપનાની માયા! પણ આ પૂનમે એકલા આ બાજુએ આવવા જેવું નથી.'

'કેમ?'

'કાંઈ નહિ; પણ કદી કદી કોઈને કાંઈ દેખાઈ જાય.'

'શું દેખાય?'

'એ તો અમારા ગામડિયા લોકના વહેમ. તમે ચાલો.'

મેં ઊઠીને તેમની સાથે ચાલવા માંડ્યું. વાતાવરણમાં અમારા સિવાય અને નદીનાં મોજાં સિવાય કાંઈ જ હાલતું લાગ્યું વહિ.

'હા, હા, પેલા તારા હાલતા હતા. શા માટે? એ પણ કોઈ અધ્ધર ફરતાં થરથરતાં પ્રેત તો નહિ હોય?

કદાચ મને કુમારના વિચારે એકાંત કિનારે સ્વપ્ન પણ આવી ગયું હોય! છતાં સ્વપ્ન અને સત્ય વચ્ચે કેટલો ફેર? એક આંખ ખોલવા પૂરતો; નહિ?

હવે હું વિજ્ઞાનના સત્ય માટે આગ્રહભર્યો વાદવિવાદ કદી કરતો નથી.

# નિશ્ચય

૧

હજી સાધન અનુસાર કુટુંબ રચવાની જવાબદારી હિંદ સમજ્યું નથી.

રમાનો જન્મ ઠીક ઠીક મોટા કુટુંબમાં થયો હતો. તેને બે મોટી બહેનો હતી અને બે નાના ભાઈઓ હતા. પિતામાતા હતાં અને કેટલાંક સગાંવહાલાંનાં બાળકો એક જ ઘરમાં ભણવા માટે રહેતાં હતાં. હિંદની કુટુંબવત્સલતા ત્યારે એટલી ઘસાઈ ગઈ ન હતી કે ઘરમાં ચોખ્ખા નિજકુટુંબ સિવાય બીજા કોઈનો સમાસ ન જ થાય.

રમાની બન્ને મોટી બહેનો પરણી ગઈ હતી. છોકરીઓ, દીકરીઓ ઠીક ઠીક જગાએ જોગવાઈ જાય એમ સ્વાભાવિક રીતે જ વડીલો ઇચ્છે; અને એ જોગવાઈ બે બહેનો પૂરતી થઈ ચૂકી હતી. પરંતુ રમાની જોગવાઈનો પ્રશ્ન આવતાં માબાપને લાગ્યું કે દુનિયા પલટાઈ ગઈ છે. ને લગ્ન વિષેના વિચારોમાં ક્રાંતિકારી બની ગઈ છે.

વાગ્દાન ભલે નક્કી થાય, પણ લગ્ન તો મોડું જ થવું જોઈએ! એવો એક મત સમાજમાં ઘૂમી રહ્યો.

છોકરીઓ પણ કેળવાયેલી, ભણેલી – બને તો અંગ્રેજી ભાષાથી

વિભૂષિત – હોવી જ જોઈએ, તે સિવાય લગ્ન સુખી ન જ નીવડે ! એવો બીજો મતપ્રવાહ સમાજમાં વ્યાપી રહ્યો હતો.

અભણ, અર્ધ ભણેલી છોકરીઓ ભાવિ પતિને ગમે કે નહિ એ પ્રશ્ન પણ પતિ પાસે આવતાં પહેલાં સુધરેલાં માબાપને જ તે કોરવા લાગ્યો.

બાળલગ્ન તો જોતજોતામાં અદૃશ્ય થઈ ગયું – ઊંચી કહેવાતી કોમોમાંથી. ‘ બાળ ’ શબ્દની વ્યાખ્યા પણ ઝડપથી ફરવા માંડી – જૂની ઢબનાં માબાપને ભય ઉપજાવે એવી ઢબે.

એટલે બે મોટી બહેનોએ અંગ્રેજી ચોથીમાંથી શિક્ષણ મૂકી સંસાર માંડ્યો હતો, તેવી તક રમાને મળે એમ ન હતું. એને માટે જ્ઞાતિમાં જ સારું ભણતા એકબે છોકરાઓ માબાપની નજરમાં હતા જ; પરંતુ સારું ભણતા છોકરાઓનાં માબાપ પણ સારી સંપત્તિવાળાઓ કરતાં વિવાહની બાબતમાં વધારે ઉદ્ધતાઈ સેવે છે.

‘ છોકરી...સારી છે...પણ જરા ભણવા દો. પછી જોઈશું.’ એવો છોકરાના માબાપનો જવાબ હવે જાણીતો બન્યો છે.

‘ છોકરાઓ માટે ભણતર લગ્નબજારની એક ઠીક ઠીક થાપણ ગણાતું – જો ધન ન હોય તો. પરંતુ છોકરીઓને તો બે થાપણની જવાબદારી સહ લગ્નબજારમાં પ્રવેશ કરવો પડે એવી સ્થિતિ હવે ઉત્પન્ન થવા માંડી હતી : એક રૂપ અને બીજું ભણતર !

અલબત્ત, માબાપની સાંપત્તિક સ્થિતિને ત્રીજું તત્ત્વ માની શકાય.

એટલે રમાને આગળ ભણવું પડ્યું. ભણતરનું ખર્ચ પણ માબાપને ઉઠાવવું પડ્યું. સારો સોદો કરવો હોય ત્યારે ખર્ચ સામે કેમ જોવાય ?

રમાનું ભણતર પણ યશસ્વી નીવડતું ચાલ્યું. સ્ત્રીજાત સરખી સ્થિતિસ્થાપક જાત પ્રભુએ બીજી સર્જી જ નથી. જે સ્થિતિમાં મુકાય એ સ્થિતિ સ્ત્રી કબૂલ કરી લે છે. કદાચ આછી આનાકાની કરે,

સહજ બંડ ઉઠાવે કે છેવટે આપઘાત કરે, એ ખરું! પરંતુ એવી આનાકાની કે બંડના પ્રસંગો બહુ જ જૂજ આવવાના–અપવાદ રૂપે. મોટે ભાગે તો વડીલો અને વડીલો દ્વારા રચાતો સમાજ જે કહે, જે કરે, તે પુત્રીને-સ્ત્રીને કબૂલ જ હોય છે.

માબાપ કહે: આ તારો પતિ!

દીકરીના મુખ ઉપર કબૂલાત લખાયલી જ હોય: કબૂલ! જન્મોજન્મ એ પતિ।

સમાજ કહે: વિધવાથી લગ્ન ન થાય!

સ્ત્રી એક ડગલું આગળ વધી કહે: માન્ય, બધી રીતે માન્ય! બાળવિધવાને પણ લગ્ન નહિ!

સમાજ સ્ત્રીને કહે: તને આઠ વર્ષે પરણાવવી જ જોઈએ, નહિ તો...ધર્મ રસાતાળ પહોંચી જશે!

સમાજને પગે લાગી સ્ત્રી કહે: આઠ વર્ષે લગ્ન? અરે, એથી ઓછાં! છ વર્ષે, ચાર વર્ષે, બે વર્ષે...આજ્ઞા કરો! મારા જન્મ પહેલાં જ મારું ભલે ને લગ્ન થઈ જાય!

કવિ કહે: હે સ્ત્રી! તું પરી બની જા!

કબૂલ કવિરાજ! સ્ત્રી કહે છે, અને પરી જેવાં વસ્ત્રાભૂષણ પહેરી, પરી સરખા ઊડતા ભાવ પ્રગટાવી, પ્રત્યેક પુરુષઆંખમાં કવિતા આંજતી સ્ત્રી પરી બની જાય છે,

તારે પતિના શબ સાથે જીવતાં બળી મરવું પડશે: પ્રતિષ્ઠા-વિધાયક પુરુષોની બાંગ સ’ભળાય છે.

કબૂલ, પ્રતિષ્ઠાદેવી! મને સતીનું બિરદ આપ આપો છો એ ઓછો બદલો છે? સ્ત્રી કહે છે.

સ્ત્રીઓને કહેવામાં આવ્યું: તમે ભણો, નહિ તો સારો વર તમને મળશે નહિ,

સ્ત્રીઓએ તે કબૂલ કરી ભણવા માંડ્યું: એટલું સારું ભણવા માંડ્યું કે પુરુષોને શરમ આવે!

રમા પણ આગળ ભણીને પુરુષો માટે સામાજિક અનુકૂળતા સાધતી હતી. જ્ઞાતિના જે બે છોકરાઓ પ્રત્યે રમાના પિતાની અને માતાની દૃષ્ટિ ખેંચાઈ હતી તેમાંના એક યુવકની દૃષ્ટિ પણ રમા તરફ ખેંચાઈ; અને રમાને અંતે પરણવાનું તો હતું જ ને! એટલે એ યુવકની ખેંચાયલી આંખને રમાએ તરછોડી નહિ, ઊલટું આવકારી ભણતર અને પ્રેમના બન્ને પ્રવાહો સાથે વહે એવી આજના બ્રહ્મચર્યાશ્રમમાં સગવડ થઈ છે!

સામાન્ય સ્થિતિના હિંદવાસીને એક આફત સામે ઝૂઝવાનું હોતું નથી; એને આફતોનો સામનો કરવો પડે છે. રમાના પિતાની સ્થિતિ કાંઈ સારી કહેવાય નહિ. મધ્યમ સ્થિતિની પણ એટલે શું એ સહુ કોઈ જાણે છે; તેમાં યે મધ્યમ સ્થિતિની પણ મધ્યમ એટલે ગરીબીની વાસ્તવિકતા તથા ઉચ્ચ રહેણીના ખર્ચાળપણા વચ્ચે સતત ઘસાયા-ઘવાયા કરવું! રમા પિતૃગૃહની આ પરિસ્થિતિ સારી રીતે સમજી ગઈ હતી. મોટી બહેનો પરણી ગઈ હતી; છતાં તે અને વધારામાં તેમનાં બાળકોની અવરજવર હિંદુ ગૃહમાં જરૂર હોય જ. નાનાં ભાડું તો હતાં જ. પોતાનું ભણવાનું ભારણ તો હતું જ. છતાં સ્ત્રીજાત જ સહન કરી શકે એવી સુશીલતાપૂર્વક તે ભણતી. માતાને ઘરકામમાં અને રસોડામાં સહાય કરતી બહેનોની અવરજવર હોય ત્યારે બહેનો તેમ જ જેમનાં બાળકોને સાચવતી, અને નાના ભાઈઓની પણ કાળજી રાખતી.

બહેનો પિતૃગૃહે આરામ માટે આવતી; નાના ભાઈઓ નાના હતા. એટલે ઘરનું ઘણું ભારણ રમાને માથે જ રહેતું. માતાના દેહને લાગેલો સુધારો પુરાય એવી કૌટુંબિક પરિસ્થિતિ જ ન હતી. પગે ચાલીને દેવદર્શન કરવું અગર હાડ મારી સહીને જાત્રા કરવી, એ સિવાય હિંદુ જીવનમાં ઘસારા પૂરવાનું બીજું સાધન શું? પૌષ્ટિક ખોરાક, આરામનાં સાધનો, આનંદ પ્રસંગો પર્યટન, એકાંત: એ બધી મધ્યમ વર્ગથી ન પહોંચાય એવી સામગ્રી ધનિકો અને ઉચ્ચ

કક્ષાના તવંગરો સિવાય બીજાને શક્ય ન જ હોય. રમાનાં માબાપને, ભાઈભાંડુને કે રમાને એ સગવડ ન જ હોય. રમા ઘરકામ પણ કરતી, ભણતી અને સ્થિતપ્રજ્ઞ સરખી જે માથે પડતું તે ઉઠાવી લેતી. જૂની ઢબનું ઘરકામ અને નવી ઢબનું ભણતર જે સ્થિતિ ઉપજાવે છે, તે સ્થિતિ તે સહી લેતી.

૨

રમા સારું ભણતી એટલે વિદ્યાર્થીઓનું લક્ષ્ય પણ તેના તરફ ઠીકઠીક રહેતું. તેના સુસ્વભાવને લઈને બહેનપણીઓ પણ તેના તરફ આકર્ષાતી અને 'ભાઈઓ' પણ ઠીક પ્રમાણમાં તેની સોબત શોધતા. ચા પીવા માટે, 'પિકનિક' ઉપર જવા માટે, નાટક-સિનેમા જોવા માટે તેને ઠીકઠીક આમંત્રણ પણ મળતાં; પરંતુ આમંત્રણો સ્વીકારવાની તેને જરા ય વૃત્તિ રહેતી નહિ અને સમય પણ રહેતો નહિ. કૉલેજનું રસવંતું ભણતર અને પ્રોફેસરોની મહિનામાં ત્રણચાર દિવસની અવશ્ય માંદગી જેવાં વિદ્યાર્થીઓને ગમતાં સાધનો મળતાં ન હોત તો કૉલેજના વિદ્યાર્થીઓને હોટેલો તથા સિનેમાની આજની જેટલી ઓળખાણ ભાગ્યે જ થઈ શકી હોત. કોઈ પ્રોફેસર 'પીરિયડ' ન લેવાના હોય, અગર એક 'પીરિયડ' તથા બીજા 'પીરિયડ' વચ્ચે બુદ્ધિમાન કૉલેજ નિયામકો કશો શિક્ષણક્રમ ગોઠવી શક્યા ન હોય, ત્યારે વિદ્યાર્થી–વિદ્યાર્થિની અભ્યાસ ઉપરાંત રેસ્ટોરાંનાં પણ અનુભવ લઈ શકે છે.

રમા કદી કદી એવા અનુભવ લેતી ખરી. એમાં કોઈનું ચાલે એમ હોતું નથી. તેમાં યે જ્યારે ગૌતમ તેને આગ્રહ કરતો ત્યારે તેનાથી ના પાડી શકાતી નહિ. ગૌતમ એક સુખી કુટુંબનો રમાની જ જ્ઞાતિનો નબીરો હતો. એની જ સાથે રમાનો વિવાહ મેળવવા વર્ષો પહેલાં રમાનાં માબાપે નિષ્ફળ પ્રયત્ન કર્યો હતો. માતાપિતાની સુખી સ્થિતિ હોવા છતાં ગૌતમ ઠીક ઠીક ભણતો હતો, અને સુખી

સ્થિતિને પરિણામે આકર્ષક પણ બની રહેતો હતો. જ્ઞાતિની ઘણી છોકરીઓનાં માગાં પાછાં ફેરવ્યાનું અભિમાન ગૌતમ અને તેનાં માતાપિતા લઈ શકે એમ હતું. એ નવીન કુલીનતાના અભિમાની ગૌતમને લાગ્યું કે જ્ઞાતિમાંથી તેમ જ કૉલેજમાંથી રમા કરતાં વધારે સુયોગ્ય યુવતી બીજી જડવી મુશ્કેલ છે! અલબત્ત સ્થિતિમાં ફેર ખરો! રમાના પિતાથી રમાને સાઇકલ પણ લાવી અપાતી નથી! હેરઑઈલ પણ કેવું હલકી જાતનું તે વાપરતી?—ધુપેલ! નખ રંગવાની સગવડ પણ તેના પિતા તેને કરી આપતા દેખાતા નહિ! છતાં સંપત્તિશાળી ગૌતમ હલકો ન હતો; એ આવા સંપત્તિભેદ ચલાવી લે એવો ઉદાર હતો!

અને એની ઉદારતા વ્યક્ત પણ થતી. રમાના ભાઈઓને પણ એ કદી કદી ભેટ આપતો અને તેમની સાથે જ રમાને પણ રૂમાલ, સેન્ટ, સુન્દર છબી, છબીનું પુસ્તક, કલાભરી કોઈ ચીજ કદી કદી મોકલતો. પોતાની પુત્રીઓની આસપાસ ચાલતા વ્યવહારો માબાપની નજર બહાર કદી રહે જ નહિ. પરંતુ કેટલાક વ્યવહાર ઇચ્છનીય અને ગમતા હોય છે. ભણાવીને પણ છોકરીને તો પરણાવવાની જ ને? આપોઆપ ઇચ્છિત વર તેને મળી જતો હોય તો તેમાં ડાહ્યાં માબાપ કદી વાંધો લેતાં જ નથી. અલબત્ત, બાળકબાળકીનાં લગ્ન ગોઠવવાનો માબાપનો જૂનો હક્ક એમાં ચાલ્યો જાય છે ખરો. છતાં સમયના પલટાને પિછાની માબાપ પણ સારા પ્રમાણમાં હક્ક ખોવાની ઉદારતા દર્શાવે છે. એટલે રમાને જૂની દુનિયામાં પડવા પાત્ર મુશ્કેલી નડી નહિ; એટલું જ નહિ, ગૌતમ તથા રમાને કદી કદી સાથે ફરતાં જોયાની ચુગલી માબાપ હસીને બાજુએ મૂકતાં.

કોઈ દિવસ સંધ્યાકાળે રમા કહેતી કે 'હું બે કલાક જાઉં?'

ત્યારે માબાપ સમજતાં કે ગૌતમ સાથે રમા કાં તો ફરવા જતી હતી અગર સિનેમા જોવા જતી હતી. અલબત્ત, રમાને પરવાનગી

મળતી ખરી. પરંતુ રમાએ માથે લીધેલું એક કામ એ બે કલાક કે ત્રણ કલાકના બહારવટાથી બગડે નહિ એટલી એ કાળજી પણ રાખતી.

ગૌતમ અને રમા પરસ્પર પ્રેમી બનતાં ચાલ્યાં –કહો કે પ્રેમી બની જ ગયાં. પ્રેમાવેશમાં ગૌતમે કૉલેજની પરીક્ષામાં એક-બે વર્ષ નિષ્ફળતા પણ મેળવી. પરંતુ નિષ્ફળતા સહન કરવા જેવી રમાની આર્થિક સ્થિતિ ન હોવાથી રમાએ પ્રેમની પકડને એવી મજબૂત બનવા દીધી ન હતી કે જેથી તેની બુદ્ધિ કૉલેજમાં શિખવાતા વિષયો પ્રત્યે બુઠ્ઠી બની જાય. પ્રેમની પરાકાષ્ટા અનુભવતાં રમા ગૌતમથી અભ્યાસમાં આગળ થઈ જાય એવો ભય ગૌતમને લાગ્યો ન હોત તો એ અભ્યાસ મૂકી માત્ર પ્રેમની મશાલ સળગાવી ફરતો હોત. વહુ કરતાં વર એકાદ ચોપડી આગળ અને એકાદ પરીક્ષા વધારે પસાર કરેલો તો હોવો જોઈએ ને? સ્ત્રીને ચાહતો પુરુષ હજી સ્ત્રીથી હારવામાં તો શરમ જ અનુભવે છે.

૩

રમાના યશસ્વી ભણતરથી કુટુંબની આર્થિક સ્થિતિ કાંઈ સુધરે એમ હતું જ નહિ – જ્યાં સુધી તે ભણી રહી ઘરમાં આર્થિક સહાય લાવતી ન થાય ત્યાં સુધી! એ કૉલેજમાં આવી તે વર્ષે એની એક મોટી બહેન મૃત્યુ પામી; બીજે વર્ષે બીજી મોટી બહેન પણ મૃત્યુ પામી. વહેલાં લગ્ન અને સંતતિસંયમનો અભાવ સ્ત્રીમરણના પ્રમાણને ઘણું જ વધારી દે છે.

બાળકો એ સ્થિતિમાં મોસાળ વગર બીજે ક્યાં ઊછરે? પત્ની ગુજરી જતાં એ સ્થાન ઝડપથી પુરાયલું રહે એવી તજવીજમાં પડેલા શોકગ્રસ્ત પતિ અને તેમનાં માતાપિતા બાળકોની સંભાળ માટે પૂરતું લક્ષ્ય ન જ આપી શકે એ સ્વભાવિક છે. પતિને બીજી પત્ની મળી શકે; બહેનને કાંઈ ગયેલી બહેન પાછી મળવાની હતી?

બંને બહેનોનો શોક શમાવી બન્ને બહેનોનાં બબ્બે નાનાં બાળકોને ઘરમાં લાવી ઉછેરવાનો પ્રસંગ રમા અને રમાની માતાને માથે આવી પડ્યો —જે તેમણે અનેક હિંદુ કુટુંબોમાં થાય છે તેમ ઉપાડી લીધો.

રમાને ભણતરે સર્વકાર્યરત બનાવી મૂકી હતી. એને ભણવાનું ભારણ હતું; તે ખુશીથી માતાને કહી શકત કે જો ભણાવવી હોય તો એની પાસે ઘરકામ ન લેવાય! અને સારા વરની આશામાં માતાપિતાએ હજી વધારે કષ્ટ વેઠી તેની માગેલી બધી સગવડ તેને કદાચ આપી હોત. પરંતુ એને માતાપિતા બંને માટે અતિશય લાગણી હતી. આર્થિક પરિસ્થિતિ આથી વધારે ઊંચી જવાનો સંભવ ન હતો એ ક્યારની યે રમા જોઈ શકી હતી. એટલે ભણતરને દિપાવતી કેટકેટલી ઝમક વગર તેણે ચલાવી લીધું હતું.

'આજનું લેસન બાકી છે!' 'આજ વધારે વાંચવાનું છે!' એમ કહી રમા ચા કરવાની, બાળકોને નવરાવવાની, જમાડવાની, અને માને રોટલી કરવા લાગવાની મહેનતમાંથી ઊગરી જઈ શકી હોત. બાળકોને વાર્તા કહી ઊંઘાડી દેવામાં સમય વ્યતીત કરવાને બદલે તે પોતાના અભ્યાસનું એક પ્રકરણ વધારે પાકું કરી શકી હોત. પિતાની પથારી સાફ કરવાની કાંઈ તેને માથે ફરજ ન હતી! તે કહી શકી હોત કે રાતદિવસ નોકર ન રાખી શકતા પિતાએ પોતાની પથારી જાતે કરી લેવી જોઈએ. પરંતુ એણે પરીક્ષાના દિવસોમાં પણ એવી દલીલ કદી કરી ન હતી. માતાપિતા બન્ને અપાર કરુણાપૂર્વક છતાં અત્યંત નિઃસહાયપણે દીકરીને, દીકરીના કામને જોઈ રહેતાં અને આવી પુત્રી આપવા માટે ઈશ્વરનો આભાર માનતાં.

ઘણી ય વાર એની મા કહેતી : 'દીકરી! તું ન હોત તો આ ઘરનું ભારણ હું કેમ કરી ઉપાડી શકત?'

પુરુષપિતા શબ્દોમાં લાગણી દર્શાવતા નહિ. કદી કદી રાત્રે સૂતા પહેલાં દીકરીને માથે હાથ ફેરવી જતા અગર ક્વચિત કહેતા ખરા : 'રમા! આજ તો થાકી હોઈશ તું. સૂઈ જા ને?'

'ના, ભાઈ ! જરા યે થાક લાગ્યો નથી. આટલું પ્રકરણ પુરું કરી સૂઈ જાઉં.' રમા જવાબ આપતી.

ખરેખર, એણે ઘરકામમાં કે બાળઉછેરમાં સહુને લાગતો એવો થાક અનુભવ્યો પણ ન હતો; અને એ જાણતી પણ હતી કે લગ્ન માટે ભણતર જરૂરી હતું. લગ્ન માટે જરૂરી લાગતું ભણતર પછી તો સ્વતંત્ર ગમી ગયું. લગ્ન માટે જરૂરી હોય કે ન હોય તો ય ભણતર જીવન માટે અત્યંત આવશ્યક બની જતું લાગ્યું.

અને એમાં ઊંડી ઊંડી આશા પણ હતી. સુખી, સમૃદ્ધ ઘરમાં તેનું લગ્ન થાય તો ય તેના ભણતર દ્વારા તે માતાપિતાને ઉપયોગી ન થઈ પડે? કદી, જરૂર પડે તો?

નાના ભાઈઓ અને એથી યે નાનાં ભાણેજો તો રમાને જ સતત જોઈ રહેતાં. 'બહેન ક્યાં છે?' 'બહેન મને શીખવે.' 'માશી સાથે જ હું જમીશ.' 'માશી વાર્તા નહિ કહે ત્યાં સુધી મારે સૂવું જ નથી.' 'માશી નવરાવે તો જ હું નાહું!' આવી આવી જક કરતાં બાળકો રમા વગર ડગલું પણ ભરતાં નહિ. કૉલેજમાંથી એના આવવાની એ સતત રાહ જોયા જ કરતાં, અને કદીક એને ઘેર આવ્યા પછી બીજે ક્યાંય જવાનું હોય તો બહુ નારાજ બની જતાં. માબાપનો તો રમા આત્મા હતી જ; બાળકોનો પણ એ જીવ બની ગઈ હતી! એને પણ માતાપિતા કે બાળકોને મૂકીને સભામાં જવું, સિનેમા જોવા જવું કે મિત્રોનાં ચાપાણીમાં જવું રુચતું નહિ—જોકે યુગપ્રવાહ સાથે ઘસડાઈ અપવાદ કરવો પડતો હતો ખરો! તેમાં ય જ્યારે ગૌતમનો આગ્રહ થતો ત્યારે તો એની માતા પણ એના અપવાદને વધારવાની આજ્ઞા કરતી. કદી કદી ગૌતમ રમાને ઘેર પણ આવતો; પરંતુ પોતાના ઘરની સામાન્યતા ઉપર દયા ખાવાની કે મોટાઈ દર્શાવવાની તક કોઈને પણ આપવા રમા રાજી ન હતી. પોતાને ઘેર આવવા ગૌતમને તે કદી ઉત્તેજતી નહિ. સિનેમામાં કે ફરવામાં રમાનો સાથ ગૌતમ માગતો ત્યારે ઘણુંખરું

રમા અમુક સ્થળે, અને અમુક સમયે ગૌતમને મળવાની યોજના કરતી. ઘેર આવી ગૌતમ તેને લઈ જાય એ તેને પસંદ ન હતું. એ કહેતી : 'તું આવે અને માના દેખતાં હું તારી સાથે ચાલું ? એ તો હું શરમાઈને મરી જાઉં !'

મુખ્યત્વે શરમનું બહાનું કાઢી તે ગૌતમને પોતાના ઘર પાસે આવવા દેતી નહિ.

અલબત્ત માતાપિતા આ સંબંધથી બહુ રાજી રહેતાં હતાં, અને જ્યારે ગૌતમનાં માતાપિતાએ રમાના માતાપિતાને બોલાવી ગૌતમ તથા રમાનાં લગ્નની વાત કરી ત્યારે તેમણે બહુ જ ખુશીથી સાભાર એ માગણીનો સ્વીકાર કર્યો અને પ્રભુનો ઉપકાર પણ માન્યો.

રમાના મુખ ઉપર આનંદ ઊપજ્યો કે નહિ તે રમાએ કોઈને જાણવા દીધું નહિ. સ્ત્રીજાતિના હર્ષ અને શોક ઘણી વાર ગુપ્ત જ હોય છે ! કોલેજની કેંક બહેનપણીઓએ તેને અભિનંદન આપ્યાં, અને તેના પ્રેમની આછીપાતળી આશાના ઉમેદવાર મિત્રોએ પણ તેને મુબારકબાદી આપી, જે રમાએ સ્વીકારી. પરંતુ રમાના વર્તનમાં કશો જ વિજયી ફેરફાર દેખાયો નહિ. ધીલું સ્મિત કરી તે અભિનંદન સ્વીકારી વાત બદલી આપતી.

ગૌતમે પરીક્ષા પસાર કરી કોલેજ છોડી. એની લગોલગ આવેલી રમાને હજી કોલેજ છોડવાને એક વર્ષની વાર હતી. એટલામાં ગૌતમનાં માતાપિતાએ કહેણ મોકલ્યું કે હવે રમાનાં અને ગૌતમનાં લગ્ન થઈ જવાં જોઈએ. માતાપિતા પણ તૈયાર હતાં. જો કે રમાના પિતાને એમ લાગ્યું ખરું કે રમા છેલ્લી પરીક્ષા આપી દે ત્યાં સુધી લગ્ન લંબાવાયું હોત તો ઘણું સારું થાત. રમાને મત આપવાનો જ ન હતો. એક નિશ્ચય એણે કરી જ રાખ્યો હતો : લગ્ન થાય તો ય છેલ્લી પરીક્ષા આપવાની જ. તેના પિતાએ જેટલી મુદત લંબાવાય એટલી મુદત લંબાવી. અંતે એક મિતિ લગ્ન માટે ઠરાવવી પડી. ગૌતમના ઉત્સાહનો પાર રહ્યો નહિ. બધી વસ્તુઓની

માફક લગ્નમાં પણ યુવકોને બહુ જ ઉત્સાહ રહે છે. રમાને ફરવા જવા માટે હવે વધારે આમંત્રણો મળવા લાગ્યાં. પોતાની પત્ની બહુ ભણે એવી સાચી ઇચ્છા રાખતા કેંક પતિ લગ્નને જતું કરવા કે તેને આગળ લંબાવવા તૈયાર હોતા નથી. પરંતુ ગૌતમને ક્યાંથી ખબર હોય કે લગ્નનો સરંજામ કરવામાં પણ રમાનો ઘણો વખત જતો હતો, અને તેને સિનેમા-નાટક જોવાની જરા ય ફુરસદ મળતી ન હતી!

રમાના ઘરમાં રમાના લગ્નનો ઉત્સાહ જરૂર હતો; પરંતુ એ ઉત્સાહના રંગને ઘેરી કિનાર પણ હતી.

પિતા કદી કહી ઊઠતા : ‘સવારસાંજ રમાનું મુખ જોતો એટલે મારા ચોવીસે કલાક સુખમાં જતા. હવે?...’

માતાથી કદી કદી બોલાઈ જતું : ‘દીકરીનું સૌભાગ્ય અખંડ રહો...પણ...મારા હાથ, પગ અને હૈયું ત્રણે ય આજથી જ ભાંગી ગયાં છે...એના વગર હું પાંગળી બની જઈશ...’

ભાઈઓ પૂછતા : ‘બહેન! લગ્ન પછી તું અહીં આવવાની જ નહિ?’

‘કોણે કહ્યું એમ? હું જરૂર આવવાની.’ રમા કહેતી.

‘તું નહિ આવે તો...અમારાં કપડાં...બધું શું થશે?’ ભાઈઓને મૂંઝવતા પ્રશ્ન સાંભળી રમા સહજ હસતી.

અને ભાણેજોએ તો હદ કરી: ‘માશી, લગ્ન થશે એટલે તું ચાલી જઈશ?’

‘કોણે કહ્યું?’ રમા હસીને પૂછતી.

‘બધાં જ કહે છે ને?’

‘છો કહે.’ કહી નાનામાં નાના ભાણેજને ઊંચકી લેતી—જેથી બીજા મોટા ભાણેજોને પણ એમ થતું હતું કે એ હાથ પોતાના તરફ લંબાય! પરંતુ રમાએ ઘરમાં એક સિદ્ધાંત સ્થાપ્યો હતો કે જે નાનામાં નાનું બાળક એને બધામાં પહેલો હક્ક!

રમાના જવાબથી સંતોષ ન પામતાં બાળકોમાંથી કોઈ ઇચ્છા

વ્યક્ત કરતું : 'માશી ! તારા લગ્ન પછી તું અમને સાથે ન લઈ જાય ?'

રમા હસીને જવાબ આપતી : 'હું જઈશ તો તમને જરૂર સાથે જ લઈ જઈશ.'

જીવનમાં ઘણાં વચનો પાળવા માટેનાં હોતાં નથી એવું રમા જાણતી હતી.

પરંતુ હવે દિવસે દિવસે ગૌતમ રમા પાસે ઘણાં વચનો માગતો અને ઘણાં વચનો પળાવવાનો આગ્રહ રાખતો. સ્ત્રી એ પુરુષને મન ફાવે તેમ રમવાનું રમકડું હોય એવી પુરુષોની માન્યતા હોય છે, અને સ્ત્રીઓ પણ ઘણુંખરું રમકડાં બની પુરુષની માન્યતાને પોષે પણ છે. રમાએ ગૌતમના લગ્નોત્સુક મનને આનંદ આપવાનો બનતો પ્રયત્ન કર્યો પણ ખરો. પરંતુ જ્યાં સુધી લગ્ન દ્વારા રમાના જીવનનું ગૌતમના જીવનમાં પૂર્ણ વિલીનીકરણ ન થાય ત્યાં સુધી રમાના કેટલાક જીવનપ્રવાહો ગૌતમની ઇચ્છાથી બહાર પણ કદી કદી જતા હતા. ગૌતમને માટે દુઃખનું એ મોટામાં મોટું કારણ હતું. ગૌતમ લાગ જોઈ કદી કહેતો : 'રમા ! આજે તારી છબી પડાવવાની છે—બીજના ચંદ્ર ઉપર જાણે તું બેઠી હોય ને, એવી છબી !'

આવી પૌરુષ ઇચ્છા સ્વાભાવિક છે; ઘણા પ્રેમીઓ આવી છબી માટે એકમત થાય એમ છે. પરંતુ રમાએ ના પાડી કહ્યું : 'મારે એવી છબી નથી પડાવવી.'

'કેમ ? નથી ગમતી ?'

'ગમે છે...પણ સાચા બીજ—ચંદ્ર ઉપર બેસાડે તો હું એ છબી પડાવું.' રમા કહેતી.

આનો અર્થ જ એ કે રમાને છબી પડાવવી નથી અગર ગૌતમને ઉતારી પાડવો છે—અશક્ય વસ્તુ માગીને !

લગ્નના પંદરેક દિવસ બાકી હતા. એકસામટાં પોણા ભાગનાં ચોખ્ખાં સ્ત્રી શરીરો ખુલ્લી આંખે દેખાય એવું દિલ બહેલાવનારું

એક પશ્ચિમી ચિત્ર જોવા જવાની ગૌતમે ઇચ્છા પ્રદર્શિત કરી અને રમાને ખાસ તાકીદ કરી કે બરાબર સાતમાં પાંચ કમે તેણે 'થિયેટર' ઉપર આવવું !

સાતમાં સાત કમે ગૌતમ થિયેટર ઉપર આવી ગયો. એણે સરસ કપડાં પહેર્યાં હતાં એમ થિયેટર ઉપરના એક આયનામાં જોઈ તેણે ખાતરી કરી લીધી.

સાતમાં પાંચ કમ રહી અને ગૌતમની આંખો ચારે પાસ ફરી વળી. એકેય બાજુએથી રમા આવતી દેખાઈ નહિ. ઊંચામાં ઊંચા વર્ગની બે ટિકિટો તેણે ખરીદી હતી, અને પ્રત્યેક મિનિટે તે રમાના આવવાની રાહ જોતો ચારે પાસ આંખ અને પગ ફેરવતો હતો. પ્રેમનો ગુસ્સો પણ અદ્ભુત હોય છે.

'આજે ભાઈઓને કપડાં પહેરાવવા રહી; કાલે ભાણેજોને રડતાં રાખવામાં રોકાઈ; પરમ દિવસે પિતાને ચા કરી આપવામાં જરા વાર થઈ. એનાં એ બહાનાં ! એના ઘરમાંથી એ ઊંચી જ આવતી નથી ! મારી સાથે પરણશે પછી એને એ જંજાળ રહેશે નહિ !' ગૌતમ ફેરા ફરતો વિચાર કરતો હતો અને ઘરકામને લાત મારી ચાલ્યા આવવાની તાકાતના રમામાં રહેલા અભાવ ઉપર ગુસ્સે કરતો હતો.

સાતના ટકોરા એક ઘડિયાળમાં પડ્યા. ગૌતમે તે બરાબર ગણ્યા. એક ઘંટડી વાગી અને જાહેર થયું કે સિનેમાનો પડદો ઊઘડે છે તથા સુંદર ચિત્ર હવે આવે છે। મનથી ગૌતમે પગ પછાડ્યો.

'રમા કદી નિયમિત થઈ શકી નથી !' તે મનમાં બબડ્યો અને રમા નિયમિત થયાના સઘળા પ્રસંગો વીસરી ગયો.

'મારી આખી સાંજ ખરાબ કરી નાખી...' રાહ જોયા છતાં રમા બસમાંથી બહાર આવતી ન દેખાઈ એટલે તેનું મન છણછણી ઊઠ્યું.

'નથી ભેટ આપવાથી એ સુધરતી, નથી સિનેમા-નાટકની લાલચ એને સુધારી શકતી. એની અનિયમિતતા એટલે તોબા!... આખું મન ખારું કરી નાખે છે!...'

પ્રેમીઓની આવી વેદના સર્વસામાન્ય કહી શકાય. પ્રેમીઓ ગૌતમને ભાગ્યે જ દોષ દઈ શકે.

બસમાંથી એકાએક કોઈ યુવતી ઝડપથી ઊતરી. રમા જ હતી ને? ગૌતમે પોતાના કાંડા ઉપર બાંધેલી ઘડિયાળમાં જોયું; સાત ઉપર પાંચ મિનિટ થઈ હતી. રમા લગભગ દોડતી ગૌતમ પાસે આવી અને ગૌતમે મુખ ફેરવી તેના પ્રવેશભાનનો અસ્વીકાર કર્યો.

'હું આવી ગઈ છું.' રમાએ પોતાના જ કંઠથી પોતાની નેકી પુકારી.

ફૂલેલા ગાલ અને ફૂલેલા હોઠ સહ ગૌતમે રમાની સામે જોઈ તેની આંખ થિયેટરની ઘડિયાળ સામે દોરી. સાત ઉપર છ મિનિટ થઈ હતી!

'છ જ મિનિટ થઈ છે. હજી તો જાહેરાતો ચાલતી હશે... પછી બધાંની નામાવલિ ચાલશે...હજી ચિત્ર શરૂ નહિ થયું હોય.' રમાએ ઘડિયાળ જોઈ જવાબ આપ્યો.

'મોડા જઈ આપણે કેટલા પ્રેક્ષકોને હરકત કરીશું?' ગૌતમે નાગરિક ફરજ ઉપર ભાર મૂક્યો.

'તો ન જઈએ...તને એમ લાગતું હોય તો!' રમાએ ઇલાજ બતાવ્યો.

'પણ આ ટિકિટો લઈ રાખી છે ને?' ગૌતમે ભાવિ પત્નીના મન ઉપર અર્થશાસ્ત્રની અસર પાડવા મંથન કર્યું.

'બન્ને ટિકિટોના પૈસા હું તને આપી દઉં...' રમા બોલી પોતાની નાનકડી થેલી ખોલવા લાગી.

'ઘેલછા ન કાઢ...ચાલ!' કહી ગૌતમે સહજ હસી રમાનો હાથ પકડચો અને તેને ખેંચી પ્રેક્ષકગૃહમાં લઈ ગયો. પત્નીને – ભાવિ

પત્નીને જાહેરમાં અડકવાની તક લેતાં આજનો યુવક જરા ય ગભરાતો નથી. ચિત્રમાંનાં ભૂલવાને પાત્ર કૈંક નામો હજી ચિત્રમાં ખડકાયે જતાં હતાં... કોઈ દિગ્દર્શક, કોઈ દર્શનજોડક, કોઈ વસ્ત્રનિયામક, કોઈ શૃંગારનિયોજક, કોઈ ગાયક, કોઈ વાદક, કોઈ વાદ્યસંમેલક : એમ નવ નવતર ઉપયોગી કલાકારોનાં નામ ઝડપથી આવી વિલાઈ જતાં હતાં. ચિત્રપટનો ઝાડુવાળો પણ રહી ન જાય એની ખાસ કાળજી રાખવામાં આવતી હોય એમ સ્પષ્ટ દેખાઈ આવતું. નક્કી કરેલી જગ્યાએ 'ટાર્ચ'થી ચિત્રગૃહના દ્વારપાળે દોરી જઈ બન્નેને બેસાડચાં.

સારા પ્રમાણમાં અંધારું હોવા છતાં ગૌતમે રમાનો હાથ ખોળી પોતાના હાથમાં લેવાનો કરેલો પ્રયત્ન રમાએ સફળ ન થવા દીધો.

ગૌતમે રમાને ખભે સહજ હાથ મૂક્યો તેમાં તો રમાએ દેહ થરકાવી ગૌતમના હાથને ખસેડી નાખ્યો.

ચિત્ર હતું તો અલબેલું ! દિલચસ્પીથી ભરેલું ! પરંતુ રમાએ મોડા આવી ગૌતમના માનસને નિરર્થક હલાવી નાખ્યું ! ચિત્રમાં ધાર્યા પ્રમાણે મજા ન આવી !

'ઇન્ટરવલ' પડતાં ચિત્ર બંધ થયું; લોકોની અવરજવર શરૂ થઈ; કાન ફાડતાં ગીતો પણ ચિચિયારી પાડી ઊઠ્યાં. ગૌતમ અને રમા સરખાં કૈંક યુગલો બેઠાં બેઠાં હસતાં કે વાતો કરતાં હતાં. પોતે બે જ જણ સાંભળી શકે એવી ઢબની વાત કરતાં સર્વકાલીન પ્રેમીઓ ઝડપથી શીખી જાય છે. ગૌતમે ધીમે રહી પૂછ્યું : 'રમા ! આજ રિસાઈ છે શું ?'

'હું ? હું શા માટે રિસાઉં ? વાંક મારો હતો. હું જ મોડી આવી હતી.'

'વાંક અને વગર વાંક ! એ વાત જવા દે ને ? તારાથી દૂર રહેવું મને ક્ષણ પણ ફાવતું નથી...અને હજી તો લગનના પંદર

દિવસ બાકી...'

'એ દિવસો કદાચ લંબાય.' રમાએ કહ્યું. રમાના કંઠમાં કદી ન સંભળાયલી કઠોરતા પ્રવેશતી હતી શું ?

'શું ? શા માટે દિવસો લંબાય ?' લગ્નની તૈયારી કરતો માનવી લગ્ન લંબાય એ કદી સહન કરી શકતો નથી – પછી એ અભણ ગામડિયો હોય કે ભણેલો સંસ્કારી યુવક હોય ! લગ્ન પહેલું હોય કે બીજું ! ચમકીને ગૌતમ પોતાનો પ્રશ્ન પૂછી રહ્યો હતો.

'માની તબિયત આજ એકાએક બગડી આવી છે !' રમાએ કહ્યું.

'મા...બાપ...ભાઈ...ભાણેજ—રમા ! તારું ઘર તને ખાઈ જવાનું છે !'

'ઘર જન્મ આપે અને ઘર ખાઈ પણ જાય ! શું થાય ?'

'રમા ! મેં નિશ્ચય કર્યો છે.'

'શો ?'

'કે ઠરેલી તારીખે લગ્ન કરવું જ. એમાં રજ જેટલો એ ફેરફાર નહિ થાય.'

'સારું કર્યું...પણ લગ્નમાં તો બે પક્ષોનો નિશ્ચય જોઈએ ને ?'

'હાસ્તો. તારા નિશ્ચયની મને ખાતરી છે.'

'એ ખાતરી ન રાખીશ. એ દિવસે લગ્ન નહિ થાય...નિદાન મારું ! તારું થાય તો હું ના નહિ પાડું.'

આરામથી બેઠેલો ગૌતમ એકદમ સીધો બેસી ગયો અને 'ઇન્ટરવલ' પૂરો થઈ ચિત્ર શરૂ થઈ ગયું. ચિત્ર પૂરું થતાં સુધી ન ગૌતમ હાલ્યો કે બોલ્યો; ન રમા હાલી કે બોલી. બન્નેની ખુલ્લી આંખે કદાચ ચિત્ર દેખાયું પણ નહિ હોય.

ચિત્ર પૂરું થયું. મોટા ભાગના લોકોને જવા દઈ સુઘડતાભરી મોકળાશમાં જવાનું પસંદ કરી ધીમે ધીમે જતાં ગૌતમે એકાંત જોઈ રમાને પૂછ્યું : 'ઇન્ટરવલમાં તેં મને શું કહ્યું ?'

તે ન સાંભળ્યું ? ઠરેલી તારીખે મારું અને તારું લગ્ન નહિ જ થાય.' રમાએ કહ્યું.

'એના પરિણામનો તેં વિચાર કર્યો ?'

'તારા જેવો વર મારા હાથમાંથી ચાલ્યો જશે, નહિ ?' વાગે એવો તિરસ્કાર દર્શાવી રમાએ જવાબ આપ્યો.

એકબે માણસો પાસે થઈ ગયાં એટલે ગુપ્ત વાત બંધ રહી. બહાર નીકળી ઘણા લોકોને જવા દીધા પછી ગૌતમ અને રમા થિયેટરને પગથિયે આવી ઊભાં. ગૌતમની કાર પાસે જ હતી. ગૌતમે કહ્યું : 'ચાલ રમા ! સહેજ ફરી આવીશું ?'

'ના; મને ફુરસદ નથી. મા માંદી છે.' રમાએ કહ્યું.

'હું તને ઘેર પહોંચાડું.'

'ઘરનો રસ્તો મને ખબર પડે એવો છે...અને બીજો રસ્તો જોયો પણ નથી...' કહી રમા ગૌતમ સામે જોયા વગર ઝટપટ ચાલી નીકળી.

ગૌતમની વિકળતા અને રમાનો રુઆબ નિહાળી એકબે ઘોડાગાડી-વાળા દૂર ઊભા ઊભા આંખ મિચકારા કરી હસ્યા !

રમા ઘેર આવી ત્યારે તેની માંદી માતા બાળકોના ટોળામાં બેસી એ રડતા બાળકને છાનું રાખતી હતી.

'લે, આવી રમા ! નાહક કકળાટ મચાવ્યો ને ?' માએ કહ્યું.

'શું થયું, મા ?' રમાએ પૂછ્યું.

'તું પરણી, અને બધાંયને મૂકી ચાલી ગઈ—છાનીમાની, એમ ધારી આ બધાંએ રડવા માંડ્યું છે !' માએ હસતાં હસતાં કહ્યું અને પથારીમાં તે સૂતી.

'છોકરાં રમાને વળગી પડ્યાં. એક જણે પૂછ્યું પણ ખરું : 'તું પરણીને જઈશ તે પાછી નહિ આવે ?'

'હું પરણવાની નથી અને આ ઘરમાંથી બીજે જવાની પણ

નથી. બસ ?' રમાએ જવાબ આપ્યો.

માએ પાસું બદલતાં કહ્યું : 'છોકરાને એમ જૂઠું ન સમજાવ... એ તો સમજશે, પણ...'

'મા ! હું જૂઠું સમજાવતી નથી. હું લગનની ના કહીને આવી છું.' રમા બોલી.

મા પથારીમાં બેઠી થઈ ગઈ ! પરંતુ બાળકો તો રમાને એટલા વહાલથી વળગી પડચાં કે તેમનાથી છૂટવું રમાને અશકય થઈ પડયું.

ગૌતમના હાથ કરતાં બાળકોના દેહ રમાને વધારે ચોખ્ખા લાગ્યા.

# નવલિકામાંથી એક પાન

## ૧

મારી વાત તમારે જાણવી છે? સાધારણ જીવન સહુ જીવે છે એવું મારું જીવન. એમાં રોમાંચક કશું ન જ હોય. હા, હું મારી પત્નીને એક વખત ચાહતો ન હતો એ વાત સાચી છે. પ્રેમ અને પ્રેમલગ્ન ભાવનામાં ઊછરેલા યુગને માબાપે નક્કી કરી આપેલાં જીવનસાથી કેમ કરીને ગમે? મારો વિવાહ મારાં માબાપે જ નક્કી કર્યો હતો. મારા પત્ની-પસંદગીના અધિકારનું માતાપિતાએ અતિક્રમણ કર્યું હતું એમ માની હું મારી પત્ની પ્રત્યે ઉદાસીન રહેતો હતો, એ પણ સાચું.

મારી પત્નીનો દેખાવ ખરાબ હતો એમ હું ન કહી શકું; એનો દેખાવ સારો હતો. મને લાગે છે કે સ્ત્રીઓ મોટે ભાગે સારી જ દેખાય છે. પરંતુ એ બહુ ભણેલી ન હતી, અને અત્યંત જૂની ઢબમાં ઊછરેલી હતી. મને, ભણેલા યુવકને રમતગમતના શોખીન ખેલાડીને સુંદર કાવ્યોના લખનાર કવિને જૂની ઢબની પત્ની ન ગમે એમાં મારો પણ શો વાંક? માતાપિતાની સામે થવાની તાકાત હું ખીલવું તે પહેલાં મારું લગ્ન તો થઈ જ ગયું!

અણગમો હું કોની પાસે જાહેર કરું? પત્ની પાસે જ ને? ઠંડી ક્રૂરતાપૂર્વક હું પત્નીને વિવિધ રીતે જણાવી શક્યો કે એ મારે લાયક પત્ની ન હતી. એને ન ચબરાકીભર્યું બોલતાં આવડે, ન સફાઈબંધ કપડાં પહેરતાં આવડે, ન એ મારી સાથે કલા કે સામ્યવાદ સંબંધી ચર્ચા કરી શકે! હું તેને કદી કદી કહેતો : 'તું પચાસ વર્ષ પહેલાં જન્મી હોત તો આદર્શ પત્ની તરીકે પુજાત.'

એ રિસાતી પણ નહિ, ચિઢાતી પણ નહિ, છણકાતી પણ નહિ. મારાથી કદી કહેવાઈ જતું : 'તારા કરતાં હું કોઈ પથ્થરની પૂતળીને પરણ્યો હોત તો વધારે સારું થાત!'

કોઈ વાર તેની આંખમાં પાણી ચમકી ઊઠતું. પણ...હું શું કરું? મારું જીવન નીરસ બનાવવાનો મારી પત્નીને શો હક્ક? એનું નામ પણ 'સુશીલા, હતું–જૂની ઢબનું! એ કેમ ગમે? એનું નામ 'શીલા' હોત તોપણ મને જરા ગમત. એક અક્ષર વધારે મૂકી એનું નામ પાડનારે એના નામની નવીનતા પણ ખોવરાવી હતી. સુશીલા! એ તે કાંઈ નામ છે?

મને ગમે પેલી ખડખડ હસી શકતી અલક! હું વાત કરું પેલી ચબરાક ચપલા સાથે! કદી નીરસ વાત જ નહિ ને? હું ફરવા જાઉં પેલી સોહાગી સાથે! સૌંદર્યના સઢ ઉડાડતી હોય એવાં જ કાંઈ કપડાં એ વીંટી લાવતી. કનુ દેસાઈએ ચીતરેલાં વસ્ત્રવર્તુલ બરાબર સોહાગીની આસપાસ રચાતાં! અને શીર્ષ ઉપર પુષ્પવાડી સદા ય પાથરતી પેલી પ્રણયિની? આહ! એની સાથે તો હું એકબે વાર નૃત્ય પણ કરી ચૂક્યો છું. નૃત્ય! વળી પેલી પુરુષોનાં વસ્ત્ર પહેરી ફરતી નદી–સરવરમાં તરવાની શોખીન તરંગિણી? નવીનતાનો જાણે અવતાર! નખ અને હોઠ છો બધાં ય રંગે; અને ગાલ ઉપર લાલી સૌ કોઈ છાંટે પણ તરંગિણી તો એવી સફાઈથી 'સ્મોક' કરતી હતી! કહો તો તેનું નામ ધુમ્રસેરમાં ઉપસાવે!

૨

એવાં નામ, એવી એવી ચબરાકી, એવી એવી આવડત-વાળી યુવતીઓની મૈત્રી માણનારને સુશીલા સરખા નામવાળી, સુશીલા જેટલું અર્ધ ભણેલી, અનાકર્ષક જૂની ઢબની યુવતી પત્ની તરીકે ન જ ગમે એ સ્વાભાવિક કહેવાય. મને મારું જીવન ઘણું અધૂરું, રસહીન વેઠ સરખું લાગતું હતું. હું ઘરમાં તો બહુ રહેતો જ નહિ. મારા પિતાની જમીનમાંથી સારું ઉત્પન્ન આવતું, એટલે મને આર્થિક સંકડામણ અનુભવવી પડી ન હતી. અભ્યાસયુગમાં હું ક્રિકેટ, ટેનીસ, બૅડમિન્ટન રમતો. મિત્રોને અને ખાસ કરી યુવતીઓને સારા પ્રમાણમાં નાટક-સિનેમા બતાવતો. હોટેલ રેસ્ટો-રાંમાં તેમને આમંત્રણ આપતો અને કદી કદી દૂર એકાંત મેદાનો અને વૃક્ષકુંજોમાં તેમને સાથમાં લઈ જઈ સૃષ્ટિસૌંદર્ય નીરખતો અને નિરખાવતો.

આમાંની ગમે તે યુવતી મારી સાથે લગ્ન કરી લેત અને હું મારું જીવન મારી કલ્પનાએ ઊભી કરેલી સ્વર્ગકેડીએ વિતાવી શકચો હોત. પરંતુ મારું લગ્ન થઈ ચૂકચું હતું એક એવી સ્ત્રી સાથે, કે જેનામાં તલભાર પણ નવીનતા ન હતી. ઘરમાં મને આનંદ ન હતો. હું ભણી રહ્યો અને પછી 'કલબ'માં મારું અર્ધ જીવન વિતાવવા લાગ્યો. બીજું શું કરું?

મારી મિત્રયુવતીઓ પણ પરણી જવા લાગી! અને તે પણ મારી સલાહ લઈને! દાઝેલો તો હતો જ; હવે દાઝચા ઉપર ડામ દેવાવા લાગ્યા. એક દિવસ અલકે આવી હસતાં હસતાં મને પૂછ્યું :

'તું શેન્કી વિષે શું ધારે છે?'

'પેલો સાંકળચંદ? શેની "શેન્કી શેન્કી" કરે છે? નોકરી ઠીક મળી છે એ સાચું. પણ બીજું શું ધારવાનું?'

'ધાર કે હું એની સાથે લગ્ન કરું, તો?'

'સાંકાની સાથે? શું તું યે અલક! મશ્કરી તો નથી કરતી ને? "શેન્કી" નામ ઉચ્ચારવાથી "સાંકો" બદલાઈ નહિ જાય. તને તો એ નામ જ નહિ ગમે.'

'માટે તો હું એને "શેન્કી" કહું છું. અને તેણે પોતાનું સાંકળચંદ નામ ફેરવીને "શંકરન્ કરવાનું કબૂલ કર્યું છે.'

અને ઘાવ વાગે એવી મારી અજાયબીની લાગણી વચ્ચે અલક સાંકાભાઈ સાથે પરણી ગઈ!

ચપલાની તો કંકોત્રી જ આવીને પડી. ચિનમુલગંડ નામના મદ્રાસ બાજુના કોઈ ટેનીસ-સ્ટાર સાથે તેણે લાગલી જ લગ્નવ્યવસ્થા કોઈને પૂછ્યા વગર કરી જ દીધી. કડવું મુખ કરીને પણ મારે એને સારી લગ્નભેટ આપવી પડી.

શો કદરૂપો આ મદ્રાસી! ચિનમુલગંડ! કાળો...

'અને જ્યારે પ્રણયિનીએ એક છોકરી જેવા દેખતા નૃત્યકાર સાથે લગ્ન કર્યું ત્યારે તો મારી છાતી બેસી ગઈ, અને તરંગિણીને ખાસ એકાંત સ્થળે ફરવા લઈ જઈ મારે પૂછવું પડયું: 'તરંગિણી એક સ્પષ્ટ વાત કહું?'

'જરૂર!' પુરુષની અદાથી સિગરેટ સળગાવતાં તરંગિણીએ જવાબ આપ્યો.

'હું તને ચાહું છું.'

'એ હું સમજી શકું છું.' એક ધુમ્રસેર ઉપજાવતાં તેણે કહ્યું.

'ચાહવાનું શું પરિણામ હોય તે તો જાણે છે ને?'

'હા. ચાહ્યા કરવું.'

'એ બરાબર. પરંતુ એની સ્પષ્ટતા લગ્નમાં પ્રગટ થવી જોઈએ.'

'પણ તું તો પરણેલો છે!'

'એ સ્નેહલગ્ન નથી, રૂઢિલગ્નછે.'

'જે હોય તે. પણ હવે શું થાય?'

'હું તને મારી સાથેના લગ્નનું આમંત્રણ આપું?'

'તારી પત્ની છે છતાં ?'

'હા, એમાં શું ? જો ને પેલી ડૉક્ટર મન્થિનીએ પત્નીવાળા પતિ સાથે લગ્ન કર્યું જ છે ને ?'

મેં દાખલો આપ્યો તે સમયે એકપત્નીવ્રતનો આગ્રહ કાયદાએ સ્વીકાર્યો ન હતો; અને ખાસ ભણેલી છોકરીઓ સપત્નીત્વથી ભય પામતી ન હતી.

તરંગિણી જરા વાર શાંત રહી અને એકાએક ધૂમ્ર-ઢગલો મારા મુખ ઉપર ફેંકી બોલી : 'હું જોઈશ; વિચાર કરીશ.'

પરંતુ એણે કશું જોયું યે નહિ અને કશો વિચારે કર્યો નહિ. ઊલટી તે અમેરિકા અભ્યાસ વધારવા ગઈ અને ત્યાં અભ્યાસ કરતા એક યુવકની સાથે પરણી ગઈ.

૩

પત્ની પ્રત્યેનો મારો અભાવ હવે વધી ગયો. મારા સુખમાં શૂળરૂપ બની બેઠેલી સુશીલાને છૂટાછેડા અપાતા હોત તો હું આપી ચૂક્યો હોત. પરંતુ હિંદુ વિધિમાં એ શક્ય ન હતું. અને...અને તેનો દોષ...? આમ તો કશો જ દોષ દેખાય નહિ. પરંતુ મને એ બિલકુલ ગમતી ન હતી, એટલો દોષ શું પૂરતો ન હતો ? મારી આંખ ઉપર અસર કરે એવું પહેરવું, મારા દિલને હુલાવી નાખે એવું બોલવું, ચારે પાસથી નજર ખેંચાય એવી ઢબે ફરવું, એમાંનું કાંઈ જ તેને આવડે નહિ. સારી રસોઈ કરે, આજ્ઞા પાળે, હું લડું ત્યારે એક શબ્દ પણ સામો ન ફેંકે, પગે લાગે, દેવદર્શને જાય, કદાચ વ્રત કરે, અને આખો જૂનો જમાનો મારી આસપાસ રચ્યે જાય. મારે કહેવું જોઈએ કે મારા એ અણગમાથી પ્રેરાઈ હું કદી સુશીલાને ધોલ ઝાપટ પણ કરતો. પરંતુ એની કશી ફરિયાદ એણે કોઈ સ્થળે કરી જ નહિ. એનો કયો દોષ આગળ કરી હું અદાલતે જાઉં ? ખાસ આગળ કરવા જેવો દોષ તેનામાં દેખાતો નહિ એથી તો હું

વધારે રીસે બળતો હતો.

હું કહેવું ભૂલી ગયો કે મારાં માતાપિતા મૃત્યુ પામી ચૂક્યાં હતાં, અને હું આખી મિલકતનો માલિક બની ચૂક્યો હતો. માતાપિતા જીવતાં ત્યારે તેમનો ડર મને લાગતો ખરો, પરંતુ તેમના ગુજર્યા પછી કોઈના પણ દબાણ કે અંકુશ વગર હું જીવી શકું એમ હતું. શા માટે હું એ સ્થિતિનો લાભ ન લઉં ? અણગમતી પત્ની ઘર સંભાળતી હતી. મારો મોટા ભાગનો સમય મિત્રોમાં, કલબમાં સિનેમામાં અને મારી જૂની સ્ત્રીમિત્રોના સાથમાં ડુંગર કે દરિયે ફરવામાં જતો હતો. એક વર્ષ હું પ્રણયિની અને તેના પતિને લઈ ઊટી ગયો. બીજી વખત અલક મારી પાછળ પડી અને મને એના પતિ સાથે મસૂરી ખેંચી ગઈ. ચપલાને હિંદનાં નૃત્યોનો અભ્યાસ કરવો હતો, એટલે એની સાથે કાશ્મીર, મણિપુર, કથકી, લખનૌ, ડાંગ અને કર્ણાટક પણ હું જઈ આવ્યો. મારી સ્થિતિ સારી હતી, અને મિત્રો પાછળ ખર્ચ કરવામાં મને આનંદ આવતો હતો. હું સૌનો ખર્ચ ઉપાડી લેતો. અને પેલી સોહાગી ? શું લટકાથી મારો આભાર માનતી ! મારી આખી ઉદારતા હું તેમના પર ઓવારી દેતો છતાં મને એમ લાગતું કે મારાથી કાંઈ જ બની શકતું નથી.

જમીનદાર તરીકે કલબના મિત્રોમાં પણ મારા પ્રત્યે ભારે સદ્‌ભાવ હતો. 'બુઝીંગ'—ઓછાવધતા મદ્યપાન વગર કલબમાં જવું એ મૂર્ખાઈ છે અને 'સ્ટેક'—હોડ વગર પત્તાં રમવાં એ લવણહીન ભોજન લેવા સરખું છે; એ બન્ને આનંદસાધનો 'કલબ'ને મારું સ્વર્ગ બનાવી રહ્યાં હતાં. ભલભલા અમલદારો પણ મારે ગળે હાથ નાખીને ફરતા, અને મારી ઉદારતામાંથી ઉત્પન્ન થતી પ્યાલી અને પ્યાલા પીતા. રમવામાં ભારે હોડ મારી જ હોય. કોઈ વાર હારનાર મિજબાની આપે, કોઈ વાર જીતનાર મિજબાની આપે. અઠવાડિયોમાં શનિ–રવિવાર તો 'કલબ'ના મિત્રો રાતદિવસ

મારે ઘેર જ હોય. જમવું, પીવું, પત્તાં રમતાં, હોડ બકવી, વચ્ચે વચ્ચે નાસ્તો લેવો, વળી પાછું ખાવુંપીવું, આઈસક્રીમ–ચા ફેરવવાં, કોઈને પૈસા ખૂટતા હોય તો આપવા : આ બધું 'કલબ' જીવનવાળાને સાધારણ જ ગણાય.

નવાઈ જેવું તો એ હતું કે મારી પત્ની ઘર આગળ આ બધી વ્યવસ્થા કરતી પરંતુ એ કોઈની દૃષ્ટિએ સહજ પણ પડતી નહિ. મારી અને મારી પત્ની વચ્ચે કેવો સંબંધ હતો તે સૌ કોઈ જાણતા હતા. અને જો એ કદાચ સામે દેખાય તો બધા વચ્ચે એની ધૂળ કાઢી નાખવામાં હું જરા ય સંકોચાતો નહિ. આછોપાતળો જે નશો મને ચઢતો તે મારી પત્ની ઉપર જ હું ઉતારતો હતો. અણગમતી પત્ની પુરુષની મર્દાઈનું પ્રદર્શન કરવામાં કામ લાગે ખરી !

૪

એક વાર હોડમાં હું ભારે રકમ હારી ગયો. જુગારનું લેણું દેવું એ પ્રતિષ્ઠિત લેણું દેવું છે. ઘરનું ભાડું ન અપાય તો હરકત નહિ; ડૅાકટરનું બિલ ન ચૂકવાય તો ચાલે; દરજીઘોબીને ધક્કા ખવરાવાય. પરંતુ હારીએ એ રકમ તત્કાળ આપવી જ જોઈએ. એનું નામ ગૃહસ્થાઈ–જો જુગારમાં ગૃહસ્થાઈ હોય તો. પાંચે પાંડવો દ્રૌપદીને હોડમાં મૂકી હાર્યા અને તેનું વસ્ત્રહરણ ખુલ્લી આંખે જોઈ રહ્યા હતા ને ? એ જ 'સ્પિરિટ'–એ જ રમતનું હાર્દ ! નશામાં રાજપાટ પણ હોડમાં મૂકી દેવાય. પણ હારીએ એટલે રાજપાટ મૂકી ચાલ્યા જઈએ એવું અમારું દિલ ! એક હર્ફ પણ ઉચ્ચારીએ નહિ.

ઘેર આવી મારા મુનીમને મેં હુકમ કર્યો કે એ રકમ મારા વિજેતાને ઘેર અત્યારે જ મોકલી દેવી.

મુનીમે કહ્યું : 'હવે એટલી રકમ ઊભી થઈ શકે એમ નથી, સાહેબ !'

'શું તમે આવી વ્યવસ્થા કરો છો ? તમને મારે છૂટા કરવા

પડશે.' મેં મુનીમને ધમકાવ્યો.

'પણ મને છૂટો કરવાથી કાંઈ રકમ મળે એમ લાગતું નથી.' મુનીમે સ્થિરતાથી કહ્યું.

'જમીન વેચો, મકાન વેચો, ઘરેણાં ગીરે મૂકો, ફાવે તે કરો; પરંતુ એટલી રકમ અત્યારે જોઈએ જ.'

'બાપુજીએ વીલમાં કાંઈ પણ વેચવાની મના કરી છે. સહુ જાણે છે, એટલે કોઈ લેશે પણ નહિ.' નફ્ફટ મુનીમે કહ્યું.

પણ એની વાત સાચી હતી. પિતાની એ સઘળી મિલકત સ્વઉપાર્જિત હતી. અને કદાચ મારા સ્વભાવને પરખી તેમણે મિલકતના ગીરો વેચાણની વસિયતનામામાં જ મના કરી હતી. એ સત્તા મારા પુત્રની લાયક ઉંમર થયે મારા પુત્રને આપવામાં આવી હતી; અને મને તો હજી પુત્ર કે પુત્રી કશું જ હતું નહિ. હતી માત્ર સુશીલા, અણગમતી પત્ની! કેવાં વિચિત્ર વસિયતનામાં થાય છે?

'બાઈનાં ઘરેણાંબરેણાં છે કે નહિ?' મેં પૂછ્યું. જુગારનું દેવું જાત વેચીને પણ ભરપાઈ કરી આપવું જોઈએ. પરંતુ મને ખ્યાલ આવ્યો કે મારી જાત કરતાં મારી પત્નીનાં ઘરેણાંની કિંમત બજારમાં વધારે ઊપજશે.

'એ તો, સાહેબ! આપ પૂછી જુઓ. આપે કરાવ્યાં હશે ને ઘરેણાં?' નિષ્ઠુર મુનીમ બોલ્યો. એ જાણતો હતો કે સુશીલા મારી અણમાનીતી પત્ની હતી, અને મેં એને ઘરેણાંની કે બીજી કશી ભેટ કદી આપી ન હતી. મારી ઘરેણાંની ભેટ તો મારી સ્ત્રીમિત્રોમાં વહેંચાતી હતી.

મુનીમને બાજુએ મૂકી હું મારી પત્ની પાસે પહોંચ્યો. ધમકાવવા, રોષ ઠાલવવા માટે મુનીમ કરતાં પણ પત્ની વધારે સારું સાધન બની રહે છે.

'સુશીલા?' રુઆબમાં મેં કહ્યું.

'જી!' સુશીલા ઊભી થઈ બોલી.

'જી જી ન કરીશ; સીધો જવાબ આપ. તારી પાસે ઘરેણાં કેટલાં ?'

'આ આખું વર્ષ મારાં ઘરેણાં ઉપર ખર્ચ ચાલ્યો છે.' સુશીલાએ બહુ લાંબું વાક્ય કહ્યું.

'*ઘરેણાં તારાં છે* એમ કહેતાં તારે શરમાવું જોઈએ. એ તારી કે તારા બાપની કમાણીનાં ન હોય. કેટલાં છે એટલું કહે એટલે બસ.'

'મુનીમજીને ખબર છે. કૂંચી પણ એમની પાસે છે.'

'એ કમબખ્તને કેમ ઘરેણાં સોંપ્યાં ? તારામાં અક્કલ ન હોય; પણ તને મારી અક્કલમાં પણ વિશ્વાસ નથી શું ?,

સુશીલાએ તાબડતોબ મુનીમને બોલાવી એનાં ઘરેણાં મને સોંપી દેવા કહ્યું. મુનીમ પોતાને ગેર કૂંચી લેવા ગયો, તે ફરી દેખાયો જ નહિ : એક દિવસ નહિ, બે દિવસ નહિ, ત્રણ દિવસ સુધી નહિ !

હું તો શરમનો માર્યો ઘરમાં જ ભરાઈ રહ્યો. પૈસા વગર 'કલબ'માં મુખ બતાવાય જ કેમ ? એ શરમની લાગણીમાં મને તાવ આવી ગયો. મારી તબિયત સારી ન હોય ત્યારે સુશીલા રાતદિવસ આંખ મીંચ્યા વગર મારી પાસે બેસી રહેતી એ સાચું. પરંતુ એથી તો મને વધારે ચીડ ચઢતી. સુશીલા કરતાં વધારે ચપળ 'નર્સ' મને વધારે ગમતી અને હું નર્સને જ સારવાર કરવા દેતો.

ત્રીજે દિવસે મારો તાવ તો ઊતર્યો. કલબમાં જવાની તલપ મને થઈ આવી. પરંતુ મારાથી ત્યાં જવાય કેમ ? Debt of honour – નાક સમું માનવંત દેવું હજી અપાયું ન હતું.

અને મારો લેણદાર મિત્ર જાતે જ મારા ઓરડામાં આવી ઊભો ! મારી પાસે પિસ્તોલ પડી હોત તો હું જરૂર આપઘાત કરત !

'તું માંદો છે એની મને ખબર જ ન હતી.' મિત્રે આવતાં બરોબર વાત શરૂ કરી.

'તેથી તો તારી રકમ બાકી રહી ગઈ છે.' મેં તેને પાસે પડેલી ખુરશી ઉપર બેસાડતાં કહ્યું,

'રકમ બાકી? તાવ સાથે તારું ભાન પણ ગયું લાગે છે! આ રહી તારી રકમ; હું પાછી આપવા આવ્યો છું. કલબમાં હો હો થઈ ગઈ છે' જરા નશામાં આપણે હોડ બકી ગયા; પણ આવડી મોટી રકમ તે મોકલાય! કલબનો કાયદો પણ મના કરે છે.'

'તને પહોંચી ગઈ એ રકમ? હવે પાછી ન લેવાય,' મેં કહ્યું તો ખરું, પરંતુ હું યે ચમકી ગયો.

કોણે એ રકમ મોકલી હશે? મુનીમે? સુશીલાએ? ક્યાંથી એમને ખબર પડી? કેવી રીતે મોકલાવી?

'પાછી શું ન લેવાય! મારી આબરૂના કાંકરા થઈ જાય. મારે અને તારે કલબ છોડવી પડે!'

'અત્યારે એ વાત જ નહિ. કાલે મને જરા ઠીક થાય એટલે આવજે. તું ન લે તો મારે એ રકમ દાનમાં કાઢવી પડશે. હું જરા વિચારી લઉં.' કહી મેં તત્કાળ મિત્રને વિદાય આપી પરંતુ મારું મન મને કોરવા લાગ્યું. વર્ષ બે વર્ષથી નિષ્ઠુર બનતો જતો મુનીમ આટલી ભારે રકમ લાવી આપે ખરો? મુનીમ ન લાવ્યો હોય તો સુશીલા આટલી ભારે રકમ ક્યાંથી લાવી? હું ગણકારતો ન હતો છતાં જાણતો તો હતો જ કે આવી ભારે રકમની સગવડ એકાએક થવી મુશ્કેલ હતી. સુશીલાને કોણે એ રકમ આપી હશે?

અને...અને...સુશીલાને એ રકમ આપનાર કોણ? આ શાંત સૌમ્ય, આજ્ઞાધારી દેખાતી સ્ત્રીનું કાંઈ બીજું ચરિત્ર છે કે શું?

હું મારું પુરુષચરિત્ર ભૂલી ગયો, પરંતુ મારી સ્ત્રીનું ચરિત્ર મને ચમકાવી રહ્યું. મને મારી પત્ની ગમતી ન હતી એ સાચું; છતાં અણગમતી પત્ની પણ મારી જ પત્ની હતી ને? મને મૂકી એ બીજા કોઈનો પણ વિચાર કરતી હોય એ મારાથી સહન થાય ખરું? સુશીલાની શાંતિમાં, સુશીલાના માર્દવમાં, સુશીલાના આજ્ઞા-

પાલનમાં કોઈ પડદા નીચેની રમત રમાતી હોય એમ મને એકદમ લાગ્યું. હું શું કરતો હતો, હું શું કરવા ઇચ્છતો હતો, એ બધું વિસરાઈ ગયું; અને મારી આંખો અને મારો દેહ સુશીલાને શોધતાં ચાલ્યાં. મારા પગમાં મોરની ચપળતા અને નાગની નિઃશબ્દતા પ્રવેશ પામ્યાં. હું સુશીલાના ખંડની બહાર આવી ઊભો રહ્યો. રાત્રીના દીવા બધે થઈ ચૂકયા હતા.

૫

જાસૂસની માફક મેં બારણાના કાણામાં નજર કરી ! સુશીલા એક છબીની આસપાસ પુષ્પો ગોઠવતી હતી. અણગમતી સુશીલાના ઓરડા ભણી મેં આજે જ દૃષ્ટિ કરી એમ કહું તો ચાલે. અને દૃષ્ટિ કરતાં હું નિહાળું છું ? મારી જ પત્ની પરમ પ્રેમભરી નજરે એ છબીને નિહાળતી હતી, અને પુષ્પોની સુંદર ગોઠવણી એની પ્રીતિપાત્ર વ્યક્તિની આસપાસ કરતી હતી.

મારું પતિત્વ ઝબકી ઊઠ્યું. ન ગમતી પત્નીને તેનો પતિ તો ગમતો જ હોવો જોઈએ એવી સર્વ પતિઓની માન્યતા હોય છે. ધક્કો મારી મેં બંધ બારણું ખોલી નાખ્યું અને મારી પત્ની પાછળ જઈ હું ઊભો રહ્યો.

ચમકીને સુશીલાએ પાછળ જોયું અને મને જોતાં બરોબર તે એકદમ ઊભી થઈ.

‘કોની છબી જોયા કરે છે ? કોને ફૂલ ચઢાવે છે ?’ આની કરતાં વધારે ખરાબ શબ્દોમાં આ ભાવનાપ્રશ્નો મેં તેને કર્યા.

‘મારા પ્રભુની છબીને !’ ટૂંકો જવાબ આપી નીચું જોઈ સુશીલા ઊભી રહી.

‘કોણ છે વળી તારો પ્રભુ ?’ મેં વધારે બળ કરી પ્રશ્ન પૂછ્યો. મને ડર લાગ્યો કે કોઈ એના વહાલા પરાયા પુરુષની છબીને બદલે કૃષ્ણની કે સ્વામી વિવેકાનંદની છબી કદાચ એ હોય તો મારો ક્રોધ

નિરર્થક નીવડે.

શબ્દથી જવાબ ન આપતાં સુશીલાએ અત્યંત ભાવપૂર્વક છબી ઉપાડી મારા હાથમાં મૂકી દીધી, અને મારી જિંદગીમાં નહિ લાગ્યો હોય એવો ધક્કો મને લાગ્યો.

એ છબી તો મારી જ હતી! મેં સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે મારા સરખા ક્રૂર, નિષ્ઠુર, બેજવાબદાર પતિની છબી એ આટલા સદ્ભાવથી પૂજતી હશે. થોડી ક્ષણો સુધી મારી વાચા બંધ થઈ ગઈ. મને મારા ઉપર ભયંકર તિરસ્કાર આવી ગયો. અંતે બળ કરી મેં પૂછ્યું : 'સુશીલા! ક્યારથી તું આ છબીને પૂજે છે?'

'હું પરણી તે દિવસથી.'

'આજ પણ તું એ છબીમાં પ્રભુ જુએ છે?'

'હા.' નીચું નિહાળી સુશીલાએ જવાબ આપ્યો.

'તારી ભયંકર ભૂલ થાય છે એમ તને નથી લાગતું?' આછા તિરસ્કારપૂર્વક મેં પૂછ્યું.

'ના; મને ખાતરી છે કે એક દિવસ મારા પ્રભુ મારી સેવા ઉપર પ્રસન્ન થશે જ.'

હું સુશીલા સામે જોઈ રહ્યો. એના સૌંદર્ય સામે મેં આજ સુધી કેમ આંખ બંધ કરી હતી? એની પવિત્રતાને આજ સુધી હું કેમ ઓળખી શક્યો ન હતો? એની સહિષ્ણુતા ને એની ઉદારતા નિહાળવાની દૃષ્ટિ આજ સુધી હું કેમ ગુમાવી બેઠો હતો?

'સુશીલા! પ્રભુ તો કોણ જાણે; પણ તું મને પશુને માણસ જરૂર બનાવી રહી છે!'

સુશીલાની આંખમાંથી આંસુની સેર વહી રહી. એનાં ઝળઝળિયાં મેં ઘણી વાર જોયાં હતાં; પરંતુ એનાં આંસુની સેર મેં આજ નિહાળી. મને બહુ ઇચ્છા થઈ કે સુશીલાને હું મારા બાહુમાં લઈ લઉં. પણ મારી એ હિંમત ચાલી નહિ; હજી હું સુશીલાને લાયક બન્યો ન હતો. મેં માત્ર તેનાં આંસુ મારી આંગળી વડે લૂછ્યાં!

## ૬

ત્યારથી મને સુશીલા વગર બીજું નામ પણ ગમતું નથી. સુશીલા સિવાયની બીજી કોઈ સ્ત્રી પણ ગમતી નથી. મારા મિત્રો મારી મશ્કરી પણ કરે છે કે હું મારી પરણેતરનો પ્રેમી છું. હું એ કથનને સંમતિ આપું છું. હું ખરેખર મારી પત્નીનો પ્રેમી છું. આ હકીકતને વર્ષો વીત્યાં; છતાં એક ઘેલછાભર્યા યુવાનની લાગણીથી હું હજી સુશીલાને ચાહું છું.

એને હું કટુ શબ્દ કહીશ તે દિવસે હું આપઘાત કરીશ... બસ. હું એના સંબંધમાં વધારે વાત કરીશ તો સહુ મને ઘેલો ગણી કાઢશે. માત્ર એટલું જ કે...હું હવે સુશીલાની છબી આસપાસ પુષ્પ ગોઠવ્યા વગર જમતો જ નથી : એ મને હસે છે, ઠપકો દે છે તોપણ !

આ કાંઈ મોટી વાર્તા નથી. પણ...પણ...હું જ્યારે આ આખો પ્રસંગ વિચારું છું ત્યારે જાણે એકાદ નવલકથાનું – નવલિકાનું પાનું વાંચતો હોઉં એમ તો જરૂર લાગે છે.

સહુના જીવનમાંથી આવું એકાદ પાનું લખાયેલું જરૂર નીકળી આવે! નહિ ?

# વેરભાવે ઈશ્વર

૧

સુખનંદનની જાહોજલાલીનો પાર ન હતો. વ્યાપારમાં પ્રભુએ તેમને સારી બરકત આપી હતી. મોટાં મોટાં મકાનો બાંધવાના કોન્ટ્રેક્ટમાંથી તેમણે સારી કમાણી અને પ્રતિષ્ઠા મેળવ્યાં. એથી આગળ વધી તેમણે ઈંટનાં કારખાનાં કાઢ્યાં અને તેમાં ઈશ્વરે સારી યારી આપતાં ચીની માટી અને કાચનાં કારખાનાં તેમણે શરૂ કર્યાં. જ્યાં જ્યાં તેમનો હાથ અડકતો ત્યાં ત્યાં તેમને સફળતા જ મળતી. વર્ષો સુધી તેઓ બિનહરીફ રહ્યા. પોતાના આખા કુટુંબકબીલાને ન્યાલ કરી નાખ્યો અને પોતાની જ્ઞાતિના કૈંક રઝળતા, રખડતા બેકારોને ધંધે ચડાવી ધનિક બનાવ્યા.

પૈસો થાય એટલે મોટરકાર અને બંગલા પણ ઊભા થાય. કુટુંબ તો તે સાધનોનો ઉપભોગ કરે જ; સાથે સાથે સગાંવહાલાંને પણ જરૂર આનંદ થાય. જોકે ઘણું કામ અને ઘણો પૈસો વધતાં અંગત રીતે કૌટુંબિક સંબંધ ઘણા ઘટી જાય. પત્ની સાથે વાતો કરવાની ધનિકોને ફુરસદ ન જ મળે; બાળકોને રમાડવાની, બાળકો ઉપર દેખરેખ રાખવાની, તેમના અભ્યાસ વિષે કાળજી રાખવાની

તક ધનિકો માટે ઘટતી જાય; અને ધંધો તથા ધંધામાંથી આવતો નફો એ બે જ ઇચ્છિત વસ્તુઓ સિવાય બીજે ધનિકનું ધ્યાન કેન્દ્રિત થઈ શકે જ નહિ. આમ બનવું સ્વાભાવિક ગણાય. તેમ ન કરનાર ધનિક બની શકે જ નહિ.

પત્ની, પુત્ર, પુત્રી તથા સગાંવહાલાંને પણ ધીમે ધીમે સુખનંદન વ્યક્તિ કરતાં સુખનંદન સરખું ધન ખેંચી લાવતું યંત્ર જ વધારે ગમવા માંડ્યું. સુખનંદન શેઠને ઘરમાં કુટુંબીઓ પ્રત્યે દૃષ્ટિ કરવાની ફુરસદ રહેતી ન હતી, તેનો સહુને પ્રથમ થતો ખેદ ઘટી ગયો અને ધીમે ધીમે એમ પણ લાગવા માંડ્યું કે પત્ની, પુત્ર, પુત્રીના જીવનમાં પ્રવેશવાની પિતાને જરા ય જરૂર પણ ન હતી. કુટુંબનાં સુખ, સમૃદ્ધિ, વૈભવ ચાલુ રહે એ ઉપરાંત કુટુંબમાં સુખનંદન શેઠની હવે વધારે કિંમત હતી નહિ.

શેઠ પણ ધંધાની આંટીઘૂંટી તથા નફાના વધતા ચાલેલા ઢગલાને નિહાળી પૂર્ણ આનંદ પામતા હતા. એ ધન પુંજની વચમાં કુટુંબ આવે તો કુટુંબને પણ ફેડવાની તેમની તૈયારી હતી. એ સિવાયનો બીજો આનંદ જ્યારે જોઈએ ત્યારે શેઠને મળી રહેતો. શેઠ માગે તે આપવાની ધનમાં તાકાત હતી. શેઠ ધારે ત્યારે પત્ની કરતાં પણ વધારે સુંદર અને ઓછી જવાબદારી ઉત્પન્ન કરતી સુંદરી તેમને મળી શકતી. ઘરનું ભોજન ન ભાવે તો હોટેલનું વ્યવસ્થિત ખાણું—અને પીણું પણ—શેઠ માગે ત્યારે મળતું. અને બાળકો...? પૂર્ણ સાધન-સગવડમાં રહે એથી વધારે બાળકો શું માગે? શાળામાં જવા માટે બાળક દીઠ કાર તેમણે વસાવી હતી. પહેલા વર્ગમાં આગગાડીની મુસાફરી કરવાની બાળકોને છૂટ હતી. લૂગડાંઘરેણાં વ્યાપારીઓ કરતાં બાળકો પાસે વધારે હતાં. એક સંગીતશિક્ષક પણ બાળકો માટે રાખ્યો હતો. બાળકો બીજું શું માગે? યુરોપ-અમેરિકાના પ્રવાસ માટે પણ પૂરતી સગવડ હતી. શેઠ પોતે પણ સારા મુસાફર હતા. યુરોપ, અમેરિકા, જાપાન, ચીન તેમને ઘર-

આંગણાં સરખાં લાગતાં. ત્યાંના વિશિષ્ટ આનંદ અને વિશિષ્ટ ધંધાનો લાભ એકસામટો મેળવવા તેઓ પરદેશની મુસાફરી પણ વારંવાર કરી શકતા. વખત આવ્યે બાળકોને પણ પરદેશ મોકલી શકાય એમ હતું.

'બેડો પાર!' જેવા શબ્દોમાં સમાયલી સર્વાંગી વિજયની ભાવના સતત અનુભવતા શેઠ સુખનંદને પોતાને માટે પૃથ્વી ઉપર સ્વર્ગ ઊભું કર્યું હતું. ભણેલાગ્રેજ્યુએટો પ્રત્યે તેઓ તુચ્છકાર અનુભવતા; હરીફો પ્રત્યે તેઓ તિરસ્કાર અનુભવતા; અને સમોવડિયાની સાથે મૈત્રીદાવે સમાનતા અનુભવવા છતાં તેમની ખામીઓ પારખી કાઢી તેમનું સમોવડિયું કોઈ રહે જ નહિ એવી સરળ યોજના પણ તેઓ ઘડી કાઢતા.

અમલદારી દુનિયા તેમની હથેળીમાં રમતી. અને તે રમે જ કેની? દરરોજ ટપાલ જોઈ તેઓ પોતાના મદદનીશોને હુકમ આપતા : જો, પેલા આયપતવેરાવાળા સાહેબ સ્ટેશનથી પસાર થવાના છે. ચાનાસ્તો લઈ જજે.'

'કલેક્ટર સાહેબના મહેમાનને માટે આજે ગાડી મોકલવાની છે–ચાર વાગ્યે; ભુલાય નહિ.'

ઇલાકાપ્રધાન આપણે ત્યાં ઊતરવાના છે. માટે સ્ટેશને આવવું પડશે. એક હાર અને એક કલગી તૈયાર રાખજે.'

'પેલા મામલતદારને "ટી સેટ" ગમ્યો હતો; મોકલાવી દેજે. ઊંટના મોંએ ઝાંખરું! બીજું શું?'

કહી તેઓ હસતા. સુખનંદનને મન પ્રધાનથી માંડી પટાવાળા સુધીનો આખો સત્તાધીશ વર્ગ ઝાંખરા નાખવા યોગ્ય ઊંટસમૂહ જ હતો! યોગ્યતા પ્રમાણે ઝાંખરા મળતાં એ નાખી અમલદારી ઊંટ-પલટણ સુખનંદન પ્રત્યે રાજી રહે એમાં પણ શી નવાઈ?

ધંધામાં તેમને જેમ જેમ સફળતા મળતી ગઈ તેમ તેમ તેમને પોતાનું મહત્ત્વ વધતું જતું લાગ્યું અને પોતાની નીચે કામ

કરતા સહુ કોઈ બુદ્ધિવિહીન ગમારો લાગવા માંડ્યા. એ ભાવ જોતજોતામાં તેમની વાણી અને મુખમુદ્રાએ પણ ઝીલી લીધો. શેઠ પાસે જતાં બીક લાગતી અને દલીલ કરવાની તો કોઈ હિંમત જ કરતું નહિ. એક અગર બીજે બહાને દરરોજ શેઠનો મોટો નાનો એકાદ નોકર જાનવરની છાપ મેળવ્યા વગર રહેતો નહિ.

છતાં એકબે મુખ્ય મદદનીશો થોડી ગાળ ખાઈને પણ દિવસભરના વ્યાપારની રૂખ સંબંધી ચર્ચા શેઠ સાથે કરતા હતા. સુખનંદન શેઠના બે મુખ્ય મદદનીશ : એકનું નામ ઈશ્વરદાસ અને બીજાનું નામ દેવદાસ.

## ૨

એક દિવસ સુખનંદન શેઠે હિસાબ જોતાં જોતાં કહ્યું : 'છેલ્લા બાર મહિનાથી સોએ સો ટકા નફો આવતો લાગે છે.' શેઠના મુખ ઉપર આનંદ ફેલાઈ રહ્યો હતો. વ્યાપાર એ સામાજિક કાર્ય છે એવી સમજ હજી દુનિયાને આવી નથી. વ્યાપાર તો એક અંગત નફો મેળવવાની ખાણ છે એમ જ વ્યાપારીઓ હજી પણ માને છે.

'હા, શેઠસાહેબ !' ઈશ્વરદાસે જવાબ આપ્યો.

'અલ્યા, ઈશ્વર ! કાંઈ દાન-બાન કરીએ આ વખત.' શેઠસાહેબે કહ્યું. હાથ નીચેના માણસોને બહુવચનમાં સંબોધન કરવાની ટેવ ધનિકો પાડતા નથી.

'હા, શેઠસાહેબ !' ઈશ્વરદાસે કહ્યું.

'શું હા હા કર્યા કરે છે ? જાનવર ! કાંઈ રસ્તો શોધી કાઢ્યો કે નહિ ?' રસ્તા શોધવામાં મદદનીશોએ વખતસર પોતાના શ્રેષ્ઠીને મદદ કરવી જ જોઈએ, એટલે શેઠસાહેબે પૂછ્યું.

'આ દેવદાસે અને મેં વિચાર કરી રાખ્યો છે કે...' ઈશ્વરદાસ બોલ્યા.

'દેવદાસ ગયો જહાન્નમમાં ! તું તારી વાત કર ને ?' ધનિકો

કોને ક્યાં નાખશે એની ખાતરી નહિ. સભાઓમાં અને અમલદારો પાસે વિવેકના સાગર ઠાલવતા ધનિકો ઘરમાં, પોતાની ઑફિસમાં કે પોતાના કારખાનામાં કેટલો વિવેક રાખે છે એ નોકર બન્યા સિવાય ભાગ્યે જ કોઈથી સમજી શકાય! સુખનંદનનો વિવેક જાણીતો હતો.

'કે પાંચેક ટકા નફો કારીગરોને આપીએ...' ઈશ્વરે કહ્યું.

'અને પાંચેક ટકા અમને બક્ષિસ આપો, શેઠસાહેબ!' દેવદાસે હિંમત કરી કહ્યું.

'તમે તે માણસ છો કે ઢોર? કર્યો તમે વેપાર? હું તો કહેતો હતો કે પાંચસો શ્રીનાથજીમાં મોકલીએ, અઢીસો રણછોડરાયમાં, એકસો એક સ્વામી મહારાજને ચરણે અને...ઠીક, થોડું પાંજરાપોળમાં...! આ તો નફાની ટકાવારી જ લેવા ઊભા થયા...!' શેઠ ગુસ્સે થયા.

'શેઠસાહેબ! માફી માગીએ છીએ. પણ...અમે આપના જ છીએ, અને નોકરી પણ વફાદારીથી કરીએ છીએ. આપની બરકતમાં અમારું પણ નસીબ ખરું ને?' દેવદાસે કદી ન વાપરેલી સ્પષ્ટતા આજ કરી.

'તે...તમારા મગજમાં એમ રાઈ ભરાઈ ગઈ હોય કે તમારે લીધે જ મારો વ્યાપાર ચાલે છે...તો આવતી કાલથી ઘેર જ રહેજો. મારો દીકરો મોટો થયો છે. હવે એ બધું સંભાળી શકશે.' સુખનંદન શેઠે કહ્યું.

રાજપુત્રોની માફક ધનિકપુત્રો પણ ધંધાની અનેક ગાદીઓ આમ જ હાથ કરી લે છે. ધનવાન પિતાનો પુત્ર એટલે સકળ ગુણ અને સઘળી આવડતસંપન્ન ધંધાદારી.

બીજે દિવસે ઈશ્વરદાસ ઑફિસમાં આવ્યો, પરંતુ દેવદાસ ન આવ્યો.

'કેમ ઈશ્વર! પેલો દેવદાસ નથી આવ્યો શું?' શેઠે પૂછ્યું.

કેટલાંક નામોનું અપમાનજનક એકવચન કરવું મુશ્કેલ હોય છે. દેવદાસ એવા પ્રકારનું નામ હતું.

'ના, શેઠસાહેબ! એ આવવાનો પણ નથી।' ઈશ્વરે કહ્યું. અમલદારો તો માત્ર સાહેબ જ હોય છે, જ્યારે ધનિકો 'શેઠ' અને 'સાહેબ' બન્ને હોવાનું માન ધરાવે છે.

'કાલે સાચી વાત કહી તે ચટકો લાગ્યો!'

'એમ જ લાગે છે, આ રાજીનામું ટપાલમાં આવી ગયું છે.' કહી ઈશ્વરદાસે કાગળ સુખનંદનના હાથમાં મૂક્યો. કાગળ વાંચતાં જ શેઠની ભમ્મરો ખેંચાઈ.

'એમ? આ તો ઉપરથી ધમકી છે! પાંચ ટકા નફા જેટલી એની કિંમત છે કે નહિ એની વરસ દિવસમાં મને ખબર પડી જશે, ભલે! આજથી દેવદાસનું કામ ભાઈને બતાવો.' શેઠે કહ્યું.

'ભાઈ' એટલે શેઠના સુપુત્ર. મોટે ભાગે ભણતર અડધેથી છોડી, નવ ભણતરે ખીલવેલી ગાળ, ગમ્મત અને કપડાંની સફાઈ સંપૂર્ણપણે એમાંથી મેળવી, પિતાને પૈસે–કે ધંધાને પૈસે–ઇંગ્લેંડ, અમેરિકા, જર્મની કે જાપાન જઈ આવી ધંધાનો પૂર્ણ અનુભવ મેળવ્યાનો સ્વસંતોષ ખીલવી જૂના અનુભવી નોકરો કે સહાયકોને ખેસવી ભારે પગાર, સારી ભેટ–બોનસ અને પગાર ન ઘટે એવ' ભથ્થાંભાડાં લઈ ધંધા સાથે જીવનમાંથી મળતા સર્વાંગી આનંદના પૂર્ણ કટોરા પીનાર ધનિકપુત્રો કે ધનિકભત્રીજા-ભાણેજોનો નવો વર્ગ હિંદમાં–હિંદના ઉદ્યોગોમાં પગભર થઈ ચૂક્યો છે–એ 'ભાઈ.'

સુખનંદનની બુદ્ધિ એવી બુઠ્ઠી બની ગઈ ન હતી કે દેવદાસની કિંમત છેક ન સમજે. ઈશ્વરદાસ મારફત અઠવાડિયા પછી શેઠે દેવદાસને મળવા બોલાવ્યો.

દેવદાસ ન આવ્યો.

પાંચ ટકા નફો આપવાની વૃત્તિ પણ શેઠે દેખાડી.

દેવદાસે તેનો સ્વીકાર તો ન જ કર્યો! ઉપરાંત તેણે એવી

બેહદી માગણી કરી કે: 'શેઠ! બેઆની ભાગ રાખો તો હું વિચાર કરી જોઉં.'

શેઠને આ માગણી અસહ્ય થઈ પડી. નફાના ટકા ભલે અપાય પણ પોતાના ધંધામાં ગુમાસ્તો ભાગીદારી માગે એ સહન ન જ થાય! શેઠે દેવદાસને પડતો મૂક્યો.

પરંતુ દેવદાસે શેઠને પડતા મૂક્યા નહિ!

૩

એક નાનકડું સરકારી મકાન બાંધવાનું કામ સુખનંદન શેઠને મળ્યું નહિ. ધારે તે કામ મેળવી શકતા સુખનંદનને નવાઈ લાગી. તેમણે ઈશ્વરદાસને પૂછ્યું: 'અલ્યા ઈશ્વર! આ કામ આપણને કેમ ન મળ્યું ?'

'મને ખબર નથી, શેઠસાહેબ? વ્યવસ્થા તો ભાઈ કરે છે.'

'ભાઈને બોલવ.'

ભાઈએ આવી ખબર આપી કે એવા નાનકડા કામમાં બહુ ચિત્ત રાખવા સરખું હતું જ નહિ. ભલે બીજા કોઈને મળ્યું.

'પણ એ છે કોણ બીજો કોઈ ?'

'આપણે ત્યાં હતો તે – દેવદાસ.' ભાઈએ કહ્યું:

'એમ ? એ મારી સામે ઊભો થયો ? ઠીક!' સુખનંદન શેઠ બોલ્યા. મનમાં નિશ્ચય કર્યો કે એ મગતરાંને જોતજોતામાં મસળી નાખવું !

પરંતુ એ મગતરું મસળાય એવું ન હતું. હવે જે જે કામોમાં સુખનંદન ઊભા હોય તે કામમાં સામે દેવદાસ આવીને ખડો થાય જ. વ્યાપારની ઘણી વિગતો દેવદાસના ધ્યાનમાં આવી ગયેલી હતી જ. સુખનંદનને ખરેખર ખર્ચ કેટલો આવતો અને નફો કેટલો મળતો એની માહિતી દેવદાસને હતી, એટલે સુખનંદનના સો ટકા જેટલા નફાને કાપી પચીસ ટકા જેટલો નફો મેળવી તે સુખનંદનની

માગણી નામંજૂર કરાવતો અને કામ સોંઘું થતું હોવાથી તેને જ કામ સોંપવાની અધિકારીઓને ફરજ પડતી.

વળી સુખનંદનને ખર્ચે દેવદાસને પણ કંઈક અમલદારોની ઓળખાણ થઈ હતી. છુટા થયા પછી એ ઓળખાણ તેણે ચાલુ રાખી, અને ઓળખાણ અસરકાર નીવડે એમ મોટરગાડી, ચાનાસ્તો અને બક્ષિસની પ્રથા તેણે પણ ચાલુ રાખી. ચારપાંચ માસ સુધી તો ઘણા લોકોને ખબર પણ ન પડી કે દેવદાસ સુખનંદનથી છૂટો પડી સ્વતંત્ર કામ કરતો હતો. એ ઢબે પણ એનાથી બને એટલો લાભ લીધો. અને જ્યારે સહુને ખબર પડી ગઈ ત્યારે તો એક ધંધાદારી તરીકે એ સ્થાપિત થઈ ચૂક્યો હતો.

સુખનંદને અમલદારો અને અન્ય વ્યાપારીઓને ખબર આપી દીધી કે દેવદાસને તેણે દૂર કર્યો છે. પરંતુ મોટા શેઠની રુખસદથી ગુમાસ્તાઓ નાના શેઠ બનતા મટતા નથી. ધનપ્રાપ્તિનો માર્ગ જેવો સુખનંદન જાણતા હતા તેવો જ દેવદાસ પણ જાણતો જ હતો. એટલે પ્રશ્ન માત્ર દોડનો જ રહ્યો. પ્રતિષ્ઠિત શેઠ કરતાં ગુમાસ્તાની નાનકડી છાપવાળો દેવદાસ વધારે ઝડપથી દોડતો હતો. જોતજોતામાં સુખનંદનના વ્યાપારમાંથી દેવદાસે સરસ ચોસલું કાપી કાઢ્યું અને દિવાળી વીતતાં બેસતાવર્ષને પ્રભાતે દેવદાસ સુખનંદ શેઠને પગે લાગવા પણ આવી ગયો.

શેઠને દેવદાસ ગમ્યો નહિ; છતાં હવે તે નોકર રહ્યો ન હોવાથી સહેજ વિવેક શેઠે બતાવ્યો. શેઠને પગે લાગી દેવદાસે સવા રૂપિયો તેમના ચરણમાં મૂકી દીધો. શેઠે તેને સાકર અને ગુલાબ અત્તર આપતાં પૂછ્યું : 'કેમ ચાલે છે, દેવદાસ ?'

'આપની કૃપા છે, શેઠ સાહેબ! રોટલો રળી ખાઉં છું. છેક ખોટું નથી.' દેવદાસે કહ્યું.

'અમને તો છોડીને ગયો ને ?'

'આપને તે છોડાય ? આપનું અન્ન ખાધું છે. આપે ધંધાની

કુંચીઓ બતાવી છે. આપ હુકમ કરો ત્યારે હું હાજર થઈ જઈશ.'

દુનિયા જ્યારથી સુધરેલી થઈ ત્યારથી સહુ કોઈ જાણે છે કે હૃદયભાવ અને વિવેકના શબ્દો વચ્ચે ઉલ્લંઘી ન શકાય એવું અંતર હોઈ શકે છે. સુખનંદનને લાગ્યું કે દેવદાસ તેને ખીજવવા માટે આવ્યો હતો; નહિ કે બેસતા વર્ષે આશીર્વાદ લેવા અને શુભેચ્છા દર્શાવવા. દેવદાસને પણ લાગ્યું કે સુખનંદન તેને કદી હવે પોતાના ધંધામાં બોલાવે નહિ જ! અને બોલાવે તો દેવદાસ જાય પણ નહિ. દેવદાસને પણ સુખનંદનની સાહેબીનાં સ્વપ્ન આવી ચૂક્યાં હતાં.

દેવદાસની હરીફાઈ ખરેખર સુખનંદનથી સહન થઈ શકી નહિ. પોતાને ત્યાં મેળવેલું વ્યાપારનું જ્ઞાન દેવદાસ સુખનંદનની વિરુદ્ધ જ વાપરતો હતો. સુખનંદનના નફામાંથી જ માત્ર નહિ પણ ધંધામાંથી પણ દેવદાસ ભાગ પડાવી જતો હતો. અને એક વર્ષ તો દેવદાસે એવી સ્થિતિ ઊભી કરી કે સુખનંદનને એક પણ કામ મળ્યું નહિ, જ્યારે દેવદાસ બધાં જ કામ અને એ કામનો નફો ઉઠાવી ગયો.

હવે સુખનંદનને લાગ્યું કે દેવદાસની હરીફાઈ ભયંકર બનતી જાય છે. નફામાંથી પાંચ ટકા આપ્યા હોત તો? બેઆની ભાગને બદલે ચાર આની ભાગ આપવા પણ શેઠ તૈયાર થયા. ઈશ્વરદાસ મારફત તેમણે સંદેશા પણ મોકલ્યા.

'હવે તો શેઠ અડધો ભાગ અને એમની ફેશનેબલ દીકરી આપે તો હું એમની સાથે જોડાઉં!' દેવદાસે કહાવ્યું. વ્યાપારીઓ વ્યાપારમાં સાંસારિક સંબંધની કિંમત જરૂર આંકે છે. દુશ્મનાવટ દૂર કરવા દુશ્મનના જમાઈ બની જવાની હિકમત દિલ્હીપતિ અકબર સાથે જ નષ્ટ થઈ નથી!

અને બીતાં બીતાં ઉચ્ચારાયેલો દેવદાસનો સંદેશ સાંભળી સુખનંદને દેવદાસને ધૂળ ભેગો કરી નાખવા કમર કસી.

પ્રથમ તો તેમણે અમલદારોના કાન ભંભેરી દેવદાસનું કામ

ખામીભર્યું છે, એમ પુરવાર કરવાના રસ્તા લીધા. અમલદારો બહુ નિષ્પક્ષ હોય છે. દેવદાસની એક આખી મોટરકાર એન્જિનિયર સાહેબના મહેમાનો માટે ફેરવવામાં વપરાય તેથી દેવદાસ વિરુદ્ધ તપાસ કરવામાં તેમને કશી હરકત આવતી નથી. એકને બદલે બે કાર એમાંથી આવવાનો સંભવ !

પરંતુ દેવદાસ સુખનંદનનો જૂનો ઇતિહાસ પણ જાણતો હતો, અને નવો ઇતિહાસ પણ જાણતો હતો. એનો જૂનો સહકાર્યકર ઈશ્વરદાસ છૂપી રીતે દેવદાસને ખૂબ જ વફાદાર રહ્યો. અને શેઠની નોકરીમાં ચાલુ રહ્યો હતો તે પણ દેવદાસને સહાય આપવા માટે જ એમ કહેવામાં હરકત નહિ. દેવદાસે તેનો ભાગ પણ એટલા જ ખાતર પોતાના ધંધામાં રાખ્યો હતો. એટલે દેવદાસે સુખનંદન સામે લેખિત આક્ષેપો ખોટે-ખરે નામે મુકાવ્યા : જેમાં ખોટા હિસાબ રાખ્યા બદલ, ખોટા દસ્તાવેજો કર્યા બદલ, સરકારનો આયપતવેરો ડુબાવ્યા બદલ, લોકો સાથે ઠગાઈ કર્યા બાબત વિગતો હતી; અને એ વિગતો સાબિત થાય તો સુખનંદનને જિંદગીભર કેદખાને જવું પડે એમ હતું.

અને કયો ધનિક ગુનો કર્યા વગર ધનવાન થઈ શક્યો હશે ? ગુનો પકડાય નહિ તેથી ગુનો નથી કર્યો એમ તો કહી શકાય જ નહિ ! પ્રામાણિકપણું કોઈ પણ માણસને ધનિક બનાવી શકે જ નહિ – વીસમી સદીમાં તો નહિ જ ! હિંદમાં કે હિંદ બહાર !

તેમાં સુખનંદનના નિષ્ણાત પુત્ર ‘ ભાઈ ’એ સટ્ટો કરી સારી રકમ ગુમાવી, પરણવાનું વચન આપી ‘ ભાઈ ’એ વિશ્વાસઘાત કર્યો એવી એક નટીએ કોર્ટમાં ફરિયાદ કરી. છાપાંવાળાઓએ કોણ જાણે કેમ વિશેષ કાળજી રાખી એ અંગત બનાવને જગજાહેર કર્યો અને દારૂ પી વધારે ઝડપથી હાંકવાના ગુના બદલ પોલીસખાતાએ ‘ ભાઈ ’ને પકડી જામીન ઉપર મુશ્કેલીએ છૂટા કર્યા એની પણ વિગતો છાપાંએ આપી.

સુખનંદન ગૂંગળાઈ ગયા, ગૂંચવાઈ ગયા – જોકે ગભરાઈ ગયા કહેવાય નહિ. તેમનું અપાર ધન બધે પહોંચી વળ્યું. તેમની પ્રતિષ્ઠા અને તેમનો પરિચય તેમને સજાથી સહેજ દૂર રાખી શક્યાં. પણ તે તો ક્ષણ વારને માટે ! વકીલો, બૅરિસ્ટરો, સોલિસીટરો જેવા ગમે તે ગુનાને ગુનો નથી એમ પૈસાના પ્રમાણમાં પુરવાર કરનાર વીસમી સદીની કીર્તિસમા ભાડૂતી લડવૈયા સુખનંદનની આસપાસ ફરી વળ્યા અને શેઠની તથા શિક્ષાની વચ્ચે મજબૂત ઢાલ ઊભી કરવા માંડી.

પરંતુ એ ઢાલ ઉપર પ્રહાર કરનાર દેવદાસ પક્ષના ભાડૂતી સૈનિકો પણ ઓછા ન હતા – જોકે દેવદાસની તરફેણમાં સરકાર પણ હતી એટલું વધારામાં ! પરંતુ કોર્ટમાં ઈશ્વરદાસને સાક્ષી તરીકે બોલાવવાનો પ્રસંગ આવતાં ઈશ્વરદાસે પણ શેઠના ધંધામાં ભાગ માગ્યો – જે સિવાય તે બધી જ છૂપી વિગતો અને હિસાબો બતાવી દેવાની ધમકી આપી ચૂક્યો – ત્યારે તો સુખનંદન શેઠ માંદા પડી ગયા.

તે દરમિયાન દેવદાસનો ધંધો બઢચે જ જતો હતો, અને વ્યાપારી આલમમાં તેની પ્રતિષ્ઠા વધ્યે જતી હતી. ધનપ્રાપ્તિ એ જ એક સફળતાની સાચી કસોટી છે એમ માનતી દુનિયામાં પ્રતિષ્ઠા પણ ધનના પ્રમાણમાં મળે એ સહજ હતું.

સુખનંદને એ પ્રતિષ્ઠા ઝડપથી ગુમાવવા માંડી હતી. પૈસો ઘટતાં ઘણાં પાપ પણ ખુલ્લાં થઈ જાય છે – જે દરેક ધનિકને ચોપડે લખાયલાં જ હોય છે. એટલે પાપ ઢાંકવા માટે પણ પૈસો સાચવવાની અને વધારવાની ઘણી જરૂર રહે છે.

ધનિકોના આનંદઝપાટામાં સ્ત્રીસહવાસના પ્રસંગો કૈંક આવી ગયા હોય છે, જે માત્ર એકાદ વિશ્વાસપાત્ર નોકર, ઘરનો કે ઑફિસનો વફાદાર પહેરેગીર, માનીતો શોફર અને પૈસાની વ્યવસ્થા કરતો ભરોસાપાત્ર મુનીમ જ માત્ર જાણતો હોય છે. એ સિવાયની આખી દુનિયા, શેઠસાહેબ'ને ચારિત્ર્યના ઉત્તમ નમૂના તરીકે જ માની

લે છે.

ફૂટી ગયેલા ઈશ્વરદાસને દેવદાસે એક છૂપી મસલતમાં વાત કરી : 'જો ઈશ્વર! અત્યાર સુધી તો બધું બરાબર ઊતર્યું છે. હવે એક નવા પેંતરા મેં રચ્યો છે.'

'શો? તારા પેંતરામાંથી તું ઊંચો ન આવ્યો!'

'આટલું થઈ જાય એટલે બેડો પાર. સુખનંદન શેઠની મિલકત અને પેલી છોકરી બંને મળ્યાં સમજજે,' દેવદાસે કહ્યું.

'શો પેંતરો છે, દેવદાસ?'

પેલી કુમકુમ ખરી ને?'

'કોણ? હાં, હાં. પેલી કંકુબાઈ? શું છે તેનું હવે? એ વાતને વર્ષો વીત્યાં.'

'એ જ વાત પાછી જાગે છે. આપણા શેઠ ઉપર એ બાઈ ભરણપોષણનો દાવો આજે કરે છે! જો પછી ગમ્મત!' પ્રતિષ્ઠિત દેવદાસે કહ્યું.

'હવે એટલું બાકી રહેવા દે! શેઠને બહુ ચૂંથ્યા તેં! આ માંદગીમાંથી શેઠ બચે ત્યારે ખરું.

'બચે કે ન બચે એની મને લેવાદેવા નથી. હું તો એટલું જ ઇચ્છું છું કે આ પહેલાં એ જાણીને જાય કે દેવદાસની કિંમત એમના નફામાં કેટલી હતી અને એમના નુકસાનમાં પણ કેટલી છે!'

'એ પોપડો ન ઉખેડ; શેઠ ઢગલો થઈ જશે.'

દેવદાસ અને ઈશ્વરદાસ બન્ને આછું પાતળું અંગ્રેજી તો ભણ્યા હતા. પરંતુ ઈશ્વરદાસ હજી સુખનંદનનો મુનીમ હતો અને દેવદાસ તો મહાન શ્રેષ્ઠીઓની હારમાં સ્થાન લેતો માલિક બની ગયો હતો. વગર ભણ્યે કડકડાટ અંગ્રેજી બોલવાની તેને ટેવ પડી ગઈ હતી. અને સાંભળનાર સહુ કોઈ વાતનું હાર્દ સમજવા આવે છે, વ્યાકરણની ભૂલો કાઢવા નહિ! સારા સારા અંગ્રેજી ભણેલાઓ સાથે બેસી એને અંગ્રેજી બોલતાં આવડી ગયું હતું; એટલું નહિ, પરંતુ

અંગ્રેજી ઢબે ડોકું હલાવતાં, બન્ને હાથની આંગળીઓ ભેગી કરી રમાડતાં, સ્મિતભર્યું નમન કરતાં, સીસોટી વગાડતાં, અને ના કહેવી હોય કે જવાબદારી ટાળવી હોય ત્યારે ખભા હલાવવાની યુરોપિયન ચેષ્ટા કરતાં દેવદાસને આવડી ગયું હતું ! સિનેમા અને ઘરનો આયનો આ ખભા હલાવવાની ક્રિયા ઘણા હિંદવાસીઓને યુરોપિયન કક્ષાએ મૂકી દે છે.

ખભાને એવો એક હિલોળો આપી દેવદાસે કહ્યું : 'તને પેલી અંગ્રેજી કહેવત તો ખબર છે ને ?' Everything is fair in love and war. પ્રેમમાં અને યુદ્ધમાં ફાવે તે કરો, એનું પાપ જ નહિ.'

'હા. જાણું છું.'

'એમાં એક વધારે તત્ત્વ ઉમેર : Everything is fair in love, war and business પ્રેમમાં યુદ્ધમાં અને ધંધામાં ફાવે તે કરો, એનું પાપ લાગે જ નહિ !'

'આ તારા ઉમેરાથી અંગ્રેજી ભાષા ઉપર ભારે ઉપકાર થશે એ ખરું. પણ...હવે આ છેલ્લો ઘા ન કરીશ. આપણે શેઠ પાસે રહી કંઈક કૂંચીઓ શીખ્યા. બીજું કાંઈ નહિ તો એમનું અન્ન તો ખાધું જ છે ને ?' ઈશ્વરદાસે માણસાઈ દર્શાવવા દેવદાસને વિનંતી કરી.

દેવદાસ હસ્યો. શિકારીની દ્રઢ ક્રૂરતા તેની આંખમાં રમી રહી હસતાં હસતાં તેણે કહ્યું : 'ઈશ્વર ! ધંધો કરવો હોય તો દયા, માયા. શરમ અને વફાદારી મૂકીને જ કરવો ! ખૂન અને યુદ્ધ કરતાં પણ ધંધો વધારે કાતિલ છે, હો !'

'તું જાણે, ભાઈ ! હું તો તને ના પાડું છું. કદાચ આપણે આમાં ન ફાવ્યા, તો ?'

'ન ફાવે એવું દેવદાસને બન્યું જ નથી ! કુમકુમના કાગળો તારા જ કબજામાં છે ને ? એ દાવો પુરવાર થયો જ માની લે !'

'દેવદાસ! શેઠથી આવો ઘા નહિ ખમાય હો?'

'તું તો રોતલ જ રહ્યો! માટે હજી ગુમાસ્તાગીરી કરી રહ્યો છે!...અને હું લાત માર્યે જાઉં છું અને ઊંચે ચડતો જાઉં છું. આ દાવો થયો કે તું સમજી લે : સુખનંદનની મિલકત અને એની દીકરી મારે ચરણે! મને તો વેરભાવે ઈશ્વર ફળ્યા!'

૪

શહેરના ધનિક રસિકોમાં પ્રખ્યાત થયેલી અલબેલી કુમકુમે તે જ દિવસે દાવો માંડ્યો અને સુખનંદન શેઠની રહીસહી આબરૂના કાંકરા તેણે કરી નાખ્યા. એ સમાચાર આવતાં પહેલાં ઈશ્વરદાસે માંદા પડી ગયેલા સુખનંદન પાસેથી કેટલીક જરૂરી સહીઓ કરાવી લીધી અને તેમની સારવાર અર્થે ભેગા થયેલા કુટુંબ વચ્ચે જ શેઠને આશ્વાસન આપ્યું કે દેવદાસ ભલે ફાવે તે કરે, શેઠને ઊની આંચ આવવાની નથી! વફાદાર મુનીમ તરીકે એ સતત શેઠને પડખે ઊભો જ રહેશે.

ઈશ્વરદાસનો ધંધામાં અડધો ભાગ છે એવા દસ્તાવેજ ઉપર સુખનંદનની સહી થતાં બરાબર ઈશ્વરદાસની વફાદારી પૂરબહારમાં ખીલી નીકળી, અને આશ્વાસન આપી તે સહજ ખસ્યો એટલામાં જ કુમકુમના દાવાની હકીક્ત કોઈએ આવી સુખનંદનને કહી.

સુખનંદન ખરેખર આ ઘાવ સહી શક્યા નહિ. તેમનું હૃદય બંધ પડ્યું. આખા શહેરમાં એ વાત ફેલાઈ. સુખનંદન ઉપર કૈંક કામો ચાલતાં હતાં એ ખરું; પરંતુ હજી તેમને કશી સજા થઈ ન હતી. પરપોટા ઘણા ઊભા થયા હતા, પરંતુ હજી એકે ફૂટ્યો ન હતો. પહેલાં જેવો ધમધોકાર વ્યાપાર ચાલતો ન હતો; છતાં ભાંગ્યું ભાંગ્યું તો યે ભરૂચ, એકાએક ખાલી તો ન જ થાય! સુખનંદનના મૃત્યુની હકીક્ત સાંભળી વિવેકી વ્યાપારીઓએ કારખાનાં બંધ કર્યાં અને મોટી સંખ્યામાં તેમણે ઘર આગળ હાજરી પણ

આપી.

લગ્ન અને મરણ પ્રસંગે ધનિકો અચુક એકબીજાને ત્યાં ભેગા થવાના જ. તેમાં યે શોકનો સ્વાંગ સજી દેવદાસ આવ્યો ત્યારે તો સહુને આશ્ચર્ય લાગ્યું. દેવદાસના શોકનો પાર ન હતો. તે ઠીક ઠીક રડ્યો પણ ખરો, શેઠના શબને તે પગે લાગ્યો અને શબ ઉપર સારામાં સારો ફૂલહાર તેણે ચડાવ્યો. ઉપરાંત તેણે શેઠના શબને ખાંધ આપી ત્યારે તો સહુના હૃદયમાં વિસ્મયનો વરસાદ વરસ્યો !

એક ખીલતા ધનિકે તો પૂછ્યું પણ ખરું : 'દેવદાસભાઈ ! તમારે અને સુખનંદનને તો હરીફાઈ હતી ને ? વેર જેવું !'

'વેર ? હું તો શેઠની છબીને પગે લાગી આંખ મીચું છું અને જાગું ત્યારે પહેલાં જ એમનાં દર્શન ! વેર ? હું તો એમને પગલે ચાલી આગળ આવ્યો છું. લોક ભલે વેર માને. વેર હોય તો ય વેરભાવે એ મારા ઈશ્વર હતા...!' દેવદાસની આંખ ભીની થઈ.

ખીલી ચૂકેલા બીજા ધનિકે કહ્યું : 'દેવદાસભાઈ ! તમારે તો કાસળ કાઢ્યા જેવું થયું.'

'કેમ એમ બોલો છો, શેઠ ?'

'આ સુખનંદન વિરુદ્ધના બધા દાવાદુવીની ભાંજઘડ હવે...'

'શું લોકો પણ છે ? શેઠ તો મારા વડીલ હતા, વડીલ ! એકે દાવામાં હું ફરિયાદી કે સાહેદ હોઉં તો મને કહો !' દેવદાસે કહ્યું.

'એમ ?' જરા સૂચક આંખ કરી ધનિકે પૂછ્યું.

'મેં તો નિશ્ચય કર્યો છે કે સુખનંદન શેઠનું સ્મારક કરવા પચાસ હજાર વેગળા મૂકવા.' દેવદાસે કહ્યું.

અને દેવદાસની આ વાત છાપામાં પણ આવી. આખા શહેરને આશ્ચર્ય ઊપજ્યું; સાથે સાથે સુખનંદનના ઘરને પણ આશ્ચર્ય ઊપજ્યું. શેઠનો એકનો એક દુશ્મન આમ ઉદારતા અને ભક્તિભાવ કેમ બતાવતો હતો ? નિત્ય ઉઠમણા સુધી તે નિયમિત બેસણામાં આવતો અને તેરમો દિવસ વીત્યે કુટુંબને આશ્વાસન આપવા તે

આવી પહોંચ્યો. અહીં પણ પ્રભુએ તેને જરૂરી અનુકૂળતા કરી આપી. શેઠના પુત્ર 'ભાઈ' દુઃખ સહન ન થવાના કારણે દારૂ પી સૂઈ ગયા હતા; તે ક્યારે ઊઠશે એની કોઈને ખબર ન હતી. શેઠનાં પત્ની પતિશોકને સહજ હળવો કરવા ઘરેણાંની યાદી કરવામાં રોકાયાં હતાં એટલે હજી કોઈને મળવા જેવી તેમની સ્થિતિ નથી એમ કહેવરાવી દુશ્મનની મુલાકાતથી તે દૂર રહ્યાં. પરંતુ સુખનંદનની પુત્રી પુસ્તક વાંચતાં વાંચતાં શોકપ્રદર્શન માટે આવેલાં અને આવતાં સન્નારીઓ અને સદ્‌ગૃહસ્થોને મળતી અને યોગ્ય વાતચીત કરી વિદાય આપતી. અત્યારે મળવા બીજું કોઈ આવ્યું ન હતું, સુખનંદનની પુત્રી એકલી જ હતી. દેવદાસ રાજી થતો અંદર ગયો અને શેઠની પુત્રીને નમસ્કાર કરી તેણે આશ્વાસન આપવું શરૂ કર્યું: 'ખોટું તો બહુ થયું, પણ હવે આપણે હિંમત રાખવી. જનાર પાછું આવનાર નથી...અને, મિલકતની ચિંતા કરશો જ નહિ. હું એની યોજના એવી ગોઠવી લાવ્યો છું કે જૂની જાહોજલાલી બે માસમાં પાછી આવી જશે – મોટરકાર એકે વેચશો નહિ...'

'તમારો બહુ આભાર, દેવદાસ ! તમે તો આપણા બહુ જૂના માણસ. તમે મદદ નહિ કરો તો બીજું કોણ કરશે ?'

'જુઓ...એ મદદ હું કાયદેસર કરી શકું એવી સરળતા આપ કરી આપો તો...'

દેવદાસને લાગ્યું કે તેની યોજના સફળતાને પાટે ચડી ગઈ !

'એ કેવી રીતે ?'

'હજી તમે પરણ્યાં નથી...મારી સ્થિતિ કેવી છે એ તમે જાણો છો...મારી બરોબરી કરે એવો કોઈ આ શહેરમાં તો શેઠિયો નથી...'

'પણ તમે તો પરણેલા છો...'

'તેમાં શું ? એક ઉપર બીજી કરવાનો કાયદો આવે તે પહેલાં...'

'મેં તો ઈશ્વરદાસ સાથે લગ્ન કરવાનું નક્કી કર્યું છે !'

વીજળી પડી હોય એમ દેવદાસ ચમક્યો !

' ઈશ્વરદાસ ? તમારો ગુમાસ્તો ? ' દેવદાસથી બૂમ પડાઈ ગઈ.

' હા; એમાં શું ? મારી સાથે લગ્ન કરશે એટલે એ પણ શેઠિયો બની જશે. પિતાએ એને અડધો ભાગ પણ લખી આપ્યો છે...'

' શું કહો છો ?...પણ જેને હુકમ કરતા હતા તેની તાબેદારી ફાવશે ? '

' જુઓ ને, દેવદાસ ! શેઠિયાઓને તો પોતાની પત્નીને હુકમ કરવાની પણ ક્યાં ફુરસદ મળે છે?...મને એની ચિંતા નથી...પૈસા હશે ને તો...મને પ્રેમીઓ પણ મળી રહેશે ।...નામનો પતિ ભલે ને રહ્યો ! ' પરમ તિરસ્કાર મુખ ઉપર લાવી સુખનંદનની પુત્રીએ આખા ધનિક વર્ગ ઉપર ઘા કર્યો.

' હું હજી કહું છું કે...ફરી વિચાર કરો...પસ્તાશો...' દેવદાસ બોલી ઊઠ્યો.

' પસ્તાવાનું કાંઈ જ કારણ નથી. પિતાએ મિલકતનો અડધો ભાગ તમને લખી આપ્યો હોત તો હું તમને પરણત.'

' એ અડધા ભાગ કરતાં મારી મિકલત ઘણી મોટી છે.'

' જેમ આજ મારી સંભાળ લેવા આવ્યા તેમ બેપાંચ દિવસ પહેલાં આવ્યા હોત તો તમારો વિચાર કરત. ઈશ્વરદાસે પણ તમારી માફક અમારી મિલકત સંભાળવાની ખાતરી આપી છે... વેપારી માફક હું કેમ વચનભંગ થાઉં ? '

સુખનંદન જેવા કંજૂસ અને મિથ્યાભિમાની શેઠિયાની શુદ્ધિ ઠેકાણે લાવનાર દેવદાસ એની જ દીકરીથી પરાજય પામતો હતો ! ધનનો નશો એને પણ ચઢી ચૂક્યો હતો. ગમે તેમ કરીને આ લગ્ન અટકાવવું જ જોઈએ.

દેવદાસનું અઢળક ધન પણ એની ખારી બનતી દુનિયાની ખારાશ અટકાવતું ન હતું. અનેકાનેક યોજનાઓ તેના મગજમાં ઊગી નીકળી અને ભારે હૃદય સહ એ ઘેર આવ્યો.

ઘેર ઈશ્વરદાસ તેની રાહ જોતો બેઠો હતો. દેવદાસની આંખમાંથી અગ્નિ વરસ્યો. તેને ન ગણકારી ઈશ્વરદાસે હસતે મુખે દેવદાસના હાથમાં એક રૂપાળી આમંત્રણપત્રિકા મૂકી દીધી.

'જો દોસ્ત ! મારું લગ્ન છે. તારી હાજરી વગર નહિ ચાલે.' ઈશ્વરદાસે આગ્રહ કર્યો.

'દગાબાજ ! નિમકહરામ ! તું જ વચ્ચે આવ્યો ?' દેવદાસ ઊકળ્યો.

'જો દેવદાસ ! ગાળો દીધાથી કાંઈ ન વળે. તારું નિમક મેં ખાધું નથી. જેનું નિમક ખાધું છે તે હલાલ કરવા હું તેની મિલકતને અને દીકરીને સાચવું એમાં ખોટું શું ?' ઈશ્વરદાસે કહ્યું.

'મેં તો શેઠ સાથે ખુલ્લી લડત કરી. તારી માફક ઘરમાં રહીને મેં ઘા મૂકી નથી !' દેવદાસ બોલ્યો.

'ભલા માણસ ! એમાં ખુલ્લું શું અને છૂપું શું ? અને તારા જ શબ્દો યાદ કર ને ? પેલું શું— વ્યાપારમાં, યુદ્ધમાં અને પ્રેમમાં ફાવે તે કરો; એનું પાપ જ નહિ !'

'તું મહેરબાની કરી અહીંથી રસ્તે પડ, નહિ તો હું તારું ખૂન કરી બેસીશ.'

'ચાર દિવસ છે વચમાં. જરા શાંત પડજે...પણ લગ્નમાં ન આવવું એમ ન કરતો !' ઈશ્વરદાસે ઊઠતાં ઊઠતાં કહ્યું.

દેવદાસના હાથ છરીકટાર શોધવા લાગ્યા. વેરભાવે આ ઈશ્વર મેળવવાનું તેણે સ્વપ્ને પણ ઇચ્છ્યું ન હતું.

# ડબામાંની ગાય

૧

હું સામાન્ય સ્થિતિનો માનવી. મારું નાનકડું ઘર; પણ આસપાસ થોડી ખુલ્લી જમીન ખરી. સામાન્ય માનવીને પણ પોતાના નાનકડા શોખ તો હોય જ ને ? ઘર આસપાસની ખુલ્લી જમીનમાં હું ફૂલઝાડ રોપું છું, ક્યારીઓ બનાવું છું, વેલીઓની રચના કરું છું. અને જુદાં જુદાં ફૂલ ઊગે એવા પ્રયોગો પણ કર્યે જાઉં છું. મને એમાં ખૂબ મોજ આવે છે. પ્રાણી સિવાયની સૃષ્ટિમાં જીવ કેમ આવે છે, સૌન્દર્ય કેમ ખીલે છે, એ સૌન્દર્ય કેમ સચવાય છે, અને સાચવણી છતાં નષ્ટ બની ગયેલાં સૌન્દર્ય બીજાં નવાં સૌન્દર્યો કેમ ઉપજાવે છે, એ નિહાળવામાં મને બહુ આનંદ આવે છે.

એમાં મહેનત છે; પણ તે હું ભૂલી જાઉં છું. ગુલાબી ગુલાબના છોડ ઉપર કલમ બાંધી મેં એક જાંબુડિયો ગુલાબ ઉપજાવ્યો ત્યારે આમાં આનંદનો પાર રહ્યો નહિ. એમાંથી સુવાસ જતી રહી; પણ અવનવો રેશમી રંગ આવ્યો. માળી પણ પુષ્પસૃષ્ટિનો બ્રહ્મા જ છે ને ? નોકરી કરી મારું ગુજરાન હું કરતો હતો છતાં મને બગીચાના માળી બનવું ગમતું મારો બગીચો એ મારું અભિમાન — મારું ગૌરવ !

ઘણા ય મળવા આવનાર મિત્રો, ઓળખીતા કે અજાણ્યાઓને ગમતું હોય કે નહિ, તો ય હું મારો બાગ અને મારી ફૂલરચના ઉત્સાહપૂર્વક બતાવતો. મારા બગીચાની વાત કરનાર પ્રત્યે મને એકદમ સહાનુભૂતિ ઊપજતી.

હું ધનિક ન હોવાથી મારો બગીચો કામડાંની કે કામડાં અને તારની સંયુક્ત વાડનું જ રક્ષણ પામતો હતો. પાકી ઈંટેરી દીવાલ કરી લેવા જેટલી સંપત્તિ હજી મળી નથી. પરંતુ મને બગીચો એટલો વહાલો હતો કે બને એટલી હું તેના ઉપર નજર રાખતો; બકરાં, ગાય, ભેંસ, ઘેટાં બગીચામાં પેસી અનાડ ન કરે એની હું કાળજી રાખતો, અને તાર કે કામડાં ઢીલાં પડતાં હું એક રાજધાનીના ગઢને સાચવતો હોઉં એમ મજબૂત કરી લેતો. એક પ્રકારનો મનમાં ગર્વ પણ થતો કે મારા જેવી બગીચાની સાચવણી બહુ જ થોડા કરી શકતા હશે! મને ઘણી વાર એમ પણ થતું કે હું રાજા હોઉં કે સત્તાધીશ હોઉં, તો ગામનાં ગામ અને શહેરનાં શહેર બગીચામય જ બનાવી દઉં. બગીચા વગરનું એક પણ ઘર ન હોય, એક પણ રસ્તો ન હોય, એક પણ ખૂણો ન હોય. રસ્તા પણ બગીચે ગૂંથ્યા જ હોય!

પણ એ તો હું સત્તાધીશ થાઉં ત્યારની વાત! મારી જિંદગીનું નિર્માણ જ એવી ઢબનું થયું છે કે આ જીવનમાં બગીચામય દુનિયા સર્જવાની સત્તા મને મળે જ નહિ. હું મારો જ નાનકડો જમીન ટુકડો પુષ્પમય બનાવું તો બસ! નહિ?

અને તેવો બગીચો મેં બનાવ્યો પણ ખરો! રોજ પ્રભાતમાં ઊઠી મારે ઊઘડેલાં પુષ્પનાં દર્શન કરવાનાં. મને એ ખૂબ ગમતું.

એક પ્રભાતમાં ઊઠી મેં જોયું તો બેત્રણ મોગરા, મારો રેશમી ગુલાબ અને બેત્રણ વેલ આડાં પડેલાં, ને અડધાં ખવાઈ ગયેલાં મેં નિહાળ્યાં; અને જાણે ભારે મિલકત લૂંટાઈ હોય એવો ધબકારો મારા હૃદયમાં થયો. મને ખરેખર ઘા વાગ્યો. ઘાની કળ વળતાં મેં બૂમાબૂમ કરી મૂકી.

'કોણે આ મોગરા ઉજાડી નાખ્યા? કયો એ હરામખોર રાતમાં આવી મારો બગીચો ખેદાનમેદાન કરી ગયો?...અને ઘરમાં પણ બધાં યે આટલાં શિંઘણશી? આટલી વેલો કરડી ખાધી છતાં કોઈ જાગ્યું જ નહિ?...શાની હોય કોઈને કાળજી?'

હું કેમ જાગ્યો નહિ એ મેં મને પૂછ્યું નહિ; પરંતુ તે રાત્રે હું મોટે ભાગે જાગતો જ રહ્યો. જરા બારી ખખડે, પવન સુસવાય, કૂતરાં ભસે કે વાડ પાસે સહજ પગરવનો ભાસ થાય કે હું તરત ઊઠી જતો અને ડંગોરો લઈ બગીચામાં ફરી વળતો.

બગીચામાં જ નહિ પણ બગીચાની આસપાસ એક એક ગાઉ સુધી કશું હાલતુંચાલતું દેખાતું કે સંભળાતું નહિ, અને ચોર પકડવાની નિષ્ફળતા અને નિરર્થક ઉજાગરાની બેવકૂફી એમ બે ઘા સહી હું પાછો સૂઈ જતો.

જાગવાનો નિશ્ચય કરી સૂતેલો હું છેક મળસ્કે કોણ જાણે કેમ નિદ્રાવશ થઈ ગયો. અને દિવસ જરા ચઢતાં નિત્યક્રમ પ્રમાણે ઊઠીને જોઉં છું તો પાછા બીજા મોગરા પણ મેં વીંખાયલા જોયા! મારો ઉજાગરો વ્યર્થ ગયો. અને ચોરે મારા ઉપર વિજય મેળવ્યો!

પહેલા દિવસ કરતાં મેં વધારે મોટી બૂમો પાડી. આખી વાડ હું જોઈ વળ્યો. એકાદ જગાએ તાર સહજ નમેલો લાગ્યો; તે ખેંચી મેં વાડને મજબૂત બનાવી. વાડની આસપાસ કોનાં પગલાં પડેલાં છે તે મેં કાળજીપૂર્વક જોયું. માનવી, બકરાં, ગધેડાં અને કૂતરાંનાં પગલાં પણ મેં ઓળખ્યાં. માનવી તો મોગરા કરડે જ નહિ! કૂતરાં પણ વનસ્પતિને દાંત ન મારે.

મેં આખા ઘરને તે રાતે જગાડ્યું અને વારાફરતી સહુ પાસે પહેરા પણ ભરાવ્યા. એ રાત્રે બાગમાં કશું જ નુકસાન થયું નહિ. ખરેખર કોઈ લુચ્ચું, ચતુર, ખંધું, ચોરી કરવા ટેવાયલું જાનવર મારા બગીચાને વેડફી રહ્યું હતું એમ મારી ખાતરી થઈ.

દિવસે પણ આખું ઘર જાગ્યું. અને બગીચામાં કશું નુક-

સાન દેખાયું નહિ. પરંતુ બગીચાની સાચવણી માટે આખી રાત આખું ઘર ઉજાગરો કર્યા જ કરે એમ આગ્રહ રાખવામાં હું મારા કુટુંબીજનો ઉપર વધારે ભારણ નાખતો હતો એમ મને લાગ્યું– અને કુટુંબીજનોએ તો ક્યારનો તેમના મુખ ઉપર એવો ભાવ પ્રદર્શિત કરવા માંડ્યો કે જાણે હું કોઈ ક્રૂર રાક્ષસ ન હોઉં ? બગીચાનો શોખ મારા જેટલો જ સર્વ કુટુંબીઓમાં હોવો જોઈએ એવી શરત કરીને કાંઈ આપણે કુટુંબરચના કરતા નથી. એટલે ચોથા દિવસે મેં મારી ઉગ્રતાને નમ્ર બનાવી–જોકે તે રાત્રે હું વારંવાર જાગી ઊઠતો ખરો.

'મારી પત્નીએ રાતના મારા આ ઉત્પાત અંગે એક ભયંકર આગાહી પણ આપી : 'જો જો ! આમ ને આમ બગીચા પાછળ ઘેલા ન થઈ જવાય !'

લગ્નની પ્રાથમિક ભૂમિકામાં જો મારી પત્ની આટલી હિંમત કરી હોત તો મેં તેને જરૂર છૂટાછેડા આપી દીધા હોત ! વર્ષ બે વર્ષ માટે તો તેને તજી દીધી હોત. પરંતુ પત્નીઓમાં એક પ્રકારની એવી લુચ્ચાઈ રહેલી હોય છે કે જેના બળ વડે તેઓ પતિની નિ:સહાયતા ધીમે ધીમે વધારતી જાય છે અને એ નિ:સહાયતાના પ્રમાણમાં તે પોતાની કટાક્ષહિંમત અને બોલનીતીક્ષ્ણતા પણ વધારતી જાય છે.

કાંઈ પણ બોલ્યા વગર ડંગોરો ખખડાવી હું સૂઈ ગયો, પણ મારો અંતર્યામી જાગતો જ હોવો જોઈએ. એ અંતર્યામીએ કોણ જાણે કેમ મને જાગ્રત કર્યો. આછો ખખડાટ બગીચામાં થતો મેં સાંભળ્યો. કોઈ માનવી કે હરાયું જાનવર બગીચામાં ભરાયું હશે એવી મારી ખાતરી થઈ–જોકે ચાર દિવસના ઉજાગરા સહુને કરાવ્યા પછી ચોર મળે નહિ તો કુટુંબમાં મારી ઘેલછાની ખાતરી થઈ જશે એનો ભય પણ લાગ્યો. પત્ની બિલકુલ ન જાગે એવી કાળજી રાખી દંડો લઈ હું બગીચામાં કૂદી પડ્યો, અને અંધારામાં

જોઉં છું તો એક મોટું જાનવર આરામથી મારા લીલા છોડ–વેલાને ચાવતું હતું !

મને ખૂબ ગુસ્સો ચડ્યો. એક ગુજરાતી હાથમાં જેટલી શક્તિ લાવી શકે એટલી શક્તિ કેન્દ્રિત કરી મેં એ જાનવર ઉપર મારો દંડો ફટકાર્યો ! જાનવર વાઘ હોય કે સિંહ હોય તોપણ તેને હું છોડવાનો નથી એવો લોખંડી નિશ્ચય જાનવરને જોતાં બરોબર મારા હૃદયમાં થઈ ચૂક્યો હતો—જોકે વાઘ સિંહ છોડ-વેલા ન ખાય એ હું જાણતો હતો જરૂર. પરંતુ એ જાનવર ઉપર પડેલો ડંગોરો જાનવરના કઠણ હાડકા ઉપર વાગ્યો હોય એવો અવાજ આવ્યો અને મારા હૃદયમાં સહજ અરેકારો થઈ આવ્યો ! જાનવર ત્યાંથી ખસ્યું નહિ. માત્ર તેણે એક લાંબો શ્વાસ લીધો અને બગીચામાં મુખ વધારે ખોસ્યું !

કોઈને પણ ગુસ્સો ચડે એવી નફટાઈ કરતા મારા દંડાને બિલકુલ હસી કાઢતા જાનવર ઉપર મેં બીજો ફટકો લગાવ્યો. ફટકાનો પડઘો પ્રથમ જેવો જ પડ્યો. મને એક વાર લાગ્યું કે આ જાનવર લાકડાનું તો બનાવેલું નહિ હોય ? જેનું બનાવેલું હોય તેનું ! કોઈ પણ જાનવરને પારકા બગીચામાં આવી ભંગાણ કરવાનો હક્ક ન જ હોય. મેં ત્રીજો ફટકો લગાવવા હાથ ઊંચક્યો, પણ જાનવર એક ડગલું પણ ત્યાંથી ખસ્યું નહિ !

અંધારામાં આ હઠીલા જાનવરને મેં જરા ધારીને જોયું. એક ઊંચી ગાય મારા બગીચાની ચોર હતી એમ મને ખાતરી થઈ ગઈ. ઘરમાં સૂતેલો એક નોકર પણ એટલામાં જાગ્રત થઈ ફાનસ લઈ આવી પહોંચ્યો. મેં તેને એક દોરડું લાવી ગાયને બાંધી દેવા આજ્ઞા કરી. દોરડું આવ્યું. ગાયને ગળે ભેરવી તેને એક એવી જગ્યાએ દોરી કે જ્યાંથી તે ફૂલ-વેલને ખાઈ જ શકે નહિ.

ગાયને બાંધ્યા પછી સંતોષપૂર્વક મેં એ ચોર-ગાયને નિહાળી ! ખૂબ ઊંચું કાઠું એ ગાયનું હતું. પરંતુ એ ગાય હતી ?

કે ગાયનું હાડપિંજર ? તેના આખા દેહમાં એક પણ સ્થળ એવું ન હતું કે જ્યાં આપણને માંસલપણાનો ભાસ થાય. મેં મુખ બાજુએથી ગાયને જોઈ. જીવ જ ન હોય એવી ગાયની આંખો મૃત્યુના ઓળા વેરતી હતી. બન્ને બાજુએથી ગાયને નિહાળી. ચામડી ચીરીને એનાં હાડકાં બહાર નીકળી આવવા મથતાં હોય એમ મને લાગ્યું. આ ગાય જીવતી હશે ? કે મરેલી ગાયનું ભૂત મારી સામે આવી ઊભું હતું ? ભૂતપ્રેતમાં હું માનતો નથી, છતાં હું ક્ષણભર કંપી રહ્યો. ગાય પ્રેત બને તો જરૂર મારી સામે ઊભેલી ગાયનો જ આકાર લે એમ મને ખાતરી થઈ. મનમાં એક સંતોષ તો જરૂર થયો કે બગીચાનો ચોર હાથ લાગ્યો હતો ! એ ગાય ક્યાંથી બગીચામાં પેસી ગઈ હશે તેની મેં તપાસ કરી. બધે જ વાડ અને તાર મજબૂત હતાં. કેવી રીતે ગાયે પ્રવેશ મેળવ્યો ? ગાયનું ભૂત જ આમ પ્રવેશ મેળવી શકે ! મારા નોકરે એક ઢીલો પડેલો વાડનો ભાગ બતાવી મને કહ્યું : ‘ આમાંથી ગાય આવી ! ’

‘ આટલામાંથી શી રીતે આવે ? ’

‘ હાડકાંનો માળખો છે; એને વાગવાનું શું ? ગમે ત્યાંથી પેસી જાય ! ’

નોકરો સાથે વાતચીત કરવામાં હું બહુ માનતો નથી. મેં આજ્ઞા કરી કે સવાર પડતાં બરોબર ગાયને ડબામાં પૂરી આવવી.

૨

નગરનિવાસીઓને ડબો એટલે શું એની કદાચ ખબર ન પણ હોય. ડબો એટલે રેલ્વેનો ડબ્બો નહિ, ઘાસલેટનો નહિ, ઘરેણાં મૂકવાનો નહિ કે શાળામાં જતાં સધન બાળકોને નાસ્તો ભરી આપવાનો પણ નહિ. ગામનાં હરાયાં જાનવરને, તેમ જ કોઈનાં ઘર, ખેતર કે બગીચામાં નુકસાન કરે તેવાં જાનવરને પકડીને પૂરવાની સરકારે કે સુધરાઈ પંચાયતે રચેલી જગાને ડબો કહેવાય. ગ્રામનિવાસીઓ

એને વધારે ઓળખે.

સવારમાં ઊઠી મેં નોકરને જગાડચો, અને પ્રથમ ગાયને ડબામાં મૂકી આવી પછી બીજે કામે વળગવા તેને મેં જણાવ્યું.

ગાય ઊભી જ હતી. ખીલેથી છોડી નોકર તેને દોરી જવા લાગ્યો ગાયે—ગાયના હાડપિંજરે—દોરાવામાં જરા ય વાંધો લીધો નહિ, જોકે હરાયાં જાનવરને ડબામાં પૂરવા લઈ જવાં એ મહા વિકટ પ્રસંગ ગણાય. ગાય ચાલતી જ હતી છતાં નોકરે પાછળ ફરી એક ડાંગ તેને વગર કારણે લગાવી દીધી, અને પાછાં ગાયનાં હાડકાં ખંખડી ઊઠચાં.

'શા માટે નાહકનો મારે છે ગાયને ?' મેં કહ્યું. ગાયને થયેલા ત્રણે ય પ્રહાર હજી મારા કાનમાં ગુંજી રહ્યા હતા. ત્રણમાંથી બે પ્રહાર તો મેં જ કર્યા હતા! છતાં ત્રીજો નોકરે કરેલો પ્રહાર મને બિલકુલ ગમ્યો નહિ! ગુનાની સજા ખમવાને તૈયાર થયેલા ગુનેગારને વધારાનો ફટકો મારવાની સગવડ ગમે ખરી; પરંતુ એ સગવડનો લાભ લેવાની વૃત્તિ મારામાં ખીલી હશે તો ય તે આ ગાયને અંગે કરમાઈ ગઈ.

નોકર દોરતો હતો અને ગુનેગાર ગાય ચાલી જતી હતી. થોડી વાર સુધી હું નોકર તથા ગાય એ બંને પ્રાણીઓને જોઈ રહ્યો

ગાયે પાડી નાખેલા રોપાઓને મેં ફરી ચોંટાડચા. આસપાસ માટી નાખી; પાણી પાયું; અને સાબૂત રહી ગયેલા છોડની આસ પાસનાં ઘાસતરણાં કાઢી નાખ્યાં. વનસ્પતિનો સ્પર્શ પણ મને આહ્લાદજનક લાગતો. બીજું કોઈ જાનવર મારા બગીચામાં રંજાડ કરશે નહિ એવા વિચારે મને આનંદ પણ થયો. ચાર ચાર દિવસથી જેને પકડવા હું મથતો હતો તે ચોર આજે પકડાયો. એની બહાદુરીભરી પ્રફુલ્લતા પણ આનંદને ઉત્તેજિત કરતી હતી. જે વાડનો ભાગ સહજ ઢીલો પડી ગયો હતો તે ભાગને મેં મારા હાથે જ મજબૂત કર્યો. બગીચામાં વધારાનાં કયા ફૂલછોડ રોપવા તેનો હું

વિચાર કરી રહ્યો હતો અને નોકરે આવી ખબર કરી કે ગાયને ડબામાં સલામત પૂરી છે !

નિત્યક્રમ પ્રમાણે જીવન ચાલ્યા જ કરે ને ? થોડા દિવસ – અને થોડી રાત્રી શાંતિમાં પસાર થયાં. બગીચો ખીલ્યે જતો હતો અને મારી મહેનત સફળ થતી હતી. કદી કદી પેલી ગાયનું ભૂત કલ્પનામાં આવી જતું હતું; પરંતુ તે તો તેના કેદખાનામાં હવે પુરાઈ ચૂકી હતી એટલે મને એ બાજુની કશી મુશ્કેલી હતી જ નહિ.

છતાં એક રાત્રે પાછો હું આછા ખખડાટથી જાગી ઊઠ્યો, અને બહાર આવી જોઉં છું તો એની એ ગાય પાછી આવી મારા ઉછેરેલા છોડને વણસાડી રહી હતી ! આફતોનો સહવાસ થતાં આફતોની અણી જરા બૂઠી થતી જાય છે ! ગાયને મારવા મેં લાકડી ઉપાડી, પરંતુ ગાયનાં હાડકાંમાંથી લાકડીએ એક વાર પહેલાં ઊભો કરેલો અવાજ મને પાછો સંભળાયો, અને ઉપાડેલી લાકડી માર્યા વગર મેં પાછી વાળી. ગાયને લાકડી મારી હોત તોપણ ગાયને હરકત ન હતી. ન મારી તેથી પણ ગાયની ગતિમાં ફેરફાર થયો નહિ. મારની ભાવનાથી પર બનેલી ગાયને પ્રહાર કે પ્રહારનો અભાવ બન્ને સરખાં લાગ્યાં. બન્ને સ્થિતિ માટે એક યોગીની ઉદાસીનતા ધારણ કરી ગાય ઊભી રહી હતી. ચોરની માફક નાસવાનો તો તેનો પ્રયત્ન હતો જ નહિ.

'કોણે આ ગાયને ડબામાંથી છોડી ?' મેં અંધકારમાં પૂછ્યું. કોઈએ જવાબ આપ્યો નહિ. પરંતુ આંખો ચોળતા આવેલા મારા નોકરે ગાયને પકડીને બાંધી અને બબડ્યો : 'કોનું આ નધણિયું ઢોર છે ?' એને રાખતો મરે !'

મને પણ ઠીક ઠીક ગુસ્સો ચડ્યો હતો. માણસો પોતાનાં જાનવરને સંભાળીને રાખતા કેમ નથી ? અને સરકારી રાહે પુરાયેલું જાનવર ડબામાંથી છૂટ્યું શી રીતે ? સવારમાં હું જાતે જ જઈને ડબા કામદારને મળી આનો ખુલાસો કરી લઈશ, એવો મેં નિશ્ચય

પણ કર્યો.

પ્રભાત થતાં જ મારા નોકરે ફરીથી ડબામાં પૂરવા ગાયને બાગની બહાર કાઢી. હું પણ તેની પાછળ ગયો. રાત્રે ભયંકર દેખાતું ગાયનું હાડપિંજર દિવસે કેમ જરા દયા ઉપજાવવા લાગ્યું હતું ? ગાયની આવી સ્થિતિ કોણે કરી હશે ? એનો માલિક કેવો નિષ્ઠુર હશે ? અને વળી પોતાની જવાબદારી ટાળવા અને રાત્રે ગમે તેમ છોડી મૂકવાની નફ્ટાઈ પણ કર્યે જાય છે ! જાનવરોને પોષતાં હિંદવાસીઓને આવડતું જ નથી ! પાંજરાપોળ અને ગૌશાળાનો ઘમંડ સેવવાં છતાં !

'કેમ તમે આ ગાયને પાછી છુટ્ટી મૂકી દીધી ?' મેં ડબા કામદારને જરા ધમકાવ્યો. સરકારી નોકરો કોઈની પણ ધમકીને પત કરે નહિ, જરા પણ અસર તેને થઈ ન હોય એમ તેણે જણાવ્યું; 'તો બીજું શું થાય ?'

'એના માલિકને સોંપો !'

'એનો માલિક મરી ગયો છે. એ જીવતો હોત તો આ હાથી જેવી ગાયની આવી દશા થવા દેત ?' કામદારે કહ્યું.

'તો પછી તમે એને ડબામાં રાખો.'

'ડબો કાંઈ ઢોરને કાયમી રાખવા માટે ન હોય.'

'અમારા બગીચાને નુકશાન કરી જાય તે અમારે કરવા દેવું; એમ ?'

'ડબામાં પૂરી જાઓ ને ફરીથી ?'

'પાછા છોડી ક્યારે મૂકશો ?' મેં તિરસ્કારથી કહ્યું.

'એ તો, ભાઈ જુઓ ને ? આઠ દસ પંદર દિવસ અહીં રાખીએ. માલિક જડે તો દંડ અને જાનવરની ખોરાકીનો ખર્ચ આપી જાનવર લઈ જાય; માલિક ન મળે તો જાનવર હરાજ કરીએ. આ જાનવરને તો કોઈ હરાજીમાં રાખતું નથી. મહામુસીબતે મેં બે રૂપિયા આપી કોઈની પાસે હરાજીમાં ગાયને આપી...પણ એને

કાયમી રાખે કોણ ? હતી ત્યારે ગામની એ જ ગાય સહુની માનીતી હતી. આજ એને કોઈ આંગણે ઊભી પણ રહેવા દેતું નથી !'

'તો હવે મારે શું કરવું ? બગીચાનું ભેળાણ થવા દેવું !'

'નહિ, સાહેબ ! મૂકી જાઓ ડબામાં. કસાઈને સોંપવાની કાયદો ના પાડે છે, એટલે બે પાંચ દહાડા ગાયને સાચવીશું... પણ હવે એ મરશે ચોક્કસ...ચામડિયા ખેંચી જશે...'

મારા શૂન્ય માનસમાં એક વિચાર જાગ્યો ને મેં પૂછ્યું : 'ગાયને પાંજરા પોળમાં મોકલીએ તો કેવું ?'

'આટલામાં વીસ વીસ ગાઉના ઘેરાવામાં પાંજરાપોળ નથી... ખેંચી જા, અલ્યા !' કહી કામદારે ચોકિયાતને આજ્ઞા આપી. ગાય એની પરિસ્થિતિ વિષે ચાલતો વાદવિવાદ જાણે સાંભળી રહી હોય એમ ડોકું નાખી ઊભી હતી. પાસે ઊડતું ઊડતું ઘાસનું તણખલું આવ્યું. ગાયમાં જાગૃતિ આવી અને તેણે મુખમાં તણખલું લીધું.

કામદારની આજ્ઞા પ્રમાણે ચોકિયાતે ડાંગ ઊઠાવી ગાયને ડબામાં દોરવા સહજ ફટકો લગાવ્યો. માર્યા સિવાય ઢોર ચાલે જ નહિ એવી તેની માન્યતા સાચી હોય તો યે ગાયના હાડકામાંથી નીકળેલા અવાજે મારા દેહમાં કમકમાટી ઉપજાવી.

મેં કહ્યું : 'ઘેર પાછી લઈ ચાલો.'

'ડબામાં નથી નાખવી ?' નોકરે જરા આશ્ચર્યથી પૂછ્યું.

'ના' મેં કહ્યું. અને મારી વિચિત્રતા પ્રત્યે સહુને આશ્ચર્ય પામતાં છોડી હું ઘર તરફ વળ્યો.

ભૂખમરે સુકાઈ ગયેલી ગાયને કોઈ મિત્ર પણ ન હતું અને દુશ્મન પણ ન હતું. એને ડબામાં પૂરી હોત તો ય તે નિઃશ્વાસ લેતી હોત; મેં એને સાથે લીધી તો ય એણે એક નિઃશ્વાસ લઈ જરા ય વાંધા વગર મારી આગળ ચાલવા માંડ્યું.

૩

ઘેર આવી મેં નોકરને કહ્યું : 'ગાયને માટે જોઈએ એટલું ઘાસ લઈ આવ. ત્યાં સુધી ગાયને બગીચામાં છૂટી ફરવા દે !'

મારી પત્નીને તો એક વાર શંકા આવી હતી કે હું ઘેલછામાં ધસતો જાઉં છું. મારા નોકરની આંખમાં પણ મેં એવી જ શંકા નિહાળી ! જે બગીચાની સાચવણી અર્થે હું પ્રાણ આપતો હતો અને ઘરનાં માણસોનો પ્રાણ ખાતો હતો તે હું, આખો બગીચો ગાયને મુખે છુટ્ટો મૂકવા માગતો હતો ! એમાં ઘેલછા નહિ તો બીજું શું કહેવાય ?

'પણ...એ તો ફૂલ, વેલ, છોડ બધું ચાવી ખાશે ?' નોકરે મને ઉદ્દેશી કહ્યું.

'ભલે ચાવી ખાય ! તું તારે ઘાસ લઈ આવ ને ?' મેં કહ્યું. અને ગાયને મારા નાનકડા બગીચામાં છુટ્ટી મૂકી.

ઘરનાં સહુ માણસોને પણ એમાં મારી વિચિત્રતા દેખાઈ સ્વાભાવિક છે.

પરંતુ મારી આંખ સામે ગાયનું હાડપિંજર એક ક્રૂર સામાજિક ઘટનાનું પ્રતીક બની ગયું હતું. વૃદ્ધ, અશક્ત, એકલવાયાં, નિરુપયોગી બનેલાં પ્રાણીઓને જીવતાં રાખવાની જરૂર જ નહિ શું ?માનવપ્રાણીને પણ આમ વૃદ્ધ બનતાં નિરાધાર છુટ્ટાં મુકાય તો ? એવાં કેટલાં યે વૃદ્ધ-વૃદ્ધાઓ હશે !

ઘાસ આવ્યું. ગાયને ઘાસ ખવરાવ્યું. મેં મારે હાથે એને પાણી પાયું, અને એને પંપાળવા માંડી. પંપાળવા સરખો એનો દેહ રહ્યો જ ન હતો ! પંપાળતી વખતે ગાયનાં વાગે એવાં હાડકાં ઉપર જ હું હાથ ફેરવતો હતો !

ગાય ઊભી હતી. તેના પગ એકાએક અમળાઈ ગયા અને તે નીચે પડી. એને ઉઠાડવાના — ઊભી કરવાના પ્રયત્નો બધા ય નિષ્ફળ

ગયા. ત્યાર પછી ન એણે એકે રોપ ખાધો કે ન એકે ઘાસનું તણખલું મુખમાં મૂકયું. આછુંઆછું પુચ્છ હલાવતી આંખમાંથી આછાંઆછાં પાણી સારતી સહુની સામે પૂર્ણ ઉદાસીનતાથી નિહાળતી ગાયનો પ્રાણ દેહમાંથી ઊડી ગયો ! એને કોઈની દયા પણ જોઈતી ન હતી.

મને લાગ્યું કે મારા પ્રાણમાંથી એક મહત્ત્વનો ભાગ મૃત્યુ પામે છે !

મારી આંખમાં અશ્રુ આવ્યાં. મારી પત્નીએ તે જોયાં. એણે મને કશું જ કહ્યું નહિ. મને તે દિવસે પત્નીએ એકલો જમવા બેસાડયો. મારા મુખમાં અન્ન ગયું જ નહિ.

'આપણે જમીને કેટકેટલી ગાયોને ભૂખે મારતા હોઈશું ? બગીચાવાળા પણ ?' મારાથી બોલાઈ ગયું.

મારી પત્નીએ એ દિવસે મને જમાડવાનો આગ્રહ પણ રાખ્યો.

પુષ્પ, વનસ્પતિ, પ્રાણી અને માનવીને એક દોરે બાંધતો પ્રાણ હજી આપણે ઓળખી શકતા નથી ! ડંગોરો લઈ, શસ્ત્રો સજી, વાડ દીવાલ ઊભી કરી આપણી મિલકતનું કે આપણી પ્રિય વસ્તુનું રક્ષણ કરતી વખતે સૃષ્ટિને એક બનાવતા તારને આપણે તોડી નાખીએ છીએ.

હજી યે ગાયને મારેલી ડાંગના પડેલા પડઘા મને સંભળાયા કરે છે, અને કદી કદી હું નિદ્રામાંથી પણ એ અવાજ સાંભળી ચમકી જઈ બેઠો થઈ જાઉં છું !

# વણઊકલી વાત

૧

માતાપિતા સાથે મેજ ઉપર ચાનાસ્તો લેતાં રશ્મિએ કહ્યું: ‘કેટલીક તો એવી સરસ કવિતા હતી! કાનમાં ગુંજ્યા કરે અને મનમાં રમ્યા જ કરે. તમે કદી ચન્દ્રાનન કવિને સાંભળ્યા છે?’

‘ચંદ્રાનન? હા!...કાંઈ નામ તો સાંભળ્યું છે. પણ એમને મળ્યો હોઉં એને યાદ નથી.’ પિતાએ કહ્યું.

કવિઓ એ ધનિકોને યાદ રહે એવાં પ્રાણી ન જ ગણાય. ધનિક વલ્લભદાસ અસામાન્ય ધનિક હતા. આમ તો તેઓ ઠીક ભણેલા હતા, પરંતુ ધન-ઉપાર્જનમાં રોકાતો સમય બહુ અદેખો હોય છે. એ બીજા કશામાં પોતાને પરોવાવા દેતો જ નથી; અને વર્તમાનપત્રો, અઠવાડિકો તથા માસિકો એટલાં વધી પડ્યાં છે કે તે સિવાયની બીજી વાચનપ્રવૃત્તિ માટે ભાગ્યે જ અવકાશ ધનિકોને રહે.

‘મળવા જેવા છે. દેખાવ પણ એવો કે આપણને પૂજ્યભાવ ઉત્પન્ન થાય. માની પાસે એના કાવ્યસંગ્રહો મેં જોયા છે...’ રશ્મિએ કહ્યું, અને ચાનો અડધો ભરાતો પ્યાલો માનો હાથ લાગતાં ઢોળાઈ ગયો.

'વાંચવાનું બધું કામ તારી માને સોંપ્યું...અને આપણા પુસ્તકાલયમાં એમનું એકે પુસ્તક ન હોય એમ કદી બને જ નહિ...તારી ઇચ્છા હોય તો આજે સાંજે ચા કે ખાણા ઉપર બોલાવી લાવજે... મારા તરફથી આમંત્રણ આપજે.' પિતાએ કહ્યું.

ધનિકો અન્ય ધનિકોને, ઘરને શોભે એવા મોટા અમલદારોને અને એવા જ મોટા નેતાઓને આમંત્રણ આપવામાં ટેવાયેલા હોય છે. કદી કદી બાળકોની ઇચ્છાનુસાર કવિઓ અને સાહિત્યકારોને પણ ચા ઉપર બોલાવવાની તેઓ કૃપા કરે. ફુરસદ હોય તો તેમની સાથે બેસે પણ ખરા.

'મેં મારા તરફથી તો આમંત્રણ આપ્યું જ છે...ફરી તમારા તરફથી આપી દઈશ...મને બહુ ગમ્યું...તમે અને મા સાથમાં હો તો.' રશ્મિએ આનંદ પ્રદર્શિત કર્યો.

'તું યે, છોકરી અજબ છે. નવાં નવાં ધાંધલ ઊભાં કર્યે જ જાય છે!' માતા શશીકલાએ રશ્મિને કહ્યું.

'મા ! તું એને જોઈશ, અને સાંભળીશ તો તને જરૂર એમ લાગશે કે મેં આમંત્રણ આપ્યું એ જ સારું કર્યું...અમસ્તી વાત કરે છે તો ય કવિતા બોલતા હોય એવું મીઠું લાગે છે.' રશ્મિએ કહ્યું.

'બહેન ? તું પણ કાંઈ કવિતા લખતી હતી ને ?' પિતાએ પૂછયું.

ધનવાનોને પોતાને સાહિત્ય, સંગીત કે કલા માટે પૂરતો સમય રહેતો નથી એ સાચું પરંતુ પોતાનાં સંતાનોને એવી તેવી વિદ્યા – ઉપવિદ્યાનો શોખ હોય તો તેમને ગમે છે, ઉપરાંત ઘણું ધન કુટુંબમાં કલા હોવાનું વધારાનું અભિમાન લેવાની પણ તેમને સગવડ આપે છે.

'હા ! પણ એનો કાંઈ અર્થ જ નહિ. ચંદ્રાનનની કવિતા વાંચીએ કે સાંભળીએ ત્યારે જાણે પુષ્પના ઢગલા ઉપર સૂતાં હોઈએ અગર તારાનક્ષત્રનાં ઝૂમખાં પહેરતાં હોઈએ એવું લાગે છે...' રશ્મિએ કહ્યું.

વલ્લભદાસ ખૂબ હસ્યા. સાહિત્યની આવી ઘેલછા ઊછરતાં અને ભણતાં કિશોર-કિશોરીઓને વળગે છે એમ તેઓ જાણતા પણ ખરા. તેમના અભ્યાસયુગમાં તેમને પણ કદી કોઈ કવિતાઓ અસર કરી જતી હતી એ તેમને યાદ આવ્યું : ખાસ કરી પ્રેમની અને દેશભક્તિની કવિતા. હવે જોકે વલ્લભદાસ ભૂલી ગયા હતા, છતાં કલાપીની—

'અરે તું વૈદ કાં તેડે ? ગળે કાં ઔષધિ રેડે ?'

એ આખી ગઝલ એક વખત તેમને મોઢે હતી. અને 'મરીશું દેશને કાજે' એવી એક અસરકારક રીતે ગવાયલી કવિતા સાંભળી તેમને પણ દેશ માટે ફકીરી ધારણ કરવાનું મન થઈ આવ્યું હતું.

'ત્યારે હવે તને બાગબગીચાની અને મોતીનાં ઘરેણાંની જરૂર નહિ પડે! વલ્લભદાસે હસતાં હસતાં કહ્યું.

'ચન્દ્રાનન જેવી કવિતા લખતાં આવડે તો ખરેખર જરૂર ન પડે. શબ્દો અને કલ્પનાઓ જ ઘરેણાં અને પુષ્પપુંજ બની જાય છે.' રશ્મિએ કહ્યું.

શશીકલા તેની સામે ક્ષણભર જોઈ રહી. પરંતુ રશ્મિને કવિ ચન્દ્રાનન સંબંધી પ્રગટેલા ઉત્સાહમાં સમજાયું નહિ કે તેની માતા શશીકલા તેના ઉત્સાહને બહુ પસંદ કરતી ન હતી. એટલે રશ્મિનો ઉત્સાહ ચાલુ જ હતો. સાંજે આવે ત્યારે ચન્દ્રાનનને બરોબર ક્યાં બેસાડવા, એની સાથે વાત કરવાને કોને બોલાવવાં, ચાના મેજ ઉપર કેવી ગોઠવણી કરવી, ફૂલદાનીઓ કેટલી ક્યાં મૂકવી, ઘર અને ખાસ કરી ઘરનું પુસ્તકાલય કેવી રીતે બતાવવું, કયા કયા મુદ્દા ઉપર તેમને પ્રશ્નો પૂછવા, તેમની સારામાં સારી કવિતા બોલવા તેમને કેવી રીતે વિનતિ કરવી, તેમના નિત્યક્રમ વિષે કેવી ઢબે વિગતો જાણવી : એ બધા વિચારો, તરંગો અને યોજનામાં ગૂંથાઈ ગયેલી કિશોરી રશ્મિને સમય ક્યાં ગયો તેનો ખ્યાલ જ ન રહ્યો. અને બપોરના ચારનો ટકોરો થતાં તેના પિતાએ પૂછ્યું : 'રશ્મિ!

પછી પેલા તારા કવિ—શું નામ? એમને બોલાવવા કાર નથી મોકલવી?'

'હું તે જ કરું છું ને, ભાઈ! કઈ કાર મોકલીશું?' રશ્મિએ પૂછ્યું. ઘરમાં ત્રણ કાર હતી : એક ઘરના માલિક માટે; સારામાં સારી તો એ જ હોવી જોઈએ ને? બીજી શશીકલા અને રશ્મિ માટે; અને ત્રીજી ફાલતું : નોકરો, મહેમાનો, સગાંવહાલાં અને મિત્રો અમલદારોને જરૂર પડ્યે ઉપયોગમાં આવે એ માટે.

'મારી કાર મોકલવાનું તને મન છે? ભલે, એમ કર...પણ તારો એ કવિ કદી કારમાં બેઠો છે ખરો? નહિ તો...મારી કાર એને અટપટી લાગશે. નિરાંતે અઢેલીને એનાથી બેસાશે પણ નહિ.' પિતાએ ગમ્મતમાં કહ્યું. પુત્રીની ઇચ્છા પ્રમાણે કરવા તત્પર રહેતા વહાલસોયા પિતા વલ્લભદાસનો વાંક ન હતો કે તેમની ગમ્મતમાં કવિ ચન્દ્રાનનની ગરીબી ઉપર તેઓ હસતા હતા. જગતભરના કવિઓ ગરીબ જ હોય છે—હિંદમાં ખાસ કરીને. પરંતુ ધનિકોને ખબર નથી હોતી કે સૂર્ય, ચંદ્ર અને તારાઓ સાથે સતત રમત કરતા કવિઓને કરોડપતિની કારનો ચળકાટ આંજી શકતો નથી!

રશ્મિએ તો પિતાની જ કાર કવિ માટે મોકલાવી.

૨

સાડાચારનો ટકોરો થયો અને કવિએ કાર સાથે બંગલાના કંપાઉન્ડમાં પ્રવેશ કર્યો. રશ્મિનું હૃદય જરા ધડકી ઊઠ્યું. આગળ જઈ તેણે કારનું બારણું ખોલી નાખ્યું અને ચંદ્રાનન હસ્તે મુખે બહાર આવ્યા. જે વ્યક્તિ પ્રત્યે સદ્ભાવ હોય એ વ્યક્તિ સહુને આકર્ષક લાગે છે—પછી એ વ્યક્તિ રૂપે, રંગે જેવી હોય તેવી! રશ્મિને ચંદ્રાનનનો દેખાવ પૂજ્યભાવપ્રેરક લાગતો જ હતો, તે વધી ગયો.

'બહેન! બગીચો બહુ સરસ છે. તું કયા કયા ક્યારા સાચવે છે?' કારમાંથી ઊતરી રશ્મિના નમનનો પ્રત્યુત્તર નમનથી આપી

ચારેપાસ બગીચો નિહાળી ચંદ્રાનને પૂછ્યું.

'બાગ તો હું અને મા સાચવીએ છીએ...દેખરેખ ઘણી રાખું છું.' રાજી થઈ રશ્મિએ સુંદર પુષ્પસૃષ્ટિ સર્જવામાં ધનવાનોના દેખરેખ વિભાગ ઉપર ભાર મૂક્યો. જમીન ખોદવી કે પાણી પાવું એ તો મજૂરીનું કામ! ધનિકોનાં પુત્ર-પુત્રી તે ન જ કરે!

રશ્મિની બે બહેનપણીઓ અને ત્રણેક યુવક મિત્રો પણ ચન્દ્રાનનને માન આપવા આવ્યાં હતાં. તેમનો પરિચય કરાવી સુંદર રીતે શણગારેલ દીવાનખાનામાં ચન્દ્રાનનને બેસાડી રશ્મિ પોતાનાં માતા-પિતાને બોલાવવા દોડી ગઈ. બાળકોનાં મિત્રો કે માનપાત્ર વ્યક્તિઓનું મહત્ત્વ મા-બાપને ન હોય એ સ્વાભાવિક છે; એટલે વડીલો પોતાનાં મિત્રો કે આમંત્રિત વ્યક્તિઓને સામે લેવા આવે એમ બાળકોનાં મિત્રો કે પૂજ્ય વ્યક્તિઓ માટે ન કરે એ પણ સ્વાભાવિક છે.

'એમ?...પેલા તારા કવિ આવી ગયા શું? ચાલ આવું... તારી માને બોલાવ.' પિતાએ પુત્રીનું મન રાખવા તકલીફ લીધી.

'મા તો હજી તૈયાર નથી. ચા ઉપર આવશે એમ કહે છે.' કહી રશ્મિ પિતાને લઈ દીવાનખાનામાં આવી પહોંચી.

'આ મારા પિતા!...આ કવિ ચન્દ્રાનન!' રશ્મિએ નવી ઢબે પરસ્પર પિછાન કરવી.

'આપનું નામ તો, કવિસાહેબ! બહુ જાણીતું છે. દર્શનનો લાભ આજે મળ્યો' વલ્લભદાસે વિવેક કર્યો. ધનિકો ધારે ત્યારે સરસ વિવેક કરી શકે છે.

'હું પણ એ જ કહેવા જતો હતો, સાહેબ! આપને માટે. આપને જોઈ મને બહુ આનંદ થયો.' ચન્દ્રાનને કહ્યું.

ચન્દ્રાનન નમ્ર અને સૌજન્યભર્યો જરૂર દેખાતો હતો; પરંતુ વલ્લભદાસની સંપત્તિ અને તેમનો વૈભવ નિહાળી તેની આંખો ફાટી જશે એવી ધારણા વલ્લભદાસે રાખી હોય તો તે સફળ ન નીવડી. અસામાન્ય સાધનવર્તુળમાં પોતે બેઠો હોય એવું કાંઈ

ચન્દ્રાનનના મુખ ઉપર દેખાયું નહિ.

'આ અમારી રશ્મિ તો દિવસરાત તમારી જ વાત કર્યાં કરે છે.' વલ્લભદાસે કહ્યું.

'આપની પુત્રીમાં છે એવો લક્ષ્મી અને સરસ્વતીનો સંયોગ મુશ્કેલ હોય છે.' ચન્દ્રાનને કહ્યું.

'આપનું એકેએક કાવ્ય અમારા પુસ્તકાલયમાં છે.'

'સંસ્કારી કુંટુબોની વાત જ જુદી છે...' પોતાનાં વખાણ સાંભળતાં ઊપજતા મૂર્ખતાદર્શક ભાવ ટાળવા ચન્દ્રનને વલ્લભદાસના કુટુંબને વખાણ્યું.

'અને રશ્મિની મા તો તમારાં પુસ્તકો અને તમારી છબી પણ પોતાના ખંડમાં જ રાખે છે...પત્નીના સંસ્કારનું પ્રદર્શન કરવું રહી જાય એ આજના ધનિકોને બિલકુલ ગમતું નથી. વાત પણ સાચી હતી. થોડાં સારાં પુસ્તકો અને થોડી સારી રીતે ગોઠવેલી છબીઓમાં ચન્દ્રાનનનાં પુસ્તકો અને તેની એક નાની છબીને પણ શશીકલાના ઓરડામાં સ્થાન હતું ખરું.

બહુ ઉત્સાહપૂર્વક ચન્દ્રાનન સાથે સવાલ-જવાબ અને વાર્તાલાપ થયા. મોટાઈની છાપ પામેલા વિદ્વાનો બહુ જ સાધારણ પ્રકારનું—અગર મૂર્ખાઈભર્યું પણ બોલે તો ય તેમના ભક્તોને એમાં ભારે ઊંડાણ રહેલું દેખાય છે. મોટા પુરુષો કેટલે વાગ્યે સૂએ છે અને કેટલે વાગ્યે ઊઠે છે, ચા કેટલી વાર પીએ છે, બીડીઓનો ધુમાડો કેવી ઢબે કાઢે છે, બીડી નહિ તો બીજાં કયાં વ્યસનોને તેઓ મહત્ત્વ આપે છે, તેઓ સતત લખે છે કે ટુકડે ટુકડે અને લખતાં વચ્ચે રુકાવટ થાય તો તેઓ ગુસ્સે થાય છે કે નહિ, ગુસ્સે થાય ત્યારે તેઓ બૂમો પાડે છે કે માત્ર આંખનાં ભવાં જ ચઢાવે છે, તેમને સંગીતનો શોખ ખરો કે નૃત્યનો, રોજ તેમને કેટલા પત્રો વાંચવા પડે છે અને કેટલા પત્રોના શા જવાબ આપવા પડે છે, જમવામાં ચમચા-કાંટા વાપરે છે કે ઈશ્વરેદીધી આંગળીઓ, તેઓ

કસરત કરે છે કે નહિ, અને કસરત કરતા હોય તો દંડબેઠક કાઢે છે કે લાંબે સુધી ફરવા જાય છે, ચંદ્ર સામે કેટલી વાર તેમને જોઈ રહેવું પડે છે, અને ક્યાં પુષ્પો વધારે પ્રબળ કવિતા લખાવે છે: આવા આવાં કૈંક કુતૂહલ વિદ્વત્તા અંગે જનતાને થાય છે. અને જેમ તેમના જીવનમાં વધારે વિચિત્રતા જડે તેમ તે વિદ્વાનની મહત્તા વધારે!

રાત્રે દસ વાગ્યે સૂઈ સવારે છ વાગે ઊઠતી વિદ્વત્તા કરતાં રાતના બે વાગ્યા સુધી જાગી બીજે દિવસે સવારે દસ વાગ્યે ઊઠતી વિદ્વત્તા વધારે મોટી ગણાય! નિર્વ્યસની સાક્ષર એ સાક્ષર નામને યોગ્ય ગણાય જ નહિ. જ્યારે દિવસના ચાર 'ટિન' સિગરેટનાં ખલાસ કરતો સાક્ષર સાક્ષરતાની સીમામાં જરૂર આવે; સિગરેટ પીતાં પીતાં છબી પડાવે તો તો એની સાક્ષરતા ખાસ દીપી નીકળે; અને પાસે આસવની શીશી હોય તો એની વિદ્વતાનો ઓર રંગ જામે! જેની તેની સાથે ઝગડી ઊઠતો સાક્ષર, સાક્ષરત્વના સાચા તણખા ધરાવતો ગણાય અને તમાચા મારી ઊઠતી સાક્ષરતા વગર વીરકાવ્ય લખી શકાય જ નહિ! એકની એક સ્ત્રીથી જ સંસાર ચલાવતા નીરસ કવિ કરતાં એક-બે પત્નીઓને છૂટાછેડા આપી ત્રીજી પત્નીને કાઢી મૂકવાની તૈયારી કરતો અને કઈ યૌવનાને ચતુર્થ પત્નીનું માન આપવું એની ઝડપી ગણતરી કરતો કવિ વધારે રંગીન કવિતા લખી શકે એ માન્યતા સ્વાભાવિક કહેવાય; અને જેની પ્રેમસાંકળનો પાર જ ન આવે એવા કવિની કવિતા જરૂર ચિરંજીવી ચિરંતન, અદ્યતન, ક્રાન્તિકારી અને વાસ્તવતા ભરેલા જીવનમંથનમાંથી જાગેલી જ ગણાવાની! લોકમાન્યતા મહત્તાને સીધી સાદી જોવા કરતાં રંગીન, ગુલાંટો ખાતી, ચક્કરે ચડેલી જોવી વધારે પસંદ કરે છે. સીધી ગાડી કે કારમાં બેઠેલા સાક્ષર કરતાં બકરાની બાબાગાડીમાં બેઠેલો સાક્ષર વધારે સાક્ષરતાભર્યો લાગે છે.

યુવક-યુવતીઓની બહુ ઇચ્છા છતાં ચન્દ્રાનનમાં, ચંદ્રાનનના જીવનમાં, ચન્દ્રાનનની દિનચર્યામાં અહાહા કહેવરાવે એવી કોઈ વિચિ-

ત્રતા કે વિલક્ષણતા દેખાયાં નહિ. તેમની સ્થિતિ સામાન્ય હતી; તેઓ નાનકડા ઘરમાં રહેતા હતા; પુસ્તકો જે આપે તેમાં પોતાનું પૂરું કરતા હતા; આટલું તો કવિઓને માટે જરૂરી જ ગણાય. પોતાનું કામ પોતાને હાથે કરી લેતા હતા; અને ઉજાગરાના ખાસ શોખીન ન હતા એ તેમની મહત્તા વધારનારાં તત્ત્વ ગણાય નહિ. તેમણે વાતચીતમાં ઉત્સાહી યુવક-યુવતીઓને સમજ પણ પાડી કે સાક્ષર અથવા કવિ થવા માટે માથે શીંગડું ઉગાડવાની જરૂર નથી. બીજા સામાન્ય માનવોની માફક જ સાક્ષરો અને કવિઓ ગુણ-અવગુણ તથા ખામી ખૂબીનાં પોટલાં હોય છે.

'મારામાં બહુ વિચિત્રતા ન લાગી, ખરું ?' ચન્દ્રાનને હસીને પૂછ્યું.

'એમ નહિ. પણ જે કલ્પના અને જે રસ તમે શબ્દોમાં પકડો છો, એ આપના સામાન્ય જીવનમાં કેમ શક્ય બને ?' એક યુવતીએ કહ્યું.

'જીવન પોતે જ એવું અસામાન્ય છે કે એ ધારે તે ઉપજાવી શકે છે. આખી જડ સૃષ્ટિને નાનકડું ચેતન કેવી દોરવણી આપી રહે છે એ જોશો તો જીવન પાસે તમે ચમત્કાર માગશો જ નહિ.' ચન્દ્રાનને કહ્યું.

'અમે ચમત્કાર નથી માગતાં; અમે સમજવા માગીએ છીએ.'

'વિશેષ શું સમજવું છે ?' ચન્દ્રાનને પૂછ્યું.

'આપને ખોટું તો નહિ લાગે ?'

'ખોટું લાગશે તો હું કહીશ અને તેનો જવાબ નહિ આપું. પૂછો જે ઇચ્છા હોય તે.' ચન્દ્રાનને યુવકમંડળને પ્રોત્સાહન આપ્યું.

'તમે કહ્યું કે તમે પરણ્યા નથી.'

'સાચું.'

'કેમ નથી પરણ્યા ? ઉંમર વીતી ગયા છતાં ?'

'આ પ્રશ્ન ખરો ! પરણવામાં બે વ્યક્તિઓની જરૂર છે. મને

કોઈ યુવતી ન પરણી એટલે હું હજી અપરિણીત છું.' હસીને ચન્દ્રાનને કહ્યું.

'જરા આગળ વધી હું પૂછું ?' રશ્મિએ રજા માગી.

'રજા માગવાની જરૂ નથી. પૂછ્યે જાઓ.'

'તમે સુંદર નાયક-નાયિકા ઊભાં કરો છો – સહુને ચોટ લાગે એવાં. તમને સ્ફુરણા – પ્રેરણા ક્યાંથી મળે છે ?'

'છોકરાં ! તમારે આજે એક રસકથા સાંભળવી જ છે, નહિ ? વારુ, હું તમને એક ટૂંકી વાત કહીશ.' ચન્દ્રાનને કહ્યું.

'આપણે ચા ઉપર કવિસાહેબની વાત સાંભળીએ તો ? બધું તૈયાર છે.' કાવ્ય અને સાહિત્યની કચકચ અધવચ છોડી ઊઠેલા વલ્લભદાસે ફરી આવીને બધાંને કહ્યું.

અને સહુ ચા-ધામમાં પહોંચ્યાં.

૩

સુંદર મેજની શૃંગારિત હાર ઉપર સુંદર વાનીઓ પીરસાઈ હતી. ધનિકગૃહની ચા એ માત્ર ચાનો પ્યાલો ન હોઈ શકે. અનેક સહકારી વાનીઓ વગરની ચા લૂખી, સૂકી, બેસ્વાદ બની જાય છે. શશીકલા આ બધી વ્યવસ્થા કરી અદૃશ્ય થઈ ગયાં હતાં. સહુ બેઠાં પછી મિજબાનની ખાલી ખુરશી નિહાળી વલ્લભદાસે કહ્યું : 'રશ્મિ ! તારી મા ક્યાં ? એ આવે એટલે ચા અને કવિસાહેબની વાત શરૂ કરીએ.'

'કોણ જાણે કેમ, આજે એની તબિયત જ બરાબર લાગતી નથી. હું બોલાવું...' કહી રશ્મિ ખુરશી ઉપરથી ઊઠી અને માને બોલાવી લાવી.

શશીકલા હજી સૌંદર્ય સાચવી શકેલી મધ્યા હતી. તે ભણેલી હતી. ધનિક પિતાની પુત્રી અને ધનિક પતિની પત્ની હોવાથી નગરની સંસ્થાઓમાં ઉપયોગી કામો પણ કરતી હતી અને એક સંસ્કારી

સન્નારી તરીકે સર્વત્ર પ્રતિષ્ઠા પણ પામી ચૂકી હતી. સંસ્કાર અને કલાને સંબંધકર્તા ઘણાખરા પ્રસંગોમાં તેની હાજરી અને ઉત્તેજન જરૂરી હોય જ. તેના પતિ વલ્લભદાસનું વ્યાપારમાં ઘસાતું ભણતર વ્યાપાર બહાર દીપી શકે એટલો ટેકો શશીકલા જરૂર આપી શકતી હતી. પુત્રીનું ભણતર પણ માતાના સંસ્કારને જ આભારી હતું. જાણે ગૌરવ અને સૌંદર્ય બે ભેગાં મળી આવતાં હોય એવી શશીકલાને નિહાળી પતિ વલ્લભદાસ તેમ જ પુત્રી રશ્મિ બંને રાજી થયાં. આવી પત્ની અને આવી માતા હોય એ પતિને તેમ જ પુત્રીને માટે અભિમાનનો વિષય ગણાય.

'મારી મા...આ ચન્દ્રાનન...છબીમાં છે એવા જ લાગે છે! નહિ?' રશ્મિએ મા અને ચન્દ્રાનનનો પરિચય કરાવ્યો. ચન્દ્રાનને અને શશીકલાએ પરસ્પર નમસ્કાર કર્યા. ક્ષણભર બન્નેએ આંખ મેળવી, ખસેડી અને ચા પીવા સહુ સાથે બેસી ગયાં. ચન્દ્રાનનની ખુરશી શશીકલાની પાસે જ હતી. માનવંત મહેમાનની ગોઠવણી એ જ ઢબે થાય. શશીકલાએ નીચે જોઈ ચન્દ્રાનનના પ્યાલામાં ચા તૈયાર કરી આપી. પછી સહુએ પોતપોતાની મેળે ચા પીવી શરૂ કરી.

'પછી. કવિસાહેબ! તમે શી વાત કહેવાના હતા?' વલ્લભદાસે દીવાનખાનામાં અટકાવેલી વાતચીત શરૂ કરવા સૂચન કર્યું.

'શાની વાત કહેવરાવો છો?' શશીકલાએ નીચું જોઈને જ પૂછ્યું.

શશીકલાએ બોલવા માંડયું એટલે વલ્લભદાસને આનંદ થયો. શશીકલા ઘરનું ભૂષણ હતી. વલ્લભદાસના મિત્રો અગર અમલદારો આવે ત્યારે તેમને વાતચીતમાં આંજી નાખવાની શશીકલા શક્તિ ધરાવતી હતી. વિદ્વત્તાના પ્રતિનિધિ સરખા કવિ ચન્દ્રાનનની સમક્ષ પણ શશીકલા ખીલી નીકળી તેમને તે આંજી નાખે, એમ વલ્લભદાસ ક્યારના ઇચ્છી રહ્યા હતા.

'કાંઈક રસકથા સંભળાવવાનું કહેતા હતા.' વલ્લભદાસે કહ્યું.

'કાંઈક નહિ...એમના જીવનની જ.' રશ્મિએ કહ્યું...

શશીકલાએ સહજ ઊંચે જોયું, અને પુત્રીને કહ્યું : 'કોઈના જીવનની કથા સાંભળવાનો આગ્રહ ન રાખીએ, બહેન!'

'આગ્રહ નહિ, અમે તો સમજૂતી માગીએ છીએ.' એક મિત્રે કહ્યું.

'શાની સમજૂતી?' શશીકલાએ ચા પીતાં પીતાં પૂછ્યું.

'કવિ ચન્દ્રાનનને પ્રેરણા કયાંથી મળે છે, એ સંબંધમાં...'

'મહેમાનને હેરાન ન કરી શકાય.' શશીકલાએ કહ્યું.

'મા! તારે...ઊલટો...અમને સાથ આપવો જોઈએ. શુષ્ક સાદા જીવનમાં – અપરિણીત જીવનમાં કવિ પ્રેરણા કેમ મેળવે, એ જાણવું જરૂરી નહિ શું?' રશ્મિએ કહ્યું.

'હા, હા. સાંભળવું જોઈએ. એમાં હરકત શી છે? ચન્દ્રાનન! આપને કાંઈ હરકત છે?' વલ્લભદાસે યૌવનનો પક્ષ લીધો. એમને તો માત્ર વાર્તારસ જ મહત્ત્વનો હતો.

'હરકત? વાત બહુ જ ટૂંકી છે. રસ પણ સહુને ભાગ્યે જ પડે...' ચન્દ્રાનન જરા ખમચાઈને બોલતા હતા.

'ભલે રસ ન પડે. અમારે સમજવું છે કે રસ વગરના જીવનમાંથી રસ કેમ સર્જી શકાય!' એક કિશોરીએ કહ્યું.

ચન્દ્રાનને સહજ આસપાસ જોયું, શશીકલા સામે જોયું. શશીકલાનું ગંભીર મુખ નીચું જ નમેલું હતું. સહુએ તાળી પાડી ચન્દ્રાનનને વાત કહેવાનું આહ્વાન આપ્યું.

'ટૂંકી વાત કહું, સામાન્ય ગમ્મત જેવી વાત કહું તો એટલું જ કે...મારે કબૂલ કરવું જોઈએ...એક સ્ત્રી-દેહ અને સ્ત્રી-આત્મા મારી કવિતાને હજી પ્રેરણા આપે છે...બસ?' ચન્દ્રાનને કહ્યું.

'શું કવિસાહેબ, તમે પણ! જરા સમજાય એવું તો કહો? કઈ સ્ત્રી? ક્યાં મળી?...' વલ્લભદાસે પૂછ્યું.

'કવિતાની... કલાની ... સ્ત્રીની ... કીર્તિની બધી ઘેલછાઓ

કૉલેજયુગમાંથી જ વળગે છે...' ચન્દ્રાનને કહ્યું.

'કબૂલ. પણ એ ઘેલછા લાગી શી રીતે?'

'સમજાવવું મુશ્કેલ છે...પરંતુ...ઘેલછાના એ યુગમાં એક મુખ ગમી જાય...એટલે એ ચન્દ્રમાં દેખાય, તારાનાં ઝૂમખાંમાં દેખાય, પુષ્પોની ગૂંથણીમાં દેખાય...અરે, ખાલી હવામાં પણ દેખાય! એનો કંઠ કોયલમાં સંભળાય, વાંસળીમાં સંભળાય...અને પછી શબ્દો એની આસપાસ ખીલતા જાય...બસ; એક વખત શબ્દ ઊતર્યા એટલે કવિતા આવી જ જાય!' ચન્દ્રાનને કહ્યું.

'પણ એ મુખ તમને હજી સુધી વર્ષો વીત્યા છતાં પ્રેરણા કેમ આપી શકે?' એક યુવતીએ શંકા પૂછી.

'અને એ મુખ ક્યાં ગયું?' એક યુવકે પ્રશ્ન કર્યો.

'જેનું એ મુખ હતું તેને પ્રથમ ખબર જ નહિ કે મારી કવિતાની પ્રેરણા એમાં હતી.'

'પછી ખબર પડી કે નહિ?'

'ખબર પડી...'

'તો પછી...એના વગરના કેમ રહ્યા, કવિસાહેબ?' વલ્લભદાસે પૂછ્યું.

'જે યુવતીનું એ મુખ હતું તે યુવતીને હું ભોળવી શક્યો હોત. પરંતુ...મેં એને મારું ઘર બતાવ્યું...નાનકડું...ગરીબડું ઘર...'

શશીકલાનો ચાનો પ્યાલો ધ્રૂજી સહેજ ચાનું પાણી રકાબીમાં ઢોળાયું. કોઈએ તે જોયું નહિ. બહુ જ છૂપી રીતે, બહુ જ ટૂંકામાં, એક અક્ષર પણ પડે તો આખી સાંકળ તૂટી જાય એવી ઢબે વાર્તાનાં બિંદુઓ ટપકાવતા કવિ ચન્દ્રાનનના શબ્દો ઉપર યુવકયુવતીનું ધ્યાન ટીંગાઈ રહ્યું હતું.

'એણે એ ઘર જરૂર પસંદ કર્યું હશે.' રશ્મિએ પૂછ્યું.

'ના; એને હું કદાચ પસંદ પડ્યો હોઈશ, પણ મારું ઘર પસંદ ન પડ્યું!'

'કેમ ?'

'એ એક ધનિકની પુત્રી હતી.' ચન્દ્રાનને કહ્યું.

'તેમાં શું ?' રશ્મિએ દઢતાપૂર્વક પૂછ્યું.

'તમને એમ લાગે...પણ વિચાર કરો. જે ઘરમાં એની ટચલી આંગળી પણ ન સમાય, એ ઘરમાં એનો પ્રવેશ થાય પણ કેમ ?'

'પછી ?'

'પછી શું ? જે ઘરમાં એનો સમાવેશ થાય તે ઘરમાં એ ચાલી ગઈ સ્વાભાવિક રીતે.'

'અને તમે ?'

'હું વધારે અને વધારે કવિતા લખતો થઈ ગયો.'

'એ કોણ હશે ?...તમને છોડીને...'

'એ બધી મેં વાર્તા જ કહી. ગમે તે નામ એ વાર્તાનાં પાત્રોને આપો !' ચન્દ્રાનને કહ્યું.

'માને ખબર હશે...ક્યાં ગઈ મા, એટલામાં ?...આપણને ખબર પણ ન પડી !...આજ એને કાંઈ થાય છે, ખરું ?' રશ્મિએ કહ્યું. ખરેખર ચન્દ્રાનનની વાર્તામાં ધ્યાન રાખી રહેલાં સહુ કોઈને ખબર પણ ન પડી કે શશીકલા ક્યારે ઊઠીને અદૃશ્ય થઈ ગયાં.

'એને ક્યાંથી ખબર હોય ?' વલ્લભદાસે પૂછ્યું.

'એક વખત ચન્દ્રાનનનું પુસ્તક આપણે ખરીદ્યું ત્યારે એણે કહેલું કે કદાચ એ કોલેજમાં ચન્દ્રાનનની સાથે હતી !' રશ્મિએ કહ્યું.

૪

ચન્દ્રાનનને પૂરતું માન આપી સહુએ વિદાય કર્યા અને ભેગાં થયેલાં મિત્રમૈત્રિણીઓ પણ છૂટાં પડ્યાં.

રશ્મિના મનમાં ખટક રહી ગઈ હતી. ચંદ્રાનને વિચિત્ર ઢબે કહેલી એની ટૂંકી વાર્તાની નાયિકાનું નામ કદાચ એની માતા શશીકલા જાણતી પણ હોય. તે દોડતી મા પાસે ગઈ, અને...અને...ખંડના

દરવાજા આગળ આવતાં અટકી ગઈ!

શશીકલા એક પુસ્તક ઉપર શીશ ઢાળી એકલી એકલી રુદન કરતી હતી.

એ પુસ્તક ચન્દ્રાનનનો કાવ્યસંગ્રહ તો નહિ હોય? અને... ચન્દ્રાનને વર્ણવેલી ધનિક પુત્રી...વર્ષો પહેલાં કોણ હોઈ શકે?

રશ્મિએ પોતાની શંકા માને પૂછવાનું માંડી વાળ્યું.

# સિનેમા જોઈએ

## ૧

મારે અને વીણાને ખૂબ ઝઘડો થયો. પતિપત્ની વચ્ચે ઝઘડો થાય એમાં બહુ નવાઈ નહિ. પતિ સહજ મશ્કરી કરે એમાં પત્નીને ખોટું લાગી જાય! પત્ની કહે કે, કલબમાં બહુ વાર ફરો છો, તો પતિને ખોટું લાગી જાય. પત્ની ચા લાવતાં બે મિનિટ મોડું કરે એટલે પતિને એમ જ થાય કે પત્નીને પતિના સમયનું ભાન નથી. પત્ની કહે: 'હમણાં પેપર ન વાંચશો. મારી સાથે વાત કરો.' અને પતિ વાત ન કરતાં રસભર્યા સમાચારો વાંચ્યા કરે તો પત્નીનું મુખ ચઢે!

સંભવ છે કે પુરુષો પણ આવી પતિપત્નીની ઝપાઝપીમાં કદી રડી પડતા હશે! પરંતુ મોટે ભાગે પુરુષમાનસને સારી સમજી ચૂકેલી પત્ની પતિના રડતા પહેલાં પોતે જ રડી પડે છે; અને પતિને એ તક મળે તે પહેલાં જ રુદનથી પતિને મુશ્કેલીમાં મૂકી દે છે! પત્નીની આંખમાં આંસુ આવતાં બરોબર પતિની પરિસ્થિતિ ગુનેગાર સરખી બની જાય છે, અને સંજોગ અનુસાર પતિ પત્નીને મનાવે છે, સમજાવે છે, પટાવે છે, નમન કરે છે, પગે લાગે છે અગર

કોઈ નવું ઘરેણું વસાવવાનું વચન આપે છે!

વળી પુરુષોની પ્રણાલિકા પુરુષરુદનની વિરુદ્ધ જાય છે. પુરુષથી પત્ની સાથેના ઝઘડામાં કદી રડાય જ નહિ એવો સમાજનો અલિખિત કાયદો છે, અને પુરુષોને પાળવો જ પડે છે.

અને પુરુષો અપવાદરૂપે એ કાયદો કદાચ ન પાળે તો રડતા પતિને કોઈ પણ પત્ની કદી મનાવતી, સમજાવતી કે પટાવતી નથી; ઊલટું, અથવા રોતલ પતિને તે હસે છે અને તિરસ્કારે છે. સ્ત્રીપુરુષના સમાન હક્કની બાબતમાં રુદનનો પતિહક્ક હજી સ્વીકારાયો નથી.

આ વિવેચનની જરૂર એટલા માટે કે બીજી સ્ત્રીઓની માફક વીણા ઝટ રડતી નથી—અરે, કદી રડતી નથી એમ કહું તો ચાલે! રડવાથી ઝઘડાનો ઝટ નિકાલ આવી જાય છે. પરંતુ જીભાજોડીમાં પત્ની પોતાના હક્કને વળગી રહી રુદન ઉપર ન જ ઊતરે તો પછી બીજું શું થાય? ઝઘડો વધે જ. આમ એક દિવસ અમારો ઝઘડો વધી ગયો.

વીણા મારા જેટલું જ ભણી હતી. કદાચ મારા કરતાં એના 'માર્ક્સ' પરીક્ષામાં વધારે પણ હશે! સ્ત્રીઓને જ્યારથી નોકરીમાં પ્રવેશ મળ્યો છે ત્યારથી એ પણ બીક રાખવાની જ કે પુરુષ કરતાં સ્ત્રીને વહેલી અને વધારે પગારની નોકરી મળે એ બહુ જ સંભવિત ગણાય! એવી સ્ત્રીઓને પત્ની તરીકે પાળવી એ પુરુષને માટે જોખમભરેલું થઈ પડે છે!

પરંતુ એ જોખમ ખેડચા વગર કોનું ચાલ્યું છે? આમે ઓછું ભણેલી સ્ત્રી જોખમરૂપ તો છે જ. ભણેલી સ્ત્રી ભારે જોખમરૂપ!

ઝઘડામાં હું વધારે સખત થયો, પરંતુ તે રડી નહિ; મારા મનમાં હતું કે જરા કડકાઈ બતાવું અને વીણા રડી પડે તો વિશ્વ-નિયમ અનુસાર સમાધાન સરળ બની જાય. ભમ્મર ચઢાવી મેં કહ્યું : 'વીણા! છૂટાછેડાનો કાયદો હવે હિંદુ સંસારને લાગુ પડચો છે, હો!'

'પણ તે તો સ્ત્રી અને પુરુષ બન્નેને માટે છે ને?' વીણાએ ગભરાઈ જવાને બદલે મને સામે પ્રશ્ન કર્યો.

'એમ? તારે છૂટાછેડા લેવા છે? મને હરકત નથી.' મેં અત્યંત ગુસ્સામાં આવી કહ્યું.

'સૂચનાની પહેલ તારી હતી.' વીણાએ એટલી ઠંડકથી કહ્યું કે મારો ગુસ્સો પ્રજળી ઊઠયો.

'વારુ! એની જ વ્યવસ્થા કરવા હું જાઉં છું.' કહી હું ઊભો થયો, કપડાં પહેર્યાં અને બહાર નીકળી ગયો.

૨

સીધો હું મારા એક ઓળખીતા વકીલને ત્યાં પહોંચી ગયો. છૂટાછેડાનો કાયદો પૂરો સમજી તે પ્રમાણે અદાલતે કેવી રીતે પહોંચાય તેની મારે માહિતી તત્કાલ જોઈતી હતી. મુસ્લિમ ધોરણ અનુસાર ત્રણ વાર 'તલ્લાક' બોલવાથી છૂટાછેડા મળી ગયા એમ ઠરતું હોત તો હું તે ધોરણ સ્વીકારી લેત એવો ક્રોધ મને ચઢ્યો હતો.

પરંતુ કમનસીબે વકીલ ઘરમાં ન હતા. ત્રણેક કલાક માટે બહાર નીકળી ગયા હતા. કમાણી કરી મૂકી બહાર રખડવાની વકીલોને ટેવ પડે એ મને જરા પણ ગમ્યું નહિ. વકીલના ઘરની બહાર આવી ક્યાં જવું એની મને સૂઝ પડી નહિ. બેત્રણ કલાક ક્યાં ગાળવા? છૂટાછેડાનો કાયદો સમજી વીણાને ખબર પડે એવી વ્યવસ્થા કર્યા સિવાય ઘેર ન જવું એવો મારો નિશ્ચય હતો. ઉદ્દેશહીન ડગલાં માંડતાં મેં એક સિનેમાગૃહ ઉપર 'છબીલીના છૂટાછેડા' નામના પરદેશી ચિત્રનું પાટિયું વાંચ્યું અને સેંકડો લોક ટિકિટબારી ઉપર જમા થયેલા મેં જોયા.

મારું મન રાજી થઈને બોલી ઊઠયું: 'છૂટાછેડાનો હિંદમાં પણ રસ વધતો જાય છે.'

આમે મને ચિત્રો જોવાનો તો ઠીકઠીક શોખ હતો યૌવનને અનુકૂળ બધી જ વસ્તુઓ મને ગમતી. ત્રણ કલાક ગાળવાનું ચિત્રદર્શનમાં

સારું સાધન મળશે એમ ધારી ઊંચામાં ઊંચી ટિકિટ ખરીદવા હું ખાસ ટિકિટબારી તરફ ગયો. મેં ટિકિટ માગી. મને જવાબ મળ્યો : ટિકિટ બંધ છે.'

'બીજા કોઈ કલા..ની ?' મેં પૂછ્યું.

'ના...પણ સાહેબ ! આપની ટિકિટ તો લેવાઈ ગઈ છે.' મારા મુખ સામે જોઈ ટિકિટ આપનારે મને કહ્યું. એ માણસ મને ઓળખતો લાગ્યો.

'મારી ટિકિટ વળી કોણે લીધી ?' મને આશ્ચર્ય થયું એટલે મેં કહ્યું.

'કેમ ? બહેન ક્યારનાં આવીને બેઠાં !' ટિકિટ આપનારે કહ્યું.

'બહેન ? મારે કોઈ બહેન જ નથી ! મને ઓળખ્યા વગર આ માણસ કાંઈનું કાંઈ ભરડયે જાય છે શું ?

'બહેન ? બહેન કોણ ?' મેં જરા ચિડાઈને પૂછ્યું.

'કેમ સાહેબ ? આપના ઘરમાંથી વળી ! આપને સીટ બતાવું, ચાલો !'' ટિકિટ આપનાર કદાચ મને તો ઓળખે ! ઉપરાંત મારા ઘરમાંથી પણ ઓળખે ? આપણે ધારીએ એના કરતાં વધારે ઝડપી મુખપરીક્ષા દ્વારરક્ષકો અને ટિકિટો આપનારને હોવી જોઈએ !

ટિકિટ ઑફિસમાંથી નીકળી ટિકિટ આપનારે મને આગળ દોર્યો. આ સંજોગોમાં મારે ના કહી ચાલ્યા જવું એ મૂંઝવણભર્યું કામ હતું. શૂન્ય હૃદયે હું તેની પાછળ પાછળ ચાલ્યો. આખું ચિત્ર-ગૃહ ચિક્કાર ભરેલું હતું. એકાએક અંધારું થયું અને ચિત્ર શરૂ થતાં પહેલાંની જાહેરાતો અને અન્ય ચિત્રટુકડા શરૂ થઈ ગયા. અંધારામાં મારાથી કાંઈ જ દેખાતું ન હતું. પ્રેક્ષકોના પગની અંટેવાળીએ આવતો, બેઠક ન હોય ત્યાં બેસી જવાની તૈયારી કરતો હું એક ખૂણા તરફ દોરાયે ગયો. કોઈનું મુખ દેખાતું ન હતું; માત્ર હાથબત્તીનો પ્રકાશ સહુના પગનું દર્શન કરાવતો હતો.

ખૂણાની એક ખાલી ખુરશી ઉપર પ્રકાશ વેરી મને દોરવણી આપનારે કહ્યું : 'સાહેબ ! અહીં ખાલી જગા છે.'

'જગા ખાલી નથી.' એક યુવતીનો કંઠ સંભળાયો.

વીણાનો જ એ કંઠ !

'ખાલી છે ને, બહેન ?'

'કોઈ મારી સાથે ન બેસે એ માટે મેં વધારાની ટિકિટ લઈ જગા ખાલી રાખી છે.' વીણા બોલી. એના અવાજમાં વિરોધ હતો.

અંધારામાં નવો આવેલો હું વીણાનું મુખ જોઈ ન શકું; પરંતુ અંધારામાં ટેવાયલી વીણાની આંખ જરૂર મને જોઈ ઓળખી શકતી હતી ! છતાં મને પાસે બેસવા દેવાનો વીણા વિરોધ કરતી હતી ! ખાલી ખુરશી હોવા છતાં !

'સાહેબ આવ્યા છે...આપના ઘરમાંથી. દોરવણી આપનારે કહ્યું અને હું વિરોધ છતાં ખાલી ખુરશી ઉપર બેસી જ ગયો ! જોર-પૂર્વક ધમપછાડ કરીને હું બેસી ગયો. લોકો આ વાતચીત બંધ થાય એમ ઇચ્છી સિસકારીઓ કરવા લાગ્યા હતા એટલે વીણા કાંઈ વધારે બોલી નહિ; પરંતુ હું પાસે બેઠો હતો તેનું એ ધ્યાન પણ વીસરી ગઈ. ચિત્ર તો શરૂ થઈ ગયું હતું એટલામાં !

૩

ચિત્ર શરૂઆતથી જ હસાવે એવું હતું. પરિણીત જીવનમાં બિન-અનુભવી પતિપત્ની નાની બાબતોમાં કેવાં ઝઘડી પડે છે, કેવી ગેર-સમજમાં ફસાય છે અને ખોટા મમતે ચડી જીવનનું નાવ કેવા ખરાબે અથડાવી દે છે તેની પ્રસંગપરંપરા ચિત્રમાં આબેહૂબ રજૂ થતી હતી. પૂર્વનું કે પશ્ચિમનું માનવજીવન અંતે તો એક જ છે ને ? આખો પ્રેક્ષક વર્ગ ખડખડાટ હસ્યે જ જતો હતો. મને પણ ખૂબ હસવું આવતું. આપણા જીવનના ગંભીરમાં ગંભીર ઝઘડા કેવા ક્ષુલ્લક, ભૂલવા પાત્ર, કદી ધ્યાનમાં ન લેવા જેવાં કારણોમાંથી

જાગી ઊઠે છે, એનો સચોટ પણ ખૂબ હસાવતો ખ્યાલ એ ચિત્ર આપ્યા જ કરતું હતું. પતિપત્ની બહુ ગંભીર હતાં. બહુ જ સાચું લડતાં હતાં અને છૂટાછેડાને માટે તલપી રહેવા જેવી તૈયારી બતાવતાં હતાં; પરંતુ પ્રેક્ષકો એ ઝઘડા પાછળ નજીવી વાતચીત કે વર્તન હતાં તે સમજી લઈ ખૂબ હસતાં હતાં.

હસતાં હસતાં મેં મારો પગ સહજ લંબાવ્યો, અને તે વીણાના પગને અડકી ગયો! અમે બન્ને હસતાં હતાં એ સાચું; પણ એક બીજા સામે હજી અમે નજર પણ માંડી ન હતી. વાત તો કરીએ જ કેમ – આટલા ઝઘડા પછી? વીણાએ પગ ખસેડી લીધો અને હું જ એકલો સાંભળું એમ બોલી ઊઠી : 'પગ કેમ અડાડે છે?'

'આમ!' કહી ચાહીને મેં વીણાના પગને ફરી મારો પગ અડાડ્યો.

વીણાએ પગ વડે મારા પગ ઉપર જોરથી પ્રહાર કરી પોતાનો પગ ખસેડી લીધો. મને ઠીક ઠીક વાગ્યું. મેં પણ એકલી વીણા જ સાંભળે એમ કહ્યું : 'એકલો પગ નહિ! હું હવે હાથ પણ તને અડાડીશ. પછી કાંઈ?' કહી મેં કોઈ દેખે નહિ એમ તેના પગ ઉપર હાથ મૂકી દીધો.

હાથ મૂકતાં તો મૂક્યો, પરંતુ મને હાથ ઉપર જાણે વીંછીનો ડંખ વાગ્યો હોય એવી વેદના થઈ આવી! આછી સિસકારી મારા મુખમાં પ્રગટ થઈ; પરંતુ સદ્‌ભાગ્યે આખું પ્રેક્ષકગૃહ ખડખડાટ હસતું હોવાથી મારી વેદનાફૂંક કોઈએ સાંભળી નહિ.

, હાથ ખસેડી લે.' વીણાએ કહ્યું. એણે પોતાની ચૂંટી હળવી કરી હતી.

'નહિ ખસેડું.' મેં પણ મમતે ચડીને કહ્યું.

'તો હું તને બીજી ચૂંટી ખણીશ.' કહી બે વીંછી એક સાથે એક જ સ્થળે ડંખ મારે એવી મહા વેદનાકારી બીજી ચૂંટી વીણાએ મારા હાથ ઉપર ભરી લીધી.

અમે ચિત્રગૃહમાં પણ આમ ઝઘડતાં હતાં! પણ તે કોઈએ જોયું નહિ. ચિત્રગૃહનું અંધારું અને ચિત્ર તરફ ખેંચાતું સહુનું ધ્યાન અનેકાનેક પેટા નાટકો ભજવવાની તક આપે છે, એ ચિત્રપટના શોખીનોને અજાણ્યું નથી. ચિત્ર ચાલ્યા કરતું હતું. મેં મારો અડકેલો હાથ વીણાના દેહ ઉપરથી ખસેડ્યો જ નહિ! વીણાની ચૂંટી – જબરદસ્ત ચૂંટી – ચાલુ જ હતી! ઘા વાગ્યા પછી ઘાની ભડક અને વેદના સ્થિર બની જાય છે. ચામડી ઊખડે તો ભલે, પણ હાથ ખસેડવો જ નથી એવો નિશ્ચય મારા મને કર્યો, અને એ નિશ્ચય મેં પાળી રાખ્યો!

ચૂંટીની વેદના કેવી હોય છે એનો પ્રત્યેક પતિને અનુભવ હોવો જોઈએ. ન હોય તો તે અનુભવ લેવા સરખો છે. એ સિવાય લગ્નના જોખમનો ખ્યાલ કદી આવે એમ નથી.

ચિત્ર પૂરું થવા આવ્યું હતું. અદાલતમાં લગ્નવિચ્છેદ માગતાં પતિપત્ની કોઈનાં સમજાવ્યાં સમજતાં ન હતાં ન્યાયાધીશે અંતે લગ્નવિચ્છેદનો ઠરાવ લખ્યો અને પતિપત્ની બન્નેને એકલાં પોતાની 'ચેમ્બર'માં બોલાવી ઠરાવ વાંચી સંભળાવ્યો. પતિપત્ની એક બીજાનાં દુશ્મન હોય એમ એકબીજાની સામે જોઈ રહી છૂટાં પડતાં હતાં, અને સહજ સ્મિત કરી ન્યાયાધીશે કહ્યું : 'આ ઠરાવ તો મેં તમારી પસંદગી અર્થે વાંચી બતાવ્યો. આઠ દિવસ પછી આ અદાલતમાં તમે બંને સાથે આવજો. એ આઠે દિવસ તમે લગ્નવિચ્છેદની માગણી કરી છે એ આખી વાત જ ભૂલી જજો. નવમે દિવસે હું તમારો પસંદ કરેલો ઠરાવ તમને ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીશ. ત્યાં સુધી તમારું લગ્ન ચાલુ જ છે.'

આઠ દિવસ વીત્યા પછી પતિપત્ની અદાલતમાં આવ્યાં ખરાં, પરંતુ બંનેએ સાથે જ માગણી કરી કે તેમનું છૂટાછેડાનું આખું કામ રદબાતલ કરવામાં આવે.

ન્યાયાધીશે હસીને પૂછ્યું : 'તો આ લખેલો ઠરાવ ફાડી નાખું ?'

'હા જી.' બંનેએ એક સાથે કહ્યું.

'અને ધારો કે હું એ ઠરાવ ફાડી ન નાખું તો?'

'સાહેબ! આપ એ ઠરાવ ભરઅદાલતમાં વાંચશો તો ય અમે છૂટા પડનાર નથી.

'ફરી આ અદાલતમાં આવશો તો હું તમને ઊભા પણ નહિ રહેવા દઉં, હો!' ઠરાવનાં કાગળિયાં ફાડતાં ફાડતાં ખોટી ગંભીરતાપૂર્વક ન્યાયાધીશે કહ્યું. અને સહુના ખડખડાટ હાસ્ય વચ્ચે બંને પક્ષકાર પતિપત્નીના વકીલોએ યુગલને ફૂલહાર કરી પોતાનું સારી રકમનું બિલ મેળવી લેતાં ચિત્ર સમાપ્ત થયું.

૪

ચિત્ર સમાપ્ત થતાં બરાબર અજવાળાં અજવાળાં વ્યાપી રહ્યાં. પ્રેક્ષકોના મુખ ઉપર હાસ્ય અને આનંદની રેખાઓ હજી ઊપસેલી જ હતી. અજવાળાના પ્રભાવમાં વીણાએ મારા હાથ ઉપરથી ચૂંટી ખસેડી લીધી અને મમતમાં જ તેના પગ ઉપર મૂકેલો મારો હાથ મેં પણ ખસેડી લીધો.

વીણા સામે નજર પણ કર્યા વગર હું બીજે દ્વારેથી જવા વળ્યો. પણ વીણાએ એક ઝીણી ચીસ પાડી: 'અરે! અરે! તારા હાથમાંથી તો લોહી નીકળે છે!'

ખરે, ચૂંકી ખણી હતી તે સ્થાનેથી લોહી નીકળતું હતું.

'બંધ થઈ જશે...હરકત નહિ.' મેં કહ્યું અને આગળ ડગલું ભર્યું.

'મારી સાથે જ ડૉક્ટરને ત્યાં તારે આવવાનું છે...હાય! કેટલું વાગ્યું?' વીણા પોતાના રૂમાલ વડે રુધિર લૂછતાં બોલી.

મેં તેને કહ્યું નહિ કે એ રુધિર તેની ચૂંટીને પ્રભાવે જ વહી રહ્યું હતું. એકબે મિત્રોએ પૂછ્યું પણ ખરું, પરંતુ સહજ વાગ્યું છે કહીને સહુની જિજ્ઞાસા મેં તૃપ્ત કરી. બહાર નીકળતાં જ વીણાએ

એક 'ટેક્સી' ભાડે કરી લીધી, અને મને ઝડપથી અંદર બેસવા વીણાએ ઇશારો કર્યો. હું જરા અટક્યો. મને હજી છૂટાછેડાનો નશો પૂરો ઊતર્યો ન હતો. વીણાએ સહુના દેખતાં મને હડસેલી પહેલો બેસાડ્યો, પછી પોતે બેઠી અને ડૉક્ટર પાસે મને લઈ ગઈ.

'જુઓને, ડૉક્ટર સાહેબ ! આ લોહી હજી બંધ થતું નથી.' વીણાએ જાણે તેની જાતને જ વાગ્યું હોય ચિંતાગ્રસ્ત સાદથી કહ્યું.

'શું વાગ્યું ?' ડૉક્ટરે મારા હાથ ઉપરનું લોહી લૂછી પાટો બાંધતાં પૂછ્યું.

'ખબર નથી...ખુરશીની ચીમટી ભરાઈ હોય...' મેં કારણો શોધવા માંડ્યાં.

'ભમરી કરડે તો આવું લોહી ન નીકળે... કોઈ હિંસક પ્રાણીના નખ વાગ્યા લાગે છે.' ડોકું હલાવી પાટો બાંધતાં ગંભીરતાપૂર્વક ડૉક્ટર બોલ્યા. એમની ગંભીરતામાં આછી આંખચમક હતી.

શું ડૉક્ટર સાહેબ ! તમે પણ ? સિનેમા જોઈને પાછા આવીએ છીએ ! કોઈ બિલાડીને મેં ઓછી જ પાસે બેસાડી હશે ?' હસીને મેં કહ્યું.

વીણાના મુખ ઉપર પણ અત્યાર સુધી ન જોયેલું સ્મિત મેં નિહાળ્યું, અને શાનો ઘા વાગ્યો હશે એનો નિર્ણય કરવાનું ગંભીર ડૉક્ટર ઉપર છોડી અમે ઘેર આવી ગયાં.

વીણાએ ઘડીઘડી રાતમાં મારી ખબર રાખ્યા કરી. હવે લોહી બંધ થયું કે નહિ? ચરચરાટ ઘટ્યો કે કેમ ? હાથે ઠંડક વળી કે નહિ ? મને ઊંઘ આવશે કે કેમ ? એવા એવા પ્રશ્નોમાં એણે અનિદ્રિત રાત ગુજારી– જોકે મને તો બહુ જ સારી ઊંઘ આવી.

બીજે દિવસે ચાપીતાં પીતાં મેં વીણાને પૂછ્યું : 'વીણા ! કાલે આપણે શી બાબતનો ઝઘડો હતો ?

'તને યાદ હોય તો તું જાણે ! મને તો કાંઈ જ યાદ નથી.' વીણાએ કહ્યું.

'પણ આપણે છૂટાછેડા સુધી પહોંચી ગયાં એ ઝઘડો ગંભીર તો હશે જ ને ? મને યાદ નથી આવતું કે કઈ બાબતમાં આપણો વિરોધ...'

'ચૂંટી ફરી ખાવી છે ? જો ઝઘડાની કે છૂટાછેડાની વાત પણ હવે કરી છે તો યાદ રાખજે !' વીણાએ મને ધમકાવ્યો, અને ચૂંટીની બીક બતાવી એ જુદું !

'તારે શરણે છું ! હવે કાંઈ ?' કહી મેં મારા બન્ને હાથ ઊભા કર્યા, અને વીણાની આંખમાંથી આંસુની ધારા વહી રહી !

'અરે ! અરે ! મેં તને આટલું બધું વગાડયું ?' કહી રડતાં રડતાં વીણાએ ફરીથી મારા હાથ ઉપર પાટો બાંધ્યો.

મેં વીણાનાં આંસુ ચૂમી લીધાં એમ આ ગાંધીયુગમાં બોલાય ખરું ?

# મને વખત નથી

૧

આ એક રસિક વાર્તા નથી. ટૂંકી નોંધ માત્ર છે. એક સાચા બનેલા પ્રસંગની નોંધ છે. અને એમાં નાયક છે એટલા પૂરતી એને વાર્તા કહો તો જુદી વાત!

લોકશાસનમાં પત્રકારોને અને નેતાઓને પરસ્પર સ્નેહ, સંબંધ, સગપણ ઘણું વધી જાય છે. પત્રકારોને અને નેતાઓ અને નેતાઓ વડે પત્રકારો. અલબત્ત, નેતાઓ એમ માનતા નથી એ જુદી વાત છે.

નેતાઓ પોતાના નેતૃત્વનો આધાર પોતાની સેવાવૃત્તિ ઉપર રહેલો માને છે. છતાં પોતાના ભાષણની લાંબી નોંધ, પોતાની સભાનો ઝળકતો અહેવાલ; પોતાની સુશોભિત છબી, પોતાના કાર્યક્રમના સમાચાર અને પોતાનાં નિવેદનો અમુક પાન ઉપર અમુક ઢબે જ આવે છે કે નહિ તેની બહુ જ કાળજી રાખતા હોય છે. એટલે નેતાગીરીએ પત્રકારોને છેક કાઢી નાખવા જેવા તો ન જ કહેવાય. તેમની ઇચ્છાનુસાર અહેવાલો ન આપીએ તો તેમને ખોટું પણ લાગે છે એ હું જાતઅનુભવથી જાણું છું.

હું હજી પીઢ પત્રકાર નથી. પાંચછ વર્ષનો શિખાઉ પત્રકાર

કહેવાઉં. છતાં નેતાઓ ઉપર અમારું ઘણું અવલંબન રહે છે – જાહેર-ખબરો બાદ કરતાં–એ હું બેધડક કબૂલ કરું છું. એમના વ્યાખ્યાનોથી અમારાં કૉલમો ભરાય છે, એમની છબીઓથી અમારી કલા પોષાય છે, એમની વાતચીતમાંથી નવનવા સમાચારો ઊભા થાય છે, એમના સ્મિતમાંથી મહાપ્રશ્નો ઉકેલાય છે અને એમના મૌનમાંથી ગહન પ્રશ્નો જન્મે છે. એટલે પત્રકારોને તો નેતાઓ વગર ચાલે જ નહિ.

જે પક્ષ જોરમાં એ પક્ષનો બહુબોલો સભ્ય એ અમારે મન નેતા. જોકે નિર્બળ પક્ષને હસવા માટે પણ અમે સ્થાન આપી અમારું ન્યાયીપણું સિદ્ધ કરીએ છીએ ખરા. જેને પક્ષ નહિ એનું પત્રકારિત્વમાં જ અસ્તિત્વ નહિ; સિવાય કે એ પક્ષહીન પુરુષ ગાંજો વેચતાં પકડાયલો પુરબિયો હોય, ખૂન કરી ભાગી ગયેલો બહારવટિયો હોય, કોઈની પરણેતરને ભગાડી ગયેલો રસિક પડોશી હોય અગર તપાસ ન થઈ શકે એવા ગામમાં ગાય જેવા મુખવાળું બાળક જેના ઘરમાં અવતર્યું હોય એવો કોઈ ભાગ્યશાળી ગ્રામવાસી હોય!

અમારા શહેરના મહાન નેતા ભગવાનદાસથી ભાગ્યે જ કોઈ અજાણ્યું હોય. એમના નેતૃત્વ નીચે ઘણી સભાઓ ભરાઈ, ઘણા સમારંભો ગોઠવાયા, ઘણી લડતો લડાઈ અને ઘણી જેલજાત્રાઓ પણ થઈ ચૂકી. સ્વરાજ્ય આવવામાં તેમનો સક્રિય ફાળો ઘણો મોટો. પ્રધાનપદ માટેની પૂરી લાયકાત છતાં રહી ગયેલા અનેક નેતાઓમાં તેમનું સ્થાન આગળ હતું. પરંતુ તેઓ પોતાના અસંતોષ આગળ કરી સેવાકાર્યમાં પાછળ પડી જાય એવા સ્વાર્થી ન હતા. આમ સ્વરાજ્ય આવ્યા છતાં, ઓછાં લાયક માણસો પ્રધાનની ખુરશીઓ ઉપર ઠસી જવા છતાં, ભગવાનદાસનું નેતૃત્વ તો ચાલુ રહ્યું જ. એમની હાજરી વગર જિલ્લાનું એક પણ કામ આગળ વધી શકતું નહિ. દેશને સ્વરાજ્ય મળ્યા છતાં હજી અંગ્રેજી ભાષાનો અને અમલદારોનાં અંગ્રેજી હોદ્દાનામોનો મોહ હજી તલભાર પણ ઓછો થયો

નથી એમ ટીકા રૂપે કહેનાર નેતાઓનો પણ મોહ સહુના સરખો જ હોય છે એટલે બ્રિટિશ અમલ દરમિયાન ઓળખાતા કલેકટરો અને ડેપ્યૂટી તથા એસીસ્ટન્ટ કલેકટરો હજી એ જ નામથી ઓળખાય છે. તેમને પોતાને તેમ જ પ્રજાજનોને પણ બીજાં દેશી નામે અમલદારોને ઓળખાવવામાં ભારે અપમાન લાગે છે. એ કલેકટરો, ડેપ્યૂટીઓ તેમ જ એસીસ્ટન્ટોની કાર્યપદ્ધતિનો ધ્રુવ ભગવાનદાસની ધોળી ટોપી જ હતો. અને ભગવાનદાસની વાતમાં પણ કમિશ્નર, કલેકટર, ડેપ્યૂટી કે કોઈનો હિસાબ હોય એમ લાગતું જ નહિ.

'એમાં શું? કમિશ્નરને કહું!' 'કલેકટર ઉપર ચિઠ્ઠી લખી આપું!' 'મામલતદાર? એને પાંશરો કરવો છે? વાર શી!' આવા આવાં વાકચોની ફૂલકણીઓ ફોડતા ભગવાનદાસભાઈનું આપણા લોકજીવનમાં કેટલું ભવ્ય મહત્ત્વ હશે તે સહજ સમજી શકાય એમ છે. બ્રિટિશ અમલમાં કલેકટર કમિશ્નરની સાથે 'સાહેબ' શબ્દ લગાડવામાં આવતો હતો તે હવે અદશ્ય થઈ ગયો છે, એટલો વિવેકમાં તેમ જ પ્રજાકીય હક્કના ભાનમાં વધારો થયો છે એ નોંધ જરૂર કરવી જોઈએ.

## ૨

હું ઘણું ખરું ભગવાનદાસભાઈ પાસે જતો. એઓ પોતે ભગવાનદાસભાઈ કહેવાતા એ સ્વરાજ્યમાં કોઈએ ભૂલવું ન જોઈએ. બાજરીના ભાવ વધશે કે ઘટશે? સડેલા ઘઉં મળતા ક્યારે બંધ થશે? ખાંડ મેળવવા શું કરવું? અને મારે પત્રકાર તરીકેનું વધારે જોઈતું કેરોસીન ક્યાંથી લાવવું? કાશ્મીર સંબંધી ભગવાનદાસભાઈનો શો મત છે? અને ડાંગની ભાષા ગુજરાતી છે કે મરાઠી એ વિષે ભગવાનદાસભાઈ શું માને છે? અંગ્રેજોનાં બાવલાં શહેરમાંથી ઉઠાવી લેવાની દેશાભિમાનથી ભરપૂર જેહાદનું અંતિમ પરિણામ કોઈ દિવસ ગાંધીજી કે જવાહરલાલની છબીઓ દૂર કરવામાં પણ આવે કે કેમ? સૂરત

નવસારીની જિલ્લા રચનામાં વલસાડ અંતે ફાવી જવાનું છે એમ લોકો કહે છે, એ વિશે ભગવાનદાસભાઈ કાંઈ પ્રકાશ પાડશે કે કેમ? વગેરે પ્રશ્નો પૂછવાના તો હોય જ. સ્વરાજ્ય આવ્યા પછી પ્રશ્નો ઠીક ઠીક વધી રહ્યા છે, એટલે ખબરપત્રી તરીકે મારે તેમની પાસે રોજ જવું-આવવું થાય જ. મારો અને તેમનો અંગત સંબંધ પણ વધતો જતો હતો. તેમનાં ઘરનાં સ્ત્રી-બાળક વર્ગ સાથે પણ મારો પરિચય ગાઢ બનતો જતો હતો.

સ્વરાજ્યની લડતમાં પરદેશીઓને સીધી ગાળ દઈ તાળીઓ પડાવતા ભગવાનદાસભાઈ હવે જવાબ આપવામાં કે પોતાનાં નિવેદનો ઘડાવવામાં ભવ્ય મુત્સદ્દીગીરીએ પહોંચી ગયા હતા એ પણ મારા ધ્યાનમાં આવતું જતું હતું. ડાંગની ભાષા ગુજરાતી જ છે એવાં ભાષણો કરીકરાવી, લેખ લખાવી, અભ્યાસો ઉકેલાવી અંતે મુંબઈ સરકારે ડાંગને મરાઠી ભાષાના ઝંડા નીચે ખેંચી બાંધી આણ્યું ત્યારે બેનમૂન અને અપૂર્વ સંયમ દર્શાવી ભગવાનદાસભાઈએ જે વાક્ અને કલમની શાન્તિ પકડી એ જોતાં, અને બહુ ખેંચપકડ થતાં તેમણે કોઈને પણ ન સમજાય એવું મારી પાસે લખાવેલું નિવેદન – જેની નીચે અલબત્ત એમણે સહી ન જ કરી – એ જોતાં, મારી ખાતરી થઈ કે હિંદનું રાજકીય ભાવિ આવા મુત્સદ્દીગીરીઓના હાથમાં ઉજ્જવલ અને ઉજ્જવલ થતું જવાનું છે. ગાંધીજીની આકરી સત્યનિષ્ઠામાં એક જ ભયંકર ખામી હતી. એમાં મુત્સદ્દીગીરીનો સંપૂર્ણ અભાવ હતો. એ અભાવને લઈને ગાંધીજીએ પોતાનો પ્રાણ ગુમાવ્યો! ગાંધીજીને પગલે ચાલતાં તેમના અનુયાયીઓએ ગાંધીજીની એ ભૂલ સુધારી સત્યને મુત્સદ્દીગીરીમાં વીંટાળવા માંડ્યું છે. અરે! એટલું જ નહિ, એના ઉપર પોલીસ પહેરો પણ બેસાડી દીધો છે! એટલે હિંદના મુદ્રાલેખ અનુસાર 'સત્યનો જય' થવાનો જ છે. હવે પરદેશીઓ સામે રાજનીતિની પટાબાજી ખેલવાની સફળ રાજકલા હિંદને આવડી જશે.

આ મુત્સદ્દીગીરી વર્તમાનપત્રોની દૃષ્ટિએ બહુ આવકારદાયક હતી. ભગવાનદાસભાઈની આંખમાં પણ હવે મુત્સદ્દીગીરીના હોજ ભરેલા લાગતા હતા – અલબત્ત, અંગ્રેજોની માફક અગર હિંદના ગુંડા લફંગાઓ કે આઈ.સી.એસ. અમલદારોની માફક તેઓ આંખ મીચકારો ન જ કરે એ સમજી શકાય એમ હતું. એ જ મુત્સદ્દીગીરીનાં મને વખતોવખત દર્શન થતાં, અને હું રાજી થતો કે આપણા સ્વરાજ્યની માફક આપણા નેતાઓનાં વર્તન પણ ધર્મના અંચળાને બાજુએ ફેંકી સાદી સમજનો આશ્રય લેતાં થઈ ગયાં હતાં. મારે ભગવાનદાસભાઈ પાસે નિત્ય જવાનું; એટલે તેમની મુત્સદ્દીગીરીના પરચા મને રોજ મળતા.

એક ગામમાં મુસ્લિમ તંગદિલી વધી ગઈ. મુસ્લિમોને કોઈની સલાહ જરૂરી હોતી જ નથી; પરંતુ હિન્દુઓની સલાહમસલત માટેની દોડાદોડી કોઈ પણ શાંતિપ્રિય પ્રજાને શોભાવે એવી હોય છે – સ્વરાજ્યમાં પણ! અને સલાહ પણ ભગવાનદાસભાઈ વગર તો કોની લેવાય? આઠદસ આગેવાનો એકાએક આવી પહોંચ્યા ભગવાનદાસભાઈ પાસે. ગામના કામ માટે એકલદોકલ માણસ ન જ આવી શકે.

'હા, બોલો! તમારા ગામમાં તો કંઈ કોમી ઝઘડો સંભળાય છે...નહિ?' એક સર્વજ્ઞ જોષીની અદાથી ભગવાનદાસે પૂછ્યું.

'વાત ન કરશો, ભગવાનદાસભાઈ, અમારા દુઃખની!' કહી ગામના આગેવાનોના આગેવાને દુઃખની વાત શરૂ કરી. આગેવાનોમાં પણ ચઢતી-ઊતરતી શ્રેણી હોય છે એ હવે સહુને સમજાય એવી બિના છે. મુસલમાનો વિરુદ્ધ ગામડાંમાં મુખ્યત્વે બે ફરિયાદો આગળ આવતી: એક તો તેઓ લીગવાદી પ્રવૃત્તિ કરે છે એ, અને બીજી ફરિયાદ કૂવાતળાવ ઉપર પાણી ભરવા જતી ગ્રામનારીઓની તેઓમાંના કેટલાક ગુંડાઓ છેડતી કરે છે તે.

આસપાસ મારા સિવાય બીજું કોઈ બેઠું નથી એમ ખાતરી થતાં તેમણે ગામલોકોને કહ્યું: 'તે તમે શું બંગડીઓ પહેરી બેઠા

છો? ચાલ્યા આવો છો અહીં સુધી તે?' ભગવાનદાસભાઈની આ સૂચનામાં હિંસાનું નામ પણ ન હતું, છતાં ગામલોકો સમજ્યા કે ભગવાનદાસભાઈએ હિંસક સામનો કરવાની સલાહ આપી છે! એક અઠવાડિયામાં એ ગામે રમખાણ થયું, મારામારી થઈ અને હિંદુ-મુસલમાન બન્ને લતાઓ જોડાજોડ હોવાથી બન્નેમાં ભયંકર આગ લાગી—અલબત્ત, એમાં વધારે તો હિંદુઓનાં જ ઘર બળ્યાં એ જુદી વાત છે. પરંતુ ભગવાનદાસભાઈ એ ગામે પહોંચી ગયા; સામસામી ફરિયાદો કરાવી; તેના નિકાલ કરાવ્યા—જે પહેલાં આખા ગામમાં હતી એટલી મોસંબી ઉઘરાવી તેનો રસ મધ સાથે પી તેમણે ઉપવાસ જાહેર કર્યો.

કેટલાક લોકો ફરિયાદ લાવતા : અમારા ગામમાં ગોળ મળતો નથી! કેટલાક લોકો ફરિયાદ લાવતા : અમારા ગામમાં ઢોરને ખવરાવવા કપાસિયા નથી. કેટલાક કહે : અમારે ત્યાં અનાજમાં જવ અપાય છે; અમે બાપજન્મારે જવ ખાધા નથી. કંટાળીને ભગવાનદાસભાઈ કહેતા : 'હું બધે ક્યાં આવી શકું? કહો તો ચિઠ્ઠી લખી આપું.'

'ચિઠ્ઠીથી નહિ માને.'

'એ ન માને તો આવજો...ચિઠ્ઠીને ન માનનારો એવો કયો પાક્યો છે?' કહી તેઓ મારી સામે જોતા.

આમજનતાને કોઈ પણ બાબતમાં સંતોષ ન જ હોય એવી વૃત્તિ ધારણ કરવાની દસેક વર્ષથી ટેવ પડી ગઈ છે. કુટિલ નીતિવાળી બ્રિટિશ સલ્તનતનું રાજ્ય હતું ત્યારે અમલદારોને ગભરાવવા માટે આ અસંતોષનો ઠીક ઉપયોગ થતો. પરંતુ સ્વરાજ્યમાં પણ આ ટેવ ચાલી આવે એ લોકશાહી દૃષ્ટિએ વાજબી કહેવાય નહિ. પરદેશી અમલમાં તો લગાર પણ દુઃખ પડે—કે પડ્યાનો ભાસ થાય એટલે લોકોની બૂમાબૂમ આગેવાનો દ્વારા વૃદ્ધિ પામતી. પરંતુ સ્વરાજ્યમાં લોકો સહજ દુઃખ વેઠે એમાં શા માટે તેમણે બૂમ પાડી ઊઠવું

જોઈએ? પરદેશી રાજ્યમાં દુઃખ એ દુઃખ, નિર્ભેળ દુઃખ હતું! સ્વરાજમાં દુઃખ એ પ્રજાઘડતરની કસોટી ગણાય.

'ભગવાનદાસભાઈ! ગોળ તો મળ્યો, પણ "પરમિટ" મકનજીભાઈને મળી!' લોકોએ ફરિયાદ કરી.

'તમારે ગોળ સાથે કામ છે કે મકનજીભાઈ સાથે?' ભગવાનદાસભાઈએ શિખામણરૂપે પ્રશ્ન કર્યો.

'પણ તમે તો ઓળખો છો મકનજીભાઈને! પરહદમાં અનાજ ચડાવી દેતાં પકડાયેલા અને તમે છોડાવેલા તે!...નફાખોરી વગર એનો ધંધો નહિ...'

'જુઓ, ગોળ આવે છે તે આવવા દો. નફાખોરી જણાય તો સ્થાનિક સમિતિનું નામ ન લેશો. બધાય...' આગળ ઉચ્ચારણ ન કર્યા છતાં વ્યક્તિ અને સમિતિ બધાંયને માટે ભગવાનદાસે અભિપ્રાય વ્યક્ત કર્યો.

'સમિતિ ને મકનજીનો ઝઘડો લોકોને હેરાન કરશે, ભગવાનદાસભાઈ!' આગેવાને કહ્યું.

'વાંધો લાગે તો ફરી આવજો. હું પણ મકનજીને બોલાવી ખખડાવીશ. હમણાં તો મારે જરૂરી કામ છે...' કહી ભગવાનદાસે મારી સામે જોયું અને મેં હા પાડી ઉતાવળ કરવા વિનતિ કરી.

લોકોના ગયા પછી મેં જરૂરી કામ વિશે પૂછ્યું. અલબત્ત કામ હતું જરૂરી; પરંતુ તે બે કલાક પછી કરવાનું હતું.

એમણે કહ્યું: 'આમ ન કરીએ તો પાર પણ ન આવે! મારે બીજાં કેટકેટલાં કામ કરવાનાં હોય છે, જાણો છો ને? રાત્રે ઊંઘ પણ નથી આવતી.'

'ખરું છે, ભગવાનદાસભાઈ! થોડુંક કામ અને મુલાકાતો ઓછાં કરી નાખો.' મેં કહ્યું.

'હું તો બહુએ ઇચ્છું છું! પણ લોકો ક્યાં છોડે છે મને?'

નિવૃત્તિ માગતા આગેવાનોની સ્થિતિ પણ નિવૃત્તિ પામતા

અમલદારો જેવી જ બની રહે છે. લોકોની અવરજવર ઓછી થાય તો તેમને દિવસ એળે જતો લાગે છે. ભગવાનદાસની હરીફાઈ કરવા તૈયાર થયેલા એક આગેવાનને ઘેર કોઈ પણ ઇસમ સલાહ લેવા ન જાય એવી સફળ યોજનાઓ ભગવાનદાસે કંઈક વાર કરી હતી.

બદલાયલા સંજોગોમાં – એટલે કે સ્વરાજ્યમાં–ભગવાનદાસનું કામ હતું એના કરતાં બમણું થઈ ગયું. પ્રાન્તિક, જિલ્લા, નગર, ગ્રામ, પોળ, ચકલો, શેરી વગેરે સમિતિઓમાં ભગવાનદાસ તો હોય જ;ઉપરાંત પુસ્તકાલય, સહકારી મંડળી,યુનિયન, ખેડૂતમંડળ,વ્યાપારી મંડળ, તપાસસમિતિ વગેરેમાં તો તેમના વગર ચાલે જ નહિ. સિવાયકોઈસભામાં પ્રમુખ થવું પડે; ઇનામોના મેળાવડાઓમાં ઇનામો આપવાં પડે; અને પ્રધાનોની વધી પડેલી અવરજવરમાં જતાં આવતાં અને વચમાં હાજરી આપવી પડે એ જુદું.

'ભાઈ, હવે ચોવીસ કલાક મને ઓછા પડે છે.' અઠવાડિયા પછી મને મળો.' જેવા જવાબોને ઘોળી પી જનાર જનતા સામે કદી કદી ઘરમાં ભગવાનદાસ હોવા છતાં 'નથી' એમ કહેવડાવવાની પણ તેમને જરૂર પડવા માંડી–અલબત્ત મારી હાજરીનો કશો જ વાંધો ન હતો. હું તો તેમના અતિકામનાં કદી કદી વર્ણનો આપી આજના નેતાઓની વધી પડેલી મુશ્કેલીઓ જનતા પાસે રજૂ કરી તેમનું મહત્ત્વ વધાર્યે જતો હતો.

એક મહારુદ્રના સમારંભમાં તેમને બોલાવવા આવેલી મંડળીને –જેમાં એક સંન્યાસી અને તેના આશીર્વાદથી અત્યંત ધનિક બનેલા શેઠ હતા તેમને–ભગવાનદાસે કહ્યું : 'આપ આવ્યા છો એટલે પાંચ મિનિટ આવી જઈશ...પણ ખરેખર મને વખત નથી.' ત્યારે મને ભગવાનદાસનું કથન સાચું લાગ્યું.

વળી એક ખેતરમાં એક ટ્રેક્ટર ભગવાનદાસને હાથે ચલાવવાનું મુહૂર્ત આપી પહોંચતાં બહુ જ કંટાળાપૂર્વક સમયનો અભાવ દર્શાવ્યા છતાં મુહૂર્ત સાચવવા અને ટ્રેક્ટર ઉપર ઊભા રહી હસતે મુખે છબી

પડાવી સન્માનાર્થે અપાયલા ચાંદીના ટ્રેકટરને સાથે લાવવા માટે ભગવાનદાસને સમયનો ભોગ આપવો જ પડ્યો.

વર્તમાન નેતૃત્વ એ કાંટાળો તાજ છે, ખીલાનું બિછાનું છે, શૂળીની સોબત છે, એવા એવા લેખ પણ હું લખતો ચાલ્યો : જેમાં જેમાં મુખ્ય વાર્તાનાયક ભગવાનદાસ જ હોય. આવા ઘણા પ્રસંગો બનતા, અને એ પ્રસંગોમાંથી હું રસભરી કથનીઓ પણ ઉપજાવતો, જે ભગવાનદાસ વાંચતા અને હવે પછીના પ્રસંગે શું લખવું અને શું ન લખવું એની સૂચનાઓ પણ આપતા.

૩

માત્ર એક જ પ્રસંગ એવો બન્યો કે જેને માટે મારે કેવી કથની લખવી તેની સમજ હજી મને પડતી નથી. કેટલાક લોકો ફરિયાદ લઈ માથું ખાવા એક પ્રસંગે ભગવાનદાસને ત્યાં આવ્યા.

'કૂવો કરવો છે અને સિમેન્ટ મળતી નથી.' ફરિયાદ રજૂ થઈ.

'આપણાબાપદાદા સિમેન્ટના કૂવા કરતા હતા?' ભગવાનદાસે બહુ જ સાચો જવાબ પ્રશ્નના રૂપમાં આપ્યો.

'ભગવાનદાસભાઈ, બાપદાદાનો વખત જુદો હતો. ત્યારે ચૂનાની ચક્કીઓ ચાલતી, મજૂરો સોંઘા મળતા, ભઠ્ઠીઓ કરનાર ઘેર આવી પૂછી જતા. આજ તો ન બળદ મળે; ન મજૂર મળે, અને ચૂનાની ભઠ્ઠીને ઓળખનાર પણ કોઈ ન મળે.'

'સિમેન્ટ જોઈતી હોય તો રાહ જુઓ.'

'પણ કેટલી રાહ જોવી? મારા પછી અરજી કરનારને એક સો થેલી મળી અને મને અરજી કે ઉઘરાણી પણ ન કરવી એવા જવાબો મળે છે...'

'કદી કદી એમ થાય. હજી સ્વરાજ નવું છે...અને હું મુંબઈ લખી દઉં છું. બસ?' અને માથું ખાતા સિમેન્ટના ફરિયાદીઓ જાય તે પહેલાં તો બે અંધ અને તેમને દોરતો એક દેખતા ગૃહસ્થ

આવી પહોંચ્યા. ભગવાનદાસભાઈના મુખ ઉપર પૂરો કચવાટ દેખાયો. તેમણે કહ્યું : 'તમે ભલે આવ્યા! પણ મને અત્યારે વખત નથી.'

'ભગવાનદાસભાઈ! આપના કહેવા પ્રમાણે અમે આવ્યા છીએ. ત્રણ વાર તો અમે આવી પાછા ગયા...' પેલા વાચાળ અંધે કહ્યું.

'તે મારી ગરજે તો નથી આવ્યા ને?'

'નહિ નહિ, ભાઈસાહેબ! અમે તો અમારી ગરજે આવ્યા છીએ. આપના વગર અમારો આરો – ઉદ્ધાર નથી, ભગવાનદાસભાઈ!' વાચાળ અંધે કહ્યું.

'આપ ફરી એક વખત આવો ને? અત્યારે તો, જુઓ, હું કપડાં પહેરવાની તૈયારી કરી રહ્યો છું.'

'બાપજી! પાંચ મિનિટનું કામ છે. આપ પ્રમુખ થાઓ તો અમારો ફાળો...'

'અત્યારે કાંઈ જ નહિ. શ્વાસ લેવાનો પણ વખત નથી. તમે જાણો છો, મારે વિમાનગૃહ ઉપર પ્રધાનસાહેબને લેવા જવું છે તે? તમે ફરી આવજો...'

'અમે બેઠા છીએ. આપ પ્રધાનસાહેબને આવકાર આપીને આવો.' અંધે કહ્યું.

'નહિ નહિ, આજ વખત મળે એમ છે જ નહિ. પ્રધાનસાહેબ સાથે મારે જમવું પડશે; પછી એક મહત્ત્વની ગુપ્ત સભા છે જેમાંથી જાહેર સભામાં જઈ રાત્રે ખાણા ઉપર હાજરી આપવાની છે.' ભગવાનદાસભાઈએ પોતાનો ભરચક કાર્યક્રમ કહી સંભળાવ્યો.

નેતાઓને સ્વરાજ્ય પહેલાં પણ ખાણાં લેવાની ટેવ ન હતી એમ કહેવાય નહિ. એ સમયે તકરાર માત્ર અમલદારોનાં ખાણાં માટે હતી, જે હજી પણ ચાલુ જ છે. નેતાઓ અને નેતાઓમાંથી વિકસેલા પ્રધાનોની ખાણાં-ઉપખાણાં લેવાની આઝાદી હજી અંકુશપાત્ર બની નથી.

'ભગવાનદાસભાઈ! પ્રધાનસાહેબને લેવા તો બહુ માણસો જશે. પણ અમારા અંધોને દોરનાર આપ સિવાય કોઈ નથી. આટલું એક કાગળિયું આપશ્રી વાંચી જાઓ...'

અંધોની જીભ બહુ ચાલે છે. પરંતુ તેમને ક્યાં ખબર હતી કે આવનાર પ્રધાનનું વિમાન ઝડપ કરી રહ્યું હતું? તેમને વાત કરતા છોડી ભગવાનદાસભાઈ કપડાં પહેરી બહાર આવ્યા અને 'કાર' તૈયાર છે કેમ તેની તપાસ કરી.

'તે, સાહેબ! અમને કાંઈ જવાબ...?' એક અંધે ઝડપથી પૂછ્યું.

'મને વખત નથી.'

'કાલે આવીએ?'

'કાલે ધારાસભાની બેઠકમાં જવું છે. દોઢબે માસ ત્યાં લાગશે.'

'ભાઈસાહેબ! તમે તો અમારા નેતા છો...'

'તે તમારો મત લેવા આવું ત્યારે ના પાડજો...'

'એમ નહિ, ભાઈસાહેબ!...તમને તો પ્રધાનો યે મળશે, ધારાસભા યે મળશે અને મત પણ મળશે. પરંતુ અમને તો કોઈ મળતું જ નથી...આપના ઉપર આશા હતી...'

ભગવાનદાસભાઈ તેમને બોલતા છોડી સીડી ઊતરી ગયા; મારે પણ તેમની સાથે જ વિમાનગૃહ ઉપર જવાનું હતું. કારણ પ્રાન્તપ્રધાન પધારવાના હતા. સ્વરાજ્યમાં મહત્ત્વનાં કામો એટલાં વધી ગયાં છે કે એક અગર બીજા પ્રધાનસાહેબની અવર કે જવર વગરનો દિવસ ખાલી જતો જ નથી. ફૂલહારનો કંડિયો કારમાં મુકાવી અમે બંને બેઠા.

મેં પૂછ્યું: 'પેલા અંધોને તો આજે જ જોયા...'

'અરે, કેટલા વખતથી મારો જીવ ખાય છે!'

'કેમ?'

'હું પ્રમુખ થાઉં તો એમના ફંડમાં કાંઈ રકમ આવે એ આશાએ.'

'તો પછી આપ એ બિચારાઓને...'

'બિચારાઓ! પહેલાં તો દોડચા હતા બીજે. કાંઈ ફાવ્યું નહિ એટલે આવે છે હવે વળગવા! હરામખોર...'

હું શાન્ત રહ્યો. પ્રધાનસાહેબ આવી ગયા. તેમનાં ફૂલહાર તથા ખાણાં અને મસલત–ભાષણ થઈ ગયાં. દેશનાં દુઃખદર્દ મટાડવાની યોજનાઓ ઘડાઈ અને બાકી રહેલી યોજનાઓ ઘડવા ભગવાનદાસભાઈ ધારાસભામાં પધાર્યા. તેમને હું સ્ટેશને પણ વળાવી આવ્યો.

અંધ ભાઈઓને હજી કોઈ પ્રમુખ મળ્યો જાણ્યો નથી.

આ પ્રસંગનું મેં વર્તમાનપત્રમાં નિવેદન આપ્યું નથી. કારણ મારા મનમાં પણ શંકા રહ્યા કરે છે—

અંધોને દોરવણી આપવામાં વખત નથી એમ કહેવું સારું?

અગર તો પ્રધાનસાહેબને લેવા જવામાં વખત નથી એમ કહેવું વધારે સારું?

ગાંધીજી હોય તો શું કરે?

એટલે માત્ર આ બનેલા બનાવની આટલી નોંધ રાખી લીધી છે. મેં આ નોંધ હજી છપાવી નથી.

# કાંચન અને ગેરુ

૧

આનંદ અને જયંત બન્ને ગુરુના પ્રિયશિષ્યો. બીજા શિષ્યોને જે પાઠ શીખતાં મહિનો લાગે તે આનંદ અને જયંત એક દિવસમાં શીખી જતા. આશ્રમમાં આગેવાન પણ આનંદ અને જયંત. વેદ, વેદાન્ત, ષડ્દર્શન પૂરાં કર્યાં અને આશ્રમમાંથી પાત્રતા મેળવી વિશ્વના ચોગાનમાં ઊતરવાની ક્ષણે ગુરુએ આનંદ અને જયંત બન્નેને બોલાવી પૂછ્યું: 'કહો વત્સ! જીવનમાં શું કરશો?'

'ગુરુજી! દિગ્વિજયની તૃષ્ણા જાગી છે.' આનંદે કહ્યું.

'હું પણ એ જ દિગ્વિજય ચાહું છું, ગુરુજી!' જયંતે કહ્યું.

'તમારું કલ્યાણ થાઓ. દિગ્વિજયની શક્તિ જરૂર તમારામાં છે,' ગુરુએ શિષ્યોની મહત્ત્વાકાંક્ષાને ઉત્તેજન આપતાં કહ્યું.

'માત્ર – અમારી બન્નેની વચ્ચે એક સ્પર્ધા જાગી છે.' આનંદે વચ્ચે ઉમેર્યું.

'શાની સ્પર્ધા?'

'દિગ્વિજયના; માર્ગની. આનંદને લાગે છે કે એ સઘળું ત્યાગીને દિગ્વિજય મેળવશે. મને લાગે છે કે હું સઘળું મેળવીને દિગ્વિજય

કરીશ.' જયંતે કહ્યું.

'બહુ સારું. જીવન એક પ્રયોગ છે; કરી જુઓ તમારા પ્રયોગ. હું તો માત્ર તમને આશીર્વાદ આપું.' કહી ગુરુએ શિષ્યોને સ્નેહભરી વિદાય આપી. બન્ને સાથે જ આશ્રમમાંથી બહાર નીકળ્યા. રસ્તે જતાં જયંતે આનંદને પૂછ્યું : 'કયે રસ્તે જઈશું ?'

'હું પર્યટન કરીશ.' આનંદે કહ્યું.

'પર્યટન તો હું પણ કરીશ. ધનિકો, શ્રેષ્ઠીઓ, વિષ્ટિકારો અને નૃપાલોની બાજુએ હું ડગલાં ભરીશ.' જયંતે કહ્યું.

'હું હજી આશ્રમો શોધીશ, ગુફાઓ ખોળીશ અને ભિખ્ખુઓનો માર્ગ શોધી વળીશ.' આનંદે જવાબ આપ્યો.

'આનંદ ! મને એક સત્ય દેખાયું છે.'

'હરકત ન હોય તો મને પણ એ સત્ય બતાવ.'

'ધન એ જ સાચી સત્તા છે. સર્વ દિગ્વિજયની ચાવી ધન છે. ધનને કશું જ મેળવવું અશક્ય નથી.' જયંતે કહ્યું.

'તું ધનિક થાય અને મેળવવા યોગ્ય બધું મેળવે તે દિવસે મને યાદ કરજે.'

'અરે તું ? વગર મેળવ્યે જ તારો દિગ્વિજય થાય તો તું પણ મને યાદ કરજે.'

'વર્ષે, બે વર્ષે, આપણે મળીને એકબીજાને આપણે સરવૈયું બતાવતા રહીશું.' આનંદે કહ્યું.

બન્ને શિષ્યોએ ધબકતા વિશ્વમાં હસતે મુખે પ્રવેશ કર્યો.

૨

વારાણસી સરખી પવિત્ર નગરી અને ગંગા સરખી પાપમોચની સરિતા. બન્ને વિદ્યાર્થીઓ ગંગાસ્નાન માટે ગંગાઘાટનાં પગથિયાં ઊતરતા હતા. બન્ને તેજસ્વી કિશોરો તરફ જનારા આવનારનું સહજ લક્ષ્ય ખેંચાતું. પાણી ઉપર એક વહાણ તરતું હતું. વહાણવટીઓ

વહાણને ઉપાડવાં તત્પર હતા, પરંતુ વહાણનો માલિક એક પગથિયે ઊભો ઊભો વિકળતાભર્યો કોઈની રાહ જોતો હતો. એની પાસે જ એનો એક મિત્ર ઉતાવળ કરતો વાતચીતમાં પડ્યો હતો.

'બહુ મોડું થાય છે, લક્ષ્મીનંદન! બીજાં વહાણો તો એ... આગળ ચાલી નીકળ્યાં.'

'શું કરું? કર્મકાણ્ડી જડસાઓનું કાંઈ ઠેકાણું છે? ચાર કંકુના છાંટા અને ચાર ફૂલ ગંગાજીને ચઢાવ્યાં એટલે બસ. પણ હજી કોઈ આવ્યું નથી.' લક્ષ્મીનંદને કહ્યું.

'પેલા બે વિદ્યાર્થીઓને પૂછી જોઈએ; તાજા ભણેલા લાગે છે. અરે ઓ બ્રહ્મકુમારો! જરા આમ પધારો.'

બન્ને વિદ્યાર્થીઓ પાસે આવ્યા.

તમારામાંથી કોઈ ગંગાપૂજન કરાવશે?'

'હા જી.'

'કેટલીવાર કરશો?'

'જરા ય નહિ. સ્નાનસંધ્યા કરી લઈએ.' આનંદે કહ્યું.

'મને એટલો વખત નથી. બહુ જ ઝડપથી વહાણ ઉપાડવું છે...'

'જો ને, આનંદ! સ્નાન કરીને તો આપણે નીકળ્યા છીએ. પૂજા કરાવી લઈએ; પછી નિરાંતે ગંગાસ્નાન કરીશું.' જયંતે કહ્યું.

'હા હા; તમે મને બહુ કામ લાગશો... અને પછી ક્યાં જશો?' લક્ષ્મીનંદને પૂછ્યું.

'નક્કી કાંઈ નથી. હમણાં જ ગુરુઆશ્રમ છોડીને આવીએ છીએ.' પાસે પડેલા કંકુના પડિયા તથા પુષ્પને હાથમાં લેતાં જયંતે કહ્યું, અને ઝડપથી ગંગાપૂજન થઈ ગયું.

'આવવું છે મારી સાથે?' લક્ષ્મીનંદને જયંતને પૂછ્યું.

'આપ ક્યાં ક્યાં જશો?' જયંતે સામે પૂછ્યું.

'વ્યાપાર જ્યાં લઈ જાય ત્યાં. અત્યારે સાગરસંગમ સુધી; પછી સાગર પાર.'

'હું તૈયાર છું.' જયંતે કહ્યું.

'ક્યાં પાછાં માણસો વધારો છો?' મિત્રે જયંત આવે તે સામે અણગમો દર્શાવતાં લક્ષ્મીનંદને કહ્યું.

'તું ન સમજે. એક કર્મકાણ્ડીને પણ સાથે રાખ્યો સારો. જે તે સ્થળના પૂજારીઓથી આપણે સ્વતંત્ર રહી શકીએ.' લક્ષ્મીનંદને એક કર્મકાણ્ડીનો ઉપયોગ સમજાવ્યો, અને વહાણને ચલાવવા હુકમ આપ્યો.

'બેસી જાઓ, સાથે આવવું હોય તો...તુર્ત!' મિત્રે જયંતને કહ્યું. જયંતે જરા બાજુ ઉપર જોયું. આનંદ ગંગાજીના પાણીમાં ડૂબકી મારતો હતો.

'આનંદ! હું આ વહાણ સાથે ચાલ્યો જાઉં છું.' જયંતે કહ્યું.

'શુભ કાર્યમાં વાર શી? ભલે!' આનંદે તેને સંમતિ આપી, અને પોતે સ્નાન કરી ઘાટના પગથિયાને એક ખૂણે ધ્યાનમાં બેઠો.

આનંદે આંખ ખોલી ત્યારે જયંતનું વહાણ દષ્ટિમર્યાદાની બહાર ચાલ્યું ગયું હતું; પરંતુ એની સામે જ ઘાટ ઉપર એક તરાપો તરી રહ્યો હતો. તરાપાને પકડી કેટલાંક માણસો સ્નાન કરતાં હતાં અને કેટલાંક ઘાટ ઉપર ધ્યાનમગ્ન બેઠા હતાં. એક ધીર ગંભીર પ્રૌઢ પુરુષે આનંદને પૂછ્યું: 'વત્સ! વારાણસી વાસી છો?'

'ના જી. ગુરુઆશ્રમથી નીકળી જગતમાં આવ્યો છું. ગંગાસ્નાન કર્યા પછી... શું કરવું એનો નિશ્ચય હજી કરવો છે.' આનંદે કહ્યું.

'સ્નાનથી તો તું પરવાર્યો, નહિ?'

'જી હા.'

'મારી સાથે આવવું છે?'

'આપ ક્યાં પધારશો?'

'હમણાં તો સમુદ્રસંસમ સુધી–પછી સમુદ્ર પાર.'

'વ્યાપાર કાંઈ...'

'વ્યાપાર એક જ: જ્ઞાન મળે તે લેવું અને પાસે હોય તે

આપવું.'

'હું આપની સાથે આવવા તત્પર છું.'

'ભાઈ! મારી પાસે વહાણ નથી; આ વાંસનો તરાપો છે.'

'મને ફાવશે.'

'આપણે હાથે હલેસાં મારવાનાં છે–કોઈ ખલાસી સાથમાં નથી.'

'હું શીખી લઈશ.'

'વૈભવ, વિલાસ કે સત્તા ઇચ્છતો હો તો આ તરાપામાં ન આવીશ. કોઈ વ્યાપારીના વહાણમાં જા.'

'વ્યાપારીના એક વહાણને તો મેં જતું કર્યું.'

'હજી બીજા ઘણાં આવશે.'

'આપની સાથે આવવામાં ભૂલ થઈ છે. એમ લાગશે તો હું તરાપો છોડી દઈશ.

'પછી મોડું થયું ન લાગે!'

'એમ લાગશે તો ય હું આપની સાથે જ આવીશ.'

તરાપામાં આનંદ બેઠો. એની સાથે સાધુઓ, આશ્રમવાસીઓ અને વિદ્યાવ્યાસંગીઓનો સમૂહ હતો. યાત્રાનાં સ્થળે તરાપો રોકાતો; એક સ્થળના વિદ્વાનો તપસ્વીઓ અને સાધુઓ સાથે સહુના વાર્તાલાપ થતા, અને તરાપો બીજે સ્થળે જઈ રોકાતો. તરાપામાં પણ ઠીકઠીક ચર્ચા થતી; કદી ભજનકીર્તન પણ થતાં. અને એક દિવસ પૂરતું સાદું અન્ન મળી રહે તો બીજા દિવસનો કોઈ વિચાર પણ કરતું નહિ. જનતાને જેમ મિષ્ટાન્નનો વિચાર ઉત્સાહ પ્રેરતો તેમ આ સમૂહને ઉપવાસનો વિચાર ઉત્સાહપ્રેરક બનતો.

આમ ને આમ વર્ષ વીત્યું. ગંગાસાગર છોડી આ તરાપો સમુદ્રમાં ઝૂકી ચૂક્યો હતો. કિનારે આવતાં નગરો, ગ્રામ અને નિવાસમાં ઊતરી આ સમૂહ ફરતો. લોકોમાં ભળતો. અને જ્યાં જ્યાં એ સમૂહ જતો ત્યાં ત્યાં જનતાનો પોશાક, જનતાનાં ખાણાંપીણાં, જનતાની ભાવના, અને જનતાનાં પૂજાવિધિ બદલાઈ જતાં. ટોળાં-

માંથી કોઈ કોઈ માણસો ત્યાં જ રહી જતાં; કદી કદી કિનારાથી દૂર અંદર આવેલા પ્રદેશોમાં પણ જતાં અને કેટલાક જતાં તે પાછા તરાપામાં આવતાં પણ નહિ. પ્રૌઢ પુરુષની નેતાગીરી સર્વમાન્ય હતી. કિનારે ઊતરતા શિષ્યોને તેઓ કહેતા : 'વત્સ ! ધ્યાનમાં રાખજો ! આપણે વસ્તુના વ્યાપારી નથી; જ્ઞાનના, સંસ્કારના વ્યાપારી છીએ. આપણે મિલક્ત ભેગી કરવાની નથી, પણ આપણી જે મિલક્ત હોય તે લૂંટાવવાની છે. જેટલું વાપરશો એટલું વધશે.'

આનંદનો પણ તરાપામાંથી ઊતરવાનો વારો આવ્યો, નેતાને–ગુરુને નમન કરી તે પણ પરદેશની જનતામાં અદૃશ્ય થઈ ગયો. એને પોતાના ગુરુનું એક વાક્ય બહુ ગમી ગયું હતું : 'જ્યાં જ્યાં આર્યો પગ મૂકે ત્યાં ત્યાં આર્યાવર્ત ઊભું થાય.'

પણ આર્યોના પગ એટલે ? ગુરુએ સમજાવ્યું હતું કે પૂજવાને પાત્ર, સાચવી રાખવાને પાત્ર, જનતાને પ્રેરણા આપે એવા પગ તે આર્યોના. ભય, ભક્ષણ, શોષણ, ચૂસણ જ્યાં હોય ત્યાં આર્યોની આર્યતા વટલાઈ જાય. એવા પગ પૂજવા લાયક નહિ, કાપવા લાયક.

આર્યપગ લઈ આનંદ સમુદ્ર છોડી જમીન ઉપર ચાલ્યો. એ પ્રદેશ ભરતખંડ નહિ; ભરતખંડ બહારની એ ભૂમિ.

## ૩

વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, પાંચ વર્ષ વીતી ગયાં. ગામડે ગામડે, ખેતરે ખેતરે, ઝૂંપડીએ ઝૂંપડીએ આનંદ ફરતો અને દીન, દરિદ્ર અને દુઃખી જનતામાં તે ધૈર્ય, ઉત્સાહ અને શાંતિ ફેલાવતો. ધનિકોને ત્યાં એનું સ્થાન ન હતું; પરંતુ ગરીબોમાં તો એનો પગ પ્રભુના પગ સરખો આવકારપાત્ર બની જતો. માંદાની એ માવજત કરતો; અભણને એ શિક્ષણ આપતો; અને સુખ તથા દુઃખની સામાન્ય વ્યાખ્યાઓને સ્થાને એ એવી વ્યાખ્યા કરતો કે જેથી બાહ્ય દૃષ્ટિએ સાધનરહિત દેખાતાં માનવીઓને ભરપૂરપણાનો ભાસ થાય.

'તારે ખુલ્લામાં પડી રહેવું પડે છે? રહેવાને હવેલી જોઈએ? હું પણ ખુલ્લામાં જ પડી રહું છું. હવેલીમાં રહેનારને પૂછી જોજે: એને તારા દેખાય છે? સૂર્યદર્શન એ કરી શકે છે? ચાંદનીમાં એ કદી નાહી શકે છે ખરા? તારો એ વૈભવ હવેલીમાં રહેનાર પાસે નથી જ.

આમ ઝૂંપડીમાં રહેનારને તે ઝૂંપડીનું મહત્ત્વ સમજાવતો.

સ્વાભાવિક છે કે ગરીબોને પકવાન્નની ઇચ્છા થાય. આનંદ તેને કહેતો: 'સ્વાદ જીભમાં છે; વસ્તુમાં નથી. ધનિકને શા માટે ખટરસની વાનીઓ વધારવી પડે છે એ તું જાણે છે? એના આખા યે છપ્પન ભોગમાંથી એને કશો સ્વાદ મળતો જ નથી. અને તારો રોટલો અને ચટણી? કેવાં સ્વાદપ્રેરક બની રહે છે! તારી રસના જીવંત છે. ધનિકની રસના મરવા પડેલી છે.'

એ પછી ગરીબોને પોતાનો રોટલો વધારે ભાવતો. આનંદને સાંભળવાની, આનંદને મળવાની ધનિકો કે સત્તાધીશોને તો ફૂરસદ મળતી જ નહિ. સત્તા અને ધનમાં મળતો આનંદ તેમને માટે બસ હતો.

ફરતો ફરતો આનંદ એક વાર ચંપાપ્રદેશની ચંપાનગરીમાં આવી ચડ્યો. શહેરોને સાદા ધર્મપુરુષો ગમતા નથી. ધન મેળવવાની ધમાલમાં અને સત્તાપ્રદર્શનની યોજનામાં આનંદ પ્રત્યે નિહાળવાની કોઈને જરૂર ન જ હોય એ સમજી શકાય; છતાં ભરતખંડથી આવતા કેટલાક વિચિત્ર સાધુઓ પ્રત્યે પગે ચાલતી જનતાને કુતૂહલ થતું ખરું. ગરીબીમાં સંતોષ મનાવતા, શૂન્યને સ્વર્ગ બનાવતા, પોતાનાં જ દૃષ્ટાંતોથી એ વસ્તુ સાબિત કરતા એ ત્યાગના સંદેશવાહકો જનતાને ગમતા જરૂર. આનંદે એક વિશાળ મહાલય નિહાળ્યો. છલકાઈ જતી રિદ્ધિ સિદ્ધિના સંગ્રહસ્થાન સરખા એ સ્થળે અનેક પાલખીઓ આવતીજતી અને સૈનિકો, વ્યાપારીઓ, કલાકારો તથા મજૂરોની ભીડ એક સરખી ચાલુ રહેતી આનંદે નિહાળી.

'કોનો મહાલય આ ?' જવાબ આપવાની નવરાશ છે એમ એક રસ્તે જનારાના મુખ ઉપરથી સમજાતાં આનંદે પૂછ્યું.

'મહારાજ ! એટલું ય જાણુતા નથી ?' નવાઈ પામી રસ્તે જનારે જવાબ આપ્યો.

'નહિ, ભાઈ ! હું અજાણ્યો છું આ સ્થળથી.'

'આખા ચંપાપ્રદેશના ધનનું અને પ્રદેશની સત્તાનું કેન્દ્ર આ સ્થળ. સમજી લો કોણ એનો માલિક હશે તે.'

'ચંપાના રાજવી તો અહીં ન હોય. એ બીજે સ્થળે રહે છે; હું ત્યાંથી આવું છું. રાજા વગર બીજું કોણ હોઈ શકે ?'

'ભરતખંડનો એક મહાન શ્રેષ્ઠી છે. એનાં સેંકડો વહાણ સમુદ્રમાં ફરે છે; હજારો માનવીઓની એની વણજાર દેશપરદેશ ફર્યે જાય છે; મહા ધર્મિષ્ઠ ને દાનેશ્વરી છે. જો આપને મળવાનો લાગ આવી જાય તો ! રાજ્યોનાં રાજ્યો એના હાથમાં રમે છે.'

'એનું નામ ?'

'શ્રેષ્ઠી જયંત.'

'મારા પ્રદેશનો જ એ શ્રેષ્ઠી. એને મળવું જ છે.' સહજ વિચાર કરી આનંદે નિશ્ચય જાહેર કર્યો.

'આજ ને આજ ભાગ્યે મળાય. કરી જુઓ પ્રયત્ન. એને પ્રત્યક્ષ મળતાં તો મહિનો વીતી જાય.' કહી રસ્તે જતો માણસ ચાલતો થયો.

આનંદે આંગણામાં પ્રવેશ કર્યો. એક આંગણરક્ષકે તેને રોકી પૂછ્યું : 'કોનું કામ છે, સાધુ ?'

'શ્રેષ્ઠી જયંતનું.'

'એ તમને ન મળી શકે.'

'કેમ ? સાધુઓને એ મળતા નથી ?'

'સાધુઓને માટે સદાવ્રત તેમણે કાઢ્યાં છે. તમારા દેશના કેંક સાધુઓ એમાં રહે છે. બતાવું આપને ?'

'નહિ; મારે તો એમને જ મળવું છે.'

'ઠીક. તો પેલા છોટા મુનીમના ઓરડામાં તપાસ કરો.' કહી રક્ષકો એ છોટા મુનીમનો ઓરડો દૂરથી બતાવ્યો.

છોટા મુનીમ ભલે છોટા કહેવાતા હોય; પરંતુ એ એક જગતવિખ્યાત શ્રેષ્ઠીના છોટા મુનીમ હતા. તેમની આસપાસ ચાર રક્ષકો ફરતા હતા : એક એકથી ચઢિયાતા. સાધુને સદાવ્રત ઉપરાંત દાનદક્ષિણાની પણ આશા આપવામાં આવી. સાધુને કાંઈ જોઈતું ન હતું. એને તો માત્ર જયંત શ્રેષ્ઠીનાં દર્શન કરવાં હતાં. મહા મુશ્કેલીએ કેટલી વારે મળેલા છોટા મુનીમે કંટાળીને આનંદને મોટા મુનીમ પાસે મોકલ્યો.

હસતે મુખે આનંદ મોટા મુનીમ પાસે ગયો. મોટા મુનીમને આસપાસ આઠ રક્ષકોની દીવાલ હતી. તેમની દીવાલ ભેદતાં રાત પડી, અને કંટાળેલા મુનીમ મશાલચીઓની પાછળ ઘેર જવા બહાર નીકળ્યા ત્યારે સાધુની મુલાકાત શક્ય બની.

'મહારાજ ! આર્ય સાધુ હો તો મંદિર બંધાવી આપું; બૌદ્ધ સાધુ હો તો ગુફા કોતરાવી આપું. પરંતુ શ્રેષ્ઠીને અત્યારે મળવાનો લોભ જતો કરો.' વડા મુનીમે આનંદને સલાહ આપી.

'બધા લોભ જતા કર્યા છે, પરંતુ શ્રેષ્ઠીને મળવાનો લોભ જિતાય એમ નથી.' આનંદે કહ્યું.

'ઈશ્વર કૃપા કરે તો તેમને મળાય. બહુ જ કામમાં છે. અને અત્યારે તો એ મળે જ નહિ.'

'હું અહીં આંગણામાં બેસી રહીશ. આપની માફક એ બહાર નીકળશે. ત્યારે મળીશ.'

'પણ કામ શું છે આપને ? મને કહો. માગો તે આપવા તૈયાર છીએ. ધનની અમારા ભંડારમાં ખોટ નથી. પછી મળીને શું કરશો ?'

'હું શ્રેષ્ઠીને કેમ મળવા માગું છું એનું કારણ શ્રેષ્ઠી વગર કોઈ સમજી શકે એમ નથી...'

વડા મુનીમની અક્કલ ખૂલી. કદાચ કોઈ મહત્ત્વની જાસૂસી ખબર તો આ સાધુ નહિ લાવ્યો હોય ?

'ચીનથી આવો છો ?' મુનીમે પૂછ્યું. હમણાં ચંપા અને ચીન વચ્ચે ઝઘડો ઊભો થવાનો સંભવ હતો, અને તેમાં શ્રેષ્ઠી જયંત બહુ મહત્ત્વનો ભાગ ભજવતા હતા.

'ના જી; ભરતખંડથી આવું છું.' આનંદે કહ્યું.

જાસૂસ હોય તે મુનીમને પણ સાચી હકીકત ન જ કહે. આનંદના મુખ ઉપરની શાંતિ અને સ્મિત તેને સાચો સાધુ કે સાચો જાસૂસ બનાવવા માટે પૂરતાં હતાં. શ્રેષ્ઠીએ સાધુઓમાંથી આખી એક જાસૂસ-માળા દેશ પરદેશ ઊભી કરી હતી તેની મુનીમને ખબર હતી, અને પ્રભાતથી હઠ કરી શ્રેષ્ઠીને મળવા માગતો સાધુ જરૂર કોઈ મહત્ત્વનો રાજદ્વારી જાસૂસ નેતા હશે એમ એને ખાતરી થઈ.

'મહારાજ ! આપને ખબર નહિ હોય. પણ અત્યારે તો ચંપાના મહારાજા પોતે જ શ્રેષ્ઠી પાસે આવી કાંઈ ગુપ્ત ચર્ચા કરી રહ્યા છે.' મુનીમે કહ્યું.

'ચર્ચા પૂરી થવા દો. પછી ખબર આપો.' આનંદે કહ્યું.

એટલે મુનીમને ખાતરી થઈ ચૂકી કે મહત્ત્વની હકીકત કહેવા આવેલા આ સાધુને પાછા મોકલવાનું જોખમ તેમણે તો ન જ ખેડવું.

મુનીમ પાછા બેઠા અને સાધુને બેસાડ્યા. થોડીવારમાં જ છૂપી ખબર આવી કે ચર્ચા કરીને મહારાજા મહેલમાં પાછા પધારી ગયા. એ જ ખબર આપનારની સાથે મુનીમે સંદેશો કહાવ્યો કે સાધુ આનંદ અત્યારે જ શ્રેષ્ઠીને મળવા માગે છે.

૪

'સાધુ આનંદ ? કોણ હશે એ ? ખ્યાલ આવતો નથી.' સુખા-સનમાં બિરાજેલા શ્રેષ્ઠી જયંતે સમાચાર આપનારને પૂછ્યું. ચંપાના મહારાજા જાતે આવી તેમની સલાહ લઈ ગયા હતા, એ મહત્ત્વની

છાપ શ્રેષ્ઠીના મુખ ઉપરથી ખસતી ન હતી.

'ભરતખંડથી આવે છે, અને આપને મળ્યા વગર જવાની ના પાડે છે.'

'એવી હઠ શા કામની ?'

'પ્રભાતથી આવી હઠ લઈ એ સાધુ બેસી રહ્યા છે...'

'હાં...હાં...કદાચ હું જેને ઓળખું છું તે આનંદ તો ન હોય? બોલાવો, બોલાવો !'

અનેક વ્યવસાયોમાં ભૂતકાળની ક્ષુલ્લક વાતો અને ક્ષુલ્લક માનવીઓને વીસરી જતા ધનિકોની સ્મૃતિમાં કદી વીજળી ચમકી જાય છે અને કેટલાક ક્ષુલ્લક પ્રસંગો ઉપર પ્રકાશ પાડે પણ છે. શ્રેષ્ઠી જયંતને પોતાનો આશ્રમવાસ અને વિદ્યાભ્યાસ યાદ આવ્યાં.

વ્યાપારી વહાણમાં કર્મકાણ્ડી યુવક તરીકે ઊંચકાઈ આવેલા જયંતે કેટલી ઝડપથી વ્યાપારનાં ઉત્તુંગ શિખરો સર કરી દીધાં, કેવી ત્વરાથી તેણે અઢળક ધનસંપત્તિ ભેગી કરી, એ સંપત્તિના બળ વડે કેવી કેવી સત્તા પ્રાપ્ત કરી અને કીર્તિની ટોચે તે કેવી સિફતથી ચડી ગયો, એની વિગતો વિચારતાં એને થયેલો સ્મૃતિ-દોષ સહુ કોઈ માફ કરે જ. તે એવા પ્રકાશવર્તુલમાં ઊભો હતો કે તેને જરૂર પોતાનો ભૂતકાળ એક અંધારા ઊંડાણ સરખો જ લાગે.

છતાં તેને આનંદ અંતે યાદ આવ્યો એ જરૂર એની માણ-સાઈનું જ પરિણામ ગણાય.

આનંદ આવી તેની સામે ઊભો. ભગવું વસ્ત્ર, સહેજ કૃશતાનું ભાન કરાવતો દેહ અને શીળું સ્મિત વેરતું મુખ, આનંદને જરૂર ઓળખાવી શક્યું.

પરંતુ જયંત ? દેહમાં વધારે પડતું માસલપણું, વધારે પડતી લાલાશ, હીરા મોતી અને સોને શણગારેલાં અંગઉપાંગ અને ચારે પાસ ચમકી રહેલો વૈભવ, વિદ્યાર્થી જયંતની એક રેખા પણ રાખી રહ્યાં હતાં કે કેમ તેની આનંદના મનમાં શંકા ઊપજી.

'આ જયંત હશે ?' તેને મનમાં પ્રશ્ન થયો.

'આનંદ ! તું ક્યાંથી ?' જયંતે મુખ ઉપર સહજ પ્રસન્નતા લાવી પૂછ્યું.

'તને જ શોધતો આવ્યો. એક વર્ષ આપણે આપણા જમા-ખર્ચનું સરવૈયું એકબીજા આગળ મૂકયું નહિ.' આનંદે કહ્યું.

'ઓહો ! એ જૂની વાત હજી યાદ છે ?'

'જૂની વાત ? બહુ વર્ષ થયાં નથી. થોડાં વર્ષમાં તું સંપત્તિને શિખરે બેઠો છે.'

'સંપત્તિ અને સત્તા બન્ને કહે. એ તો ઠીક. પણ આનંદ ! તું આવ્યો ક્યારે ? મને ખબર કેમ ન આપી? તારા ઉતારાની શી વ્યવસ્થા છે ? હવે ભોજન મારી સાથે લેજે.'

'હું રાત્રિભોજન કરતો નથી; એકભુક્ત બની ગયો છું.!

'ફળ લેજે. પણ મારી સાથે તો બેસ !' કહી સુવર્ણપાત્રમાં પકવાન્ન અને દાળ બન્ને મિત્રોએ સાથે જ આરોગ્યાં.

'કહે, કુશળ છે ?' આનંદે પૂછ્યું.

'સંપૂર્ણ રીતે.'

'ધન કેટલું ?'

'ફેંકી દેતાં ખૂટે નહિ એટલું.'

'ધર્મમાં વાપર્યું કેટલું કેટલું ?'

'આનંદ ! હું ધર્મકાર્ય ચૂક્યો નથી. પંદર દેવસ્થાનો, પચાસ સદાવ્રત, સો પાઠશાળા, હજાર ધર્મશાળા...'

'ઓહો ! આટલાં પુણ્યે તો માનવીને મુક્ત મળે.'

'અરે, એક નહિ, અનેક આચાર્યોએ મારો મુક્તિમાર્ગ સરળ કરી આપ્યો છે. ઇંદ્ર, શંકર અને વિષ્ણુલોક પણ મારે માટે ખુલ્લા છે.'

'વાહ ! આચાર્યોએ તને મોક્ષની હુંડીઓ આપી પણ દીધી ?'

જયંત જાણે સ્વર્ગ, કૈલાસ અને વૈકુંઠ પ્રત્યે કૃપા કરતો એમ હસ્યો.

'બીજું કાંઈ? સરવૈયામાં?' આનંદે આગળ પૂછ્યું.

'કોઈને કહીશ નહિ...પરંતુ ચંપાનું રાજ્ય મારે ત્યાં ગીરો મુકાયું છે:' જયંતે કહ્યું.

'એટલે? મને ન સમજાયું.'

'ચીન અને ચંપા વચ્ચે યુદ્ધ જાહેર થઈ ચૂકયું જાણજે.'

'એ મને વધારે ગૂંચવનારું કથન.'

'તને યાદ છે મેં આશ્રમ બહાર જતાં શું કહ્યું હતું તે?'

'ફરી કહે.'

'ધન એ જ સાચી સત્તા છે...સર્વ દિગ્વિજયની ચાવી ધન છે.'

'યાદ આવ્યું.'

'આ ધન સિવાય ચંપાના રાજવીથી ચીન સામે યુદ્ધ થાય એમ નથી. હું તેમને ધન આપી તેમનું રાજ્ય અને તેમની સત્તા ગીરવી લઉં છું.'

'એમ? સંભવ છે કે તું ચંપાનો રાજવી પણ બની જાય.'

'એ જ માર્ગે હું જાઉં છું, તું ફરી આવીશ ત્યારે કદાચ જયંતને જ તું ચંપાધિપતિ નિહાળીશ.'

'તેં ધન પણ મેળવ્યું; ધર્મ પણ સાધ્ય કર્યો, સત્તા પણ મેળવી. જયંત, તું શર્તમાં જીતે એમ લાગે છે.' આનંદે સ્મિત ચાલુ રાખી કહ્યું.

જયંતના મુખ ઉપર પ્રફુલ્લતાનો બગીચો ખીલી નીકળ્યો. વિજયનું અટ્ટહાસ્ય તેના કંઠમાં આવી અટકી ગયું. અત્યંત હલકા દેખાવાના ભયે એ હાસ્યને જયંતે જરા રોકી રાખ્યું.

'પણ તું તો કહે ત્યાગથી તેં કઈ પ્રાપ્તિ મેળવી?' જયંતે પોતાની પ્રફુલ્લતાને વિખરાવા-વેરાવા દઈ પૂછ્યું.

'કદાચ હતું તે પણ ખોયું! પ્રથમ વસ્ત્ર અને ઉપવસ્ત્ર બે હું ધારણ કરતો; હવે આ ગેરુરંગ્યો એક જ અંચળો મારે પહેરવા માટે રહ્યો છે.'

'હું તને મઠાધિપતિ સ્થાપું. જોઈએ એટલા મઠ, પીઠ સ્થાનક...'

'કોઈને પૈસે સ્થપાયેલો મઠ હું કદાચ ગુમાવી બેસીશ; હું તો ત્યાગ અને સમૃદ્ધિ સાથે સાથે જોઉં છું ને ?'

'હજી સુધી ?' મને, મારા વૈભવને, મારી સત્તાને જોયા પછી પણ ?'

'શર્ત તો પાળવી જ રહી; જીવતાં સુધી !

'હજી તને આશા છે કે આ અરણ્યનિવાસ, આ તપ અને આ ત્યાગ તને સમૃદ્ધિ આપશે ?'

'આશા ખરી...હજી દિગ્વિજય ઝંખું છું.'

'દિગ્વિજય ? હજી હું કાંચનના શિખર ઉપર બેસીને પણ દિગ્વિજય શબ્દ બોલતાં અચકાઉં છું; અને તું, આ ગેરુભર્યા અંચળામાં દિગ્વિજય શબ્દનું ઉચ્ચારણ કરે છે ?' જયંતે જરા તિરસ્કારપૂર્વક આનંદને કહ્યું.

'દિગ્વિજયની બહુ નજીક તું છે, જયંત ! નહિ ?'

'હા. આવતી કાલ સવારે જો તું મળ્યો હોત તો હું તને મારાં દિગ્વિજયની કથા સંભળાવત. ભરતખંડનો એક વિદ્યાર્થી પરદેશ જાય, પરદેશમાં જઈ જગતવિખ્યાત શ્રેષ્ઠી બને, ચીન અને ચંપા જેવાં રાજ્યોને હલાવી નાખે, અને એ રાજ્યોની માલિકી સુધી પહોંચે, એનાથી મોટા દિગ્વિજય ઇતિહાસમાંથી તું શોધી કાઢજે !'

'તો અત્યારે જ દિગ્વિજયની વાણી કેમ ઉચ્ચારતો નથી ?'

'ઉચ્ચારી શકું એમ છું...પણ...કોઈને કહેતો નહિ...એક જરા સરખો રહી ગયેલો ગાળો આજ રાતમાં પૂરો થશે.'

'હું કોઈને જ નહિ કહું, જયંત ! એ ગાળો કયો બાકી છે?'

'ચંપાનરેશની કુંવરીનું મારી સાથે લગ્ન નક્કી છે. અત્યારે ચંપાનરેશે આવી એ જ વાત કરી...અને, અંહ...જરૂર પડશે તો બળજબરીથી પણ કુંવરી મને સોંપી દેશે...તે સિવાય સૈન્ય માટે પૈસા રાજાને મળશે નહિ જ.'

'એ...મ! ત્યારે તારા ધનની એક અશક્તિ તો અત્યારે જ દેખાઈ આવી.' આનંદે કહ્યું.

'શી અશક્તિ?'

'કુંવરીનો પ્રેમ તારા ધનથી ન જીતી શકાયો તે.'

'દેહની પાછળ પ્રેમ આપોઆપ આવશે.'

'એ હું માનતો નથી. અને...કદાચ કુંવરીનો દેહ પણ તારા હાથમાં નહિ આવે!'

'શું? શું કહે છે તું?,' જયંતે ચમકીને પૂછ્યું. અને સ્મિત-ભર્યો આનંદ કાંઈ જવાબ આપે તે પહેલાં જ જયંતનો મુખ્ય મુનીમ અંદર ધસી આવ્યો, અને ભર્યે શ્વાસે બોલી ઊઠ્યો : શ્રેષ્ઠીજી! બાજી ઊંધી વળી.'

'થયું શું?'

'રાજકુંવરીએ આજ સવારે ભિખ્ખુણીની દીક્ષા લઈ મઠપ્રવેશ કર્યો છે.' મુનીમે કહ્યું.

'અને એ દીક્ષા મેં આપી છે, એ કહેવા માટે તો હું અહીં સવારનો રખડું છું.' આનંદે વચ્ચે જ હકીકત કહી.

'આનંદ? તું? મારા માર્ગમાં? પેલી તલવાર લાવો, મુનીમજી!' જયંતે કહ્યું. એના મુખ ઉપર નિરાશાએ પ્રગટાવેલો ક્રોધ પ્રજળી રહ્યો

'તને ખબર નહીં હોય, જયંત! પણ હું તો અહીં આવ્યો છું ત્યારથી મારું મસ્તક હાથમાં જ રાખીને આવ્યો છું!' આનંદે કહ્યું.

'તને મૃત્યુનો ભય નથી શું?'

'ના, મૃત્યુનો ભય શા માટે? જીવનનું અંતિમકાર્ય એટલે મૃત્યુ. આજ નહિ આવે તો ગમે ત્યારે જીવન તે મેળવશે જ! નહિ?' આનંદે કહ્યું.

'અને બીજા સમાચાર, શ્રેષ્ઠીજી! રાણીજીએ અહિંસાધર્મ સ્વીકાર્યો અને મહારાજને તે સ્વીકારવા વિનવી રહ્યાં છે...કદાચ ચંપા અને ચીન વચ્ચેનું યુદ્ધ બંધ પણ રહે.'

'આનંદને મારી નજર આગળથી દૂર કરો ! લઈ જાઓ ! ધક્કો મારો !' જયંતે વધારે ઉશ્કેરાઈને બૂમ પાડી.

'તારા ધનથી એ દિગ્ ન જિતાઈ ! સમજી લે, જયંત ! ધનથી બધું જિતાશે; પણ ધનથી પ્રેમ અને મોત જિતાશે નહિ. તારું ધન એ બન્ને જીતે તે દિવસે હું પાછો આવીશ અને આપણે આપણી પ્રાપ્તિનું સરવૈયું કાઢીશું.' આનંદે કહ્યું અને તે પાછો ફર્યો.

૫

સાધુ આનંદથી વાણી, પ્રતિષ્ઠા મહારાણી સુધી પહોંચ્યાં. તેમણે ત્રણેક દિવસથી આનંદનાં વ્યાખ્યાનો સાંભળ્યાં. કુંવરીને એ વ્યાખ્યાનો સાંભળી આવેલો વિરાગ એટલો તીવ્ર બન્યો કે આનંદની અનિચ્છા છતાં તેને સાધ્વીની દીક્ષા આપવી પડી. આનંદે એ પણ જાણી લીધું હતું કે ધનમત્ત જયંત કુંવરીની ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરવા માગે છે અને ચીન જીતવાની ધનસગવડમાં ચંપાના રાજવીને યુદ્ધમાં પ્રેરે છે. જયંત તેનો મિત્ર હતો. પરંતુ...આખું જગત તેનું મિત્ર હતું. કુંવરીને દીક્ષા આપવામાં એક પ્રેમવિહીન લગ્ન એણે અટકાવ્યું અને અર્થવિહીન ચીન ચંપાનો સંહાર અટકાવ્યો.

શ્રેષ્ઠીના મહાલયની દીપમાળા, ઘુમ્મટ અને શિખરોના સુવર્ણ કળશને ઝગારો આપી રહી હતી. સુવર્ણકળશને આંખો આવી ! એક ગેરુભર્યો અંચળો વિજયપગલાં પાડતો મહાલયના દરવાજા બહાર ચાલ્યો જાય છે એ કળશે જોયું.

સુવર્ણ ઝાંખું પડ્યું. કાંચનને ગેરુની અદેખાઈ આવી.

• •